॥ ॐ श्री गणेशाय नमोनमः ॥

॥श्री लक्ष्मी विनायक गणपति मंदिर॥

॥ लुणावाडा. ॥

દોહરો.

સત્ય સનાતન ધર્મનું, જ્ઞાન અનુભવ સાર;
પ્રેમ ભક્તિ ને જાગૃતિ, મુક્ત દશા આધાર.
કષ્ટ દયા તે ગુણ કરે, દુઃખ તે સુખનું સ્થાન;
વિનાહર સંત સમાગમે, નિજપદ અમૃતપાન.

॥ जीवन्मुक्तानुभव ॥

અથવા

संत सद्बोधामृत ॥

શ્રી 'ગુજરાત' પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું
પાંચકુવા—અમદાવાદ

મુલ્ય રૂ. ૦–૮–૦.

ૐ શ્રી ગણેશ.

રાગ—(સવૈયા એકત્રીસામાં ગવાય છે.)

વિધિએ દળિયું, વ્યાસે દળિયું, દળિયું વસિષ્ઠજીએ સાર;
શાસ્ત્રે દળિયું, સ્મૃતિએ દળિયું, તપસી મુનિજન કરે વિચાર,
મુદ્‌ગલ અષ્ટાવક્રજ દત્ત, દળિ દળિ કાઢયો અમૃત સાર,
અતિ દળિ છણિ સાર વર્ણવ્યો, પુજ્યપાદ શંકર અવતાર. ॥૧॥

કૃષ્ણચન્દ્રના દળવામાં નહિં, બાકી કાંઇ રતી તલભાર,
પંડિત, સંત, પુરાણી ઠામો, દાન પ્રભુનો કરે પોકાર;
તો પણ જાગે નહિં આ જીવડા એવા પદ્મ ભ્રમર અવતાર,
કાષ્ટ કોરે પણ કમલ ન કોરે, એવો મોહ તણો અંધકાર. ॥૨॥

હજી જુઓ આ પિષ્ટ પેષણે, દળણું દળવા થાય વિચાર,
થયું ઘણું ઝીણું છે તો પણ, વળી ઝીણું કરવા વિસ્તાર;
બાકી ન રહેતું છતાં વિચારો, સંત ધર્મ બોધક વ્યાપાર,
વાંચો અનુભવો સત્સંગે, ફરી ન આવે આ અવતાર. ॥૩॥

॥ ॐ श्री गणेशाय नमोनमः ॥

श्री लक्ष्मी विनायक गणपति मंदिर–लुणावाडा



॥ जीवन्मुक्तानुभव ॥

અથવા

સંત સદ્બોધામૃત.

ટુંકા કાળમાં પોતાના આત્મા પરમાત્મારૂપની અભેદ મોક્ષ જાગૃતી
મેળવી લેવાનો સાચો સમાગમ

જીવાત્માની અનેક શંકાઓનાં સમાધાન.

લેખક,–બ્રહ્મવિદ્વરિષ્ઠ–સદ્ગુરૂ યોગીરાજ બ્ર. બ્ર. પૂર્ણાનન્દસ્વરૂપ
મહારાજ—લુણાવાડા.

પ્રકાશક,–શ્રી પરમહંસ શ્રીવિનાયક યોગીમહારાજ—અમદાવાદ.

પ્રસિદ્ધકર્ત્તા,–દામોદર મોતીરામ ત્રિવેદી—લુણાવાડા.

પ્રત ૧૦૦૦. સંવત ૧૯૭૭. સને ૧૯૨૧,

મૂલ્ય રૂ. ૦–૮–૦ ફક્ત—પોસ્ટેજ ભક્તોને શિર.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું
ઠે. પાંચકુવા, ચાર રસ્તા—**અમદાવાદ.**

ॐ श्रीगणेश.

"સ્વત્વ." નંબર અનંત

શ્રીમંત સ્વતંત્ર સાર્વભૌમ સામ્રાજ્ય સર્વસત્તાધારક સ્વયં-જ્યોતિ બ્રહ્માંડ પ્રિયપતિ ૐકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા સ્વાનંદપુર વરાધીશ્વર વચનાત્.

સ્વદેશભૂમિના સર્વાભિમત ભાષાના ભોમિયા વિદ્વાન અવિદ્યાવાન્ **બ્રાહ્મણ** બંધુઓ–તથા **રાજામહારાજા**, રાણા માહારાણા આદિ અનેક પદાંકિત ક્ષત્રી નૃપતિ બંધુઓ–તથા ધનાઢ્ય વેપારી આદી વૈશ્ય શૂદ્રાદિ બંધુઓ તથા બ્રહ્મચારી, સન્યાસી, સંત–સાધુ, જૈનયતિ વગેરે ત્યાગી બંધુઓ પ્રતિ. તથા અન્ય હિંદુ, મુસલમાન, પારસી બંધુઓ વિગેરે વર્ણાશ્રમ સહીત રહિત બંધુઓ પ્રતિ—

શ્રીમહાન્ પ્રભુની આજ્ઞા સ્વપ્રકાશ રૂપે જાહેર કરવા સૂચના છે કે–આપણે સર્વે શ્રીના મહારાજ્ય અમલમાં સામ્રાજ્ય યોગના સમાન હક્કની જાગૃતીને સંભાળવા માટે શ્રીપ્રભુની સોંપેલી શરીરરૂપ પેઢીઓના વહીવટદાર જીવાત્મા ગણાઇએ છીએ. મિથ્યા શરીરાભિમાનના પ્રપંચ વ્યવહારથી કસુરોના ભરેલાજ છીએ. સમજવામાં છે કે, કર્મ, વિકર્મ અને અકર્મ સબંધે શ્રીમંતની સ્વપાદ હજુરમાં ન્યાય થાય છે. ત્યાં કોઇની પણ શરમ, સિફારસ, પક્ષપાત, લાંચ, રૂસવત્ કે સાક્ષીની અપેક્ષા હોયજ નહિ. માત્ર સત્ય ઇન્સાફજ થાય છે. ક્રાય-

દાઓ રૂપ ધર્મશાસ્ત્રો, તથા સ્વપ્રકાશની જાગૃતીરૂપ જ્ઞાનભક્તિ દર્શાવનાર વેદાન્ત શાસ્ત્રો અને પુરાણો સ્વપ્રકાશથી પ્રસિદ્ધજ છે. તેમ શ્રીમંત માલીકની નિત્ય યાદગીરી આપનાર શ્રીના કુલ આજ્ઞાધારક મુક્ત યોગીજનો સ્વદેશમાં સદાએ વિચરતાજ રહે છે. એટલે અમો જાણુતા નથી એવા આશયો બચાવમાં કામ લાગતા નથી છતાં વારંવાર જાગૃતી આપવાને માટે યાવત્ કાયદાઓના પૂર્ણ દોહનરૂપ તથા શુદ્ધ સત્વ વ્યવહાર મર્યાદાની જાગૃતી આપવા રૂપ આ જીવનમુક્તાનુભવ અથવા સંત સદ્બોધામૃત રૂપ આજ્ઞા—અથવા શ્રીમંતની કૃપારૂપ વાત્સલ્ય ભાવના પ્રેમદર્શનનો સંપૂર્ણ અનુભવદર્શક સૂચનાપત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે તો શ્રીમાન્ પ્રભુની આજ્ઞાને ધારણ કર્તા તમામ જીવાત્માઓએ આ આજ્ઞા અથવા સૂચનાપત્ર સ્વજાગૃતીને માટે દરેક :નિત્યપ્રતિ વિચારવા, સમજવા, અને તે પ્રમાણે વર્ત્તન ચલાવવા માટે અને સ્વકલ્યાણનો લાભ લેવા તથા માનવજન્મ કૃતાર્થ કરવા પોતાની દુકાનને ખરચે ખરીદ કરી રાખી જાગૃતી ધારણ કરવી જોઇએ. તેમાં કસુર થવા દેવી નહિં—જેની પાસે આ સૂચનાપત્ર રૂપ આજ્ઞાની એક પણ નકલ નહિં હોય તો તેને માટે કંઈ પણ દલીલ ચાલશે નહિ. તેમ આપેલી જાગૃતી છતાં અવનતિના માર્ગે જનારને તે તે ગુન્હાને માટે યોગ્ય શિક્ષા થશે તે વખતે તમારી સ્તુતિ શ્રવણ કરવામાં આવશે નહિં. તે જાણવું. એજ આશિર્વાદ. મીતી—સંવત અભેદ અદ્વિતીય મહાકાલના અખંડ વ્યાપક માસની સુવિચાર પક્ષની નિત્યતીથીનો શુદ્ધ વાર. મુ. સ્વહજુરપાદ બ્રહ્મભૂયમુક્ત પ્રદેશ.

શ્રીની આજ્ઞાથી
આજ્ઞાધારક—"યોગી"

ॐ

વિશ્વંભરનાથ દીનદયાલ ભક્તવત્સલ પરમાત્મા પરબ્રહ્મ પરમેશ્વરનાં દર્શન પોતાના હૃદયમંદિર ક્ષેત્રમાં છે.

પોતાના હૃદય મંદિરસ્થાનમાં પ્રભુનો સદોદિત નિવાસ છતાં જે દશેદિશામાં પ્રભુનાં દર્શન કરવાની દોડાદોડ કરે છે. તે કમરમાં બાળક છતાં વગડામાં શોધનારો પઢત પંડિત જાણવો.

પ્રેમ ભક્તિરૂપ વહેતા જળથી ભરપુર મુક્ત નદીના અભેદ હૃદય કિનારે જ્ઞાનચક્ષુથી વિશ્વપતિ–પ્રિયપતિ–પરમાત્માનાં દર્શન થાય છે.

જાતનો ચંડાળ–હૃદયમંદિરવાળા ભક્તજનને અડકે કે દેવમંદિરમાં પ્રવેશ કરે તો સ્નાનમાત્રથી કે મંદિર ધોવરાવી દેવની પુનઃ પ્રતિષ્ઠા કરવાથી શુદ્ધિને પામે છે. પણ દેહાભિમાનરૂપી ચંડાળ જો હૃદયમંદિરમાં પ્રવેશ કરી રહ્યો હોય તો અનંત જન્મપર્યંત શુદ્ધિ પામતો નથી. તે તો જ્યારે જ્ઞાનરૂપી ગંગા, ભક્તિરૂપી યમુના અને કર્મશુદ્ધતારૂપી સરસ્વતીના ત્રીવેણી સંગમમાં સદ્‌ગુરૂ સંતથી કૃપારૂપ પ્રાપ્ત થયેલાં અનુભવામૃતનું પાન કરે તોજ શુદ્ધિને પામે છે.

દેહાભિમાન સાચો ચંડાળ છે.
દેહમોહ સાચો શત્રુ છે.
વિષયવાસનાનો કામ સાચો દ્રોહી છે
ક્રોધ સાચો વિરોધી છે.
લોભ સાચો દગાખોર મીત્ર છે.
મદમત્સર સાચા વિશ્વાસઘાતી છે.

સાચા હિતસ્વી જીવન્મુક્ત સંત છે
સાચું અમૃત પ્રેમભક્તિ છે
સાચું જીવન સદાચાર નીતી છે
સાચી પરોપકારવૃત્તિ દયા છે.
સાચી પ્રમાણીકતા સત્યતા છે.
સાચો મીત્ર જ્ઞાન વિજ્ઞાન છે.
સાચો સ્નેહી ઉદારતા છે.

ॐ

સ્વધર્મોન્નતિ શિવાય સ્વદેશોન્નતિ નથી.

જીવાત્મા પોતાના સ્વરૂપની સત્ય જાગૃતી સાત્વિક ધર્મમર્યાદાના સેવન સાથે ધારણ કરે છે ત્યારે પોતાના સર્વવ્યાપક પરમાત્માના જ્ઞાનથી સાચી પ્રેમભક્તિ હૃદયમાં પ્રકાશમાન થતાં પ્રભુ કૃપા અનુભવે છે અને પ્રભુની સ્હાયતા મળતાં સ્વદેશોન્નતિનો દિગ્વિજય દેખે છે.

જીવાત્મા પોતાના સ્વરૂપમાં પરમાત્મ તત્વનો નિષ્કલંક અનુભવ કરે છે ત્યારેજ તે નિર્ભય, સત્યવાદી, અને સ્વાર્થના ખરા અર્થથી સ્વદેશ સેવા કરવા યોગ્ય થાય છે.

સ્વાર્થ પરમાર્થનો અંતર અભેદભાવ છે.

સવ જીવાત્માની સેવા તેજ પરમાત્માની સેવા છે.

સ્વજન સેવા બજાવતાં પોતાના આત્મબંધુઓની જાગૃતિને માટે સત્ય શીક્ષા સમજાવવામાં કટુવચનનો આદેશ ભક્ત પુરૂષોને અમૃતસમાન લાગે છે. તેજ સાચો ભક્ત છે.

જીવ બ્રહ્મની ઐક્યતાને પ્રતિપાદન કરનારા ગ્રંથોમાં એનો એ વિષય અનેક રૂપે ફેરવી ફેરવી કહેવા છતાં અને શ્રોતા વર્ગે શ્રવણ કર્યા છતાં જનસમૂહમાં બ્રહ્મવિદ્યામૃત ભક્તિ જ્ઞાનનો સંપૂર્ણ દેખાવ કેમ દેખાતો નથી ? ? બાકી ગ્રંથકારોએ તો સંપૂર્ણ મર્મ સમજાવવામાં ખામી રાખીજ નથી છતાં આ જીવાત્માઓ પોતાના બ્રહ્મ સ્વરૂપને જાણી શક્યા નથી એ અજાયબીજ ! ! !

એક વખત ખાધા પીધા પછી આયુષ્યના અંતપર્યંતનો ક્ષુધા તૃષાનો સંતોષ અત્યારે કોઇએ જાહેર કર્યો નથી.

એક નાટક બબ્બે ચચ્ચાર વખત જોયા છતાં તે વારંવાર જોવાની ઇચ્છા કેમ થાય છે. એવીજ શુભેચ્છા જીવ બ્રહ્મની ઐક્યતા જાણવા થતી હોય તો તેને ધન્યવાદજ આપવો ઘટીત છે.

વેદો, ઉપનિષદો, શાસ્ત્રો, સ્મૃતિઓ અને છત્રીસ કે તેથી વધારે પુરાણોના અપાર ગ્રંથો અને તે ઉપરથી અત્યાર સુધીના મહત્ પુરૂષોએ રચેલા ગ્રંથોથી પીષ્ટ પેષણરૂપ પુનરૂક્તિ દોષની વ્યાપ્તી સમજાઈ છે. તેમ જગતકલ્યાણ પ્રસિદ્ધ થતા ગ્રંથો તેવા દોષોથી આચ્છાદીત હોય તો પણ જીવ બ્રહ્મની ઐક્યતાના વિષયોમાંનો તે દોષ નથી પણ વારંવાર વિચારવાનો લાભ છે એમ જ્ઞાતાજનો અંગીકાર કરે છે.

तत् चिंतनं तत् कथनं આ શ્રુતિ વારંવાર તેનુંજ ચિંતન કરવા સૂચવે છે. પુનરૂક્તિ દોષ ન માનતાં વારંવાર સ્મર્ણ કરવાના પ્રયાસમાં પણ જો સફળ થાઓ તો નિર્દોષ સ્વરૂપ તમારી આંખ આગળ ખડું થતાં પણ તેને તેજ તપાસવાને પુન: જરૂર ધારવી પડશે કેમકે શરીર દૃષ્ટિ સ્વસ્વરૂપથી ભ્રષ્ટ કરે છે. વારંવાર વાંચવાના સફળ પ્રયાસે અને વારંવાર તેનેજ યાદ કર્યાથી સંતસમાગમથી થતી જાગૃતી વંડ ળીન પ્રયાસે તમો મુક્ત સ્થીતીએ વ્યવહાર સાધી શકવા શકિતમાન છો. શ્રવણ મનન નિદિધ્યાસના વારંવાર પ્રયોગથી યથાયોગ્ય લાભ થતાં દોષભાવ રહેશેજ નહિં.

૧ શરીર સબંધે વ્યવહારમાં રજોગુણી તમોગુણી વૃત્તિનો ત્યાગ કરી કેવળ સાત્વિક ગુણવૃતિ સ્વભાવથી નીતિ સદાચાર સત્યાદિ અનેક સુરક્ષિત સાધનોની પ્રાપ્તિ સાથે પ્રભુના મહાબળનો વિશ્વાસ ધારણ કરીનેજ રહેતા હો. અને એટલામાં શરીર છુટી જાય તો સત્યધર્મ પાલન કરી ચાલવાથી તે શક્તિબ્રહ્મની સાલોક્ય મુક્તિને પામી શક્તિલોકમાં (મણીપુરમાં) જાય છે.

૨ પોતાને શરીર ન માનતાં-પોતે જીવાત્મા છું. શરીરની શુદ્ધિ સાથે પોતાને પવિત્ર આત્મા જાણે છે. જીવાત્માના ધર્મ પ્રમાણે શરીરના મીથ્યાભિમાન, મમતા, મોહ આદિને છોડવાના પ્રયત્નવાળો છે. અને એટલી જાગૃતિમાં શરીર છુટી જાય તો તેટલાજ પુણ્યયોગે તે સૂર્યબ્રહ્મની સામીપ્ય મુક્તિ પામી સૂર્યલોકમાં જાય છે.

૩ પોતાને શરીર કે જીવાત્મા માનતો નથી પણ આત્માના વ્યાપકપણામાં પોતાનો સમાવેશ કરી અત્યંત શુદ્ધિના ધર્મ બળે પ્રભુને વ્યાપક સમજી દયા, ઉદારતા આદી સત્યધર્મ માને છે. એટલામાં શરીર છુટી જાય તો તેટલાજ પુણ્યયોગે તે વ્યાપક વિષ્ણુબ્રહ્મની સારૂપ્યમુક્તિને પામી વિષ્ણુલોકના વૈકુંઠલોકમાં જાય છે.

૪ પોતાને શરીર કે જીવાત્મા કે વ્યાપક આત્માના દેહ જગતના બંધનને માનતો નથી. પણ તેથી પરે શરીરનો કે જગતનો સાક્ષી માની કેવળ શરીર અને જગતથી પોતાને જુદો અને અસંગ માને છે એટલામાં શરીર છુટી જાય તો તેટલા પુણ્ય યોગે તે સાક્ષીસ્વરૂપ શિવબ્રહ્મની સાયુજ્યમુક્તિને પામી કૈલાસમાં જાય છે.

૫ પોતાને શરીર કે જીવાત્મા કે વ્યાપકાત્મા કે સાક્ષીઆત્માના ભાનથી પરે કેવળ પરમાત્માસ્વરૂપ માની શરીરાભિમાનથી રહિત જાણી, સર્વ દ્વંદ્વોનો ત્યાગ રહિત કેવળજ નિર્માની બની આ અનંત બ્રહ્માંડ રૂપી આકાશના ખોખામાં માત્ર પ્રભુજ પોતે છે. એમ સત્ય જાણે તે દેહ રહો કે પડો પણ પોતે જીવન્મુક્ત બ્રહ્મસ્વરૂપપણાથી તે મહાગણપતિ બ્રહ્મની બ્રહ્મભૂય મુક્તિને પામી સ્વસ્વાનંદ લોકમાં જાય છે. કે જ્યાંથી પુનઃ જન્મ માર્ગમાં આવવું પડતું નથી.

न स पुनरावर्तते ३ ॥ ॐ ॥

ॐ

સવૈયા કે લાવણી રૂપે ગવાય છે.

કૃષ્ણ છતાં છે અતિ ગુણકારી, કસ્તુરી વિશ્વે વિખ્યાત,
ખાંડ મીષ્ટ પણ રોગ વધારે, અજ્ઞ જનો સમજે છે વાત;
કટુ ઔષધી માતા પાતી, બાલ સુખથી રહે રળીયાત,:
કટુ વચન સંતો મુખ ભાખે, જીવન અમૃત કરવા બ્રાત. ૧
સત્ય તણી સમશેર ગૃહી જીવ, અહં શત્રુનો કરજે નાશ,
ઘણા જન્મથી ઘર કરી બેઠો, તે કેમ નીકળતો કરી હાશ;
જીવ થયો પણ તું છે પોતે, બ્રહ્મરૂપ સમજે ગુરૂપાસ,
સ્વતંત્ર બન સ્વવિલાસ માનમાં આપે રહેજે અતિ ઉલાસ. ૨
દગાખોર આ દેહ વિચારી મોહ તજી રહેજે હુંશીયાર,
પર બ્રહ્મરૂપ સર્વ સભરતા પ્રેમ સેવ હૃદયે વિસ્તાર;
પોતાનું છે સર્વસ્વરૂપ આ નિજ જાણી હર્ષિત બન યાર,
કુ પંથ ત્યાગી હો અનુરાગી સુપંથ ધર્મ મતિ સુવિચાર. ૩
રાગ દ્વેષ તજીને જોતાં શત્રુ મિત્ર એ ભ્રમણા ભાસ,
નારી નર બાલક પશુ પક્ષી આત્મા દરસન હૃદય વિકાસ;
બુદ્ધિપતિ બુદ્ધિમાં રમતા બુદ્ધિમંદ દોડે ચોપાસ,
મૃગનાભીમાં છે કસ્તુરી ગુરૂ ગણેશનો તેમ પ્રકાસ. ૪
માંસ ન ખાશે મુક્તા ભક્ષી હંસ એજ માનો સુવિચાર,
શાર્દુલ ક્ષુધાપિડીત રહે પણ ના કરતો તૃણનો આહાર;
વાદળથી છાયો રવી તો પણ નીજ ઉજ્વલતા કરે પ્રસાર,
સંત શરીર ધારી માનો પણ ગુરૂ ગણેશજીનો અવતાર. ૫

ॐ

ગ્રંથમાં આવેલા સંપ્રજ્ઞાત સમાધિ પર્યંતના પાંચપાદનો આરોહ અવરોહ ક્રમ.

નંબર	પાદ.	આત્મા.	અવસ્થા.	ઉપાસ્ય.	જ્ઞાન.	લક્ષણ	લોક.
૫	પૂર્ણ અથવા બ્રહ્મપાદ	તુર્યાતીત બ્રહ્મ	તુર્યાતીત	ગણેશબ્રહ્મ	બુદ્ધિનો પતિ	સ્વ	સ્વાનંદ લોક
૪	શિવ અથવા ઇશ્વરપાદ	તુર્યાત્મા	તુર્યા	શિવબ્રહ્મ	બુદ્ધિનો સાક્ષી	નેતિ	કૈલાસલોક
૩	વ્યાપકપાદ	વ્યાપકાત્મા	સુષુપ્તિ	વિષ્ણુબ્રહ્મ	બુદ્ધિનો અંતર્યામી	સમ	વૈકુંઠલોક
૨	જીવપાદ	જીવાત્મા	સ્વપ્ન	સૂર્યબ્રહ્મ	બુદ્ધિ પ્રકાશ	સત	સૂર્યમંડળ
૧	શરીરપાદ	શરીર	અજ્ઞાન જાગૃત	શક્તિબ્રહ્મ	બુદ્ધિ	અસત	મણીપુર

ૐ

॥ उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ॥

આત્મબંધુઓ !!! ઉઠો !! જાગૃત થાઓ !! મુક્તોની સમિપ જઈને જાણો !!

બ્રાહ્મી મૂહુર્ત્તનો પ્રભાત પોતાનાં ઉજ્વલ કિર્ણો ચોદિશની સર્વ બાજુ પ્રદિપ્ત કરવા અત્યંત પરોપકારી દ્દષ્ટિએ કૃપાકટાક્ષે મનુષ્ય જીવન તરફ ફેંકી રહ્યો છે. અંધકાર નાશ પામવાનો અવસર આવેલો જાણી ચક્ષુ ખોલી જોતાં અને પ્રકાશ પ્રભાતની સત્યતાનાં પરમ પ્રેમાસ્પદ દર્શન થતાં આનંદની લ્હેરો અનુભવવા કેવળ તૈયારી રાખો. જુઓ !! જુઓ !! પક્ષીઓને જ્ઞાન આનંદ કેકારવ કરવાના અને ભ્રમરોને પ્રેમ ગુંજારવ કરવાના આ શુભ સમયની ચેતવણી આપનારો આ સ્વપ્રકાશ પ્રભાત અત્યંજ સમિપ નિજાત્મા સ્વરૂપેજ ઉભો સમજાય છે.

કૃષ્ણ પક્ષનો અંતિમ દિવસ આથમ્યો. શુકલ પક્ષનો આદિ દિવસ ઉદય થયો. બાળકો માતાના ઉછરંગે રમતાં રમતાં પરમ પ્રેમામૃત પયપાન કરવા ઉત્સુક થાય છે. વાછરડાંઓ બેં બેં ના પ્રેમધ્વનીથી પોતાની માતા તરફ સ્હામાં દોડતાં દેખાય છે. બ્રહ્મ વિદ્યામૃત પયપાનને ધારણ કરનારી બુદ્ધિ માતેશ્વરીના પવિત્ર પયપાત્રમાં સાત્વિક મિષ્ટતાનો અનુભવ કરનાર પુત્રના આનંદ હર્ષનો અપાર, અપરિમિત સદ્ભાવ, તેની વાત્સલ્યતાથી પૂર્ણ સંતોષમય પ્રગટ દેખાય છે.

બ્રહ્મવિદ્યામૃત ધારાને અતિ ત્વરાથી ગાનાર જ્ઞાન તરફ ફેંકનાર ઇક્ષુસાગરના સભર અભેદ પૂર્ણપણાની મિષ્ટતાના સમૂહનો રસપૂર્ણ ભાવ

પ્રગટ કરનાર સર્વ પ્રિયપતિ સ્વરૂપ બ્રહ્મણસ્પતિ મેઘરાજાને પોતાની આકાશ ગમ્ય વિહારી લીલાની અભેદામૃત યોગને ધારણ કરનારી અમૃતધારાના પ્રેમપાશમાં તદ્રૂપાત્મક કે સ્વસ્વરૂપાનુભવથી રસબસ જોઈ હર્ષનાદમાં મસ્ત પ્રિય નાદ કરતા. મયૂરો, સ્વતૃપ્તિ પૂર્વક પોતાની શાન્તિ સ્વિકારે છે.

॥ विवेकी सर्वदा मुक्तः कुर्वतो नास्ति कर्तृता ॥
॥ निर्लेप पद्ममाश्रित्य श्रीकृष्णजनको यथा ॥

ॐ

ૐ શ્રી ગણેશ

રાગ—ધનાશ્રી—ચલતી.

પ્રભુ છો ભક્ત ભીડ હરનાર—સત્યના સંગી પ્રાણાધાર. પ્રભુછો. ટેક.
સ્વપ્નદશામાં સ્વરૂપ વિસર્યે, જીવ દોષી બનનાર;
સદ્‌ગુરૂ કૃપા થતાં જાગૃતીથી, આપે સ્વયં હોનાર. પ્રભુ છો. ૧
જીવ બને તો સ્વમાન ટાળી, પરાધીન થાનાર;
સ્વતંત્રતા સ્વાધિનતા ત્યાગી, ગુલામી ગુણ ગાનાર. પ્રભુ છો. ૨
અહં નૃપેશે પ્રવેશ કીધો, દેહ દેશે નિરધાર;
આજ્ઞા પાળક મોહમંડળમાં, કામ ક્રોધ સરદાર. પ્રભુ છો. ૩
નિજાત્મ ધન બળ નાશ પામતાં. ધર્મમતિ ફરનાર;
કલેશ કુસંપ ભયાનક ત્રાસો, ભાસે દુઃખ કરનાર. પ્રભુ છો. ૪
મિત્ર અવળ પંથે અફળાવે, દેહદ્રોહી બનનાર;
સત્ય મીત્ર થઈ સ્હાય વિચારે તો સફળ વિજય થાનાર પ્રભુ છો. ૫
શત્રુ ચરણુ નીચે શિર પડતાં, સત્તાહીન કરનાર;
સ્વબલ મતિથી સ્વભાન થાતાં, આપે સુખ લેનાર. પ્રભુ છો. ૬
ધર્મ ભક્તિને જ્ઞાનહીણુ જન, બ્રહ્મચર્ય તજનાર;
લક્ષ્મણ ભીષ્મ પરાક્રમ પેખી, આપે હો હુંશીયાર. પ્રભુ છો. ૭
પ્રભુ કૃપા પલ્લામાં પડતાં, પ્રપંચ ભય જનાર;
સત્યપ્રેમ ઉજ્જ્વલ મતિ થાતાં, સભર પ્રભુ મળનાર પ્રભુ છો. ૮
વ્હારે વળજો હદ આવી છે, અભય શર્ણું વ્હાનાર;
સ્વયં જ્યોતિ સદ્‌ગુરૂ ગણેશ છો. પ્રિયપતિ સરજનહાર પ્રભુ છો. ૯

ૐ

આ ગ્રંથમાં વિદ્વત્તાના ડાળ દર્શનનો ત્યાગ કરાવવા માટેજ વેદ, ઉપનિષદો, પુરાણો તથા યોગની ગુપ્ત મર્યાદાઓ તેમ સ્વતઃસિદ્ધ અનુભવોનો સમૂહ માત્ર ગુજરાતી ભાષામાંજ પ્રગટ કરેલો છે. જેથી વેદવિદ્યા સાથે અનુભવામૃતની તૃપ્તિ સમજાતાં વિદ્વાન બંધુઓ જ્ઞાનભક્તિ પ્રેમમાં રસબસ રહેશે. તેમ સંસ્કૃત ભાષાના અજ્ઞાત બંધુઓ તેમ પરમપવિત્ર બ્હેનોને પણ સર્વ શાસ્ત્ર દોહનનો ગુરૂ કૃપારૂપ સ્વ ભાષામાં પુરતો અનુભવ પ્રાપ્ત થતાં સ્વકલ્યાણાર્થ પ્રેમ ભક્તિથી પ્રભુમય રહેશે. એવા આશયથી અયોગ્યતા ન ધારતાં વાંચવા અનુભવવાનો લાભ લેશે.

લેખક.

ॐ

॥ अर्पण पत्रिका ॥

શ્રીમાન્ સ્વધર્મધુરંધર બ્રહ્મક્ષત્રિય ઉદાર ગૃહસ્થ કુલભૂષણ પરમ ભક્તરાજ શિરોમણી, સ્વસ્વરૂપાનુભવ તૃપ્ત, સ્વાનંદ મૂર્તિસ્વરૂપ રાજ્ય રત્ન પદાંકિત-દી. બા. માણેકલાલભાઈ સાકરલાલભાઈ દેશાઇ, એમ. એ. હાલ **મુ. લુણાવાડા.**

આપશ્રીના મધુરમધુરેશ્વર અભેદ સ્વરૂપની વ્યવહાર પરમાર્થ અભેદ બાજુ રૂપ સુશોભિત પાંખોના શુદ્ધ સાત્વિક વિષ્ણુના શિરોમણી શ્રૃંગારરૂપ દેદિપ્યમાન, પવિત્ર નીતિના રંગોથીસપ્તરંગી રંગીતસ્વભાવીક મનહર, સ્વયંજ્યોતિના સ્વપ્રકાશ જ્ઞાન ચક્ષુના ગંભિર દર્શનથી-તથા ગોબ્રાહ્મણ પ્રજાપાલક જાતિ ઔદાર્યતાના વિધવિધ પ્રકારની પૂર્ણ મહત્તા દર્શક સ્વભાવથી-તથા કલ્યાણકારી મહેશ્વરના યોગમય વસંત ઋતુના શાન્ત વિચાર પ્રવાહની નમ્ર યોગ્યતા ધારક સુમતિથી-તથા એક અદ્વિતીય વિષહર તુર્ય જ્યોતિમય ચંચુના ન્યાય- દર્શક પ્રેમથી તથા સત્ય ક્ષમારૂપ દ્વિપાદોથી વસુમતિને માન્યપ્રદ આપના સર્વાંગો સહિત પવિત્ર મૂર્તામૂર્ત સમરસતાનાં દર્શન કરી, સંતસદ્બોધામૃત કળીથી ગ્રંથીત્ **જીવન્મુક્તાનુભવ** સુગંધભર '**પ્રેમપુષ્પ માળ**' અંતરાકાશના આશિષ ધ્વનિના ઉચ્ચાર સહ સમર્પણ કરૂં છું તે સ્વીકારશો જી.

શ્રીગણપતિ મંદિર
લુણાવાડા તા. ૧-૭-૨૧

આપનો શુભેચ્છક
"યોગી"

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ॐ ॥ जीवन्मुक्तानुभव ॥ ॐ

અથવા

સંત સદ્બોધામૃત.

આ દુનીયામાં મનુષ્યનો અવતાર ધારણ કરનાર સ્ત્રીપુરૂષોએ પોતાનો શારીરીક વ્યવહાર ધર્મશાસ્ત્રની રીતે ચાલતો રાખવા પોતાનું કલ્યાણ ઇચ્છનારે આલસ્ય પ્રમાદનો ત્યાગ કરીને નિત્ય સૂર્યોદય પહેલાં ઉઠવાનો રીવાજ રાખવો જોઇએ. કેટલાએક ધનવાનો ખોટી મોટાઇ માની દીવસ ચઢયા પછી સુઇ રહેવામાં પોતાની સ્થીતીને વખાણતા હોય તો તે માત્ર અજ્ઞાનતાજ છે. વ્યવહારીક કામકાજના બોજામાં થાકી પડેલા, સંસારના દેહ વિષયોના ભારથી હાડકાં જેનાં ખંડાઇ ગયાં હોય એવા અને અતિ આહારી પુરૂષોને વહેલું ઉઠવું ગમતું નથી. પણ આ કુટેવ રોગી બનવાને મદદગાર છે એમ સમજવું. એમ આરોગ્યશાસ્ત્રનો પણ મત છે. અને તે ધર્મશાસ્ત્રમાં પણ શરીર આરોગ્યતાને માટે માન્ય કરેલો છે. પથારીમાંથી ઉઠતાંજ આ જગતના નિયંતા અને સર્વનું કલ્યાણ ઇચ્છનારા બ્રહ્માંડાધિપતિ પરબ્રહ્મ પરમાત્માનું પ્રાતઃસ્મરણ કરવું જોઇએ. પછી મળશુદ્ધિ અને દાતણ કરીને પ્રથમતઃ સ્નાન કરવાની ટેવ રાખવી જોઇએ. એ શિવાય કંઇ પણ વ્યસન હોય તો તે પણ ન કરવું જોઇએ. પડેલી કુટેવોને છોડ-

વામાં નિર્બળ બનેલા બંધુઓ પથારીમાંજ **ચિરૂટ** કે **ચ્હાનો** ઉપયોગ કરવામાં હોંશીલા હોય છે. પણ તેમણે પોતાને **થતા નુકશાનને** જાણવાની ઇચ્છા **ધારણ** કરી વિદ્વાન વૈદ્યોની સલાહ લેવી ઘટીત છે. અને તેવી કુટેવો જેમ બને તેમ જલદી છોડવી. કુટેવો છુટયા પછી અને બતાવેલી મર્યાદાએ ચાલવાથી શું ફાયદો અને આરોગ્યતામાં કેટલો વધારો થાય છે. તે તે પોતેજ જોઈ શકે છે. પોતાના અનુભવ વિના અન્ય કોણ ખાત્રી આપે ? ? જાગૃતિ, હોંશીયારીને માટે શુદ્ધ માનસિક બળ જે કામ કરે છે તે **ચ્હા** કે **ચીરૂટ** કરી શકે નહિં. એ વિચાર જ્ઞાન વાંચનારના હૃદયમાં શ્રદ્ધાપૂર્વક માન્ય હોવુંજ જોઇએ. અત્યારના એટલે આ જમાનાના યુવક બંધુઓ કે પુખ્ત અવસ્થાના પુરૂષો કે જે પોતાને વિદ્વાન ગણાવતા કે ધનવાન મનાવનારાઓ હોય તે આ સત્સંગ વાંચનમાં પણ પરોપકાર કરી શકતા નથી. અને મોહમદિરાના પ્રમાદમાં વાંચનનો પણ લાભ લેઇ શકતા નથી. તેઓના પ્રમાદનો નાશ કરવાને અને ટુંકામાં તેઓના **કલ્યાણનો** માર્ગ બતાવવાને આ **સત્સંગ** વાંચન ઉપયોગમાં આવશે તો તેમનેજ લાભકર્ત્તા છે. એમ સત્ય જાણવું.

મીથ્યાભિમાનવૃત્તિનો ત્યાગ કરી અગર ત્યાગ કરવાને માટે પ્રથમતઃ **સ્નાન** કરી બાહ્ય શરીરને શુદ્ધ પવિત્ર અને મદમત્સર રહિત સમજનારા બંધુઓએ તુરતજ પોતાના વર્ણાશ્રમ ધર્મની માન્યતાને ધારણ કરી પ્રમાદ રહિત બુદ્ધિએ શરીર શુદ્ધયર્થ **સંધ્યા સૂર્યોપાસન** વંદન કર્યા શિવાય કદાપી પણ રહેવું નહિં. આ પ્રથમ નિર્ણયમાં અત્યંત અનાસ્થા, નાસ્તીકતા, અને વ્યવહારની સખત ભલામણો હૃદયમાં પેશી ગયેલી હોવાથી શરીરધર્મને સંભાળવામાં ખામી લાવે

છે. તે પોતાનેજ અલાભ કર્તા છે. ઉદર નિમિત્ત અવિદ્યાભ્યાસી યુવંકો અને બાલકોને અભ્યાસનો એટલો બધો ત્રાસ પડયો છે કે સવારમાં તે વાંચવા બેસે ત્યાંથી દશ વાગ્યાની સ્કુલમાં જતા સુધી વખતજ મળી શકયો નથી. અને છોકરાને ભણાવવામાં માતાપિતાનું મન પણ જડવાદની મતીને અનુસર્યું હોય ત્યાં છોકરાને કોણ શીખા-મણ આપે કે ભાઇ સંધ્યા કર્યા વિણ ત્રણ દીવસ જાય તો શુદ્ર સમાન થવાય છે. એટલે બ્રાહ્મણનો શુદ્ર થઇ જતો નથી. પણ શુદ્રના જેવી વૃત્તિઓ થાય છે. આ શાસ્ત્ર પ્રમાણ વાકયો નેવે મુકવામાં જરાપણ પાછી પાની કરેલી નથી. એ આ પાશ્ચિમાત્ય કેળવણીની બલીહારી છે કે જેના સહવાસથી ધર્મ કેળવણીનું સત્યાનાશ વાળવા આપણી ત્રૈવર્ણિક પ્રજાજ આગેવાની ધારી બેઠી છે એજ સ્વદેશની અવનતિમાં પ્રથમ નંબર છે. આ સત્સંગ વાંચનની ભલે મશકરી થાઓ કે હાથમાંથી અને હૈયામાંથી સત્સંગ વિચાર વાંચનને ભલે બરતરફ કરો પણ સાચું તે હંમેશ સાચુંજ છે. અને જ્યારે આ મર્યાદા સંભાળનારી **પ્રજા.** ધર્મશાસ્ત્રની મર્યાદા સેવન કરશે. ત્યારે આપોઆપ **દેશોન્નતિથી** જનસમૂહનો ઉદય પ્રભાત સમજાશે–બંધુઓ ! ! **સ્વધર્મ** વિચારો જણાવવાને સર્વમાન્યતા જાણવી. પછી પસંદ પાડી સમ-જાય તો પોતાને લાભદાયક છે. અને ઉલટા વર્ત્તનમાં તો ઉલટુંજ દેખાય. તેમાં પોતાની માનેલી અત્યારની પદ્ધતિને ધન્યવાદ આપશો તોપણ ખેર ! ! ! આ **હિંદુસ્તાનની** ચાતુર્વર્ણ્ય પ્રજા ધર્મશાસ્ત્રનો વિધિ વા આજ્ઞા તોડી જેટલી જેટલી રીતે અધોગામી બની છે. તેટલી તેટલી રીતે તેના પાપરૂપ અનંત દુઃખો સહી અંતે ગુલામ-ગીરીના નાતાને શ્રેષ્ટ પદવી રૂપે અંગીકાર કરી બેઠી છે. અને વિલા-

વતી ચસમાંથી વિલાયતી દેખાવો નજર ઉપર ઢાળી રહી છે. તે પરીણામ અમર્યાદ વર્ત્તનનુંજ સમજવું જોઇએ. તેનો સુધારો ફેરફાર કરવાનો અત્યંત પરિશ્રમ હિંદભૂમિના નેતાઓ કરી રહ્યા છે. છતાં એક શતાંશ કે એક સહસ્ત્રાંશ પણ ફાવતા નથી વા ફાવ્યા નથી. વા નેતા નેતાઓની ભડાભડી થઇ રહી જણાય છે. તેનું મુદ્દાનું કારણ પ્રભુકૃપારૂપ ધર્મશાસ્ત્રની માન્યતાનો અનાદરજ જાણવો જોઇએ. જો પ્રભુકૃપા મહત્વ જણાયતો આ પ્રજાને આંતરીય આત્મબળ અભેદ-પણાએ દર્શન આપે. અને એમ જ્યાં સુધી જણાતું નથી ત્યાં સુધી પ્રભુકૃપાનો પડછાયોજ માનવાનો છે. પણ તે બળનો વધારો કરવાને બોધ ન કરવો એવી આજ્ઞા કદાપી હોયજ નહિં બોધ કરતાં કરતાં કદાપી વૈર દૃષ્ટિએ જોનારા તેમ જુએ, નિંદા કરે, ખરાબ કહે તો સહન-શીળતા જેવો પવિત્ર ધર્મ અંગિકાર કરશે. પણ દેશ બંધુઓને બોધ-કની અંતર લાગણીનાં દર્શન શા માટે ન થાય ? ? પ્રભુ ! ! હવે તો ઘણી થઇ. હવે હિંદની વ્હારે ચઢી અપરાધોની ક્ષમા કરી મૂળ સ્થીતીએ લાવો એજ શુભેચ્છા.

"પ્રથમ ગ્રાસે માક્ષિકા ભક્ષણ" આ કહેવત પ્રમાણે હિંદની ચાતુર્વર્ણ્ય પ્રજાના શારીરીક ધર્મની વર્ણવ્યવસ્થાના મુખ્ય ધર્મની મર્યાદા રૂપે જે "સંધ્યા" તેમાંજ વિઘ્ન પડવાથી પાયોજ જેનો ભાગલો છે એવા પાયાનું મકાન કેવું ટકી રહે તે વિદ્વાનોને વિચા-રવા સરખુંજ છે. જેનો પાયો મજબુત નથી તેનું બંધારણ હાલતુંજ હોય એ પ્રમાણે પ્રથમથીજ બગડેલી સ્થીતી ઉપરની તમામ ઇમારત નકામી છે. વૃક્ષનાં મૂળ ઊંડાં ન હોય તો વાવાઝોડારૂપ અમર્યાદ યુવા-વસ્થાની આપત્તિના મોહાવેશમાં ધર્મબળ ટકી શકેજ નહિં અને

એવાજ રીતે દીનપરદીન વહેતાં સો બસો વર્ષે ધર્મ લુલો લંગડો અને છેવટે અધોગતિને પામવા જેવો દેખાવા લાગ્યો હોય તો પણ ઘણા કાળનો પ્રભુકૃપારૂપનો કર્મ ભૂમિકાનો પરિપક્વ સનાતન ધર્મ અત્યાર સુધી ટકી રહ્યો છે તે સચવાયાના હેતુ રૂપેજ માનવો યોગ્ય છે. છતાં જાગૃતી આપવાનો સમય અને શ્રવણ કરવાનો સમય તેમ કંઇક રીતે માન્ય કરવાનો સમય જણાતો હોય તો અધોગતી રૂપ નથી. અસ્તુ !!

એમ દરેક વર્ણના નિયમ પ્રમાણે સંધ્યા કર્મ શ્રેષ્ટ રીતે પ્રથમના શિક્ષણરૂપે ધર્મ મહત્તામાં માન્યરૂપ હોય અને તે ચાલતુંજ રહે તો મુળ પાયો સુધરેલો જણાતાં તેના ઉપર જેવી ઇમારત જ્યારે નાખવી હશે ત્યારે નખાશે. એ નિયમ ચાલુજ રહે છે. સંધ્યાથી પરવારીને સનાતન ધર્મની મર્યાદા પ્રમાણે પરમાત્મા પરબ્રહ્મ ૐકાર સ્વરૂપ પ્રમુખ પંચાયતન (**ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય શક્તિ**) આ પાંચ નામે શ્રેણીપાદથી પાંચના અભેદરૂપ પ્રભુના પરમપદ સ્વરૂપની શોડષોપચાર વિધિપૂર્વક **પૂજા** કરવાનો સત્ય નિયમ પાલન કરવો. પૂજન થઇ રહ્યા બાદ પરમાત્મા સદ્દગુરૂનું ધ્યાન, સ્તોત્ર, પાઠ વિગેરે દેવકાર્ય કરી બ્રહ્મયજ્ઞ વૈશ્વદેવ ઇત્યાદી નિત્ય કર્મની સમાપ્તી કરવી. સંધ્યા સવાર બપોર અને સાયંકાલ એમ ત્રીકાલની કરવી. એવો વિધિ સર્વોપયોગી છે.

દેવપૂજન વિધીમાં બહુ ભાગ પડી ગયા છે. સેંકડે એંશી ટકા સનાતની **પંચાયતન પૂજન** પોતાના ઘરમાં રાખે છે. પણ આ પાંચ શ્રેણીપાદનાં પાંચ નામવાળા એક પરમાત્મા શી રીતે સમજવા તે સમજી શકતા નથી. કેટલાએક આગ્રહી એકજ શિવરૂપ બાણુની પૂજા

રાખી રહ્યા છે. વળી કેટલાએક આગ્રહી એકજ વિષ્ણુના સ્વરૂપમાં કૃષ્ણની બાળ મૂર્તિનું પૂજન રાખી કામ લે છે. વળી કેટલાએક સામાન્ય રીતે માતાજીનેજ માની રહ્યા હોય છે. કેટલાએક કારણ પ્રસંગે ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે સૂર્યાદિ મંગળાદિની પ્રતિમા કરી પૂજતા હોય છે. કોઈ **હનુમાનને** શનીવાર કરી તેલ ચઢાવ્યા જાય છે. કોઈ **પીપળાની** પ્રદક્ષિણાજ કરતા હોય છે. ત્યારે કોઈ એકલો **ૐકાર** કાઢી તેનું પૂજન કરતા હોય છે. ત્યારે કોઈ નાના પ્રકારના નામથી દેવદેવીઓની પૂજન કરતા હોય છે. ત્યારે કોઈ પરમેશ્વર છેજ. એમ એટલેથીજ સંતોષ માની પૂજન વિધિમાં અભાવ રાખે છે. ત્યારે કોઈ પરમેશ્વર છે એમ પણ માનતાં ખચકાય છે. કોઈ નીતિને અને કોઈ સત્યને અને કોઈ સામાન્ય ધર્મને માની પોતાનો નિર્વાહ કરે છે. હરકોઈ રીતે પણ પરમાત્માને વિષે શ્રદ્ધા રાખો સકામ કે નિષ્કામ વૃત્તિ રાખે—તેની યોગ્યતા સંસારમાં ભલે ગણુતી હોય પણ શાસ્ત્ર મર્યાદાપૂર્વક સમજવું ઘટે છે કે **પુત્રેષણાથી** કે **ધનેષણાથી** કે **લોકેષણાથી** રાખેલી શ્રદ્ધા શરીર પ્રારબ્ધ સંસ્કારે જો ફળીભૂત ન થઈ તો તુરતજ અશ્રદ્ધા જાગૃત થઈ જાય છે. અને યદ્વા તદ્વા વાણી પ્રલાપથી દર્શન આપે છે. શારીરીક અહંકાર અને મોહો તુરતજ પ્રભુ ઉપરનો વિશ્વાસ ઉડાવી દે છે. એ પ્રભુને એકદેશી માનવાનું **સકામ** બુદ્ધિના કર્મનું ફળ છે. હવે વિચાર કરો કે જ્યારે મૂર્તિમાં આવી રીતે અશ્રદ્ધા, તો પછી પ્રત્યક્ષ શરીરનાં શુભાશુભ દર્શન લેનારા મનુષ્યો જીવન્મુક્તસંત પરમાત્મામાં અશ્રદ્ધા કરે તેમાં શી નવાઈ છે? આવી રીતે વૃક્ષ પાષાણ પર્યંત પણ પ્રભુનું વ્યાપક સ્વરૂપ મનાવનારૂ યોગીજનોના ડાહાપણનો પાર રહ્યો નથી. એમ વિદ્વાનો અને સાચા ભક્તો સમજી શક્યા છે.

અનંત નામ વાચક ભાવની સિદ્ધિ બતાવે છે. પણ એ સમ્યક્ દૃષ્ટિ-પૂર્વક જો **નિષ્કામ** બુદ્ધિથી પરમેશ્વરની સર્વાત્મતા સ્વિકારી જો સેવા કરે વા શ્રદ્ધાભાવ ધારણ કરે તો યોગ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. નિષ્કામ સમજવામાં સારૂં બલ સમજાવેલું છે કે સર્વાત્મ ચેતન ભાવની સમ્યક્ દૃષ્ટિ તે સર્વાત્મ દૃષ્ટિ છે. એટલે શરીર ભાગ જુદોજ સમજાવતાં તેનો પ્રારબ્ધ યોગ જુદોજ વર્ણવાયેલો સમજાશે. અને તે શરીરને માટે પ્રારબ્ધ પ્રમાણે બનવા કાળ બનશે તો પછી પ્રભુ કૃપારૂપ ભક્તિ ભાવનાથી નિષ્કામ સિદ્ધિયોગ કેમ ધારણ ન કરવો ? સકામ ભક્તિ વા શ્રદ્ધા, પોતાના શરીર પ્રારબ્ધને ફેરવવાનુંજ મંથન છે. અને તે ખરી રીતે નિષ્કામ સેવા ભક્તિથીજ ફેરવી શકાય છે. સકામથી કદાપી નહિંજ. કાગડાનું બેસવું અને ડાળનું ભાગવું એવું કવચિત બને તો દાખલો લેનારા ટાંપી રહ્યા હોય. તેવી મર્યાદા વાસ્તવિક ગણાય નહિં. પણ પ્રારબ્ધની ગતિને ખરેખર રીતે બદલનાર તો નિષ્કામજ છે. સકામ નિષ્કામ ભેદ પાડેલાજ નથી. એ તો જીવવૃત્તિમાં ભેદ માનીએ છીએ. એકલું સકામ કર્મ અહંકાર મોહાદિના વિકારથી વેષ્ટિત છે તે શુદ્ધ કહેવાય નાહ. એકલું નિષ્કામ કર્મ મોક્ષેચ્છાયુક્ત છે, તેથી પરમાત્માની સત્તા નિચે રહેલું પ્રારબ્ધ તેજ પ્રભુ જ્યારે કૃપાવાન થઈ ફેરવવા ઇચ્છે તો ફેરવી શકવા શક્તિમાન છે. ત્યારે સકામ એટલે અમુક ઇચ્છા માટે પ્રભુ સેવા કે વ્રત કરવાથી શું ફાયદો છે ? ? સજ્જન ભક્તોની સમજ એવી રીતે હોય છે કે પોતાના ભક્તોને પ્રભુની સેવા કરવા અને પોતાના ભક્તોના સંતોષરૂપ પોતાના ભક્તોના આનંદની વૃદ્ધિ માટે ભક્તોને શું શું જોઈએ તે સર્વ પ્રભુથી શું અજાણ્યું છે ? ? માટે માગણી કરી પોતાના ઇષ્ટને ત્રાસ આપવાની ધારણા કયો બીજ માણસ કરી શકે ? ? પોતાના ભક્તોને કયે

વખતે શું જોઇએ તે અંતરયામી પ્રભુથી શું અજાણ્યું છે ? કે માગવાની શી જરૂર છે ? ? કે તેને માટે અમુક બાધા કે આડ, કે અમુક વખતની પણ બાંધધરી કરવી પડે છે ? ? જો પ્રભુની સત્ય રીતે અદાંભિક વૃત્તિથી, નીતિથી અને અહંકાર રહિત ભક્તિસેવા આદરીશું તો પ્રભુ આપણી લાજ રાખશેજ એવા સાચા ભરોસાવાળો ન્યાય, અવસ્ય શુદ્ધ માનસિક બળના પ્રતાપે અનેક રીતે સાહ્યતા આપ્યા વિના રહેતોજ નથી. તો પછી આવી આડ કે પ્રભુને ત્રાસ આપી લેવાની બુદ્ધિ શા માટે કરવી ? ? માણુસ પણ ત્રાસથી આપણને સાહ્યતા આપે તો તો તે બલાત્કાર કહેવાય છે. પણ પ્રેમ સેવાથી ખુશ થઇ જે સાહ્યતા કરવા ઇચ્છે તે પછી ચાહે તેટલું કરવાને ચુકતો નથી અને ઇચ્છા કરતાં વધારે ફળદાયક બતાવે છે. ત્યારે આ તો જગતનો નાથ નિયંતાજ છે. તેની પાસે બલાત્કારે લેવા ઇચ્છીએ તેના કરતાં કૃપા રૂપે બહુ સારૂં અને અક્ષય ફળ આપવા તે શક્તિમાનજ છે. પછી બળાત્કારે લેવાની રીત શા માટે ધારણ કરવી જોઇએ ? ? એવી મતલબથી શાસ્ત્રકારો પણ નિષ્કામ કર્મયોગ સૂચવે છે અને તેથી કર્મ કરીને બ્રહ્માર્પણ કરવાનો વિધિ શાસ્ત્રમાં સમજાવેલ છે. પરમેશ્વરના નામોથી ધન ધુતારાઓના આડંબરના દમાક વિધિનો દેખાવ આ કાળમાં પ્રદર્શિત થતાં સકામ, કર્મબળ અને વિધિ સંકલ્પનો પ્રભાવ ખુલ્લો થતો હોય તો પોતાના અવિદ્યા ભરેલા સ્વભાવની બલીહારીનોજ દેખાવ જાણવો જોઇએ.

ત્રીવર્ણ અથવા દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને માટે ધર્મશાસ્ત્રોમાં ઉપવિત સંસ્કારનો વિધિ બતાવેલો છે. એટલે વૈદિક કર્મના અધિકારપૂર્વક સ્નાન, સંધ્યા, દેવપૂજા, બ્રહ્મયજ્ઞ, વૈશ્વદેવ આદિ નિત્યકર્મનો

વિધિ કાયમ કરવાને માટે આ સત્સંગ વાંચન પ્રકાશમાં મુકયું છે તો હંસોવથા બુદ્ધિથી પોતાના હિતને માટે ગ્રહણ કરવાને સાચા સજ્જન ભકતો કદાપી ચુકશે નહીં અને કલુષ્ટ વિચારનો પણ જલદી ત્યાગ કરી આત્મ કલ્યાણ સાધશે એમ આશા છે.

ઉપર વર્ણવેલી ત્રણે વર્ણની સજ્જન ધાર્મિક બુદ્ધિમાન નીતિ ન્યાય નિપૂણ ભકતરાજ બાઈઓ અને સૌભાગ્યવંતી બ્હેનો પણ પોતાના પતિના આ સ્વધર્મ માર્ગને અનુસરી તેમની સાથે નીત્યકર્મમાં જોડાઈ સદ્ગુરૂ સંત પુરૂષના સમાગમમાં બોધામૃત પાન કરી પોતાનું અને પોતાના પતિનું અને અંતે વારસામાં આપવાને પોતાના વંશજોનું પણ કલ્યાણજ ઈચ્છશે.

ઉપર પ્રમાણેની સમજ સાથે સવારમાં દેવકાર્યની સમાપ્તિ કરી. તુરત પોતાના વ્યવહાર કર્મમાં જોડાવું જોઈએ. તેમાં પણ પ્રમાદ કરવાની જરૂર નથી. આવી ઉપરની સાચી સમજણ સાથે દેવકાર્ય કરી પરવારેલો અને નિત્યવિધિને ધારણ કરવાવાળો સજ્જન ભકતરાજ પ્રથમતઃ વ્યવહારમાં બળાત્કારે દુઃખ વેઠીને પણ સાચુ બોલવાનો નિયમ કરે છે. કોઈ અવસરે જુઠુ બોલવાનો પ્રસંગ આવે અગર જુઠુ બોલાય તો તેને ઘણોજ પસ્તાવો થાય છે. અને પોતાને ધિક્કારપાત્ર માને છે. પરમેશ્વર મને શું શિક્ષા કરશે એવો ભય રાખી હવે ગમે તેમ થશે પણ અસત્ય નહીં બોલવાનો નિયમ કરે છે સત્ય બોલવા સાથે પ્રિય શબ્દોથી ચતુરાઈ પણ કેળવે છે. સાચું કહેતાં કષ્ટ આવી પડે તેનો ભય કે શરમ કોઈની પણ રાખતો નથી. પ્રભુને વ્હાલો થવાની શુભેચ્છાએ કોઈની શરમ તેને અડકતી નથી. એટલી પ્રભુ મળતા હૃદયમાં ધારણ કરે છે. સત્ય બોલવા વખતે અપ્રિય વચનો

ન બોલવામાં વિવેકને સાચવે છે અને વ્યવહારને પણ સત્ય ધર્મમય બનાવે છે. હરકોઈ જીવાત્માને પોતાના આત્મા સમાન સમજી તેમના માટે કોઈ કોઈ પ્રકારે દયા કરતાં પોતાનો વ્યવહાર કરવો. અપરાધ કે ગુન્હો અગર નુકશાન કરનાર પરમેશ્વરના નિયમનું ઉલ્લંઘન કરવાને લીધે શિક્ષાપાત્ર થાય છે. પણ તેને આપણા અહંબળથી શિક્ષા કરવાની કૃપણેચ્છા આપણે કદાપિ પણ ધારવી નહીં. ખરી રીતે તેણે પોતાના અજ્ઞાન વિચારથી કરેલી ચુકને માટે પરમેશ્વરની ક્ષામ્યતા માગી તેની શિક્ષા હલકી કરાવવી એવો આપણો ધર્મ છે. હરકોઈ કામ કરતાં અને વિચારની મર્યાદા સાચવતાં બહુજ સરળતાવાળો નિખાલસ સ્વભાવ રાખવો. હમેશાં નિતિમાન થવું. આપણા સ્વધર્મથી કોઈની મર્યાદાને હાની પહોંચવી જોઈએ નહિં. અનેક સંકટો આવી પડતાં જોઈ કદાપી ધીરજ છોડવી નહિં. પણ શરીર પ્રારબ્ધ યોગે અનાશ્રય તેવાં સંકટો આવી લાગે છે. અને તેવા સમયે માણસો હિમ્મત હારી જાય છે અને તેનું પરિણામ વીપરીત લાવે છે. એવા નિર્બલ મનનો સંપૂર્ણ ત્યાગજ રાખવો. ધીરજ એ સાચું હથિઆર છે અને તે સાચા ભક્તોજ સેવી શકે છે. જે કામ ધીરજથી થાય છે તે સારૂંજ થાય છે. શુભ કામ કરવાનો હમેશાં ઉત્સાહ રાખવો. રોતો સ્વભાવ ન રાખવો. ધર્મ સંબંધીનાં કાર્યો, પરોપકારનાં કાર્યો, દેશોન્નતિનાં કાર્યો ઉત્સાહપૂર્વક કરવામાં આવે તો તે દીપી નીકળે છે. ઉન્નતિ રૂપ દીપકનો પ્રકાશ તે ઉત્સાહજ છે. ઘરનાં તમામ માણસો સાથે શાસ્ત્ર મર્યાદા પ્રમાણે વર્તન રાખવું. સદ્ગુરૂ સંત, માતા, પિતા, વડીલ બંધુ, વડીલ બ્હેનો અને પોતાથી વૃદ્ધ સ્ત્રી પુરૂષો આદીની મર્યાદા પાલન કરી તેમના તરફ માનની દ્રષ્ટિએ જોવું તેમને ઈશ્વર સમાન ભાવથી

પૂજવા વા તેમની મહત્તાના ગુણોનું ગાન કરવું. આડોસી પાડોસી, સગાંવ્હાલાં, સ્નેહિ મિત્ર કે શત્રુ કે આપણાથી ઉતરતા કે ચઢતા. પણ કનિષ્ટ બંધુઓ વિગેરેને પ્રેમ સન્માનથી પોતાના સમાન જાણવા. નોકર, ચાકર, ભૃત્યો, કે જાસુસો સેવકો પ્રત્યે પોતાની મહત્તાનો દુરૂપયોગ ન કરતાં તેઓ આપણને ચ્હાય એમ વર્ત્તન રાખવું. કોઈપણ જીવાત્માની સ્તુતિ કરવી એ પરમાત્માની સ્તુતિ કર્યાના પુણ્ય બરાબર છે. અને નિંદા કરવી તે પરમાત્માની નિંદા કર્યા બરોબર પાપ સમાન છે. નીંદા કરનાર માણસ સામા માણસના પાપને બીન પ્રયાસે મેળવનાર છે એમ જાણો. કોઈપણ જીવાત્મા પણ પરમાત્માનું સ્વરૂપ છે. જીવાત્મા પોતાની જીવમતિથી અજ્ઞાનતા વાપરી પાપ કર્મ કરે તેનો ફળભોક્તા તેજ છે. પણ ભક્તજનો તેવા અધમ કર્મ કરનારા જીવાત્માને પણ પરમાત્મા સ્વરૂપ માને તો તે લાભ ભક્તનેજ છે. માટે ભક્તજનોએ તેની ભૂલ થવા દેવી નહિં.

શરીર એ જીવાત્માને પરમાત્મા સ્વરૂપમાં મળવાનું એક મહાન **બાહ્ય** સાધન છે અને **બુદ્ધિ** એ **અંતરંગ** સાધન છે. આ બંને સાધનોનો દુરૂપયોગ કરતાં તે જીવાત્મા આ સાધનોથી બહિરમુખ થતાં અધોગતિ પામે છે. આ બંન્ને સાથે રહેતાં સાધનોની ગતિ પણ સાથેજ રહે છે. શરીર પણ સદુપયોગમાં મુકાવું જોઈએ. અને બુદ્ધિ પણ સદુપયોગમાં મુકાવી જોઈએ. ધર્મશાસ્ત્રની માન્યતા પ્રમાણે મુકાવાથી સદુપયોગ કર્યો ગણાય. અને **ધર્મશાસ્ત્ર** બાજુ ઉપર મુકી લોકવ્યવહારની રીતીએ કે મનમંતવ્ય પ્રમાણે મુકાય તો દુરૂપયોગ કર્યો ગણાય છે. **અંતઃકરણની** વૃત્તિના ચાર પાદ છે. **આત્મા** કહો કે જીવાત્મા કહો તેની પાસેના પહેલા પાદને "**બુદ્ધિ**" કહેવાય છે. તેની

નીચેના પાદને "**મન**" કહે છે. તેની નિચેના પાદને "**ચિત્ત**" કહે છે અને આ ત્રણેથી નીચે છેક નિચેના પાદને "**અહંકાર**" કહેવાય છે. એઓના આધારે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયો કામ કરે છે. તેમ પંચ પ્રાણ પણ પંચ વિષયોની મર્યાદાએ કામ કરે છે. આ પ્રમાણે ચોવીસ તત્વોના બંધારણને શરીર કહેવામાં આવે છે. આ શરીરનાં તત્વો ચેતન તત્વ વિના કાંઈ પણ કરવા શક્તિમાન નથી. તેથી શરીરનો અભિમાની બનેલો ચેતન આત્મા પોતાના કેવળ મૂળ સ્વયંજ્યોતિ નિર્મળ સ્વરૂપના વિચારનો ત્યાગ કરી તેમ ઉપર બતાવેલી બુદ્ધિનો પરીહાર કરી મન સહિત ચિત્ત અહંકાર અને બાકીનાં તત્વોનો આશ્રય માની તેના અભિમાનને ધારણ કરે તો તે પરમાત્મા મટીને જીવાત્મા કહેવાય છે. જેમ બ્રાહ્મણનો દીકરો શુદ્ધ બ્રાહ્મણ છતાં નાટકના યોગે સ્ત્રીનાં લુગડાં પહેરી સ્ત્રી ભાષા વાપરી રોવા કે નાચવા કુદવા લાગે અને બોલે તોપણ સ્ત્રીની પેઠે **આવી** ગઇ, એમ બોલે છે. સ્ત્રીપણાના સાભિમાનપૂર્વક વેષ ભજવે છે એવો એક નાટકના પાત્રો જેવો પોતાનો અવતાર રૂપ જીવાત્મા—મિથ્યાભિમાની છે. પણ નાટકનું એક પાત્ર પોતે સ્ત્રી બનીને વેષ ભજવતાં છતાં હૃદયમાં તો હું બ્રાહ્મણ છું. એમ સત્ય માને છે. તેમ સાચા ભક્ત જીવાત્માએ વેષ ભજવવાને આ જગતના નાટકનું પાત્ર બન્યા છતાં પોતાને પરમાત્માજ માનવું જોઇએ. નાટકનું પાત્ર વેષ ભજવતાં અને ભજવી છુટતાં પણ પોતાનું ખરૂં સ્વરૂપ હૃદયમાં ધારણ કરે છે તેમ આ જગતના નાટકનું પાત્ર જીવાત્મા વેષે બન્યો છતાં પોતાનું ખરૂં સ્વરૂપ જોઈ કે જાણી શકતો નથી. શીખવવા ઇચ્છે તોપણ શીખતો નથી, ભણાવવા ધારે તોપણ ભણતો નથી. સમજાવવા ધારે તોપણ સમજતો નથી.

અને પતંગીયું જેમ વારંવાર ઉડાડતાં પણ દીપકમાં આવી જંપલાય છે તેમ જીવાત્મા શીખવતાં છતાં વારંવાર આ દેહના અહંકાર અને મોહમાં લપટાઈ જન્મ મર્ણના મહા ત્રાસમાં ફુબકાં મારી મારી કષ્ટ વેઠે છે.

એમ **જીવાત્મા એટલે શાસ્ત્રની દૃષ્ટિથીજ, દેહને વિષે મોહ પામેલો, દેહનો અભિમાની બનેલો ચેતન આત્મા–તેજ જીવાત્મા છે.** જીવાત્મા અને તેના માનેલા શરીર ઉપરની યાવત્ સત્તા પરમાત્માની છે એમ નિશ્ચય સમજીને સાચા ભક્તોએ કોઈપણ બનતા કાર્યના કર્તાપણાનું મિથ્યાભિમાન કરવું ઘટીત નથી પછી ચાહે તે વ્યવહારીક હોય કે **પરમાર્થ** રૂપ હોય. પરમાત્મા સર્વ સત્તાના અધિશ્વર હોવાથી સર્વ જીવાત્માઓનું અને તેમના મનાતા દેહોનું સંરક્ષણ કરે છે. તેથી કોઈ પણ જીવાત્માએ અન્ય કોઈપણ જીવાત્માના શરીરનું પોષણ કે રક્ષણ હું કરૂં છું એ માનવું **મિથ્યાભિમાન** માત્રજ છે. પરમાત્માની સત્તા નીચેજ તેમની આજ્ઞા પ્રમાણે સર્વ જીવાત્માથી સર્વ કાર્ય થાય છે, એવો નિશ્ચય સાચા ભક્ત જનોનો હોય તો જે વ્યવહાર કે પરમાર્થ કાર્ય કરીએ તે સર્વ જે પરમાત્માની સત્તાથીજ થાય છે તેનેજ અર્પણ કરીએ. એજ રીતને શાસ્ત્રમાં બ્રહ્માર્પણ કહેલી છે. અને તેજ બ્રહ્માર્પણ બુદ્ધિથી કાર્ય કરતાં પરમેશ્વરની સેવા રૂપે યોગ્ય ગણાતાં માંહેથી ખાનગી એક લાભ ખાટી લઈએ છીએ કે આપણે સેવાના ભાગી બનીએ છીએ. અને કરતાં છતાં પ્રભુકૃપા મેળવવાને માટે શુદ્ધ નિરભિમાની થઈએ છીએ. તે ધ્યાનમાં રાખવાનું છે–શરીર દૃષ્ટિથી આ શરીર અનંત જન્મોના કર્મ પ્રારબ્ધ સંસ્કારેજ બંધાએલું માનીએ છીએ. અને તેજ આધારે અત્યારે

સંચિત ક્રિયમાણ ભાગનું નાટક પણ ભજવાય છે. આ ત્રણેમાં પ્રારબ્ધ મુખ્ય છે. અને તેના ઉપર એટલે તે ત્રણે કર્મોના ફળના ભોક્તારૂપે બનેલા શરીરના અભિમાની જીવાત્માના અવિચાર મલનો ત્યાગ થતાં અવશેષ રહેતા નિરભિમાની નિર્દેહી સર્વ સત્તાધીશ ન્યાયી પરમેશ્વરને જાણી તેના ઉપર પોતાનો સર્વ આધાર રાખી વ્યવહાર કે પરમાર્થ કાર્ય કરતાં આવડે તો કોઇ એક સમયે આ શરીર અભિમાની જીવાત્મા પણ પોતાના મિથ્યા દેહાભિમાનનો ત્યાગ કરી ઇશ્વર સ્વરૂપ બની શકવા સંપૂર્ણ રીતે અધિકારીજ છે. પ્રારબ્ધ માનવામાં કંઇપણ કર્મ કરવું નહિં. સૌ બનીજ રહ્યું છે. સૌ થઇ રહ્યુંજ છે. બન્યાજ જશે એવા શબ્દો નિર્બલ મનના વિચારો જાણવા. ખરી રીતે પ્રારબ્ધનો અર્થ તેવો નથી. શરીરાભિમાની જીવાત્માનો સર્વાધિકાર શરીર સાધનરૂપ કર્મમાંજ છે. માત્ર ફળમાં અધિકાર નથી. કોઇ પણ જીવાત્મા એક ક્ષણ પણ કર્મ વિના રહી શકતો નથી. કર્મોના પ્રત્યક્ષ ફળરૂપ જે શરીર તેજ પ્રારબ્ધ છે. એટલે કર્મ તેજ શરીર અને શરીર તેજ કર્મ હોવાથી કર્મ રૂપજ શરીરજ કર્મ છે. એટલે નિર્બલ મનના માણસો કર્મ ત્યાગ કરી બેસવાનો વિચાર કરી પ્રારબ્ધને દોષ આપતા હોય તો તે ખોટુંજ સમજે છે. કર્મ વિના શરીર છેજ નહિં. પણ કર્મના અભિમાનથી તેજ શરીરના અભિમાનનો મોહ ઉત્પન્ન કરી મેંજ કર્યું, હુંજ સંરક્ષણ કરૂં છું, હુંજ કમાણી છું, મારાથીજ મારા કુટુંબનું પોષણ થાય છે. હુંજ સર્વ કાર્ય નિભાવી રહ્યો છું. હુંજ કર્તા છું, હુંજ ડાહ્યો છું, હું વિદ્વાન છું. વિગેરે વાક્યોથી પોતાનું મિથ્યાભિમાન ભર્યું પુરૂષાર્થ શબ્દના અર્થ વાચક ભાવવાળું સત્ર ધારણ કરી મિથ્યાભિમાન કરવાનો સમય જીવાત્માના ભાવીને ઉચ્ચ

કક્ષામાં લઇ જનાર નથી. પોતાની ઉચ્ચ સ્થાનની યોજનાના પરમાત્મા સ્વરૂપમાં જતાં આ મિથ્યાભિમાન રોકી રાખનાર છે એમ જાણો. તેમ પ્રભુને પોતાના માલીક તરીકેના સત્યભાનના દીન દાસત્વ ભાવની સેવાના બળને તોડે છે. નમ્રતા વિવેક, સહનશિલતા, પ્રમાણીકતા, સાત્વિકતા, સત્યતા, વિનય પવિત્રતા નીતી ભરેલા વ્યવહારો અને નિર્દોષ પરમાર્થતા સાધતાં એ મિથ્યાભિમાન અતિ ઉંચે ચઢેલા ભક્ત જીવાત્માને પતિત કરનાર છે એમ જાણો.

શરીર સાધનને દ્દઢ સંગીન અને તેની સાથે ઉર્ધ્વ ગતીના સુવિચારોની યોજના ઘડી લાવનાર **બુદ્ધિને** પણ પૂર્ણ સંગીન બનાવવામાં બ્રહ્મચર્ય એ સંતોષકારક આધારભૂત વ્રત છે. બુદ્ધિને સ્થીર અને નિર્મલ કરનાર તેમ સત્ય સાથે નિર્બલતા તોડનાર બ્રહ્મચર્ય સાધન સર્વોપરી છે. **બ્રહ્મચર્ય** પાલન કરવાથી શરીર પણ બળવત્તર થાય છે. અને હૃદયમાં બુદ્ધિની વૃદ્ધિ અને તેથી સૂક્ષ્મતા સાથે બુદ્ધિરૂપ બીલોર કાચના ઉપર ઘણા કાળના ચઢેલા કચરાથી આવેલી મલીનતાનો નાશ કરનાર આ **બ્રહ્મચર્ય** છે. બ્રહ્મચર્યના સેવનથી બીલકુલ નીર્મલતા સિદ્ધ થતાં કાચ ઓઠે રહેલી આત્મસત્તાનું સર્વોત્તમ ભાન કરાવનાર જે પ્રકાશ જ્યોતિ તેનું ભાન થાય છે. જેમ જેમ નિર્મળતા વધતી જાય છે તેમ તેમ પરમ શ્રેષ્ટત્વનું જ્ઞાન અને પ્રેમ ભક્તિની શ્રેષ્ટ જાગૃતી આવે છે જેથી **બ્રહ્મચર્ય**નો શ્રેષ્ટ વિધિ સાચવવાને માટે ધર્મશાસ્ત્રોમાં ગૃહસ્થાશ્રમી બંધુઓને માટે માત્ર ઋતુ કાળમાં અમુક અમુક દીવસોમાં પોતાના વંશની વૃદ્ધિરૂપ, પોતાના ઉદ્ધારરૂપ, સુપ્રજા ઉત્પન્ન કરવાને **સ્ત્રીસંગ**ની આવશ્યકતા દેખાડી છે, **બ્રહ્મચર્ય**ની મર્યાદા સેવવાથી ધર્મિષ્ટ અને બલવાન આયુષ્યવાન પ્રજા

ઉત્પન્ન થાય છે. અને મુળની પણ વૃદ્ધિ થાય છે. અભિમાન અને મોહને લીધે ઉપરા છાપરી ઉત્પન્ન થયેલી પ્રજા હલકા વિચારની બુદ્ધિહિન મદાંધ, અહંકારી, પામર વિચારની, ટુંકા આયુષ્યની અને અનિતિમાન, દુર્ગુણી થાય છે. તેનું કારણ પોતાનોજ અંધપરંપરા રૂપ માત્ર શરીર મોહ અને દેહાભિમાનજ છે. તેવી રીતે ઉત્પન્ન થયેલી પ્રજા બહુજ નિર્બલ વિચારની અને નિર્બલ શરીરની હોવાથી વ્યવહાર કે પરમાર્થ કોઇ કાર્ય કરવામાં ચતુરાઇ અને દક્ષતા વાપરવા યોગ્ય રહેતી નથી તેના બદલામાં પ્રપંચ કાવતરાં રચવામાં કુશળતા ધરાવનારી થાય છે. અવનતિના ધોરણે ઉત્પન્ન થયેલી પ્રજા સ્વોન્નતિ સાધવામાં કે દેશોન્નતિ સાધવામાં પણ પોતાની અયોગ્યતા, સ્પૃહા, અને અધૈર્યતા અને પરાશ્રીતતા બતાવવામાં આગેવાનજ રહે છે. દેશની અધોગતી લાવનાર આજ પ્રજા છે. વળી પરાશ્રય બલ તેને સ્હાયકારી લાગે છે. કેમકે સ્વોન્નતિમાં તેની બુદ્ધિ નિર્બલતાને ધારણ કરે છે. ડરકણ ભયભીત અને મિથ્યા માનના ભંડોળના ભરેલા વાતાવરણથી વેષ્ટિત બુદ્ધિ હોવાથી ભ્રમિત રહેતાં સંકુચીત રહે છે—બ્રહ્મચર્યની મર્યાદાનો સમૂળો વિનાશ થવાથી આ હિંદ પ્રજા પરાશ્રય સુખ એષણાએ અધોગતીને પામી જાગૃતી આપનારી સંજીવન ક્રિયાને સાધવા શક્તિમાન થતી નથી એજ તેમનું પ્રત્યક્ષ દર્શન છે. પાશ્ચમાત્ય સંસ્કાર અંગીકાર કરનાર આ પવિત્ર કર્મક્ષેત્ર ભૂમિની સુપ્રજા દેહાધ્યાસી દેહમોહી દેહાભિમાની બની મોજ શોખના વાવટા નીચે બ્રહ્મચર્યના વિનાશની જય જય બોલતી દુર્બોધી પરાશ્રયનો વિજય ગાવા લાગી છે. દેશકલ્યાણ કે સ્વકલ્યાણ કંઇ પણ સાધ્ય નથી. એવી અનધિકારી સુપ્રજાને પોતાનો સત્ય અધિકાર મેળ-

વતાં ભાગ્યશાળી જોવાની ઉત્કંઠાધારેક મહાપુરૂષો આ સદ્બોધ દર્શન આપી બ્રહ્મચર્યથી જાગૃત રહેવા જણાવે છે. અને મોહનાશ તેમ દેહાભિમાન નાશથી આત્મબળ ઉત્પન્ન થતાં આત્મભોગ આપવાને સમર્થ બનવા સૂચવે છે.

આ શરીરનો અંતિમ ધર્મ મૃત્યુ એટલે દેહ વિનાશકાળ છે, અને તે પાર્થિવ શરીરોનું પાર્થિવ દર્શન છે. ખરેખરૂં મૃત્યુ તે એજ છે કે હવે પછી મૃત્યુના મુખમાં જનાર શરીર ન અવતરે એવો વાસના ક્ષય થવો જોઈએ તેજ છે. જે જન્મને પામી મૃત્યુ પર્યંત વહે છે તે શરીર છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીના વિભાગ રૂપે બન્યું તે કર્મયોગથી નિર્માણ થતું હોવાથી કર્મથી ઉત્પત્તિ અને કર્મથીજ ક્ષય જાય એ સ્વભાવિક છે. જે જન્મને પામે તે અવસ્ય મૃત્યુને વશ થાય. એ તો નિશ્ચયજ સમજવો જોઈએ. ક્યારે મૃત્યુને પામશે. તેનો નિર્ણય જ્યોતિષ શાસ્ત્રની ગણત્રી પ્રમાણે થાય છે. એમ પણ વખતે સાબીત થાય તો પણ મૃત્યુ તો ખરૂંજ. જેથી તેના અભિમાની જીવાત્માએ સાથે સાથે તે વિચાર પણ કરી લેવાનો છે કે આવા ગમે તે કાળે પણ નાશ પામનાર શરીરના તેમ રોગગ્રસ્ત શરીરના મીથ્યા જુઠા સુખને માટે યત્ન કરવાના મીથ્યાભિમાનનો તો સર્વથા ત્યાગજ રાખવો જોઇએ. પ્રારબ્ધાદિ કર્મયોગે નિર્માણ થયેલા આયુષ્યવાળું શરીર પણ નિયંતા પરમાત્માની સત્તામાંજ છે. જ્યારે સત્તાવાળાની સત્તાથીજ પ્રેરાય છે. તેને વિષે જીવાત્મા મારૂં શરીર એમ કરીને મિથ્યાભિમાન ધારી પ્રયત્નવાન રહે એ અજ્ઞાનપણીજ છે. આ નિર્ણય ઉપર કપોલ કલ્પિત દીશામાં કુતર્ક ઉઠાવે કે ત્યારે માંદા સાજા સમગે ઔષધો પચાર ન કરવા ? ન કરવા એવો અર્થ નથી. સર્વ બંધુઓ જોઈ

શક્યાજ છે કે આપણે તો ગરીબ હોઇએ પણ રાજા કે ધનવાન સરખા કે જેને પૈસાની ખોટ નથી એવા હજારો રૂપિયા ખરચી લેવાની શક્તિ ધરાવે છે. મહાન ઔષધો અને માત્રાઓ દેવરાવવા ચુકયા નથી હોતા, તેવાઓ આ શરીરના આયુષ્ય કાળમાં આવેલી છેલ્લી અણીએ મૃત્યુના મુખમાં જતાં અટકાવી શક્યા નથી. એ પ્રત્યક્ષ સિદ્ધજ છે; છતાં પ્રભુના હાથની કાણુ જાણી ઔષધ કરવા છતાં પ્રભુની કૃપાએ બચી શકે છે, એમ સમજાય અને તેવોજ નિર્ણય કાયમ રહી પ્રભુ કૃપાથી, પ્રભુ **પરાયણતા** સેવવાના યોગથી, જો પોતાનો સફળ જન્મ ધારે તો તેને ધન્યવાદ આપવો ઘટીત છે. આ પ્રભુની સત્તામાં કોઇનો પક્ષપાત કે વગસગ કે લાંચ રૂશવત ચાલી શકતી નથી. ચાહે ધનાઢ્ય હોય કે રાજા હોય. ભલે રંક કે ગરીબ, **બ્રાહ્મણ** કે ચંડાળ, **જ્ઞાની કે અજ્ઞાની**, ભક્ત કે અભક્ત, ગમે તે હોય. પણ મુકરર સત્તામાં મુકરર થયેલા અવસરે તે શરીર નાશ પામે છે, એવી અમોઘ પ્રભુ સત્તાનાં દર્શન–મોહ અભિમાન ધારણ કરનારને થતાં નથી. એજ દીલગીરી છે. આવા શરીરને માટે મિથ્યા-ભિમાન ધારણ કરી મેં કર્યું, અગર હું કરીશ, અથવા જોઇ લેઈશ, અગર આશા પાશો, તૃષ્ણા, લોભ, મોહ, કે યુવાન અવસ્થાનો તોર કે **રાજા** તરીકેનો ડોળ ધાલુ દમાક, અને સત્તાના અધિકારનો ત્રાસ, ધારણ કરવો ઉચીતજ નથી. આ શરીર પ્રાપ્ત કરીને જેણે પોતાના જન્મનું સાર્થક કરવાનો સાચો માર્ગ સાધ્યો તેજ ખરેખરો **બલવાન** માનવો. આ શરીરની નીતિ સચવાય, પવિત્ર રહેવાય, પ્રમાણિકતાનો વ્યવહાર કરાય, સાચું બોલાય, દયા પળાય, ક્ષમા ધારણ થાય, ઉદા-રતાથી પરોપકારી કૃત્યો થાય, પોતાના સાચા સ્વરૂપ પરમાત્માની

મહત્તાનું ભાન થાય. નવધા સેવા ભક્તિ પ્રેમ ધારણ કરી જીવન-મુક્તતા ભોગવાય. એમ વ્યવહાર પરમાર્થ બંન્ને સાધ્ય થાય તો આ **મનુષ્ય** શરીરને ધન્ય ધન્ય છે—જન સેવા કે અનંત જીવ સેવા, ઇષ્ટ **સદ્‌ગુરૂની** ભક્તિ, અને આત્મકલ્યાણ એ રાજાને કે રંકને માટે સરખી રીતે શ્રેષ્ટ ઉપાય છે. જે આ શરીરથી બની શકે છે એવું જે પ્રભુનું જ્ઞાન અને ભક્તિ તે અન્ય પશુ પક્ષીનાં શરીરોથી કદાપિ બનતું નથી. માટે આ **શરીર** યોગ સાચવી લેવો એ સાચા ભક્તનો ધર્મજ છે.

ભલે અનંત જન્મોના અધ્યાસ રૂપ કહો કે કર્મ પ્રાબલ્યતાથી કહો પણ, અજ્ઞાન અંધકાર અને અવિદ્યા બુદ્ધિ બલથી તેમ ઇષ્ટ સદ્‌ગુરૂના **સત્સંગ** સેવા ભક્તિ વિના, પ્રભુના મહત્વ અને જ્ઞાનથી બહિર્મુખ રહી, તેમ ઉત્તમોત્તમ સત્કર્મો વિના આપણાજ લાભની અને આપણે સેવીએ તો આપણને ફળની દાતા એવી આ **સંત સમાગમ** બોધ રૂપ શિખામણ હાલ તુરતને માટે કદાપી ધારણ ન થાય અને ધર્મ શાસ્ત્રોની આમન્યા તોડી, વેદના બોધનો તિરસ્કાર કરી, મહાત્માઓના હિતચિંતક સ્વભાવને વખોડી, મન મંતવ્યગત ગમે તેવો વ્યવહાર મીથ્યાભિમાન મોહ, લોભ, કૃપીણતા અને મદાંધતા સેવીએ તો પણ યાદજ રાખવું ઘટીત છે કે જ્યારે માનવ જન્મની સાર્થકતાના માર્ગે ચાલશો ત્યારેજ તમારા જન્મ લીધાની યોગ્યતા તમને સમજાશે એ તો ચોક્કસજ છે. આંખ ઉઘાડયા વિના પ્રકાશ જણાવાનો નથી. દીનદયાળ ભક્ત વત્સલ **પરમાત્મા** પાસે ઘણા જન્મો પર્યંતિની માગણીથી તેણે દયા કરી. આ મનુષ્ય દેહ આપી **જીવચેતનના** ઉપર જે ઉપકાર કર્યો છે તે અવર્ણનીય જ છે. અને જે કારણસર

માગણી કરી હતી તે માગણી આ શરીર મળ્યા છતાં વિસરાય છે. બોધક મહા પુરૂષોના તેમ વેદશાસ્ત્રના બોધ છતાં વિસરાય છે. એ કીયા જન્મનું પાપ આડું આવે છે તેનો વિચાર કરવો જોઇએ, કે આ કિનારે આવેલું વાહાણ ખાડીમાં ડુબે છે. ગર્ભગીતાના સિદ્ધાન્ત પ્રમાણે માતાના ઉદરમાં રહેતાં. આઠમા માસના ગર્ભને પ્રત્યક્ષ પ્રભુ દર્શનનો યોગ છે તેથી તે સમયે સ્તુતિ કરે છે કે, પ્રભુ આ જન્મ બાહેર આપો. સંસારમાંથી બચીશ અને આપ શ્રી પરમાત્માના સ્વ-રૂપ જ્ઞાનથી જાગૃત થઇ તમારા વ્યાપક અનંત સ્વસ્વરૂપની સેવા ઉઠાવીશ. હવે નહિં ચુકું. આ અતિ સંકોચવાળા મૂત્રવિષ્ટાના સ્થળમાં અતિ દુર્ગંધીનો ત્રાસ વેઠવા જેવો હવે બીજા અવતારનો ત્રાસ ન પડે તેવી રીતે જાગૃત રહી સંત પુરૂષોને સેવી પ્રભુના ચરણમાં આવી સ્વ સ્વરૂપાવસ્થાને પ્રાપ્ત કરી સ્વાનંદ ભોગવીશ. તે વખતે પ્રભુજીએ કહ્યું છે કે હે જીવાત્મા !...અત્યારે બોલે છે બહાર નીકળ્યા પછી તું મને વિસરી જવાનો; કેમકે શરીર મોહનાં અને અભિમાનના બીજનાં વૃક્ષ થતાં તેનાં ફળ ખાવાની અપેક્ષાએ તને પોતાના પર-માત્માના સ્વરૂપના ભાનની અને અનંત સ્વરૂપની મારી સેવા કરવાની આ પ્રતિજ્ઞા વિસરાશે. માટે યાદ રાખજે. એમ તે વખતે પ્રતિજ્ઞા લીધી છતાં શરીર મોહથી કેવી રીતે ભુલાય છે અને અત્રે આવ્યા પછી શું કરે છે તેનો વિચાર કરવાને કે બોધ કરનાર છતાં પોતાના લાભની શીખામણ ધારણ કરી શુદ્ધ વર્તન ચલાવવાને સુઝતું નથી પણ યાદ જ રાખવું કે બહુ પુત્રોથી મોક્ષ નથી. બહુ ધન પ્રાપ્તિથી પણ મોક્ષ એટલે મુક્તિ નથી. ઘણી સ્ત્રીઓના ભોગોથી પણ મુક્તિ નથી. ચક્રવર્તિ રાજ્ય પ્રાપ્તિથી પણ મોક્ષ નથી. સંપૂર્ણ રીતે શરીર

બળથી કે નાના પ્રકારના અધિકારથી પણ મુક્તિ નથી. સંસારના પ્રપંચ વ્યવહારમાં દક્ષ ગણાવાથી પણ મુક્તિ નથી. એવા અનંત પ્રકારે પણ મુક્તિ નથી. એ સમજ બારણે રહેવું જોઇએ નહિં. બીજી એક રીતે સમજવું જોઇએ કે જે શરીર અને ધનાદિક સર્વ પદાર્થો ક્ષણિક છતાં પ્રભુએ આપણને સાચવવા તથા વાપરવા બક્ષ્યા છે. તેનો માલીક પ્રભુ પોતેજ છે, તેની માલીકી હૃદયમાંથી વિસારી પોતાની માલીકી લોકમાં મનાવવા કે જાહેર કરવાને આપણો અધિકાર નથી. આપણા હાથે તેનો પોતાને માટે અગર સર્વવ્યાપક રૂપે રહેલા પ્રભુના અનંત જીવાત્મા સ્વરૂપની સેવા ભાવમાં નિર્મલ વૃત્તિથી, અહંમમત્વ રહીત વૃત્તિથી. ઉદારવૃત્તિથી વાપરવાનો યોગ આપેલો છે. તેને પોતાને માટે અને પોતાનાં માનેલાં બાલબચ્ચાંના મિથ્યાભિમાન મોહને ખાતર ઉપયોગમાં લેવાની ચોર બુદ્ધિ કરવાનો અધિકાર નથી. માલીકનું માલીકને માટે વાપરવું અને પોતાનાં માનેલાંમાં તથા બીજામાં પણ માલીક દૃષ્ટિથી જોવું એ સહેલી વાત નથી, અને આમજ સમજાયાથીજ ખરો લાભ મેળવાય છે. સર્વ જીવાત્મા સ્વરૂપ તે પરમાત્મા જ છે. એટલે સર્વાત્મા ભાવની સેવા તે પણ પરમાત્માની જ સેવા છે; જેથી આંધળાં, લુલાં, લંગડાં, રક્તપીતીયાં વિગેરેના રક્ષણમાં, જનાવરોના રક્ષણમાં, ઔષધ શાળાઓ બાંધવામાં, કુવા, તળાવ, નવાણો બાંધવામાં, ધર્મ વિદ્યાની વૃદ્ધિમાં, ધર્મશાળા અન્નક્ષેત્રો બાંધવામાં, સંત સાધુ કે જે પ્રભુ સ્તવનમાંજ અને સ્વદેશોદયને માટેજ કે અનેક રીતે પણ અનેક જીવોના રક્ષણને માટે તે ધન જો વપરાય તો માલીકની ઇચ્છા પ્રમાણે કરવાથી માલીકની પ્રસન્નતા થાય છે અને તેજ સદુપયોગ ગણાય છે. તેમાં આપણો તથા આપણા કુટુંબનો

સમાવેશ થાય છે, એટલે જુદુ અભિમાન કે મોહની જરૂર નથી. અર્થાત્ માલીકની માલીકી વાળા પદાર્થોનો દુરૂપયોગ એટલે શાસ્ત્ર વિરૂદ્ધ મર્યાદાના વર્તન રૂપનો ઉપયોગ નજ હોવો જોઇએ. જગતમાં ઉદાર અને કંજુસ બંન્ને શબ્દોની અપેક્ષા જણાય છે. **ધર્મ શાસ્ત્રની** મર્યાદામાં વાપરવાથી ઉદાર શબ્દની યોગ્યતા ગણાય. પણ ગુણિકાઓ નચવવી કે ઉડાઉપણાથી વાપરવા વડે ઉદાર ગણાય નહિં. તેથી કદાપિ ગુણીકા આદી ઉડાઉજનો કંજુસ કહે તોપણ પરવા રાખવી નહિં. પણ ગુણિકા આદી ઊડાઉ મિત્રોને આપવાથી સખી દીલનો કહે તો તે પોતાની સ્વાર્થ વૃત્તિથી કહે છે. વાસ્તવિક ઉદારતાની તે **નવાજેશ** નથી. તે તો ધર્મ મર્યાદા અને પ્રભુ રૂપ **સર્વાત્માની સેવામાં** વાપરવાથી જ ઉદારતા ગણાય છે. માટે યોગ્યતા વિચારી ઉદારવૃત્તિ ધારણ કરવી જોઇએ—**પરમાર્થ અને** વ્યવહાર **અભેદ** છે, પણ શાસ્ત્ર મર્યાદામાં અભેદ છે, તે સમાગમ વિના સમજાતું નથી.

મનુષ્યને વિચાર કરવાને અધિકાર છે કે **ચેતન** અને **અચેતન** આ બે પદાર્થના યોગમાં આત્મા અને જગત અથવા **શરીર** સમજાય છે. ચેતન તે સત્ય અને અચેતન તે અસત્ય મિથ્યા છે. ચેતન તે ચેતનમાં, અને અચેતન તે અચેતનમાં સમપણાને પામે છે, અથવા ચેતન તો શુદ્ધ ચેતન હોવાથી તે ચેતન સ્વરૂપજ સિદ્ધ છે, પણ અચેતન અચેતન સ્વરૂપે સત્ય સમજાતાં મિથ્યા કલ્પિત ઠરે છે એમ પણ સમજવું. તેમજ વેદ શાસ્ત્રોમાં પુરૂષ શબ્દથી ચેતન ભાવ અને પ્રકૃતિ શબ્દથી **અચેતન** ભાવ સમજાવેલો છે. આ બેના સ્વભાવ દર્શનમાં ચેતનને ગ્રહણ કરવું અને અચેતનનો ત્યાગ સમજવો અને ધારવો. ચેતન તત્વની પ્રાપ્તિ અચેતનના અભાવ

વિના સંભવે નહિં. મીથ્યાનો અભાવ થયા વિના સાચાની પ્રાપ્તિ કહેવાય નહિં. અચેતન તત્વ ને અચેતનજ જાણવાથી ચેતન તત્વની મહત્તા છે. જુઠાના મુકાબલામાં સાચાની કીમત છે. અચેતનને કોઇ જડ કહે છે, પણ તે ખરો અર્થ નથી. **સત્યમાં** અસત્ય દૃષ્ટિ તેજ **અચેતન** ભાવ છે. જેથી જડ કહેવામાં સાચો અર્થ નથી એમ જાણવું. સત્ય ચેતનના અભેદ અને સભરપણામાં અચેતન **શબ્દની** ગોઠવણી થઇ શકે નહિં તો અચેતન પદાર્થ તો કયાંથીજ ગોઠવાય !!! છતાં અચેતનની સમજણ બરાબર ન હોવાથી અને અચેતનની દૃશ્યતા અંગીકાર કરવામાં અચેતનજ અવિદ્યા અજ્ઞાન બળે જડ કહેવાય તો ભલે. તેની સાથેના મુકાબલે તેનું ખરૂં અચેતન સ્વરૂપ સમજતાં (કલ્પિત ઠરતાં) ચેતનનું **ભાન** અને પાકી સમજણ આવે છે. વાદોનાં રૂપક જુદાં જુદાં હોય છે અને તે તે રૂપકથી ચેતન અચેતનની કોટીયો વર્ણવેલી છે. આપણે જેને **ચેતન** કહીએ તેને કેટલાએક **શૂન્ય** કહે પણ કહેનારો શૂન્ય નથી તો શૂન્ય શબ્દ કેમજ વાપરવો ? એવી સાચી સમજણ વિના બીજા અનેક વાદોમાં ગુંગળાતા જનોના સમાધાનને માટે આ એકજ ખુલાસો યોગ્ય ગણાશે. અચેતનને દર્શન રૂપે અંગીકાર કરનારા જનો શરીરને જોઇને શંકાશીલ રહે એ વાત ખરીજ છે પણ તેનો ખુલાસો સંત સમાગમમાંજ થાય, તે વધારે બલવાન છે. કદાપી અત્રે જડ રૂપ માની કામ ચલાવો પણ સાચી સમજણમાં જડ ટકી શકતું નથી, એટલે આટલીજ પ્રવૃત્તિમાં શંકાશીલ પોતાની આપે સંતસમાગમ દ્વારાએ ગુરૂકૃપાને નિઃશંક પ્રાપ્ત થશે.

આ શરીર અચેતન છે અને જે ચેતન અને અહંઉત્થાન સંગના

સ્વભાવથી શરીર સમજાય. તે તેનો અભિમાની જીવચેતન કહેવાય છે, અને તે પ્રભુ તત્વનો અંશાંશ ગણીએ તો પણ વાંધો નથી, અને સમષ્ટિ ભાવનો વ્યષ્ટિ એટલે સમૂહમાંનો એક, એવા સ્વરૂપે માનીએ તો પણ વાંધો નથી. બાજરી શબ્દ સમૂહ રૂપ ઢગલામાંનો એક કણ તે જીવચેતન સમજાય તો બાજરી શબ્દનો અસંખ્ય સમૂહ ભાવ તે પ્રભુનું વ્યાપક તત્વ લેખાય એવી સમજણ સમજવી જોઇએ. આગળ જણાવી ગયા પ્રમાણે અચેતન દેહને વિષે અહં મોહ પામેલો દેહાભિમાની, દેહને મારો માનનારો ચેતન તેજ જીવ છે અને અચેતન દેહના અભિમાનપૂર્વક, મોહપૂર્વક, અજ્ઞાન બળે આળોટી શરીરે જેમ ધૂળ ચોંટયાથી મલીન થયો ગણાય તેમ દેહરૂપી મળમાં આળોટવાથી તે ચેતન શુદ્ધ છતાં મલીન સંગથી જીવચેતન કહેવાય છે. બીજો એક ચેતન અચેતન દેહરૂપી (મળ) ધૂળમાં આળોટતો નથી પણ દેહ જગતને જોવાપણાના દોષથી દૃષ્ટા અગર સાક્ષીપણાના સંબંધવાળો ગણાય છે તે ઇશ્વર ચેતન નિર્બાધિત તત્વ છે ખરૂ; પણ સાક્ષ્ય સ્વરૂપની ઉપાધિજ ગણાય તેથી કંઇક રીતે દોષીત છે. આ પાદને તૂર્ય એટલે ચોથો પાદ કહેવાય છે. કુટસ્થ, સાક્ષી, ઇશ્વર, મહેશ્વર, એમ કહેવાય છે; તેમ શિવ કે સદાશિવ પણ કહેવાય છે. આ પાદ વિદ્યા અવિદ્યા માયા રૂપ શરીરના મળથી વેષ્ટિત ન હોવાથી જીવચેતન બળથી શ્રેષ્ટ સત્તાત્મક બળ રૂપ છે એમ જાણવું. જ્યારે ઇશ્વર ચેતન જીવચેતનથી વધારે શુદ્ધ છે અને જીવચેતનથી પર ચોથો પાદ છે એમ વેદ વર્ણવે છે ત્યારેજ જીવચેતનના ત્રી પાદ ગણવા એવો નિર્ણય આપો આપજ થઇ જાય છે. એમ ચાર પાદમાં ત્રણ પાદ જીવના, અને ચોથો ઇશ્વરનો, એમ ચાર પાદમાં જીવ

ઇશ્વરનો સમાવેશ છે, છતાં તે માયા યુક્ત એટલે એક (જીવ) શરીર જગત અથવા માયાથી વેષ્ટિત અભિમાની મોહી અને બીજો માયા જગત કે શરીરનો સાક્ષી–એમ નાની મોટી ઉપાધિ યુક્ત આ બંન્ને છે. કોણ કેટલો ઉપાધિયુક્ત અને કોણ કેટલો શુદ્ધ એ સાચા ભક્તો આપો આપ સમજી જશે, પણ ઉપાધિ વશપણાથી જીવ અને ઉપાધિના સાક્ષીપણાથી શિવ એ બન્ને અચેતન માયાની સાથેજ ગણાય છે, જેથી કેવળ નિર્મુક્ત નિર્મલ, શુદ્ધ સબંધ રહિત, માયા રહિત, વાણી મન સહિત રહિત, પરમાત્મા ચેતન તત્વ તો ઉપર બતાવેલા બંન્નેથી બહુજ ઉંચે શ્રેષ્ટ અને તુર્યાતીત પરમ ચેતન, સ્વયં ચેતન, સ્વય જ્યોતિ અપરોક્ષ નિજ સ્વરૂપ છે જેને વેદ શાસ્ત્રમાં ગુણાતીત, અક્ષરાતીત વિગેરે શબ્દોથી વર્ણનમાં લાવી શકાય તો પણ તે વર્ણના-તીતજ છે તેનેજ પરમાત્મા પરબ્રહ્મ સદ્‌ગુરૂ સ્વરૂપ, સેવા કરવા યોગ્ય, ભક્તિ કરવા યોગ્ય, પ્રેમ દર્શન યોગ્ય, અભેદપણા યોગ્ય, સમરપણા યોગ્ય, પ્રભુજ માનીએ છીએ. જીવાત્મા પોતાના દેહ જગત અને માયા બંધનના ભેદમાંથી જેમ જેમ નિર્મલ બનતો જાય તેમ તેમ તે એક પાદથી બીજા પાદમાં અને અંતે ત્રીજા પાદમાં વ્યાપક ભાનથી શુદ્ધ જીવચેતનાત્મા સ્વરૂપે નિવાસ કરે તે પછી તે પોતાની સમજણ સાથે દેહ જગત અને માયાના આવરણના અભિમાન મોહથી બીલકુલ છુટો પડી તે શરીરને સાક્ષ સ્વરૂપે જાણી પોતે સાક્ષી થઈ રહે, અને બીલકુલ મોહ કે અભિમાન ધારણ કરે નહિં તો તે આપો આપ ચોથા પાદના શિવસ્વરૂપને પામે છે. એટલે પોતેજ જીવનો શિવ થાય છે. હવે જ્યારે મહા પ્રયત્ને અત્યંત અનુભવથી સદ્‌ગુરૂ પ્રભુની કૃપાથી પરમ ભક્તિમાં તલ્લીન રહી, મહા ધ્યાન સ્વરૂપે

શિવ તત્વથી પરે તૂર્યાતીત પરમાત્મા ચેતનમાં રસબસ ભળી જાય ત્યારે તે જીવચેતન પરમાત્મા ચેતન સ્વરૂપે જીવનમુક્તિની સ્થિતિનો અનુભવ કરે છે. આતો અનુભવ લક્ષ લક્ષાતીત ગતીનું વર્ણન થયું, પણ પાદ પાદવાર અનુક્રમ કોટીની મર્યાદા જાણી અનુભવ કરતો. જે ચાલે તેને વિશેષ બળ પ્રાપ્ત થાય છે-પ્રથમ તો આ જીવાત્મા પાછળ વર્ણવી ગયેલા ધર્મશાસ્ત્રપૂર્વક તમામ શુદ્ધ નિયમો યુક્ત રહે. શુદ્ધ-રીતે નિરભિમાની બને. પરમ પવિત્ર મર્યાદા યુક્ત શરીર વ્યવહાર કરે. અને વ્યવહાર પરમાર્થ બન્ને સરખા ભાવે સેવે. બલ્કે પરમા-ર્થમાં વધારે બલવાન રહે. એમ જેમ જેમ પાલન કરતો ચાલે તેમ તેમ દેહ અભિમાન મોહથી નિર્મલ થવા લાગે છે. જીવાત્માનો પ્રથમ પાદ દેહાભિમાન દેહ મોહ રૂપે પોતાને દેહ રૂપ માને છે. તે શરીર-પાદ છે. અને જીવાત્માનો બીજો પાદ દેહ હું નથી પણ દેહનો ભોક્તા જીવાત્મા છું એમ માને છે તે બીજો પાદ છે. આ ઉપ-રનો અનુભવ બીજા પાદનો સમજવાનો છે તે પછી જેમ જેમ દેહનો અભિમાન અને મોહ છોડતો ચાલે છે તેમ તેમ તે સમજવા લાગે છે કે-આ એક પોતાના માનેલા પ્રથમ પાદ દેહમાં જેમ પોતાનો બીજા પાદરૂપ જીવાત્મા એમ આખા જગત ભાવના અનંત દેહોમાં તે સર્વ જીવાત્માના એકત્રરૂપે-તે સર્વાત્મા અથવા વ્યાપકાત્મા કહેવાય છે. એમ જગતરૂપી દેહનો તે વ્યાપકચેતન આત્મા સમજવો. આ જીવાત્માનો ત્રીજો પાદ છે. આ જીવાત્માના ત્રીજા પાદમાં જીવ પોતાનું વ્યાપકપણું માને તો-એક વ્યષ્ટિ દેહરૂપી ઝુંપડીનો મોહ કે અભિમાન તુરતજ છોડી શકે છે. વ્યાપક પાદમાં જગતનું અભિમાન કે મોહ જો રાખે તો વ્યાપકની માલીકીવાળા પદાર્થ ઉપર અભિમાન

લાવનાર જીવાત્મા કેવળ મુર્ખજ લેખાય છે. જો સારી સમજ પ્રમાણે દેહાભિમાન મોહ ત્યાગ કરે તો આ વ્યાપકપાદમાં સર્વ જીવાત્માને પોતાના આત્મા સમાન પ્રેમથી જોતાં શીખતાં અને તે પણ પરમાત્માની સેવા કરવારૂપ સમજાતાં, સર્વ જીવાત્મામાં દયા, ક્ષમા, ઉદારતા, આદી સદ્ગુણોથી મહાન્ ગુણ ગંભીર વ્યાપક બને છે. પોતાના વ્યાપકપણાને જાણનારો જીવાત્મા. પોતાના આત્માને મહાન્‌પણાથી અનુભવે છે. અને સર્વ જીવાત્માના અંતર્યામીપણાનો દાવો પોતાનો સમજે તોપણ બરાબરજ છે. એક જીવાત્માના ભાવમાં વ્યષ્ટિચેતન ગણાય. અને અનંત જીવાત્માના ભાવમાં સમષ્ટિચેતન ગણાય. પોતાનું વ્યષ્ટિપણું ભુલાતાં પોતાનું સમષ્ટિપણું સિદ્ધ સમજાય છે. તેજ વ્યાપક તત્વ છે. આ જીવાત્માનું ઊંચામાં ઉચું સ્વરૂપ છે. આ સ્થિતિના અનુભવનું બહુજ ઓછોળું જ્ઞાન ધારણ થયા પછી તે જીવાત્મા અનંત દેહોરૂપ જગતના વ્યાપ્યપણાના સાભિમાનમાંથી છુટતાં પોતાના વ્યાપકપણાના બંધનમાંથી આપોઆપ મુક્ત બને છે. વ્યાપક પણ વ્યાપ્યરૂપ માયાથી વેષ્ટિત છે. એટલે પોતાને વ્યાપક સ્વરૂપ માનતાં પણ વ્યાપ્ય માયાથી વેષ્ટિતજ મનાય—એટલે આ પાદ માયાથી વેષ્ટિત હોવાપણાથી ઉપાધિયુક્ત છે છતાં નીચેના બે પાદથી સર્વોત્તમજ છે. આ સર્વોત્તમ વ્યાપક ભાનમાં સર્વ જીવાત્મા પોતાનોજ આત્મા મનાતાં સર્વમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. અને સર્વનું શ્રેય તેજ આપણું શ્રેય મનાય છે. સર્વ સુખી તે આપણેજ સુખી અને સર્વના દુઃખનો અનુભવ તે પોતામાંજ અનુભવાતાં અત્યંત આત્મબળ ખીલાવી શકે છે. જેટલુ દેહાભિમાન અને જેટલો મોહ કમી થાય તેટલું આત્મબળ સતેજ થાય છે. એમ પહેલા પાદ રૂપ અચેતન

શરીરમાં સોળ આના અભિમાન અને મોહ છે. તે પછીના જીવાત્મા રૂપ બીજા પાદમાં પોતાને શરીર માનવાનું છુટતાં અને પોતાને જીવ (વ્યષ્ટિ) માનવાથી બાર આના શરીરમોહ અભિમાન રહી ચાર આના આત્મબળ પ્રદર્શિત થાય છે. ત્યાંથી આગળ જીવના ત્રીજા પાદમાં આઠ આના વ્યાપ્ય ભાવનો શરીરમોહ અને અજ્ઞાન અભિમાન છુટતાં આઠ આના આત્મબળની સત્તા સમજાય છે. આ ત્રિપાદ જીવ ભૂમિકાના છે. આ સ્થાનમાં સમજવા સરખું છે કે રેતીમાં ખાંડ વેરાયેલી છે. હવે તે જો ખાવી હોય તો હાથીની સુંઢા સમાન જાડપણાથી તે ખાંડ વીણી ખવાતી નથી. પણ જો કીડી થાય તો તેના સૂક્ષ્મપણાના યોગથી તે ખાંડ ખાઈ શકવા શક્તિમાન છે.

આ સૂક્ષ્મતા તે અભિમાન અને મોહની નિવૃત્તિ થવાથી જીવાત્મા ભારેપણાથી હલકો થાય છે. એટલે શુદ્ધ જીવ થાય છે. તે કીડી સમાન બનતાં પોતાના અમૃત પદનો સ્વાદ લેવાનો અધિકારી બને છે. હવે જો સત્સંગ સારો હોય એટલે વિદ્વાન નહિ પણ કેવળ જીવનમુક્ત સ્થિતીના અનુભવી યોગી સદ્‌ગુરૂનો માથા ઉપર સતત્ બોધ ચાલુ હોય. તેમના બોધ વૈરાગ્યના સપાટાના સખત મારને ધારણ કરવાની સહનશીલતા પ્રાપ્ત થઈ હોય. અભાવરૂપ અંધકાર નાશ પામ્યો હોય. સદ્‌ગુરૂ તે પરમાત્માજ છે એવી દઢ શ્રદ્ધા સાથે તદ્‌રૂપાત્મક બનવાની ધૈર્યતા પ્રાપ્ત થઈ હોય. પોતાનું જીવપણું છોડવાની સતત્ હોંસ લાગી હોય. પોતાના જીવપણાના અહંકાર અને મોહની બુદ્ધિનો તીરસ્કાર પોતેજ કરતો હોય. સદ્‌ગુરૂ સંત પરમાત્મા આપણને માન ન આપી બચાવતા હોય—ધોબીની પેઠે આપણને નિર્દય બની ધોતા હોય—સોનીની પેઠે બોધરૂપ હથોડાથી જ્ઞાનરૂપ

એરણના ઉપર અતિજોર કરી ટીપતા હોય તોપણ આપણને ખોટું ન લાગતું હોય—જતરડામાં ઘાલીને તાણતા હોય. તેમ ભક્તિના જતરડામાં આપણે તણાતા છતાં પોતાનું અપમાન આપણને ન મનાતું હોય—સદ્‌ગુરૂ પરમાત્મા સંત પુરૂષોને પ્રભુરૂપ ભાવે રાગદ્વેષ ન હોવાથી તેઓ આપણા હિતનાંજ વચન કહે છે. એમ સમજી આપણા જીવપણાનું અભિમાન છુટતાં અને મોહ છુટતાં "દુનીયામાં હું સારો નહિં ગણાઉ" એવી લોકૈષણાનો ભય ન લાગતો હોય—લોકમાં નિર્લજ્જ પણે દેહાભિમાન છોડતાં પ્રભુ ભજન ગુરૂસેવા, જનસેવા કરવામાં પોતાની મહત્તા અને ભક્તિની વૃદ્ધિ મનાતી હોય—અચેતન દેહ સાધન રૂપ છે તેમાં સુખ બુદ્ધિ મીથ્યા છે એમ નિર્ણય થઈ ચુકયો હોય. કોઈપણ જીવાત્માને શત્રુરૂપ ન મનાતું હોય. અથવા કોઇપણ જીવાત્મા ઉપર દયા આવતી હોય. ક્રોધના બળને આશરો ન અપાતો હોય. પોતાના આત્માના જ્ઞાનભક્તિના બળ આગળ ધનની અને તનની કીમત તૃણ જેટલી થઈ ગયેલી જણાતી હોય અને તેથી પોતાના કલ્યાણરૂપ ઊત્તમ સત્કાર્યમાં પરમાર્થ સેવા રૂપે પ્રભુ ચર્ણમાં પોતાના ધનનો સદુપયોગ કરવામાં અને સદ્‌ગુરૂ આજ્ઞા પાલન કરવામાં, આનંદ મનાતો હોય. સદ્‌ગુરૂ પરમાત્મા જ્યારે આપણને અચેતન શરીરનું અભિમાન અને મોહ છોડાવવાને પ્રભુરૂપે દર્શન આપી રહ્યા છે. તો તેમને શરીર કે શરીરનું અહંમોહ હોયજ નહીં. એવો સંપૂર્ણ દ્રઢ નિશ્ચયનો પ્રેમ હૃદયમાં ઠરતો હોય કે ઠરેલો હોય, તેમની સેવા સુશ્રુષા અને તેમનાજ ચર્ણ રજમાં આલોડન કરવું તેજ અમૃત સમાન સુખદાતા છે. એમ સંપૂર્ણ મનાયું હોય તો. આ ત્રીજાપાદનો શુદ્ધ જીવ પોતાના તુર્યપાદ રૂપ સ્થાનમાં જીવનો શિવરૂપ

બની શકે છે. અહિંયાં પોતાને વ્યાપકપણાના વ્યાપ્ય બંધનથી મુક્ત શિવરૂપે, સાક્ષી તરીકે માનીને દેહ જગત અને માયાને માત્ર દશ્ય એટલે દૂર રહી જોવાપણા જેવું અંગીકાર કરી પોતાને તેથી જુદોજ અનુભવે છે. ત્રીપાદ પર્યંત માથા ઉપર લાકડાનો ભારો નાનો મોટો પણ ચઢેલોજ હતો. પગે બળતું હતું, ભાર લાગતો હતો, પણ **આ-તુર્ય પાદમાં** તો તપ્ત ભૂમિમાંથી મોટા વડવૃક્ષની ગંભીર છાયા જેટલો આનંદ મળવાનો સંતોષ જણાય છે. એટલે આ શિતળ છાયારૂપ સ્થાનમાં પોતાના માથાનો ભાર એકદમ ફેંકી દેવાતાં પોતે પોતાને બહુજ **સુખી** જાણે છે. એમ **તુર્યપાદ-સ્થાન** માથાનો ભાર નાખી દઇને સુખી રહેવાનું **નિર્ભય** સ્થાન છે એમ સાબીત થાય છે. ભલે લાકડાનો ભારો દુરથી દેખાતો હોય. પણ હવે તેનો ભાર તો કદાપી લાગતોજ નથી. એટલા સુખમાં તે નિમગ્નજ છે. એવા **શિવ**સ્વરૂપ તુર્યપાદના અનુભવનો પોતાના આપે આપમાંજ સમાવેશ કરી જીવ સંતોષ પામે છે—છતાં અત્રે પણ માયાનું સાક્ષત્વ કાયમ રહે છે એવો અનુભવ જ્યાં સુધી થાય ત્યાં સુધી પૂર્ણ સુખશાન્તિ આનંદની તૃપ્તી, તો સેવીજ શક્યા નથી એવો અનુભવ કરવો અવશેષ રહે છે એમ જણાય છે અત્ર ચતુર્થ **તૂર્ય-સ્થાનથી** પરે **તૂર્યાતીત** સ્થાનમાં જવાનો, રહેવાનો, અનુભવ કરવાનો, અને તદ્દરૂપતા ભોગવવાનો, સરળ માર્ગ સિદ્ધજ છે આ સ્થાન પૂર્ણ આકાશમાં છે—આકાશ ભાનથી પણ નિર્ગમ્ય છે. અનિર્વાચ્ય છે, અમનરૂપ છે. અવાણીરૂપ છે. અક્રિયારૂપ છે. નિર્દેહી છે. નિરીહ છે. નિર્મમત્વ છે. નિર્મોહી છે. આ સ્થાનમાં સ્વતઃસિદ્ધત્વ છે. ગમનાગમન નથી. વિધિ નિષેધાત્મક ભાનરહિત છે—આ સ્થાનને તૂર્યાતીત

પદ કહેવાય છે અને અત્રે સંપૂર્ણપણાની જ્યોતિથી ઝગઝગીત કીરણોથી તદ્રૂપાકારમય છે. હું તું તે કે અત્રે કોઈ શબ્દ જીવતા નથી. ભેદ વિનાશી સ્થાનને **અભેદ** કહેવાય છે અત્રે સ્ત્રી કે પુરૂષ બ્રાહ્મણ કે ચંડાળ. નાનો કે મોટો, રાગ કે દ્વેષ, હર્ષ કે શોક, મોહ કે લોભ, હું કે મારૂં, માન કે અપમાન, ઈત્યાદી દ્વંદ્વોને રહેવાને જગા નથી. **સ્વ**પણાથી સંપૂર્ણ **ભરભરીત** સભર સ્થાનમાં શબ્દ કે વાક્ય, નાદ કે અક્ષરને રહેવાને જગા નથી. કે જે પૂર્ણ ભક્તિના પરમ પ્રેમ ઉદ્દેશથી તે અનંત બ્રહ્માંડાધિપતિને આતિ પ્રીયમાં પ્રીય. "**પ્રિય-પતિ**" એવું નામ વિશેષણ. પોતાના આત્મબળે લગાડીને તેમાં સમાઈ. તદરૂપાત્મક **સ્વસ્વરૂપ**માં રહેવાય છે. અત્રેથી કદાપિ પણ પતિત થવાપણું નથી. હવે ભય નથી. શોક નથી. આ સ્થાનના પૂર્ણ અનુભવિને **જીવન્મુકત યોગી** અથવા **ગણેશ** કહેવાય છે. **બરફ**નો પથરો મહાજળમાં પડતાં ક્યાંએ સંતાયો તે હવે ખોળ્યો જડતો નથી. **બ્રહ્માનંદ** સાગરમાં બુડકી મારી હવે પોતે પોતાને ખોળવાના પ્રયત્નમાં શું જડશે ? ? શું જોવાશે ? ? શું પ્રાપ્ત કરતો હશે ? ? શું અનુભવતો હશે ? ? સાકરની મીષ્ટતા સાકરમાંજ સમાઈને રહેલી અનુભવી. લીમડાની કડુતા લીમડામાંજ સમાઈ રહેલી જાણી. પાણીની મીઠાસ પાણીમાંથી બાહાર નીકળી શકેજ નહીં. મીઠાસ પાણી એ નથી અરે ! ! અનુભવનો કરનારો અને અનુભવ એ નથી. અનુભવનો કર્તા અનુભવરૂપ છે. **સુખાનંદ** નિજાનંદની તૃપ્તી ભોગવનારો સુખાનંદ નિજાનંદ તૃપ્તજ છે આ કચી કેરી પાકતાં અમૃત સમાન મીષ્ટ રસ ચખાડે છે કે જે અત્યંત ખાટી હતી તે, અરે ભાઈ, સમયાનુસાર **ખાટી** કહેવાતાં સમયાનુસાર **મીઠી** થઈ અને સમયાનુસાર

માહાત્મા સંતના કોઠામાં રસરૂપ થઈ પચી ગઈ. બંધુઓ ! ! ! **કીડા** અને **ભમરીનો** પ્રયોગ વિચારીએ તો વધારે ઠીક પડશે. ભમરી જંગલમાંથી એક કીડાને ઊંચકી લાવી પોતાના ઘરમાં મુકી અને ડંસ લગાવી ઊડી જાય છે–પાંચ દશ મીનીટે આવી જુએ કે તે જીવ તો હોય તો બીજો ડંસ મારે. અને મરી ગયો હોય તો તેને કાઢી નાખી બીજો **કીડો** લઈ આવી. ઉપરની રમત કરે. બીજા ડંસમાં જો જીવતો રહ્યો તો તે ત્રીજા ડંસ મારતાની સાથે. આપેજ. **ભમરી** રૂપ બની ઊડી જાય છે. હવે પંચમપાદરૂપ સદ્‌ગુરૂ પરમાત્મા સંતરૂપી ભ્રમર–દેહાભિમાની જીવરૂપ કીડાને પ્રથમ ડંસના મારરૂપ અચેતન શરીર મોહ છોડાવવાને વૈરાગ્યની સખત તીક્ષ્ણ ધારારૂપી એક ડંસ મારે છે. આ સમયે પોતાના કલ્યાણનો યોગ જેનો આવ્યો નથી હોતો, તે આ વૈરાગ્યની તીવ્ર ધારાને ઝીલી શકતો નથી. ફફડી ઊઠે છે. અને સત્સંગ તજવાનો પ્રયત્ન કરતો બોધ પ્રત્યે અભાવ ધારણ કરી પોતે શરીરના મોહ અભિમાનની લાગણી રાખી મૃત્યુ પામે છે– અર્થાત્ મોહ અભિમાન ન છોડી શકવાથી તે પામર ભેગો પામરરૂપે મરેલોજ રહે છે–જો આ પ્રથમ ડંસ સહન કરવાની શક્તિરૂપ પ્રભુ-કૃપાનો ભક્તિમાન જીવ બન્યો તો બીજો ડંસ–શિવપદની પ્રાપ્તિરૂપ, અંતર્યામી **વ્યાપકપણાની** મહાન્ મહત્તાના ત્યાગરૂપનો સાક્ષીત્વના પૂર્ણ સકલ ઐશ્વર્યના ઇશ્વરપણાના અભિમાનના યોગરૂપનો ડંસ વાગે છે. તે વખતે સદ્‌ગુરૂ પરમાત્મા ભ્રમરના બોધ પાંખના ગુંજારવરૂપી નાદની મસ્તીમાં પોતે કીડો પણ શિવરૂપથી ગુંજારવ કરવા લાગી જાય છે. જો સહન કરે તો ગુંજારવ કરે અને ના સહન કરે તો મરી

જાય. પદ પ્રાપ્તી ન થાય. ગુંજારવ તે જ્ઞાન ભક્તિનો **પ્રેમનાદ** છે. જ્ઞાનભક્તિના અભ્યાસરૂપ ધ્યાન યોગનો ગુંજારવ ગંભીરપણાને પામે છે. તે અભેદ સ્વસ્વરૂપાત્મક બીજરૂપ છે. એમ બીજા ડંસમાં કીટ જીવતો રહેતાં તુરતજ રમતો **ભ્રમર** ત્રીજો ડંસ મારે છે તે ડંસ સાથેજ બંન્ને પાંખો તે કીડાને ઉત્પન્ન થતાંજ તે **ઊડવા** લાગી જાય છે. અને કીડાના ભાનથી રહિત થાય છે આ ત્રીજો ડંસ તે નિજભાનરૂપ ડંસ છે. તે ડંસ વાગતાં **પ્રેમ** અને **અભેદ** એવી બે **પાંખો** ફુટે છે, અને **જીવન્મુક્તતારૂપ** ઊડગણ સ્થીતી મેળવતાં ભ્રમરરૂપે જગત વંદનીય પ્રમાણથી પોતાનો પોતે કીડો મટીને ભ્રમર થતાં સ્વસ્વરૂપાવસ્થાના સ્વાનંદમાં તદ્રૂપાકાર થાય છે એવો સાક્ષાત્ **અપરોક્ષાનુભવ** છે એમ પાંચપાદના સંપૂર્ણ અનુભવપૂર્વક જીવાત્મા પોતાના મૂળ સ્વાનંદ દેશમાં પોતાના પ્રિયપતિ પરમાત્મામાં તદ્રૂપાત્મક ભાવને પ્રાપ્ત થતાં જીવનમુક્ત દશા અનુભવે છે—આવી રીતે અચેતન શરીરના નાશવિનાજ અચેતનનો મોહ છુટે છે, સાધુ સંન્યાસી યોગીના બાહ્યવેષ ધારણ કર્યા વિના પણ શરીરમોહ છુટી આત્માની સ્વરૂપ પ્રાપ્તિ સધાય છે. દાંભીક વૃત્તિનો ત્યાગ કરી શુદ્ધ આચરણથીજ પોતાના આત્માની ઓળખાણ. ઊભી થતાં પોતે **અમૃત** તત્વરૂપ બને છે આ **જ્ઞાન ભક્તિની** અપૂર્વ શ્રેણી. સાચા ભકતોને તુરત નજરમાં બેસે છે. પણ દેહાભિમાન મોહ કે **દેહાધ્યાસ** તજવો કેટલા શેરનો છે તે ભકતજનોએ જાણવું જોઇએ. આથી વિશેષ જાગૃતીના કારણસર જીવાત્મારૂપી મલીન કપડાને વારંવાર ઊનાં પાણીમાં પલાળી પલાળી સાબુક્ષાર દઇ ધોકણાથી ટીપવાની જરૂર પડે છે જો જીર્ણ હોય તો તો માર ઝીલી શકનાર નથી. ફાટી

જશે પણ જો મજબુત અને નુતન હશે તો ભલે માર પડો. પણ સહેદ તો થશેજ થશે. આ તૂર્યાતીત પંચમપાદની પૂર્ણ પ્રિયપતિ નામરૂપ સત્તામાં આજ્ઞારૂપ ભાવ અભેદ રહે છે. આ પરમાત્મા પાદ છે. વા **પંચમપાદ** છે. તેની નીચેનો સાક્ષી **શિવપાદ** તૂર્ય સ્વરૂપ છે. તેથી નીચે સમષ્ટિ **વ્યાપકપાદ** છે તેથી ઉતરતો વ્યષ્ટિ **જીવપાદ** છે અને તેથી ઉતરતો અચેતન **શરીરપાદ** છે આ પાંચે પાદ આત્માનાજ છે. જેમ રસ વૃક્ષરૂપે દેખાય છે. તેમ આત્માજ શરીર રૂપે દેખાય છે. માત્ર દષ્ટિથી ભ્રાન્તિ થાય છે તેથી છેલ્લામાં છેલ્લા શરીરપાદમાં આ જગત ભ્રાન્તિ વડે લોટી રહ્યું છે. હોડીના હંકારનાર **નૌકાધિપતિને** પોતાની હોડી છેક પૃથ્વીની લગોલગ લાવવાની જરૂર છે. કેમકે કીનારાની પૃથ્વી લગભગ આવેલી હોડીમાં બેસી પેલે પાર જનારા ઘણા **જીવો** એકત્ર થાય છે. તેથી હોડીના નૌકાધિપતિએ હોડીને નિર્ભયતાથી કીનારે પાણીમાં ખડી કરવી જોઇએ. પોતાની હોડીના જે ભાગને પાણીમાં ડુબેલી પૃથ્વીનો મલ લાગશે તે તો મહાજળમાં પુનઃ ખેડતાં ધોવાઇ જશે જેનો ભય **નૌકાધિપતિને** જરા પણ હોતો નથી. પણ પૃથ્વીની નજીક લાવવાની જરૂર વિચારવીજ જોઇએ. જેને પોતાના પાર્થિવ અચેતન શરીરના અભિમાનથી કે મોહથી તેમાંજ સુખઆનંદ તૃપ્તિ મનાઇ હોય. તે તો આ શરીરદેશને ત્યાગી **પરદેશ** જવાની ઇચ્છા શા માટેજ કરે? તેને તો દેહ મોહના સંબંધમાં, કે દેહ ભોગ્ય પદાર્થોના લોભને ખાતર, કે અનિતિ દુરાચાર **મદ્યપાન માંસભક્ષી** સ્વભાવની ઊચ્છૃંખલ વૃત્તિથી, વર્તવાના મિથ્યાભિમાનને ખાતર સેંકડે સોએ સો ટકા જેટલી પશુવૃત્તિની આ માનવ સૃષ્ટિમાં અનંત દુઃખો

અને ત્રાસ વેઠવા રૂપની ધૈર્યતા આવી રહેલી છે. તેમ કુસંપના કલહ તાપને સહન કરવાની ધૈર્યતા થઇ રહી છે. તે સાચા ભક્તોની જાણ બહાર કેમજ હોય !!! પોતાના કલ્યાણની શુભેચ્છા જેઓના હૃદયમાં રમણ કરી રહી હોય તેમણે તો અવસ્ય રજો તમો ગુણની વૃત્તિઓ રૂપ કુસંપ, કલહ, દુરાચાર, અનિતિનો સર્વથા ત્યાગ કરીને મહાન્ સાત્વિક સદ્‌ગુણોને તાકીદે સેવવા લાગવા જોઇએ અને દેહાભિમાન દેહ મોહરૂપ દેહાધ્યાસનો સમૂળો વિધ્વંસ કરી પ્રથમ અચેતન શરીર દષ્ટિના સુખો અને મોહોનો પરિત્યાગ કરી પછી જીવચેતનના વ્યષ્ટિ ભાવથી જાગૃત થઇને પછી વ્યષ્ટિ અને સમષ્ટિના અભેદ ભાવની યોજનામાં પૂર્ણતા મેળવી. દ્વૈત બુદ્ધિનો સંહાર કરી આગળ વધવું. આ વ્યાપક સમષ્ટિની જાગૃતિમાં વિશ્વાસઘાત જેવા મહા પાપોથી મુક્ત થાય છે. શત્રુમિત્ર, રાગદ્વેષ, હર્ષશોકાદિ દ્વંદ્વથી બચાય છે કોઇને દુઃખ ન દેવાના અહિંસક ભાવમાં બહુજ આનંદ અનુભવાય છે. વ્યાપક ભાવના નિશ્ચયમાં પોતાના આત્માની સત્તા અનુભવાતાં પ્રારબ્ધ ભોગ્ય પદાર્થોમાં અભાવ પણ આવતો નથી. તેમ તેનો મોહ પણ રહેતો નથી. કેમકે પોતાના દેહ વ્યવહારનાં કર્મો શાસ્ત્ર મર્યાદા પૂર્વક સેવવામા આવે છે તેથી દોષરૂપ નથી. અને કંઇક આગળ ઉચ્ચતર યોગ છે એમ સમજાવા લાગતાં પોતાને આથી છુટવાના વિચારો થતાં સાક્ષી સ્વરૂપે રહેવાની ટેવ પડે છે. એથી દેહમોહ કે દેહ અહંકાર કે દેહના ભોગ્ય પદાર્થોની પ્રાપ્તિ પોતાના આત્માની સાક્ષીરૂપની ઓળખાણ થતાં શુષ્ક સમાન જોવાય છે. અને યાવત્ શરીરોનું રક્ષણ પરમાત્માની પતિરૂપ સત્તામાંજ જેવી રીતે છે તેવીજ રીતે અનુભવાય છે. અને માનવા પણ લાગે છે. પ્રભુભક્તિમાં બહુ

બંહોળો પ્રેમ ઉત્પન્ન થાય છે. સારાં સારાં ધર્મ કાર્યો કરી પોતાના મનાતા કુટુંબનું અને સમષ્ટિ જગતના અનંત જીવોનું ભલુ કરવામાં આત્મભોગ આપવાનું સંપૂર્ણ બળ મેળવી શકાય છે. પોતાને સુખી માને છે અને સર્વને સુખી જોવાની આતુરતા વધે છે. પોતે નિર-ભિમાની રહી આપણા આત્મ બંધુઓને નિરભિમાની રહેવા સૂચના કરાય છે અને સંસાર વ્યવહારમાં પણ અનંત કાર્યો કરતાં છતાં પણ કેવળ મિથ્યાભિમાની જીવાત્માની ડોળડમાકવાળી ગાડા નીચેના શ્વાન સમાનની, અહંકારવાળી ભાવના આપો આપ ભુલાય છે અને પ્રભુની સત્તા નીચે તેમની કૃપારૂપે રહેલી બળવાન સાત્વિક બુદ્ધિનો પ્રકાશ થાય છે. વિષયો તરફનો મિથ્યા મોહ ઉતરી દેહની સુખ બુદ્ધિનો ત્યાગ થતાં આત્માના સુખ આનંદ અને તૃપ્તિનો વધારો થાય છે. અંધ પરંપરા છુટે છે. પોતાના વ્યાપક આત્માના જ્ઞાનમાં જે દોષ રહેલો છે તે માયાના વ્યાપ્યપણાને લીધેજ છે. વ્યાપ્ય તે સમષ્ટિ અચેતન ભોગ્ય છે. વ્યાપક ભોકતા છે અને એ બેના યોગમાં જે ભોગ તે આ બંનેના સમયોગમાં છુટો પાડી શકાયજ નહીં. પણ સાક્ષીની સ્થિતિમાં તે ત્રીપુટી આપો આપ વિખૂટી પડી જાય છે. ભોગ્યનો લય થતાં ભોગ નાશ પામે છે અને ભોકતા સાક્ષી થઇ શકે છે કેમકે સાક્ષી તે સાક્ષનોજ સાક્ષી જુદોજ છે. સાક્ષી નીચે ઉતરે તો વ્યાપક-વ્યાપક નીચે ઉતરે તો જીવ-અને જીવ નીચે ઉતરે તો અચેતન દેહ-અને તે પણ નીચીકક્ષાએ રહેતો કેવળ પામર-એટલે આટલા બધા ઊંચા સિદ્ધાંતરૂપ સાક્ષીપદને પામેલો ભકતરાજ અમૃતનો ત્યાગ કરી વિષ પીવાની ઇચ્છા શામાટે કરે?? શરીર સંબંધે પારબ્ધ યોગે જે બનવાનું છે તે બનવાનુંજ છે. તેમાં ફેરફાર કરવાની શક્તિ

આપણી નથી. અને મિથ્યા અભિમાન મોહથી ભરેલા શરીરમાં અહંમમત ધારણ કરીને પણ પોતાના ધારેલા ભોગ્ય પદાર્થો તો મેળવાતા નથી. ત્યારે લાલ લાલ દેખીને ઇન્દ્રવારણુના ફળમાં મમતા મોહધારી લાલ મોંના વાંદરાએ પોતાનું મોંઢું કાળું કીધું તેમ કરવાની ઇચ્છા અનંત પાપ કર્મનો ભોક્તા બનેલો જીવ વિના બીજો કોણુજ કરશે ?? એવો કોનો દીનમાન ફરેલો છે કે સુખ આનંદ અને તૃપ્તિનો ત્યાગ કરીને દુઃખ શોક અને તૃષ્ણાની જાળમાં ફસાય!!! સત્તાસાથે પૂર્ણપણાની જાગૃતિનો અધિકાર ગુરૂ કૃપાથી સ્હેજે પ્રાપ્ત થતો હોય તો તેને બદલે પારકી ગુલામગીરી સાથે ખાવાપીવાનું કષ્ટ વેઠવા અને ટુંકારા હુંકારા સાંભળવા તથા "આપો બા" ની ભીખ માગતાં પણ પોતાના કાચલામાં કશું પડતું નથી. છતાં પોતાને ડાહ્યા કહેવરાવવાની ઇચ્છા કોણુજ ધારણ કરે!!! એક મહાન્ ચક્રવર્તિ નૃપતિના મીત્ર તરીકે સ્વસ્વરૂપ બનવાનો સમય આવતાં પણ પુર્ણ સ્વતંત્ર રીતે રમવા જમવા ફરવા હરવા અને વખતો વખત જોઈતા પદાર્થોની પ્રાપ્તી સાથે સુખ આનંદ અને તૃપ્તિ ભોગવવાનો યોગ આવી મળતાં વિચારવાન પુરૂષો કદાપી ત્યાગજ કરતા નથી. બલકે બાહ્ય દૃષ્ટિએ નૃપતિના બાહ્ય પદાર્થો અચેતન સ્વરૂપ છે. છતાં બાહ્ય મહત્તા ભરેલા ભોગો ત્યાગ થઇ શકતા નથી. તો પરમાત્મા પ્રિય પતિની છત્ર છાયામાં દાસત્વ છતાં સ્વતંત્ર સત્તારૂપ ભાવ પ્રાપ્ત થવામાં પ્રભુના બનાવેલા અખંડીત પદાર્થો, પ્રભુના બનાવેલા અખંડીત ભોગો, પ્રભુના બનાવેલા અનંત મહત્તા—યશ કિર્તિ પ્રાપ્તિના યોગો અને જન્મ મર્ણની ભ્રાન્તિની શાન્તિ એવા અનેક સંયોગો સાથેનો અભેદ પ્રાપ્તિનો યોગ કોણ નિર્ભાગી ત્યાગ કરવાની ઇચ્છા કરે?? અને આવી સ્વતંત્ર

પ્રાપ્તિ ત્યાગ કરીને અચેતન શરીરનાજ અભિમાન અને મોહમાં તણાય તેના જેવો **દુર્ભાગી** બીજા કોને કહીએ!!! સાચા ભક્તરાજ બનવાની યુક્તિ બહુજ બળવાન અને ઉત્તમોત્તમજ છે છતાં પાપોના અનંત રજકણોથી છવાયલાને આવું સુંદર **નિજસ્વરૂપ** નજરમાં ઠરતું નથી. એજ આશ્ચર્ય છે.

આ સાક્ષીપદથી પણ અતિ ઉંચ્ચતર પરદેશમાં બુદ્ધિની સુક્ષ્મતાએ જીવાત્મા જઈ શકવાને અધિકારી છે. પોતાના જીવાત્માને સાક્ષી જાણવાના વિચારમાં આ વ્યષ્ટિરૂપના અચેતન શરીરથી અને સમષ્ટિ રૂપના જગતથી છુટો થઈ પોતે જીવ તે **શિવસ્વરૂપ** થાય છે. એટલે શિવ જેમ નિર્વિકલ્પ સમાધિ ધારક જગતના સાક્ષ પણાથી માત્ર જોનાર તરીકે જગતના મોહથી રહિત, જગતના કર્ત્તા ધર્ત્તા અને હર્ત્તા પણાના અભિમાનને ધારણ કરતો છતાં રહિત, જગતના ભ્રાન્તિ કારક જન્મ મર્ણાદિક ભાનથી રહિત, પરમાત્મામય રહેવા યોગ્ય પંચમપાદ પરમાત્માનુંજ ધ્યાન કરનાર **યોગી** સ્વરૂપ થાય છે. એમ જીવાત્મા **શિવપદનું** જ્ઞાન જાણે છે આ સ્થાન **યોગી** સ્વરૂપનાં દર્શન વડે બંધનમાંથી મુક્ત દશાનો અનુભવ આપે છે. જીવના **ત્રિપાદ** તે બંધનરૂપ અને આ ચતુર્થ તુર્ય તે બંધનથી **મુક્ત** છે. પછી બ્રહ્મવિદ્યાના અનુભવની યુક્તિએ શિવસ્વરૂપમાં પાર્વતી હોય તો તે સત્વ વિદ્યા પ્રધાન માયા જ છે. જે સત્વ સ્વરૂપ પ્રધાન માયામાં જગતની ઉત્પત્તિ સંભવે નહિં. એટલે આ **મુક્ત યોગી** છે. ભલે ઇશ્વર સત્તા સ્વરૂપની અપાર સમૃદ્ધિનો તે સ્વામી હોય તો પણ તે **ત્યાગી** જ છે, તેમ જીવાત્મા ભલે આ સંસારમાં રહેતો હોય પણ, પોતાને શિવસ્વરૂપ જાણવાથી સત્તા સમૃદ્ધિની નિરભીમાનતાએ, કેવળ ત્યાગી

યોગી રૂપે નિર્મોહી રહી શકે તો શિવસ્વરૂપ સાચું-કે જેમ શિવને મોહ નથી તેમ તે દરેક પ્રદાર્થ બુદ્ધિના મોહથી રહિતજ હોય. સત્તા-સમૃદ્ધિને ત્યાગીને રાખોડી ચોળી. જંગલમાં પશુવત્ પડી **રહેવાથી યોગી** ગણાય નહિં. એવો બાહ્યવેષ કરતાં જે જીવાત્મા નિરભીમાનતા પૂર્વક સત્તાસમૃદ્ધિના મમત્વનો ત્યાગ કરે તેજ **ત્યાગી.** અને મોહ માત્રની ભસ્મ ચોળે તે **ભસ્મધારી** છે. તેમ અનંત જગતનો શોર-બકોર ખડો છતાં પોતાના સાક્ષી સ્વરૂપમાં તેજ જગતની અનેકતા ભયંકરતા વા ક્રુરતા, ભ્રમણતા ત્યાગી. પોતાને એકજ અદ્વિતીયરૂપ જાણી નિવાસ કરે તે ખરેખરો **શિવસ્વરૂપ** યોગી છે—આ યોગી શબ્દમાં **યુજ્** અને **યુજી** એ ધાતુના પ્રયોગથી યોગ યોગી શબ્દ સિદ્ધ થાય છે. આ તૂર્ય બ્રહ્મપદ સ્થાનજ તૂર્યાતીત પંચમપાદ સાથે અભેદતા સાધવાને મુકરર છે—તેથી જ આ સ્થાન **યોગીરૂપ** છે. એટલે યોગીની ધ્યાનસ્થ ગતી પૂર્ણ પંચમપાદના તૂર્યાતીત બ્રહ્મ સાથે અભેદ સ્વરૂપે રહેવા યોગ્ય હોવાથી ત્યાં શરીરના સાક્ષીત્વનું પણ અભિમાન રહી શકાતું નથી. **પ્રથમપાદ શરીર—દ્વિતીયપાદ વ્યષ્ટિ જીવાત્મા, તૃતીયપાદ સમષ્ટિ વ્યાપક આત્મા.** અને **ચોથો** નેતિ **તૂર્ય આત્મા.** એમ ઉત્તરોત્તર અનુક્રમે ઊચ્ચ ઊચ્ચ ક્રમપૂર્વક તે પ્રથમપાદના શરીરના સંપુર્ણ મોહ અને અહંમમતનો ત્યાગ કરતો કરતો, જીવમતી ભ્રમત્યાગી, વ્યાપક અંતર્યામીપદનું અભિમાન ત્યાગી, કેવળ સાક્ષી સ્વરૂપે રહી શકે છે. સાક્ષ્ય કાયમ હોવાથી તેના દુઃખનો દેખાવ પણ કાયમ જ રહે છે. તેને જુએ છે તો ખરો. જેમ સુકો કચરો શરીરે રજરૂપે ચોંટી આવે પણ ખંખેરી નાંખવાની શક્તિ અગર ધોઈ નાખવાની શક્તિથી તે ટકી શકતો નથી. તેમ કદાપી

સત્વપ્રધાન માયા કોઇ સમયે અવિદ્યા ભીલારાણીનું સ્વરૂપ ધારણ કરી ધ્યાનસ્થ યોગ સાધતા શિવ યોગીને પોતાના આવરણમાં ફસાવવા, આ સંસારરૂપી જંગલમાં આવી સતાવે તો સપડાય પણ ખરા. એવો ભાવ પુરાણોમાં સાક્ષીપદને જોવા પણાના દોષથી મોહની સ્થિતીનું સ્વરૂપ બતાવ્યું છે તે યોગ્ય છે. એવા શ્રેષ્ટ જ્ઞાનની પરીપક્વ દશા વિના પુરાણોને ગપોડાં માનવાં એ પોતાની અજ્ઞાનતા જ બતાવે છે, પુરાણોના કર્ત્તા વ્યાસ નારાયણના વ્યાપકપણાની અગાધ બુદ્ધિના વિચારની સમતુલના કરવા જેટલી ઉચ્ચતર બુદ્ધિની કક્ષા પોતાની હોય તોજ સમાનતા વડે તેની યોગ્યતા ધારણ કરાય તે વ્યાપકરૂપ વ્યાસ પરમાત્માની બુદ્ધિ ક્યાં!!! અને આ સંસારના રગડાના ગંધાતા ખાડાના વિષય સુખમાં રાચતા પાડાની પેઠે આળોટીયાં ખાનાર મીથ્યા પરીક્ષક થઈ બેસનારની બુદ્ધિ ક્યાં!!! આ ઉભયમાં આભ જમીનનું છેટું છે. માત્ર ગુરૂ કૃપાનો સાચો ભક્તિમાન સંત યોગી પુરૂષજ પુરાણોના મર્મની અનુભવીક ગ્રંથીને ઉકેલી સુખશાન્તિમાં નિવાસ કરી શ્રદ્ધા સાગરમાં આનંદથી વસે છે. ગાથા એટલે વાર્તારૂપે જોવા-વાળાને પુરાણોની કેટલીએક રચના ગપાષ્ટક લાગે તેવીજ છે. કેમકે જાડ્ય બુદ્ધિના પ્રયોગે બધુંજ જાડુ જાડુ દેખાય. પણ કોઇ વિચારવાન સ્વાનુભવી જ્ઞાનવાન ભક્તિમાન પુરૂષ હોય તો સત્ય મર્મ સમજી શકવાને લાયક ગણાય છે તેથી પુરાણોને ગપોડાં માનનારાને ક્ષમા આપવી અને સાચી સમજણ પણ પાડવી. આ સાક્ષીપાદ પર્યંત સાક્ષસ્વરૂપ દેહનો જોવા પુરતો મોહ રહે છે—એ જોવા પણાનો દોષ છે એટલે આપાદ પણ એટલોજ દોષ યુક્ત છે—એમ સમજાવવાનો વ્યાસનો અભિપ્રાય જાણવો. આ એક અધ્યારોપ છે ત્યાં સુધી

પુર્ણ બ્રહ્મની સ્થિતી ગણાય નહીં અને પુર્ણ મુક્તાનુભવની શાન્તિ પણ સમજાય નહિ.

આધુનીક કાળમાં આ તુર્ય સ્થાન પર્યંતના વાણી વિલાસ શબ્દો વિવેકથી બોલવાવાળા ઘણાજ માણસો છે. એટલે બોલે છે ખરા—પણ વર્તનમાં મુકવાનો અનુભવ ન હોવાથી મુકી શકતા નથી. એટલે તેમાં સ્વ સ્વરૂપાનુભવની પ્રેમભક્તિની પણ ખામીજ હોય છે—અને તેથીજ જ્ઞાન પણ રસહીનજ હોય છે. મારો આત્મા સાક્ષી છે. નિર્મલ છે—યોગી છે. કુટસ્થ છે—શિવરૂપ છે એમ બોલવા માત્રથી તે પદના આનંદની રેસાઓમાં શ્રેષ્ટ પ્રકાશામૃત સંભવેજ નહીં. જેથી આ બોલવાની વાક વૈખરી કરતાં પોતાના અજ્ઞાન આવરણરૂપ દેહાભિમાન કે દેહમોહને છોડવી શકેજ નહીં. જેમ રામ રામ ભણનારો પોપટ પાંજરામાંથી મુક્ત રહી શકતો નથી. તેમ આ શબ્દોનું ગોખણુ તેને અભિમાન મોહથી મુક્ત કરી શકેજ નહીં. જે પુરૂષ પોતાને માયા જગત કે શરીરનો સાક્ષી જાણે તે માયા જગત કે શરીરનો ભોક્તા કદાપી પણ બને નહિં. જે પોતાને બ્રાહ્મણ જાણે તે શુદ્રના ભાણામાં ભોજન કરે નહિં. તેમ માંસ ભક્ષી કે મદ્યપાની બનેજ નહીં. તેમજ જે પોતાને શિવરૂપ જાણે. તે કદાપી જીવ દશાનાં નિચકર્મ કે અભિમાની મોહીકર્મ કરેજ નહીં. એટલે વિષયોનાં મોહમાં લપટાયજ નહિં. છતાં મોંઢેથી શિવ છું. **અહં બ્રહ્માસ્મિ** બોલતા જાય. અને એક બાજુએ પુત્રોત્પત્તિનો ક્રમ બીજાઓ કરતાં આગેવાની ભરેલો. અને ટુંક ટુંક દીવસોમાં ય.છુ દેખાય હવે આ શિવસ્વરૂપ કેવું !! તેનો વિચાર કરવાને સુજ્ઞ ભક્તોને વખત મળીજ શકશે !!! સાચી રીતે પોતાના સાક્ષી સ્વરૂપના અનુભવમાં રમનારને શરીરાદિનો મોહ હોવો

ઘટીત નથી. મોહ વિના શ્વાનવૃત્તિ થાય પણ નહિં. મોહ વિના સ્રી શરીર જોવાય નહિં. તો તેનો ભોગ કેવી રીતે સમજાય!!! એટલે આતો લવારોજ રહ્યો. અસ્તુ!!! તેમ આ સાક્ષી સ્થાનના કહેવાતા અધિકારીને ધનાદિક પદાર્થોનો મોહ થાય અને પોતાના આત્મામાં અહંકારનું બીજ રહેતાં **મારૂં ધન** એમ મનાય અને **કૃપીણતા** કરાય. સ્વધર્મ કાર્યોમાં ઉદારતાથી પરમાત્માનું ધન તેને માટે વપરાય નહિં. એ જ્ઞાન ભક્તિના ડોળનો બાહ્ય દેખાવ સાચા જ્ઞાનીજનો તો સમજી શકે છે. સાક્ષીને કેવળ પાર્થિવ વસ્તુમાં સત્યસુખની અને મારાપણાની અપેક્ષા પણ હોયજ નહીં. પછી તે **કૃપીણતા** કેવી રીતે ધારણ કરે?? તે તો પ્રભુના સર્વ વ્યાપક સ્વરૂપના સેવા યોગમાં પ્રભુની માલીકીની વસ્તુ વાપરતાં જરાપણ ખચકો ખાય નહી. અને તેમ ન વર્ત્તન રાખે તો તે **શિવરૂપ** બન્યો નથી એમ સાબીત થાય છે અને તેની આ શિવ શિવ વાણી પણ ફાગણ માસના બોલતા બાલકની માફક વૈખરીજ છે—એવી રીતે આ સ્થાનના સાક્ષી સ્વરૂપ શિવના યોગને પ્રાપ્ત થએલો પુરૂષ શરીરનો કે ધનનો મોહ કે અન્ય કોઈ રૂપે રાગદ્વેષનો, હર્ષશોકનો કે સુખ દુઃખનો ભાવાભાવ કદાપી પણ ધારણ કરતોજ નથી. પોતાના અંતરમાં શરીરાદિ પાર્થિવ પદાર્થનો મોહ જે છુપો રહ્યો હોય છે, તે પરમાર્થ ઉદાર કાર્ય પ્રસંગે બાહાર નીકળી આવે છે—એટલે ઓઢેથી શિવરૂપ કહેતાં છતાં પોતાના જીવ-પણાના વર્તનથી. તેની ખરી સ્થિતી સમજાઇજ જાય છે—કોઇ કહે કે એતો શરીર પ્રારબ્ધ યોગથી પ્રગટોત્પત્તિ થાય છે. તો તેનો જવાબ એટલોજ કે જે આત્મા શરીરનો સાક્ષી હોવાથી સંગી નથી. તે શરી-રના ભોગોમાં કેમ જોડાયો??

જે ચેતન આત્માની સ્વયં પ્રકાશ સત્તાવિના આ અચેતન શરીર નિરર્થકજ છે–તે સત્તા અહંમમ મોહવાળા શરીરના વિષય પ્રવાહને પ્રકાશ કરનારી જણાય તો તે જીવજ કે બીજો કોઈ??? શરીરની ભાગરૂપ ક્રિયાનું ભાનજ રાખે નહિ. અને કેવળ મિથ્યા શરીરને ન વિચારતાં કેવલ પોતાના આત્માને શુદ્ધ કે સાક્ષી જોનારા છે એવા જ્ઞાનીજનોનું અચેતનરૂપ શરીર કેવળ પવિત્ર અને નિર્વિષયીજ હોવું જોઇએ. તો તે પ્રારબ્ધવત્ ભોગ્ય શરીરના નિર્મલ ભોગો માત્ર અવશેષરૂપે ભોગવતાં ખુટી જાય અને નવું સંચિત ક્રિયમાણ થાય નહિં તો પ્રારબ્ધનો અંત જલદી લાવે છે. તે જગોએ ભોગાયતનના ભોક્તાભાવથી અન્ય દેહ સાથે રમતાં તો જીવજ રહ્યો જાણવો. માટે એવી પોતાની અયોગ્યતા ભરેલી જીવગતીને છાની રાખવાને જાણી જોઈ પોતાનો બચાવ કરે તે ઊલટો પ્રભુનો ચોર બને છે. તેવી ગતીને કાઢવાને બદલે છુપાવી રાખવાનો પ્રયત્ન કરે તો તે અંતરાત્માથી અજાણ્યું રહેશે કે?? સાક્ષી આત્માને અચેતન શરીર મોહનું બંધન

રહી શકતું નથી. પોતાની સાથે પુરૂષ કે બાળક સુઈ રહે–તો તેમાં ભોગ બુદ્ધિ ઊત્પન્ન થાય નહિં. માત્ર સ્રીજ હોય તો ભોગ બુદ્ધિ થાય. ત્યારે સ્રીનું શરીર જાણવા સમજવામાં અને વિષય વ્યાપ્તિના કામના બળને રોકવાની શકિત ન રહેવાથી. તેમ ભોગ્યનો મોહ હોવાથીજ પોતાને સાક્ષી સ્વરૂપે જાણવા સમજવાની વૃત્તિનો ત્યાગ થતાંજ જીવ દશાના ભોક્તાપણાના અનુભવમાં જોડાય છે. એટલે આ પોતાની ભુલ છુપાવવાનો પ્રયત્ન ક્યાં સુધી નભી શકે?? આ મોહની બાજુ પ્રદર્શિત થઈ ત્યારે તેના બદલામાં સેવાભકિત પ્રેમ કેમ પ્રગટ ન થયો?? સ્રીને સ્રી શરીરથી જોવાઈ, ત્યારે આત્મા સ્વરૂપથી અશ-

રીરી પ્રભુરૂપ કેમ ન જોવાઈ ? ? અચેતન મીથ્યા શરીર સાચા આત્માને પોતાના ભોગમાં ખેંચે છે કે ? ? અહાહા ! ! ! એતો કળીયુગી દર્શનજ—આવા જુઠા લવારા પ્રભુના અંતર્યામી વ્યાપકપણાના અજાણ્યા હોતા નથી તેથી પોતાની ભુલ છુપાવતાં પ્રભુની છેતરપંડી થાય છે તે પણ વિચાર આવતો નથી એવો પાપમાં નિર્ભય અને તેના કરતાં તેની ભુલ ન થવા દેતાં પોતાના આત્માની કેવળ સત્યતા અને કેવળ શુદ્ધતા સાચવતાં પૂર્ણ બ્રહ્માર્પણ કર્મમાં નિર્ભય કેમ ન બને ? ? ? આટલું ઊંચું જ્ઞાન ધરાવનારનો દૈવયોગ તે અધમ વિષયાંધ બાજુનો કેમજ હોય ? ? આ ઉપરથી જ્ઞાની ભક્તોને સાબીત સમજાશે કે—આ તૂર્યપાદ શિવ સ્વરૂપ બનતાં બધી પ્રકારે દેહોના મોહનું નિરસનજ એટલે બંધનમાંથી મુક્તજ છે. હવે આ તૂર્યપાદ તે બ્રહ્મપાદની પૂર્ણ સત્તાના અનુભવનાં દર્શન કરવાને બારણામાંજ ઊભેલો છે એમ જાણો. તૂર્યપાદમાંજ શરીર ટકી શકતું નથી તે પૂર્ણ બ્રહ્મ તુર્યાતીત બ્રહ્માણુ સ્પત્તિપાદમાં તો કદાપિ પણ ક્યાંથી ? ? જ્ઞાનથી અને ભક્તિથી શરીર ને શરીરભાવથી વિસરવાનું છે—શરીરના બીજરૂપ અહંકાર મમત અને મોહનો ક્ષય થતાં તેના નોકર ચાકરો સાથેનો લય થાય છે—ભલે હવે શરીર રહ્યું. દોરડી બળી ગયા પછી આંબળા ભલે ભસ્મમાં દેખાતા હોય તોપણ તે બાધ કરતા નથી. એમ અહંમમ મોહ બળ નાશ પામ્યા પછી એ અચેતન શરીર રજ્જુરના સર્પ જેવા દેખાવવાળું ભલે રહ્યું તેનું શું ? ? એવા રહેલા અચેતન શરીરથી હવે નિજ આત્માને કદાપી ભય તો રહેજ નહિં. કેમકે બળરહિત શરીર પ્રબળ પાપ ઊત્પન્ન કરવા તથા તેના મોહમાં લપટાવવા શક્તિમાન નથી એથ પ્રારબ્ધનો પણ અંત લાવવાને યોગ્ય થાય છે પોતાની

શુદ્ધતા અને પોતાની **પરીક્ષા** પોતેજ કરી લેવા યોગ્ય થાય ત્યારે તે પોતાની સત્યતાને પોતેજ અંગીકાર કરી શકે છે. અને તે સદ્ગુરૂ કૃપા શિવાય જાગૃતી આવે પણ નહિં. તમારા ઉપરના હિત-કર્તા સ્વભાવથી તમને બ્રહ્મરૂપ બનાવવાને ભ્રમરવત્ સદ્ગુરૂ પર-માત્મા સ્વરૂપ **સંતયોગેશ્વરજી** આ તમારા અજ્ઞાનતાના બળને હઠાવવા અને તમારા શુદ્ધ સ્વરૂપથી તમને જાગૃત કરવા દયાળુ દૃષ્ટિએ તમારી છુપી રહેતી ભુલ બતાવી આપે છે. બાકી તમારાથી નીચી ગતીવાળા, નીચી દૃષ્ટિવાળા, વિષયી પામર બુદ્ધિનાજનો તમારી છુપી ભુલની ચોટ પકડવા શકિતમાન નથી. તમારાથી નીચી દૃષ્ટિવાળા, શરીર અહંકાર મોહમાં રચીપચી રહેલા કેવળ પ્રપંચ ખેલમાં સુખ અને માન યશકિર્તિ માનનારા તમારા માટે સારા ખોટા વિચાર દર્શાવે તો તો તેનો તમને હર્ષ શોક પણ હોવો જોઈએ નહીં. તેનો ક્ષોભાક્ષોભ તમારે વિચારવાનો નથી. જે **મનુષ્ય** પોતાના શરીર ભાનવાળી દૃષ્ટિથી કે પોતાના આત્માના ભાનવાળી દૃષ્ટિથી અગર ગમે તે દૃષ્ટિથી જોશે તેને તેવાજ ભાનથી સામું દેખાશે. પોતાના મોઢા ઉપર સફેતો કે કાજળ ચોપડી પછી કાચમાં પોતાનું મોઢું જોવાથી જેવું લગાવ્યું હશે તેવુંજ સામું દેખાશે. પોતે જેવો હશે તેવો સામાને જોશે તેમ વિચારવાનને ખોટું ખરૂં માનવાની જરૂર નથી. જ્ઞાનની દૃષ્ટિથી સર્વત્ર **જ્ઞાની** અને પરમાત્માજ જોવાય છે. ત્યારે તેજ વસ્તુને **દેહાભિમાની** મોહીદસ્થ દેહને જોનારો **દેહરૂપેજ** જુએ છે. કોઈ **સોનુંજ** જુએ ત્યારે કોઈ અલંકારીક ઘાટજ જુએ છે. વસ્તુ એકજ છે પણ દૃષ્ટિભેદ છે. સંત પુરૂષો આપણી અયોગ્યતા ટાળવાનો યત્ન કરે તે તેમનો બોધ કરવાનો અને સર્વનું હીત કરવાનો **ધર્મજ** છે. એટલે તે પ્રભુની આજ્ઞાથી પ્રભુના

અનુયાયી **પ્રતિનીધી** રૂપે તમારા હીતને માટે આવેલા છે, કેવળ શરીરના અભિમાની અને મોહી કે જેઓ પોતાને જીવ ચેતન પણ ન માનતાં પોતાને શરીર માની અમુક જાતીનો, વર્ણનો, અને અમુક નામથી જાણે છે ઓળખે છે એવા પામર વિષયી પુરૂષોને સુધારવાનો પ્રયત્ન કરનાર અને તું જીવાત્મા છે એમ સમજાવનારે જીવોને બતાવેલી ભુલથી પોતાનું અપમાન વિચારી જીવોએ પોતાને માનહીન થયેલો સમજી તેવા પરોપકારી **સંત યોગીઓ** તરફ નીંદાની દૃષ્ટિએ જોઇ તેમને પોતાના વિરોધી સમજે છે. તેમનો સમાગમ ઇચ્છતા નથી. તેમના સુવિચારો ગૃહણ કરતા નથી તેમના તરફ પ્રેમ રાખવાને બદલે અભાવજ રાખે છે. તેમને અપરાધી ઠેરવે છે અને એકંદરે તેમની નીંદા કરી પોતાને જ્ઞાતા પરીક્ષક અને બહુજ જાગૃત મનાવે છે. પણ તે પોતાનાજ પગમાં શસ્ત્ર મારે છે પોતાનું અહિત પોતાને હાથે કરે છે પોતાને માટે પાપનો વધારો ઇચ્છે છે અને પોતાનીજ અધોગતી પોતાને હાથે કરવા પોતે બળવાન બને છે! **સંત પુરૂષો** તમોને તારવા માટે ભુલ બતાવે તે તમારા શત્રુ કદાપી પણ હોઇ શકનાર નથી તેવા તમારા વર્તનથી તેમને ખોટું લાગતું નથી. પણ તમને અધમ બુદ્ધિના જાણી તમારા ગુન્હાની ક્ષમા કરે છે. બીચારા જીવાત્માઓ ઘણાજજન્મોથી આ ત્રાસ ભૂવનના કષ્ટ ઓરડામાં દુખ પથારીએ પડીને મર્ણ ભોગવી ભોગવી કોઈ વખતના કોઇ એક પુણ્ય પ્રભાવથી માનવ શરીરને પામ્યા છે. ચાહે તે ધનાઢય બન્યા હોય કે રાજા માહારાજા મહારાણા ટી. સી. આઈ. ટી. પી. બારોટ બન્યા હોય. તો પણ તેઓ રાંકનારાંક માહા માહા દુ:ખના ભોક્તા જીવાત્માજ બનેલા છે. તેઓના બાહ્યાધિકાર કે બાહ્ય મોહાંધકારની મહત્તાથી

સાચા **જીવન્મુક્ત સંતો** ભરમાતા કે દબાતા નથી. કે **શરમ** ધારતા નથી. માત્ર તેઓની આ અધમ સ્થીતીમાંથી તેમને બચાવી, **અહુંકારના** ત્રાસથી મુક્ત કરવા, **મમત્વના** મારમાંથી છોડાવવા, **મોહના** અંધકારમાંથી પ્રકાશમાં લાવવા, અતિકરૂણાળુ બુદ્ધિએ, અતિ પરોપકાર બુદ્ધિએ, તેમને પોતાના બરોબર સુખી આનંદી અને તૃપ્તીવાન બનાવી. પોતાના જેવા જીવન્મુક્ત-નિડર-નિર્ભય, બનાવવાને પ્રયત્ન કરતા અનેકાનેક ભુલો સુધારતા હોય. તેઓનો ઉપકાર માનવાને બદલે ભલે ચાહે તેમ તેમનું અપમાન કરી **અપકાર** કરો. નીંદો-દુઃખદો-ત્રાસ આપો. જેલમાં મોકલો-પણ તેઓ તો સ્વભાવીક રીતે સર્વાત્માનું શ્રેય સંભાળવાને માટે પ્રભુ આજ્ઞાથી આ પૃથ્વી ઉપર પધારેલા છે. તે તમારા અપરાધને જોતાજ નથી તેઓતો દરેક જીવાત્મા માટે ક્ષમાજ ઇચ્છી રહ્યા છે. સાક્ષીપાદ પર્યંત તો દેહસાક્ષ હોય છે. પણ પંચમપાદ બ્રહ્મ તૂર્યાતીતપદમાં શરીર જોઈ શરીર જો હોય, એમ માનતા હો તો જ્ઞાનીજનોની જ્ઞાનદૃષ્ટિએ તે પાણીનો પરપોટો જેમ પાણી છે એમ મનાય છે પણ અજ્ઞાની-દેહાધ્યાસી-દેહાભિમાની-દેહ દર્શિ-દેહ મોહી-પામરોને તે જ્ઞાનબલ ન હોવાથી તેવી અમૃતદૃષ્ટિ રહેતી નથી. તેથી તેઓ પોતાના સ્વભાવથી બધાને શરીરરૂપ દેખે તેમાં નવાઈ પણ નથી!? પણ તેથી તૂર્ય કે તૂર્યાતીત પાદના જીવન્મુક્ત **યોગીજનોએ** તેમની અધમતાને માટે ક્ષમા કરવીજ યોગ્ય છે.

પાછળ વર્ણવેલા સાક્ષીપાદના અનુભવથી પરે-ચાર પાદનો વિચાર કરનારી નેત્યાત્મક બુદ્ધિનો જ્યાં લય જાય-એટલે અહંકાર સાથે શરીરનો લય-એ **પ્રથમપાદ**-ચિત્ત સાથે જીવાત્માનો લય તે **દ્વિતીયપાદ**-મન સાથે સમષ્ટિ વ્યાપક અથવા અંતરાત્માનો લય તે

તૃતીયપાદ. આ ત્રણુની જીવકોટી—આગળ નેત્યાત્મક બુદ્ધિ સાથે તૂર્યાત્માનો લય તે ચતુર્થપાદ—એમ ચારપાદ સાથે અંતઃકરણુના ચાર પ્રકારનો લય થતાં એ સર્વથી પરે, સર્વ સહિત રહિત, તૂર્યાતીત અથવા પંચમપાદ પૂર્ણબ્રહ્મ પરમાત્મા નાના પ્રકારના બ્રહ્મોનો પતિ કે જેને વેદમાં બ્રહ્મણસ્પતિ સંજ્ઞા વાચક, સર્વ એવા ચારપાદના નાયકોનો વિનાયક, સ્વસ્વરૂપ, સ્વસંવેદ્ય પરમાત્મા નિજ સ્વરૂપ, અનુભવનો પણુ પ્રકાશક છે. તે કેવળ શુદ્ધ, વિકાર રહિત સ્વતઃસિદ્ધ સ્વયંપ્રકાશ, સ્વયંજ્યોતિ છે—તેજ સદ્‌ગુરૂ છે આ સ્થળની ઉપાસના કરનાર અને સ્વસ્થાનમાં સ્વસ્વરૂપે પ્રેમભાવથી અભેદરૂપે વસનાર તે જીવન્મુક્ત યોગી છે. જીવન્મુક્ત સંત પુરૂષને વિનાયક યોગી પણુ કહેવાય છે. આ પંચમપાદ સ્વસંવેદ્ય ઉપાસ્ય બ્રહ્મ સ્વરૂપે તેનું નામ "ગણુપતિ" છે તે શબ્દ અર્થના ભાનથી સ્વતઃ સિદ્ધજ છે.

આ સ્થાને સ્વયંપ્રકાશ સ્વતઃસિદ્ધ, સ્વસ્વરૂપ, અભેદયોગાત્મક સભર ચૈતન્ય શિવાય અન્ય વિચાર કે અનુભવ કરવાને બુદ્ધિ કે વાણી કે મન કંઈ પણુ નથી. તેમ જોવાને માટે પણુ અન્ય કંઈપણુ નથી. નથી શરીર કે નથી જીવાત્મા કે નથી સમષ્ટિ વ્યાપકાત્મા કે નથી તૂર્ય નેત્યાત્મા—સાક્ષ કે સાક્ષી કંઈપણુ નહી હોવાથી કેવળ પરમાત્મા સદ્‌ગુરૂજ સત્ય છે—અવશેષ છે. આ સ્થાનના ઉપાસક સાચા ભક્તો ભક્તીના નવે રસનો અભેદ આત્મનિવેદન પ્રેમભક્તિ રસ હૃદયમાં વહેતો કરી સર્વાત્મ બ્રહ્માર્પણુ ભાવથી પૂર્ણુ પ્રેમની દૃષ્ટિએ માત્ર સદ્‌ગુરૂ સ્વરૂપમાં પોતાના આત્માને મેળવી તેમાં અભેદ ભાવે અદ્વિતીયતાથી પણુ પરે—રમતાં શાન્તિના અનુભવને સેવતાં લીલામાત્રથી જીવન વિહાર કરતાં ગુરૂમાં ગુરૂપણુાના અભેદ યોગે

આનંદ સ્વાનદરૂપ રહે છે—આ સ્થાનની સ્થીતીને બ્રહ્મભૂય મુક્તિ—બ્રહ્મી ભૂતતા પણ કહેવાય છે. જીવન્મુક્ત સંતયોગી સદ્ગુરૂને પરમાત્મા પરબ્રહ્મસ્વરૂપજ સમજવા જોઇએ તેમને બ્રહ્મીભૂત કે બ્રહ્મભૂય કહેવાને અડચણ નથી. પણ બ્રહ્મવેત્તા તો નજ કહેવા જોઇએ. બ્રહ્મવેત્તાપણું તો તુર્યપાદના યોગીનું નામ છે. તે આ પંચમપાદમાં સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપજ છે. આ સ્થાન નિર્ભય છે. આ સ્થાનનો યોગી આ સ્થાનને પામવા યોગ્ય અધિકારીની બુદ્ધિનો સૂક્ષ્મ યોગ જોઈ તેને રૂડા પ્રકારે તારવા માટે, તે બ્રહ્મભૂય સંતયોગી પોતાના સ્વતઃસિદ્ધ સ્થાનમાંથી એટલે તૂર્યાતીત સ્વતઃસિદ્ધ પાદમાંથી નીચે ઉતરી તૂર્ય પાદમાં અદ્વિતીય યોગરૂપ પૂર્ણ બુદ્ધિયોગ ધારણ કરી દ્વૈતભ્રમ બુદ્ધિનો વિલય કરવાને ચારપાદના જીવાત્માઓને અદ્વૈત બ્રહ્મનો બોધ કરે છે એટલે સમજવાનું કે તૂર્યપાદમાં ઉભા રહ્યા શિવાય તે બોધ કરી શકેજ નહિં. અહિંયાં ઉભા રહી આ પાદના અગર નીચેના ત્રણે પાદમાંના ગમે તે પાદના અધિકારીને આ સાક્ષીસ્થાનનો પ્રથમ ઉપદેશ આપી શરીર રહીત તેને સાક્ષી તરીકેનું સારૂં ભાન કરાવી, દેહનું અભિમાન મમતા મોહ છોડાવી. પવિત્ર કરી પોતાની આપે અનુભવ કરતો કરી, ત્રીપાદના વિચારોના બંધનથી એકદમ મુક્ત કરે છે. ભક્તને શરીરરહીત કરવામાં પોતાની સફળતા જાણે છે. પછી સાક્ષી પાદમાં બરાબર રહેતાં સમજતાં મોહ અભિમાન મમતાથી બચતાં આવડે, સોગટાં બાજીનો ખેલ કરતાં પણ તેનો મોહ ન રહે તથા અનાશ્રિત મળતા અનેક રસાસ્વાદ લેતાં જેમ જીભને કંઈ ચોંટતું નથી એમ બરાબર શુદ્ધ અને નિર્વિકારી રહેતાં આવડે ત્યારે તેને પંચમપાદની યથાવિધિ સમજણ સાથે પોતાના સ્વરૂપમાં પોતાના

સ્થાનમાં લઈ જઈને મુકે છે. અને કીટભ્રમર ન્યાયે અમૃત સમાન પ્રેમપૂર્ણ સેવા રૂપે સ્વિકારી બ્રહ્મભૂય–બ્રહ્મ સ્વરૂપના આનંદ પ્રવાહમાં તદાકાર બનાવે છે. એમ ભક્ત મટીને પરમાત્મા સ્વરૂપ થાય છે આ સ્થાનનો પૂર્ણ અનુભવ કરવાને હવે શરીર આયુર્દાના અંત પર્યંત તે બ્રહ્મભૂય સ્થીતીમાંજ નિવસી કેવળ પ્રેમસેવા ભક્તિ યોગથી વખતે જેવી જેવી પ્રેમ ઊર્મિઓ આવે એવી એવી રીતે **દાસત્વ** કે **સખ્યત્વ** કે આત્મનિવેદન રૂપ નવેરસ ભક્તિના કોઈ કોઈ રસમાં ગુલતાન બની સદ્‌ગુરૂ પ્રભુસેવા સ્વિકારતાં સ્વસ્વરૂપે રહે છે એજ તેમનો અત્યુત્તમ ખેલ છે.

આ પાંચે પાદની સમજણનો એક અનુભવી દાખલો આત્મબંધુઓના અનુભવના આનંદની પૂરવણી માટે જણાવવામાં આવ્યો છે કે, એક ઘરમાં બેઠેલો માણુસ પોતાના ઘરને ઈંટ ચુના સાથે, પોતાના ઘરના માણુસો સાથે, અને એટલાજ અનુભવથી એટલે એટલીજ દૃષ્ટિથી જોઈ રહે છે, તેની બાહાર કાંઈ દૃષ્ટિ કે અનુભવ નથી એ તો પ્રથમ પાદ–**શરીર પાદની** સમજણ છે.

હવે તેજ અનુભવી પુરૂષ પોતાના ઘર બાહાર નીકળી એક ઊંચા છાપરા ઉપર ચઢીને હવે અનુભવ કરે તો તેટલી ઊંચી દૃષ્ટિથી બસો ચારસો ઘરને નીચે પડેલાં અને પોતાને ઊંચો જુવે અને આ મારા ગામનાં ઘરો છે એમ માને તે ઘરોમાં પેસી રહેલાં (જીવ) માણુસોને તે જોતો નથી પણુ અનુભવથી તો સમજે છે–તેમ ઈંટ ચુનારૂપે જો તો નથી પણુ ઘરોના સમૂહરૂપથી જુએ છે, હજુ પણુ તેની લાંબી દૃષ્ટિ નથી. તેની દૃષ્ટિની મર્યાદા બંધાયેલી છે–આ અનુભવના બીજા પાદને–વ્યષ્ટિના–**જીવપાદ** કહેવાય છે.

આગળ તેજ અનુભવ લેનારો પુરૂષ, એક મોટા પહાડ ઉપર ચઢીને આ સમગ્ર જગતની લીલાને અનુભવે છે, અને ઘણી લાંબી વિશાળ ગંભીર દષ્ટિથી જોઈ રહે છે. પહેલાં ઘર દેખાતું હતું તે જોવાતું અને અનુભવાતું બંધ થઇ ગયું છે સર્વને નીચે અને પોતાને ઊંચો ઊભો રહેવા વડે બસો ચારસો ઘરોનો અનુભવ પણ બંધ જેવો હવેની દષ્ટિમાં સમાયેલો જુએ છે. પણ નગર રચના સંપૂર્ણપણાથી જોતો સર્વને અનુભવનારો સમષ્ટિના સર્વાત્મા સ્વરૂપે વ્યાપક જાણી પોતાનો આટલી મોટી દષ્ટિનો આનંદ પોતે લે છે, તે વખતે બહુ મોટી વિશાળ દષ્ટિથી આ નગ્રને એક ચુનાની ભાઠી સમાન જુએ અને પોતાને વિશાળ દષ્ટિવાળો માને છે, આટલી ઊંચી સ્થિતીના અનુભવના ત્રીજાપાદને **વ્યાપકપાદ** કહેવાય છે.

હવે તેથી આગળ અનુભવ લેનારો તેથી પણ ઊંચે કેવળ શુદ્ધ વાતાવરણમાં ચઢ્યો હોય અને ત્યાંથી આ સમગ્ર જગત અને વિશાળ પણાને જોવા લાગે તો તે કંઇ પણ જોઇ શકતો નથી. માત્ર એક કીડી જેટલા ડાઘના આભાસથી જગત જુએ છે, ઘર કે નગ્ર કે પહાડ-કે નદી કે ડુંગર કે કંઇ પણ અનુભવમાં આવી શકતું નથી. માત્ર પોતાની દષ્ટિએ કેવળ ક્રિયા રહિત પોતાનું શરીર પણ નિઃચેષ્ટ જોવાતું હોય તો તે પણ કહેવા માત્રજ સાક્ષી આત્માના સાક્ષ્ય રૂપે રહેલું છે, એજ સાક્ષ-જગતનો અનુભવ આપે. એમ માનો તો મનનું સમાધાન ઠીક છે, પણ તે સમજવા પુરતુંજ છે. આકાશના આભાસમાં આભાસમય દષ્ટિનો દેખાવ આભાસવતજ અનુભવાય છે. અહિંયાં અન્ય કોઇનો અનુભવ ટકી શકતો નથી. પોતાપણાનો સાક્ષી પોતેજ છે, કેમકે હવે જગતનું જોવાપણું પણ રહેવાનું નથી આ અનુભવના પાદને **તૂર્યપાદ ચતુર્થપાદ** કહેવાય છે.

હવે તે કેવળ ઊંચામાં ઊંચેનો છેલ્લા અનુભવની રમતમા ચઢતો તેથી તુર્ય આધારભૂત સ્થાનથી પણ પરે ચઢ્યો. અને સાફ સાફ અનુભવથી જોતાં જણાવા લાગ્યું કે હવે પેલું ઘર પણ નથી એક કરતાં અનેક ઘરોનો અનુભવ પણ રહ્યો નથી, ગામનો શહેરનો કે નગરનો કે લાંબી વિશાળ દષ્ટિનો પણ અનુભવ રહ્યો નહિં. તેમ તેની ઉપરનો આકાશના આભાસ માત્રનો આભાસવત્ અનુભવ પણ રહ્યો નહિં. જગત નહિં, દષ્ટિ નહિં. દષ્ટા નહીં. એમ વિચાર કરતાં કરતાં એટલે બધે ઊંચે પોતાને જોવામાં પોતાના શરીરનો આભાસ પણ વૃક્ષની છાયાની માફક અથવા જળની છાયા જેમ જળમાં પડેલી અનુભવાતાં પણ **આવી, તેવી,** એમ કહેવાની શકિત જેમ ગુમ થાય તેમ થતાં પોતાનું **શરીર** પણ જોવાતું બંધ થયું. બહુજ ઉત્તમોત્તમ સ્થાન હોવાથી અત્યંત સૂક્ષ્મ હવાના યોગે વાણી મન પણ બંધ થતાં પોતે સત્ય નિત્ય હોવા છતાં પણ પોતે પોતાનો અનુભવ કહેવાને પણ યોગ્ય નથી એમ અનુભવ કરતો મુંગો સાકર ખાઇ ચાળા કરે પણ દષ્ટિમાં ન આવે. એવા અનુભવમાં પોતાના સ્વસ્વરૂપમાં તદાકાર નિવૃત્તિરૂપે શાન્તિને પામ્યો. એ અનુભવાતીત સ્થાનનો મહિમા સ્વાનંદની પરીસીમામાં અપરિચિતપણાના ભાવે બહુજ ગંભીરતા ભરેલો અનુભવાયો—કહેવાયું નહીં એ કેવળ વિશ્રાન્તિના તુર્યાતીત પાદને **પંચમ પાદ** અથવા પૂર્ણપાદ કહે છે.

આગળ અનુભવ નથીજ નથી. જે છે તે તેજ છે.

ગૃહસ્થાશ્રમમાં કર્મ ઉપાસનાના સબંધમાં સંધ્યા અને પંચાયતન દેવ પૂજાનો જે વિધિ બતાવ્યો છે, તે પણ બહુજ ઊંડી સમજણ અનુભવ સાથેનો છે પણ તેનો વિચાર કરનારા બહુજ થોડા

માણસો હશે—સ્નાન સંધ્યાથીજ કર્મનો પ્રારંભ કરતાં પ્રથમ સ્નાન વડે શરીર—એટલે **પ્રથમપાદ**ની બાહ્ય શુદ્ધિ છે. બાહ્ય મળ સાફ થતાં શરીર ઉપરનાં નિંદ્રા, આલસ્ય, પ્રમાદ આદી મલીન તત્વો નાશ પામી જાય છે, પછી અંતર શુદ્ધિને માટે સંધ્યાનો આરંભ કરવાનો છે, સંધ્યામાં **पवित्रस्थो.** તેમ ભસ્મના મંત્રાથી ભસ્મ તે બાહ્યાંતર શુદ્ધિની વૃદ્ધિ કર્તા—તેમ **आपोहिष्टा** મંત્રથી માર્જનાદિકની ક્રિયાથી પરવારી કેવળ અંતર શુદ્ધિને માટે **सूर्यश्च** આ મંત્રથી પોતાથી થતા પ્રાયશ્ચીતોના સમૂહનો નાશ—તેમ **द्रुपदादि.** મંત્રથી પોતાના ડાબા પડખામાં રહેલો પાપ પુરૂષ તેનો નાશ કરવાની ક્રિયા છે, બાદ સૂર્યની સ્તુતિથી ત્રીકાળના રોગોનો નાશ કરવાને પણ ક્રીયા કરવામાં આવે છે. એમ શરીર શુદ્ધિની સાથે પોતાના આત્માનું ભાન કરનાર. ગાયત્રી મંત્રથી પ્રભુનું ઓળખાણ—પ્રભુની સ્તુતિ—બુદ્ધિના પ્રેરકની નિશ્ચય પીછાણ—વિગેરે યથા યોગ્ય સમજાવવામાં આવે છે, આ પ્રમાણે અંતર શુદ્ધિ થઈ ગયા પછી. તુરતજ દેવ પૂજા કરવીજ જોઇએ. દેવ પૂજાના આરંભ પહેલાં વેદ વિધિમાં સિંદૂર લઇને દેવોની જે મૂર્તિઓ રાખી છે તે દેવ ઉપર ચઢાવતાં મંત્ર છે કે—**समर्पयामि सिन्दूरं त्वामहं ब्रह्मणस्पते ॥ शेषं संधारयिष्यामि ललाटे देवतात्ववम् ॥** આ મંત્ર ભણી દેવોના ઉપર અડધું ચઢાવી અડધું પોતાના લલાટમાં ધારણ કરવાથી પોતાને દેવતાપણું પ્રાપ્ત થાય છે—કેમકે દેવ તો સત્વ શુદ્ધ તત્વ છે. અને જીવ તે મલીન રજતમ તત્વ યુક્ત છે. તેથી જ્યાં સુધી આ બાહ્યાંતર શુદ્ધિવાળો સ્નાન સંધ્યા પરવારેલો પુરૂષ મનુષ્યનો ભાવ પોતાનો છોડી પોતાને દેવરૂપ યથાવિધિ ન સમજે ત્યાં સુધી દેવને સ્પર્શ કરવાને અધિકારી નથી તેથી

બ્રહ્મણસ્પતિ કે જે સર્વ બ્રહ્મોના પતિ સ્વરૂપ પૂર્ણબ્રહ્મ પરમાત્મા સદ્ગુરૂ છે. તેમના સર્વ (ચાર) અંગો સહિતના પૂર્ણપણાને આ સિંદૂર અર્પણ કરી તેનો પ્રસાદ પોતે ધારણ કરી દેવ બને છે, પછી તે દેવની સેવા અભેદ ઉપાસનાપૂર્વક કરવાને અધિકારી છે. અને દેવને સ્પર્શ કરવાને પણ અધિકારી છે. વેદમાં મંત્ર છે કે **દેવો ભૂત્વા દેવં યજેત્** દેવ બનીને દેવનું યજન પૂજન કરો. એમ માનવ ધર્મમાં દેવસ્વરૂપે રહેવા અને બનવાની આજ્ઞા છે, હવે તે કીયા કીયા દેવનું પૂજન કરે છે તે પણ સમજાશે કે આ ઉપર બતાવેલી ક્રિયા પ્રમાણે પ્રથમપાદ તે **શરીરપાદ**–તે શરીર પ્રકૃતિ માયા–તે સ્વાભાવીકી, જ્ઞાન, બળ અને ક્રિયા એમ ચાર સ્વરૂપમાંની અનુક્રમે **ક્રિયા શક્તિ-રૂપે શરિરપાદની શક્તિ**–એટલે **શક્તિ બ્રહ્મ પ્રથમપાદ** છે. હવે દ્વિતીયપાદ તે વ્યષ્ટિ **જીવ બ્રહ્મપાદ**–તે બલ શક્તિની સાથે જીવ બ્રહ્મની પ્રાધાન્યતાથી **બલશક્તિનો** પ્રકાશક **સૂર્ય**–એટલે તે **સૂર્ય બ્રહ્મ બીજો** પાદ છે, તેથી પરે તૃતીયપાદ તે **અંતરયામી અથવા સમષ્ટિ વ્યાપક બ્રહ્મપાદ** તેની સાથે જ્ઞાન શક્તિના અંતર્યામી વ્યાપક બ્રહ્મની પ્રાધાન્યતાથી જ્ઞાનશક્તિમાં અંતર પ્રકાશક પ્રવેશ કરીને રહેલો તે **વિષ્ણુ બ્રહ્મ** એ ત્રીજો પાદ છે. હવે તેથી પરે ચોથો તૂર્યનેતી પાદ તે સાથે **સ્વભાવિકી શુદ્ધ સત્વ માયાના** સાક્ષી તરીકેની પ્રાધાન્યતાથી મીથ્યા સાક્ષ સ્વરૂપ માયાના સાક્ષી અદ્વિતીય **શિવ**–સુખ કરનાર–કલ્યાણ કરનાર, એવા અર્થથી મુક્ત ભૂમીકાના આનંદને આપનાર તે તૂર્યબ્રહ્મ સ્વરૂપ **શિવબ્રહ્મ** એ તુર્ય અથવા **ચોથો** પાદ છે. આગળ માયાના ચાર પ્રકારથી રહિત–ચાર પાદોથી પણ રહિત. ત્રિપાદ બંધનરૂપ **જીવ** અને ચતુર્થ પાદ મુક્તરૂપ **શિવ**

આ બન્ને ભાવાભાવવાળા પાદોથી રહિત જે **પૂર્ણબ્રહ્મ** કેવળ નિષ્કલંક પંચમ પાદ રૂપ નિરંજન નિર્વિકાર–તુર્યાતીત. આ ચાર બ્રહ્મોના તેમ બીજા અનેક પ્રકારના બ્રહ્મોના પ્રિયપતિ **સ્વરૂપથી** સદ્દગુરૂ **બ્રહ્મણસ્પતિ** સંજ્ઞાત્મક એવા પતિના પતિ સ્વરૂપ–જે અભેદ સ્વરૂપે ચાર પાદમાં રમણ કરી રહ્યા છે કે જે વેદોમાં **ગણપતિબ્રહ્મ** નામથી પંચમપાદ છે–તેજ પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ ૐકાર સ્વરૂપ., ૐકાર નામરૂપ મય, ૐકાર નામરૂપ રહિત સમગ્ર માયા ઉપાધિ રહિત. આદી અંતરહિત શુદ્ધ શાન્ત, કૈવલ્ય સ્વરૂપ સ્વસ્વરૂપ, સ્વયંપ્રકાશ, સ્વતઃસિદ્ધ, સ્વાનંદ સિદ્ધિમય, અભેદ નિજાત્મ ભાવે દર્શનદાતા છે. એમ વેદ શાસ્ર પુરાણોની અભેદ મર્યાદાથી તે પરમાત્મા અભેદ નિરંકુશ છે.

એમ અનુક્રમે પાંચ પાદથી **શક્તિબ્રહ્મ–સુર્યબ્રહ્મ–વિષ્ણુબ્રહ્મ શિવબ્રહ્મ** અને **ગણપતિબ્રહ્મ** એમ પાંચ સ્વરૂપથી પોતાના અભેદ આત્મા પરમાત્માના સિદ્ધાન્તથી પોતાની મહાન્ સાર્વભૌમતાની મહાન્ સત્તાના અવિચ્છિન્ મહાનપણાથી પોતાના સ્વરૂપમાં પોતાના પરમાત્માની અભેદ સ્વરૂપે પૂજા અરચા કરી એ પાંચે પાદથી પોતાની **જીવન્મુક્તિનો** અભેદ યોગ સ્વિકારી છેલ્લા નિરંજન પાદમાં જીવન્મુક્ત સ્વરૂપે સ્થિર થવું એવા મહિમાને પોતાના પૂજનીક, દાસ ભક્તિના બળથી સ્વરૂપે સ્વીકારી અંતે સર્વાત્મ નિવેદન પ્રેમભક્તિથી **પ્રભુમાં પ્રભુરૂપ** રહેવાની મહાન્ મર્યાદા સૂચવેલી છે. આવી રીતનો નીત્ય વિધિ પણ યોગ્ય રીતે ગોઠવાયેલો છે.

વૈદિક કર્મોપાસનાના સિદ્ધાંતમાં આ પાંચે પાદની યોજનાની **શબ્દસત્તા** અને **શબ્દાર્થ** આ એના પ્રયોગો ગુરૂ કૃપાથી સમજવા

જોઇએ ત્યારેજ તે તે પાદના નામોનું યથાર્થ ભાન થાય. આવી વૈદિક યોજનાની મર્યાદાનું ભાન ન સમજી પોતાની સમજણના પાંડિત્ય વેષમાં ગાભરા બનેલા કેટલાએક માણસો કર્મ ઉપાસનાને ઢાંકી તેની જરૂર નથી. માત્ર **અજ્ઞાનની નિવૃત્તિ અને જીવ બ્રહ્મની એકયતાના** જ્ઞાનથીજ પોતાની પૂર્ણતા માને છે. એ અધુરાપણાનીજ સમજણ જાણવી. **દ્વૈત** તે ત્રીપાદ અને **અદ્વૈત** તે ચતુર્થ પાદ. એ ઉભયથી એટલે દ્વૈતાદ્વૈતથી પરે—એવા તૂર્યાતીત પાદની સંપૂર્ણ જાગૃતીનો સ્વસ્વરૂપાનુભવ, રસબસાત્મક સભરભાવ તેજ પૂર્ણ ભક્તિરસ છે. એ તો સાચા યોગીજનોજ સમજી શકયા છે. સદાસિવ પોતાના ધ્યાનમાં જે સમાધિરૂપે અનુભવ કરે છે તે **સંપ્રજ્ઞાત** સમાધિ અને બુદ્ધિની નિવૃત્તિ અને અનંત સિદ્ધિની નિવૃત્તિ તેના આઠ પ્રકાર સાથે તે **અસંપ્રજ્ઞાત સમાધિ** આ સંપૂર્ણ સમાધિએ શાન્તિનો અનુભવ તે સદાશિવ શંકરના અનુભવાનંદનો પ્રકાશ અન્યના હૃદયમાં ક્યાંથી ? ? અસ્તુ.

વળી કેટલાએક પુસ્તક પંડિત પુરૂષો—ઉપરની યોજનાના પાદ પાદ વારની મહત્તાના અર્થને ન સમજવાવાળા હોવાથી પંચપાદ રૂપ મહા ગણપતિને શિવના ગણ અથવા શિવના રૂદ્રગણના અધિપતિ રૂપે સમજાવે છે. તો તે પુરાણ મર્યાદા પણ સદાશિવને ત્યાં થએલા અષ્ટકોટી અવતાર પૈકીના તે મહા ગણપતિના એક અવતારની ઓળખાણ છે. મહા ગણપતિના શિવને ઘેર અનેક અવતારોનું પ્રમાણ પુરાણોમાં છે અને તે અવતારીક ગણપતિને માટે ભાદરવા સુદ ૪ નું પાર્થિવ પુજન—માહા સુદી ૪ નું સિદ્ધિવિનાયક મહાત્મ્ય, વૈશાખ સુદી ૧૫ ના અવતારનું મહાત્મ્ય, જેષ્ઠ સુદી ૪ નું અવતારીક મહાત્મ્ય વિગેરે

છે. પણ આ અવતારીક ગણેશ તે ઉપાસ્ય બ્રહ્મરૂપ કહેવાયજ નહિં, **પંચપાદ** બ્રહ્મ ઉપાસ્ય હોવાથી નિચેના ચાર પાદ (૧ **શક્તિબ્રહ્મ** પાદ શક્તિ, ૨ **જીવબ્રહ્મ** પાદ **સૂર્ય**, ૩ વ્યાપકબ્રહ્મ પાદ વિષ્ણુ, ૪ નેતીબ્રહ્મ પાદ શિવ.) આ ચાર પાદક્રમનો જે **સમૂહ** થયેલો એટલે **ગણ** તેના **પતિ** સ્વરૂપથી તે શબ્દ સત્તા અને શબ્દાર્થપૂર્વક તે પંચમપાદ રૂપ **ગણપતિ** એમ સિદ્ધ થાય છે. એટલે ઉપાસ્ય બ્રહ્મ—ગણપતિ તે રૂદ્રગણના અધિપતિ નથી. પણ મનુષ્યગણ—દેવગણ, રૂદ્રગણ, પશુગણ, પક્ષીગણ, યક્ષગણ, કીન્નરગણ, રાક્ષસગણ, બ્રહ્માગણ, વિષ્ણુગણ, શિવગણ રૂપ અનંતગણનો અધિપતિ તેજ **ગણપતિ** છે એમ જાણવું જોઇએ.

તુર્યપાદના શિવ—ઇશ્વરને કેટલાએક સંપ્રદાયી જનો રૂદ્ર એટલે તામસી, દેવ—પુરાણની કેટલીએક મર્યાદાથી માને છે અને તે પણ ખોટું છે. નિચેના વિષ્ણુપાદના અધિકારી જનો તેને બ્રહ્માના પુત્ર રૂદ્ર તરીકે સ્વિકારી વિષ્ણુના પુત્રના પુત્ર છે. એમ મનાવી શબ્દાર્થ સત્તાના યોગથી ભ્રષ્ટ રહે છે, એમ પોતાના માનેલા ઇષ્ટને મોટા મનાવી. શિવતત્વ નીચું છે માટે ઉપાસના કરવા યોગ્ય નથી એમ ગણાવે છે. પણ ભાઇઓ !!! એ પણ ભુલજ છે. આવી મુર્ખાનંદની વારતાઓથી મુંજાશો નહિં. સદાશિવજ ઇશ્વિર છે તે પોતાની માયાના **વિદ્યા** સ્વરૂપમાં પોતેજ સમષ્ટિરૂપ ધારણ કરી પોતેજ ત્રિમૂર્તિ સ્વરૂપ છે. રૂદ્ર સંહાર કર્ત્તા એટલે અવ્યાકૃત—વિષ્ણુ પાલન કર્તા એટલે હિરણ્ય ગર્ભ—અને બ્રહ્મા ઉત્પનકર્તા એટલે વૈશ્વાનર—એ ત્રણે પોતાનાજ સ્વરૂપે છે એ કર્ત્તા, ધર્ત્તા અને હર્તાપણાના અભિમાનપૂર્વક સત્તાના યોગે મહામાયાના ગુણપ્રભાવ રજસ, સત્વ અને

તમસ, ગણાતા હોય તો તે ગુણ સૃષ્ટિના સ્વરૂપમાં તમસ ગુણ એ પેલા એથી ઊંચો ગુણ છે. માયાનો લય પ્રભાવ છે. તે અવ્યાકૃત રૂદ્ર સ્વરૂપ નીચું નથી. માયાના અવિદ્યા સ્વરૂપમાં ત્રિમૂર્તિ જીવની તેજ રીત ઉલટી સમજવી. એટલે આ તમસ ગુણ તે કેવળ અહંકારથી મૃત્યુતુલ્ય છે. તેનો અર્થ અવ્યાકૃત સાથે ગોઠવવો એ સમજણની ખામી અને પંડિતાઇનો પોપટીયા જ્ઞાનનો ભંડોળ જાણવો.

આવી મર્યાદા વેદોથી પ્રમાણભૂત તેમ અનુભવથી પણ પ્રમાણભુત છતાં સદ્દગુરૂ કૃપા હીણ પુરૂષો આ મર્યાદાનું સેવન કરતા નથી, અને સંધ્યા, વંદન, પૂજન, અર્ચનની મર્યાદા સંભાળતા નથી પછી ધોવા વીછળવાના દેવનો ટોપલો ભરી રાખી બરાડા ને બુમાબુમ કરી લોકને પોતાની ભક્તિનો ડોળ દેખાડતા હોય તો તે એક જાતનો દંભજ છે. આવી સાચી વાત અનુભવ પ્રમાણે સમજાવનાર તે તેજ સદ્દગુરૂ બુદ્ધિપતિ તૂર્યાતીત પરમાત્મા ગણેશજ છે—બુદ્ધિ વડે પણ પાંચપાદની એવીજ રીતે અનુભવ સમજણ વેદશાસ્ત્રમાં છે.

૧ બુદ્ધિરૂપ પ્રથમ પાદ શક્તિબ્રહ્મ પાદ—બુદ્ધિ પ્રકાશક બીજો પાદ વ્યષ્ટિ જીવ બ્રહ્મપાદ—તે સૂર્ય—બુદ્ધિનો અંતર્યામી પાદ વ્યાપક તે સમષ્ટિ વ્યાપકબ્રહ્મ પાદ તે વિષ્ણુ—બુદ્ધિનો સાક્ષી તે તુર્ય બ્રહ્મ પાદ શિવ—તેમજ બુદ્ધિના પતિપણાથી પતિઓના પતિ સ્વરૂપે બ્રહ્મણસ્પતિ સંજ્ઞારૂપ તૂર્યાતીત—સ્વરૂપ નિજાત્મક સ્વરૂપ ગણપતિ બ્રહ્મ તે પંચમ બ્રહ્મપાદથી પૂર્ણપણે છે. આવી રીતે પણ બુદ્ધિયોગમાં વેદાનુભવ અને જાગૃતિ છે.

પોતાની જાગૃતિના અનુભવથી પોતાના સ્વરૂપમાં અખંડ રહેવાવાળાની શુભેચ્છા, સદ્દગુરૂ જીવન્મુક્ત સ્વરૂપ સંતને પરબ્રહ્મ

સ્વરૂપે જોવાનીજ હોય છે. તેથી તેમની શ્રદ્ધાના નિશ્ચયથી આગળ રહેતાં તે બરાબર અનુક્રમે ચઢી આકાશ ગંગાની અમૃત પ્રેમમય ધારાનું પાન કરી અભેદ શિખરની ટોચે પરમાત્મા સ્વરૂપે આનંદજ કરે છે, આવી સદ્દગુરૂ સંત પ્રત્યેની પોતાની પ્રેમવૃત્તિ હોવી જોઇએ જેમના બોધથી જગત કે જગતની ભ્રમણા રહી શકે નહિ. વા જીવ દશા રહી શકે નહીં એવા સદ્દગુરૂ સંતના તરફ પોતાની અજ્ઞાનતા હોય તો પ્રભુ ઉપરનો અભાવ અને પોતાનો દેહદર્શિ ભાવ રહે છે. તે ધ્યાનમાં રાખવાનું છે, જ્યાંથી શરીર પાદનું ભાન છે, શરીર સમજાય છે શરીરનું અભિમાન મોહ ધારણ થાય છે ત્યાંથીજ સદ્દગુરૂ સંત સમાગમ જોઇએ તોજ તે ઉચ્ચ બુદ્ધિના બોધથી ઉત્તરોતર પૂર્ણ બ્રહ્મ સ્વરૂપમાં સ્વસ્વરૂપાવસ્થાને પામે છે.

જ્યાંથી શરીરપાદનું ભાન છે—શરીર સમજાય છે. શરીરનું અભીમાન મોહ ધારણ થાય છે, ત્યાંથીજ સદ્દગુરૂ સંતનો સમાગમ જોઇએ. આ નિર્ણયને માટે આવા મહાન્ બ્રહ્મ સ્વરૂપ સંતની મહત્તાના અંગે ઉપનિષદોમાં પ્રમાણ આપી જણાવીજ ગયા છે કે, બ્રહ્મચર્ય અવસ્થાનો ત્યાગ કરી જે દીવસે ગ્રહસ્થાશ્રમમાં પ્રવેશ કરવું એટલે તેજ દીવસે માયા મોહના અનેક વિકારોનો વિકાશ થવો શરૂ થાય છે, એટલે તેજ કાળથી વૈરાગ્યદિક જ્ઞાનભક્તિ પ્રકાશક સંત સદ્દગુરૂનો બોધ પણ શરૂજ થવો જોઇએ. જે દીવસે રોગની ઉત્પત્તિ સમજાય—તેજ દિવસે વૈદ્યની જરૂરજ સમજવી. વખતો વખત રોગનો નાશ થવોજ જોઇએ. અર્થાત્ વૈદ્યની હાજરી કાયમજ રાખવાને સાબીત સમજાય છે, તેમની બાહ્ય લક્ષણના નિશ્ચયનો પ્રથમ ભાવ વર્ણવતાં તે સદ્દગુરૂ બ્રહ્મશ્રોત્રિય જોઇએ અર્થાત્ તેઓ સનાતન

ધર્મ મર્યાદાપૂર્વક વૈદિક કર્મ ઉપાસનાના યથાર્થ પ્રમાણના દાતા અને બોધક. શાસ્ત્રપુરાણ. મીમાંસા. ન્યાય. યોગ ઈત્યાદિથી જાગૃત જોઇએ. તથા બીજી લક્ષણા. બ્રહ્મનિષ્ટપણાની સુચવે છે–કે તેઓ વેદાન્ત શાસ્ત્રના વિવેકને યથાર્થ સમજી પોતાના આત્માને બ્રહ્મ સ્વ-રૂપે સમજવાવાળા અને સમજાવવાવાળા જોઇએ. આવો બંન્ને લક્ષણ યુક્ત સંસાર ઉપાધિથી રહિત કેવળ સદ્દગુરૂને શરણ જવું. એવો નિશ્ચય વેદનો છે. એમ આગળ જણાવી ગયા છીએ.

શરણ જનારો પુરૂષ સાધન ચતુષ્ટય–એટલે ૧ **વિવેક**, ૨ **વૈરાગ્ય**, ૩ **પટસંપત્તિ**, અને ૪ **મુમુક્ષુતા**. આ ચાર સાધનથી તૈયારજ ઉભો રહેલો વાટ જોનારો તૃષાતુર, અને ઘણા અંશે જાગૃતજ હોવો જોઇએ. તે વિના નભી શકાય નહિંજ. વ્યવહારના આરંભમાં સદ્દગુરૂ પરમાત્માના ઉભય વિશેષણોના દર્શનથી જાગૃત થઇ શરણ જઇ પૂજનાદિકથી પ્રસન્ન કરી વિનંતી કરવી કે— આ સંસારના ત્રિવિધ પ્રકારના તાપમાં હું બળી રહ્યો છું મહા વમળો થી ભરેલા સંસારરૂપી સમુદ્રમાં હું ડુબી રહ્યો છું આપ વિના કાઢનાર કોઇ સમર્થ નથી. એવી અનંત પ્રેમભાવથી વિનંતી કરી ચરણમાં શરણ લેઇ નમસ્કાર કરી પછી ગુરૂ કૃપાથી પ્રાપ્ત થતા મંત્રના યોગને ધારણ કરવો અને તેનો નિત્ય જાપ કરવો. સદ્દગુરૂ પાદ સેવા ભાવપૂર્વક શાસ્ત્ર શ્રવણ મનન અને નિદિધ્યાસન વૃત્તિથી પોતાના આત્માનું શાસ્ત્ર પ્રમાણ ઓળખાણ કરવું પણ તે બોલવા લાગવું નહિં. હવે તેનો અનુભવ કરવાનો કાળ બીજો છે શરણ ભાવનામાં ખોટ રહેવી જોઇએ નહિં અને તે એવી રીતે કે જેમ એક ગાય બ્રાહ્મણને આપી દીધી. પછી તેનું દુધ આપણા પોતાના કે બાળબચ્ચાંના ઉપયોગમાં લઇ શકાતા

નથી તેમ જે તન, મન, અને ધન ગુરૂચર્ણમાંજ સોંપી જે જીવાત્મા શરણ થયો તે શરીર મન અને ધન હવે તે સદ્ગુરૂના ચર્ણમાંજ મુકી દીધા પછી તેનો માલીક પોતે નથી એમ પોતાને સમજે તો યોગ્ય અધિકારિ ગણાય છે. બાહાર બાહારથી "ગુરૂ કર્યા" અને તેમની એક આજ્ઞા પણ ધારણ કરવી નહિં એ તો દુનીયાને બતાવવાનોજ ખેલ કર્યા જેવોજ છે. સાચા હિતસ્વીની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય. અને ધર્મશાસ્ત્ર પ્રમાણે પોતાનો શરીર વ્યવહાર રાખે તો મર્યાદા પાલન કરી ગણાય. આ બાહ્યસાધનની ભુખ જેની ભાગી નથી. એવા ક્ષુધાતૃની અંતર તૃપ્તિ કેમજ હોઇ શકે!! વ્યવહારમાં બ્હેકયો છતાં જો આવી રીતે સદ્ગુરૂની મર્યાદા સાચવી રાખી. શરણની કંઇક મર્યાદા પણ સેવતોજ જો ઉભો રહે તો કોઇ એક દીવસે તે આ અનુભવામૃત પીવાને ભાગ્યાશાળી બને છે. પણ મોતી વીંધતાંમાં તુટી જાય તો તેની કીંમત પણ શુન્યજ સમજવી. પછી તો ચુનો કરવાના કામની એ છીપો રહે છે. આરંભમાં સદ્ગુરૂ શબ્દની મર્યાદા પાળવાને જે યોગ વર્ણવ્યો છે. તે બરાબર સંભાળતાં સંભાળતાં જો જીવતો રહ્યો તો તો આગળ વધે છે. પણ વચ્ચે વચ્ચે શરણાગત ભાવનામાં જેટલી શુષ્કતા આવતી જાય તો તેટલો આ સદ્ગુરૂનો ભાવ પણ સુકાઈ જાય છે. છતાં જો સતસંગ કાયમ રહ્યો. અને દીનપરદીન કાંઇને કાંઈ વધતો ચાલ્યો તો તો બેડા પાર કરવાને લાયકાત અને અનુભવ પૂર્ણ થવાનો છે. સદ્ગુરૂનું શર્ણ લેનારે વૈદિક કર્મ ઉપાસના ઉપર બહુજ બળ લગાવવું જોઇએ અને દીન દીન સાત્વિક અનુષ્ટાનો, તપ. ધ્યાન, દાનપુણ્ય, ઉદાર કર્મોનો યોગ બરોબર પાળવો જોઇએ. જેમ જેમ શરણને માટે તપ વ્રત વ-

ધતી શ્રદ્ધાથી ઉજ્વળતાને પામે છે. તેમ તેમ તે સમજવા લાગે છે કે જે શરીર, મન, અને ધન શ્રી ગુરૂમહારાજનું મેં શરણુ લેતાં સોંપ્યું છે. તેનું અભિમાન મારે કરવાનું નથી. એટલુંજ જો તેના હૃદયમાં બળ હોય તો તે વિશેષ બળવાન થતાં **અનુભવામૃત** પીતાં કેવળ પરમાત્મા સ્વરૂપ થાય છે. આટલે ચઢી આવ્યા પછી તે પ્રથમ શરીરપાદનો અનુભવ કરવા સમજવા યોગ્ય થતાં અનુભવ પૂર્ણ થયા પછી બીજા વ્યષ્ટિ જીવપાદનો તે પછી. ત્રીજા સમષ્ટિ વ્યાપકપાદનો અને ચોથા તુર્યપાદમાં શિવ રૂપનો અનુભવ કરવા લાગે છે. જેમ જેમ સદગુરૂ પ્રત્યે સેવા પ્રેમભાવ વધતો જાય છે તેમ તેમ તે ચારે પાદના અનુભવનો રસાસ્વાદ લેતાં પોતાના સદગુરૂ તુર્યાતીતપાદથી જાગૃત થઇ પોતે બ્રહ્મ સ્વરૂપજ થાય છે.

સદ્‌ગુરૂ **જીવન્મુક્ત સંત** પુરૂષનું આટલું બધું પરમાત્મા સ્વરૂપના જેટલુંજ સનમાન દેહવિલાસી દેહીજનોને અહંકાર મોહને લીધે સમજાતું હોતું નથી પણ જ્યારે તેને સદ્‌બોધ થાય છે ત્યારે મહાત્માઓના સદ્‌બોધમાં જેટલી પ્રેમદૃષ્ટિ તેટલીજ સદ્‌ભાવના ઉત્પન્ન થાય છે. બીજા પાદમાં સદ્‌ગુરૂ પ્રત્યે સેવાભાવની સદ્‌ભાવના વિશેષ વૃદ્ધિને પામે છે. જીવ ભાનથી પોતાને બીજા પાદમાં રમતાં દેહને વિષેની અહં બુદ્ધિ કે મોહ બુદ્ધિ કે ધન કમાવાની બુદ્ધિ કે હું બેસી રહ્યો છું તો શું ખાઇશ. અગર આ મારા દીવસો નકામા જાય છે. એવી ભાવનાઓ કદાપી ઉઠતી નથી તેતો સદગુરૂ પ્રભુની સદ્‌ભાવનાથી પ્રભુજ મારૂં સંરક્ષણ કરી રહ્યો છે. અને તેજ મારૂં પાલન કરશે—રક્ષણ કરશે એવો **સાચો ભરોસો** મનાયો હોય છે. તેથી એવી કલ્પના કરી શકતો નથી. જો તેવા વિચારો આવતા હોય તો જાણજો કે હજુ

પહેલા પાદથી બીજા પાદમાં આવ્યાજ નથી. ભલે પાંચે પાદોની વાતો કરતા હોય પણ વર્તનમાં ન મુકાયું હોવાથી તે બોલવું નિરર્થકજ છે. સંત સમાગમ સદ્બોધમાં વખત રોકાવાથી મારી ધનની કમાઇ ગઈ. ઘરનું કામકાજ થયું નથી. એવી અધમ વૃત્તિ જ્યાં સુધી હૃદયમાં ચિંતા કરતી આત્મબળ કે સદ્ગુરૂ સદ્ભાવનાને હડસેલો મારતી હોય ત્યાં સુધી પહેલાપાદનું મીથ્યાભિમાન અને મોહ છુટયો નથી. આવી બુદ્ધિની ગતીના દેહાધ્યાસ ભરેલા અંધકાર સમયે આત્મા સવિતાનો પ્રકાશ હોયજ નહિં. પોતાનો અનુભવ લેતાં પોતાની ભુલ પોતાની આપે પોતે પકડી કાઢી છોડે, તેજ જાગૃત જાણવા. સદ્ગુરૂ વિના આમ સાચેસાચી અનુભવવાળી વાત કોઇ શીખવતુંજ નથી, મિથ્યા જ્ઞાતાપણાના ડોળઘાલું પુરૂષો પોતાની અજ્ઞાનતાને છુપાવી રાખવામાં પોતાની મહતા માની પોતાના ખરા વાસ્તવિક સ્વરૂપની પ્રાપ્તિ કરી શક્તા નથી અને જીવન્મુક્ત સંત સમાગમને પોતાના કલ્યાણરૂપે સેવતા નથી એ મુર્ખાઇ ત્યાગ કર્યાથીજ છુટકો છે–ધનના ગબ્બરપણાથી કે અધિકારના ડબ્બરપણાના કોઇ એક મહાન્ અંધકારથી તે પોતાની મહત્તા માની પોતાનો એકડો ઘુંટાવવા પોતાના તેજમાં દબાયેલાની પાસેજ પ્રયત્ન કરાવે છે. જે જાગૃત હોય છે તે તો કદાપી દબાય નહિં. અને પ્રેમથી સાચુ કહેવામાં અને શ્રેય ઇચ્છવામાં તેવા કદાપિ પણ પાછા હઠતા નથી જેમ જેમ દેહાભિમાન છુટતું જાય છે. તેમ તેમ સાચી સમજ આવતી જાય છે. અને ગમે તેવી અજ્ઞાન મોહાંધ દશામાં પણ સદ્ગુરૂ બોધની ગંભીર ધારા જો કાયમજ હોય. તો ધીમે ધીમે તે ઉચ્ચ કક્ષાએ આવી શકે છે–ચઢતે ચઢતે ત્રીજા પાદના અંતર્યામી સ્વરૂપે રહેવાની અને તે પ્રમાણે જાણવા સમજવાની અને વર્તનમાં

મુ:ત્રા જેવી જાગૃતિ આવી જાય છે. ત્યારે સદ્દગુરૂની મહત્તા સંપૂર્ણ પ્રકાશે છે તેને શરીર દેખાતું નથી. તે તો સદ્દગુરૂના દસ્ય શરીરને બોધ ફોનોગ્રાફનુ વાજુ માને છે. તેમાંથી જે રાગરાગીણી કે બોધ નીકળે છે. તેને હિતકર અમૃતસમાન જાણી સેવે છે. એટલે સદ્દગુરૂ તરફ અભાવ. કે તે શરીરધારી છે એમ કદાપિ માનતો નથી. એટલો બધો પ્રેમભાવ વધે છે. અને ગુરૂ આજ્ઞાને આધિનજ રહે છે. તેના હૃદયમાં આત્મતત્વનું બળ વધતાં ગુરૂ આજ્ઞાનું કદાપી ઉલ્લંઘનજ કરતો નથી. ત્રૈલોક્યમાં પોતાના સત્ય હિતકર સદ્દગુરૂ પરમાત્માને જ જાણે છે, અને વાત બીલકુલ સાચી છે કે–સદ્દગુરૂ પરમાત્મા શિવાય–સ્વસ્વરૂપપદના અપાર સુખ આનંદ અને તૃપ્તીને આપનાર અન્ય કોઈ નથીજ. તેથી તેના જેવો હિતકર અન્ય કોણુજ હોઈ શકનાર છે. એવો નિશ્ચય થતાં તે તૃતીયપાદના વ્યાપક અંતર્યામી પદમાં પૂર્ણ જાગૃત થાય છે. અને ચતુર્થ તૂર્યપાદને જાણવા સમજવા યોગ્ય અધિકાર પ્રાપ્ત કરે છે. તેની બુદ્ધિ સુબુદ્ધિ થાય છે. સ્વધર્મમાં બળ રહે છે, સર્વ જીવાત્માના કલ્યાણરૂપે દેશોન્નતિમાં સાચો ભાગ લે છે–રાગદ્વેષ–સુખદુઃખ માનાપમાનનો વિધ્વંસ કરે છે, અહંકાર મોહ છોડીને સજળ પ્રેમભાવના પ્રગટ થાય છે અને પોતાને શરીરથી જુદો માનતાં પોતે સાક્ષીવત્ ઊભા રહેવા તૈયારી ધારણ કરે છે. **સદ્દગુરૂજ પરમેશ્વર છે.** એ વિના અન્ય પરમેશ્વર શું ? ? એવી સત્ય સિદ્ધિ થતાં તે બાહ્ય ચમત્કાર બતાવવાવાળા–કે વિદ્વત્તાના આડંબરથી ભરેલા પુરૂષોના સહવાસને કદાપિ ઇચ્છતા નથી. વિદ્વત્તાના ડોળઘાલુઓ અનુભવથી રહિતજ હોય છે. એટલે તેઓ વિદ્વાન ગણાતાં તેવાજ અહંકાર મોહમાં સપડાયેલા છે એમ જાણો. એવા

જાગૃત પાસે ધન હોય તોપણુ અહંકાર મોહ ધરતા નથી—ગરીબ હોય તોપણુ નથી. પ્રજા સુપાત્ર હોય તોપણુ અહંમોહ નથી. અને પ્રજા કુપાત્ર કે નથી તો પણુ અહંમોહ નથી. સત્તા હોય તોપણુ અહંમોહ નથી. જો સત્તા અધિકાર હોય તો સ્વધર્મની વૃદ્ધિ ઇચ્છી પોતાના સ્વદેશ આત્મબંધુઓના કલ્યાણાર્થે સ્વજન સેવારૂપ સત્કાર્યોમાં આગળ પડતો ભાગ લઇ **પરમાર્થ** ઉછેરે છે. સંત પુરૂષોની સેવા કરવા રૂપે પોતાને ધન્ય ધન્ય માને છે. પોતે સેવાનો પ્રેમભાગી રહે છે. અને અન્ય મિત્ર સહોદર બંધુ આપ્તવગના પોતાના મેળાપના માણુસોને સેવા કરવા પ્રેરે છે ધર્મની વૃદ્ધિરૂપ વા જન સેવાનાં ઉદાર કાર્યો કરતાં કટી કમરકસ શૂરવીરરૂપે આગળ પડે છે. તેમાં કોઇ પામર બુદ્ધિના કે વિષયી વૃત્તિના કે મહા પાપી અંધ વિચારના કૃપણુ અને લોભી તામસી. પુરૂષો અપમાન કરે તો તે માને છે કે—આ અપમાન કરનાર પોતાનોજ લાભ ટાળે છે કેમકે પોતે ઉદારતા ન વાપરી શકયો. તેનું સુકૃત પુણ્ય પોતાનુંજ ગયું છે. તો તેથી તે પોતાનુંજ **અપમાન** પોતાની મેળે કરે છે. તેને બદલે આપણે અપમાન શા માટે માનવું ? ? વળી તેવા જાગૃતને જગતનો માનની ખોટી અપેક્ષા રહેતી નથી. જેને પરમાત્મા પ્રભુ માન આપે છે. તેને જગતનું **માન** કંઇ વિશાતમાં નથી. પ્રભુને વ્હાલો થાય. સદ્ગુરૂનો પ્રાણપ્રીય થાય. તેને આ અંધ જગત ભલે વંદે કે નીંદે તોપણુ પરવાજ રહેતી નથી. શિવ એટલે કલ્યાણુકારી સ્વભાવે પોતાને જાણુનારનું ગમે તે રીતે પણુ અને સર્વનું કલ્યાણુ કરવાની દીર્ઘદ્દષ્ટિજ રહે છે. તેને પોતાના સંસારનો **લોભ** રહેતોજ નથી. સદ્ગુરૂ પરમાત્મા ઉદાર કર્મો કરાવવાની પ્રેરણા કરે તેથી સદ્ગુરૂજ લોભી બન્યા છે એમ માનનાર

તે **કૃપણનો કૃપણ** છે. સાચા ભક્તો તેવા અધર્મ વિચારો કદાપિ કરતા નથી. તુર્યપાદના ભક્તજનનો સદ્દગુરૂ પ્રત્યેનો સદ્દભાવ કદાપિ પણ કમી થતોજ નથી પણ ઉલટો દીવસે દીવસે સદ્દગુરૂ પરમાત્મા પ્રત્યે **પ્રેમ સેવાની** વૃદ્ધિ કરે છે જે પુણ્ય જનકવિદેહી અને રામચન્દ્ર વિગેરે મહાન્ પુરૂષો મેળવી શક્યા છે તે પુણ્ય સદ્દગુરૂ પ્રેમભક્તિથી પ્રાપ્ત કરી કેવળ શુદ્ધ **પ્રભુરૂપ** બને છે સાક્ષી સ્થાનમાં રહેનારો સાચો ભક્ત જીવાત્મા; સંત સદ્દગુરૂ પ્રભુ પંચમ પાદરૂપ. સમગ્ર ઉપાધિ રહિત (શરીર રહિત) છે એમ માન્ય કરે છે. તેથી તેની સર્વાત્મા પરમાત્મા સ્વરૂપની સેવામાં અખંડ સાનુકુળતા પ્રકાશમાન થાય છે જેમ જેમ સદ્દગુરૂ પ્રત્યેનો સદ્દભાવ વધતો જાય તેમ તેમ જાણવું કે હવે પ્રભુના દરબાર નજીક આવે છે એક વખત **ભાવ** બીજી વખત **અભાવ** ત્રીજી વખત **દેહધારી** ચોથી વખતે **દેહવિનાની** એમ જુદી જુદી વૃત્તિથી વારંવાર પોતાના સદ્દગુરૂ પરમાત્મા પ્રત્યેનો પ્રભુભાવ ત્યાગી ભિન્ન ભિન્નતાથી જોવાય તો પોતાના સત્ય હિતકર લાભને હાની પહોંચે છે. આવી અધવચ અંતરીઆળ મહા સુભસ્થાને વૃત્તિથી. પોતાની નુકશાની સમજવી. જેમ જેમ દેહોહં **દેહાધ્યાસ** મોહમમત વૃદ્ધિ પામે છે. તેમ તેમ સદ્દગુરૂ પરમાત્મા ઉપરનો સદ્દભાવ કમી થાય છે. એટલે પરમાત્મા સદ્દગુરૂના ઉપરનો સદ્દભાવ (પ્રભુભાવ) આપણા હૃદયમાં કમી થતો આપણને લાગે ત્યારે જાણવું કે કોઇક રીતે **દેહાધ્યાસ** દેહાભિમાન વધ્યું છે કે દેહ મોહ ઉત્પન્ન થયો છે. એમ પોતાની પરીક્ષા પોતે કરી લેવી જોઇએ. સદ્દગુરૂ પરમાત્મા બ્રહ્મવેત્તા નથી પણ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપજ છે. આટલે ઊંચે રહેનારા યોગીજનો કદાપિ દેહાધ્યાસ વૃત્તિ સુધી નીચે

ઊતરતાજ નથી. પોતાનું નુકશાન પોતેજ કરે એમ કદાપી બનેજ નહિં. છતાં આપણે તેમને દેહાધ્યાસી જોઈએ. એ આપણી **અજ્ઞાનતાજ** છે–"**અમૃત કદાપિ વિષરૂપ થતુંજ નથી.**" સાકર કદાપિ કડવી હોયજ નહિં. આકાશ કદાપિ બંધનમાં આવેજ નહિં. એવી સંત પ્રભુની સ્થીતી છે–તે તો સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપજ છે. એટલે પરબ્રહ્મ પરમાત્માનાં અપરોક્ષ અર્થાત્ સ્વસ્વરૂપ અભેદ દર્શન તે સંતરૂપે પ્રત્યક્ષ દર્શન જાણવાં જોઇએ. જે કાળે પરીચ્છીન ભાવથી પરમાત્મા અને સંતમાં જુદાઈ મનાય છે તે કાળનું કોકડું ઉકેલતાં કાળના કાળ વહી જાય છે. એવા વાડામાં બંધાએલાં બકરાં પોતાની આપે વાઘનાં ચાંમડાં ઓઢી વાઘ બનેલાં મહત્તાના ચગડોળે ચઢેલાં જે પુંછડું પકડયું તે પકડયું. પણ આ સાચો નિશ્ચય. પોતાના ખરેખરા લાભનો છતાં હજુ બુદ્ધિ દેવીએ અધિકાર આપ્યો હોતો નથી. તેથી પાછા પડાય છે. વળી સનાતન ધર્મના નામે કેવળ દાંભીજનો મૂર્તિમાંજ પ્રભુ માની ભક્ત મનાવતા મૂર્તિ શિવાય અન્ય પરમાત્માજ નથી. એવાએ જાણવું કે–પુરાણોમાં પરમાત્માને અંતર્યામી કે વ્યાપક સમજાવ્યો નથી કે ? ? એમ છતાં પ્રભુના પોતાના **અંતર્યામી** વ્યાપક સાક્ષી અને પ્રિયપતિરૂપ પરમ આત્મા સ્વરૂપના જ્ઞાનથી અંધ રહી ઢીંગલાઢીંગલીની રમતમાં પ્રભુરૂપ માની. અધમ વિચારથી પોતે પોતાને જોઈ જાણી કે સમજી શકતા નથી એથી બીજો અફસોસ કીયો ! ! ! પ્રભુના વ્યાપકપણામાં મૂર્તિનો સમાવેશ થતો હોય તો આ પોતાનો આત્મા પણ મૂર્તિરૂપ ઠરતાં પ્રભુરૂપ કેમ ન માનવો ? ? જીવતાંજ આ શરીરે અભિમાનને કે મોહને છોડીને જીવન્મુક્તિ ભોગવવાને સનાતન ધર્મ શિવાય બીજા એક પણ વાડામાં પ્રબોધ જ્ઞાન કે સમરસ ભક્તિનો યોગ

નથી એ સિદ્ધ છે. ચાલતા મતપંથાદિકનો આધાર વેદનો બતાવે સકી. પણ વેદ પ્રણાલીકા પૂર્વક સનાતન વૈદિકધર્મિ ગુરૂપરંપરાને પ્રાપ્ત થયેલો યોગી હોય અને તે અનુભવ પૂર્વક જાગૃતીને પામ્યો હોય. તે જે માર્ગ બતાવે તેજ **સત્ય** છે. એમ સાચા ભક્તો **સમજી** શક્યા છે—સનાતન ધર્મના બ્હાના નીચે દેહભોગમાં વિહ્વળ બનેલાને જેમ વિષય વૈલછા પ્રગટી નીકળે તેમ વેદશાસ્ત્ર ઉપનિષદ્ આદીને માટે **મનમંતવ્ય અર્થોથી** એંચાએંચ **કરી** ભલતીજ વાત ઊભી કરવાને અતિ આગ્રહથી પંડિતાઇ બતાવવાનો ડોળ રાખે છે. એવા સમાજો, મંડળો, આ કળીકાળની અવિદ્યા અને પાશ્ચમાત્ય જડવાદી પશુબળના સહવાસના વિચારોના બળમાં ધરોધર રાફડો ફાટ્યો હોય. **એમ** ફાટી નીકળ્યાં છે. પણ તે કેટલે દરજ્જે સભ્યતા દર્શાવે છે તે સાચાજ ભક્તો સમજી શક્યા છે.

મૂર્તિપૂજાના સંબંધે "ૐકાર બ્રહ્મ ઉપાસના અને મૂર્તિપૂજા" નામના ગ્રંથમાં સ્વતઃ સિદ્ધ મૂર્તિપૂજા સાબીત થયેલી છે. છતાં તે શાસ્ત્ર મર્યાદા છે તેથી તેનો અનુભવ આપવાની જરૂર છે. **પંચમપાદ** જે વાણી મન સહિત અને વાણીમન રહિત સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા છે. તે ચોથા પાદમાં તૂર્ય સ્વરૂપમાં જાણવાને વાણીમન સહિત કહેવાય અને પંચમપાદમાં સ્વયંપ્રકાશ રહેવામાં વાણીમન રહિત કહેવાય છે. આ સ્વયં ચેતન સ્વરૂપ છે. તે જેમ જેમ **તૂર્યચેતન પાદમાં** અને તૂર્યપાદથી તૃતીય વ્યાપક ચેતન પાદમાં અને વ્યાપક ચેતન પાદમાંથી બીજા ચેતન જીવપાદમાં અને બીજા જીવચેતન પાદમાંથી પ્રથમના અચેતન સ્વરૂપ પ્રથમ પાદમાં આવતાં તે કેવળ દશ્ય સ્વરૂપને પામે છે. એમ પંચમપાદનો બ્રહ્મ ઊતરતાં ઊતરતાં

પ્રથમપાદ સ્થીતીમાં **સ્વયંચેતન** સ્વરૂપ છતાં અચેતન સ્વરૂપ જણાય છે અને તેનેજ પામર લોકો **"શરીર"** એમ કહે છે પછી તે અનેક શરીરરૂપે પણ ચેતનજ છે છતાં અજ્ઞાન મતિના જનો સંત સમાગમ વિના સમજી શકતા નથી. શરીર એ શબ્દમાં પશુ, પક્ષી વૃક્ષ, પાષાણુ આદી કેવળ ચેતન ભિન દેખાતા છતાં પણુ તે ચેતન સ્વરૂપે **અચેતન** ગણુાય છે આવી રીતે અચેતન રૂપે **દૃશ્યભાનથી** દેખાડનાર વસ્તુ પદાર્થ માત્ર વાસ્તવિક રીતે તો સ્વયંચેતન પરબ્રહ્મ પરમાત્માજ છે. જો આ **"શરીર"** ચેતન સ્વરૂપથી ભિન્ન હોત તો શરીરને દુ:ખ થતાં ચેતન પોતાને અંગીકાર કરેજ નહિ. કોઇ એમ કહે કે અહં ઉત્થાનને લીધે શરીરનું દુ:ખ પોતાને માને છે. પણ એમ સાચું ખરૂં છતાં સમજણમાં ભેદ છે કે તે પોતાને સુખી દુ:ખી ન માને એવા અહંકાર રહિત પુરૂષોને તો શરીરના (સહન શીલતાથી સહન કરવાનો સ્વભાવ નહોતાં પણુ) દુ:ખનો અનુભવ તો રહેજ છે. ત્યારે ભલે સહનશીલતાથી સહન કરે પણુ દુ:ખનો અનુભવ તો ચેતન સમજે છે. તેથી ખાત્રી થાય છે કે **ચેતનજ** અચેતન રૂપ દેખાય છે અને તેથી પોતાના અચેતન ભાગને જોવાતું દુ:ખ ચેતનજ જાણે છે અને અનુભવે છે. માટે **ચેતનજ** અચેતન સ્વરૂપે સિદ્ધ દેખાય છે. અચેતન દશ્ય ભાગમાંથી **દૃશ્યત્વ** બાદ કરતાં બાકી જે અવશેષ રહે તે ચેતન છે. એમ સર્વ વસ્તુ પદાર્થ માત્રમાં પણુ જાણવું જોઇએ. આવા સત્ય સમજના નિશ્ચયથી, વેદથી લગાયત શાસ્ત્ર પુરાણો અને મહત્ પુરૂષોનાં સુવિચારમાં **द्वावेव ब्रह्मणो रूपे मूर्तंचा मूर्तंचेति** આ શ્રુતિ વાક્ય પૂર્ણ મહત્તા દર્શક છે. કે પ્રથમ પાદમાં અચેતન દશ્યત્વથી મૂર્તિરૂપ જે તે તેજ પોતે **પંચમપાદ** તૂર્યાતીત સ્વસ્વરૂપ સ્વયંચેતન અદશ્યત્વથી અમૂર્તિ સ્વરૂપ છે એ પ્રમાણે પરબ્રહ્મ પરમા·

ત્માનાં આદિઅંત સ્વરૂપના ભાનથી પ્રભુના સ્વપ્રમાણુની સિદ્ધિ શાસ્ત્ર બુદ્ધિએ છે. અને તેજ અનુભવમાં ઉતારતાં પશુ, પક્ષીને પણુ પ્રભુરૂપમાં અંગીકાર કર્યાં છે. વૃક્ષને પણુ પ્રભુ રૂપથી સેવા કરવા સ્વીકારેલું છે. અને પાષાણુની પણુ પ્રભુ રૂપથી સેવા તેમજ ધાતુની પણુ સેવા માન્ય કરેલી છે તો મનુષ્ય યોની કે જે વિચારવાન છે તેને **પરમાત્મા રૂપેમાનવામાં શું દોષ હોય !!!** આવો સત્ય સિદ્ધાંત છતાં મનુષ્યને પ્રભુરૂપ માનવામાં જે અજ્ઞાનતા વાપરે છે તેને સંત-સદ્દબોધામૃત પીવા મળ્યું નથી. તેથી મૃત્યુ પામેલોજ છે. એમ જાણુવું

જેમ જેમ મનુષ્યને **સંત ગુરૂ કૃપાથી** સદ્દબોધ મળતો ચાલે તેમ તેમ તે પોતાના શરીરના **દૃશ્ય** અચેતન સ્વરૂપની સમજવાની મર્યાદાએ જાગૃત થતો ચાલે છે અને પોતાને સમજે કે હું જે કેવળ પોતાને શરીરરૂપે દશ્ય અચેતન માનું છું પણુ સત્ય રીતે તે ચેતનજ અચેતન સ્વરૂપે મારી અજ્ઞાનતાથીજ મને સમજાયું છે તેથી પોતાના દશ્યત્વથી પોતે રહિત થતાં આપોઆપ એક પગથીયું ચઢતાં પોતાને જીવ ચેતન માને છે અને એમ કરતાં તે પોતાના ચેતનને વ્યાપક ચેતન માનતાં ત્રીજા પાદમાં આવે છે. અને સર્વ ચેતનને પણુ પોતાની પેઠે વ્યાપકમાં ચેતન સમજે છે. વળી જ્યારે આગળ વિશેષ ભાવ-ભક્તિથી, અત્યંત પ્રેમ સેવાથી, અને સદ્દગુરૂના મહત્વનો યોગ સંતમાં પૂર્ણરૂપે જ્યારે જોવા લાગે છે ત્યારે તે પોતાના ત્રીજા પાદના જ્ઞાનથી એક પગથીયું ચઢતાં પોતાને અચેતન સ્વરૂપથી રહિત સમજતાં, અથવા અચેતનના અભાવ રૂપ બીજા પાદથી અહંકારી જીવાત્મા રહિત સમ-જતાં, અથવા ચેતન અચેનના સમ ભાગરૂપ વ્યાપક આત્મા રહિત સમજતાં, આપોઆપ જીવનો શિવ અથવા તુર્યસ્વરૂપ સમજી પછી સંપૂર્ણ ચેતન **અમૂર્ત સ્વરૂપે** અનુભવે છે. અને નિચેના ત્રણે પાદ

અચેતનના સબંધી છે તેથી પોતાને અસંબંધ જાણી સાક્ષી માને છે આવી સ્થીતીમાં સદ્‌ગુરૂ જીવનમુક્ત સંતપુરૂષો ઉપર કેટલો પ્રેમ આવતો હશે કે તેનો અનુભવ આ સ્થીતીના પ્રેમી સાચા ભક્તોજ જાણી શકવા શકિતમાન છે, એમ જાણતાં ગુરૂ કૃપાથી હવે તે પોતાના સ્વયં ચેતન **તુર્યાતીત** બ્રહ્મ સ્વરૂપમાં બ્રહ્મ રૂપેજ રહેવા યોગ્ય, બુદ્ધિનો સાક્ષાત્કાર કરવા યોગ્ય સુક્ષ્મતા ધારણ કરે છે ત્યારે પોતાને ભાવ અભાવ સહિત કે રહિત સર્વ બાજુથી સંપૂર્ણ માનવા લાગતાં મૂર્તિ કે અમૂર્તિમાં સહીત રહિત ભાવથી પણ પોતાનેજ અનુભવે છે એમ અંતે મૂર્તિ તો પણ પરમાત્મા અને અમૂર્તિ તો પણ પરમાત્મા પોતેજ સિદ્ધ ઠરતાં મૂર્તિ અમૂર્તિ રહિત પણ પોતાને અનુભવવા લાગતાં તે જીવનમુક્ત પુરૂષ **સ્વયં બ્રહ્મ** સ્વરૂપેજ સિદ્ધ છે એમ **ब्रह्मवेद ब्रह्मैव भवति** શ્રુતિનો અર્થ અનુભવપૂર્વક છે જે જે સ્થાનના અધિકારી હોય તે તે સ્થાનની મહત્તાપૂર્વક મૂર્તિ અમૂર્તિનો ભાવ તેને સમજાય છે તેથી ત્રણ પાદ પર્યંત **મૂર્તિત્વ** રહે તે યોગ્ય જ છે, ચતુર્થપાદના અધિકારીને **અમૂર્તિત્વ** રહે તે પણ યથા યોગ્ય છે અને પંચમપાદમા સ્વયં ચેતન મૂર્તિસ્વરૂપ કે અમૂર્ત્તિસ્વરૂપ સહીત કે રહિત જેમ માને તેમ યથા યોગ્યજ છે બોધ કાળમાં સહિત અને નિવૃત્તિ કાળમાં અબોધ રૂપે સ્થિત થતાં તે રહિત ભાવથી અંગીકાર કરતાં સ્વયં **ચેતન** સ્વસ્વરૂપ સ્થિતજ છે અને તેથી સંતજ પરમાત્મા સ્વરૂપ છે આ વેદ શાસ્ત્ર પુરાણનો અને તેના અનુભવી ઋષિ મુનીઓનો કે વ્યાસાદિકનો અનુભવ આ કાળમાં બ્રહ્મવેત્તા બ્રહ્મ સ્વરૂપ જીવન્મુક્ત જનો આગર તેના અનુયાયીઓજ સમજવા યોગ્ય ધારવા. ત્રીપાદ–ત્રીજાતી અને ત્રિલીંગ એ મૂર્ત

સ્વરૂપે જાણવા. **ચતુર્થપાદ** (તુર્ય) તે ચતુર્થ જાતી (બ્રાહ્મણ વા સંન્યાસી) તે **અલિંગ** શિવસ્વરૂપ છે તે પ્રત્યક્ષ સિદ્ધ અમૂર્ત્ત સ્વરૂપેજ પૂજાય છે, અને પંચમપાદ તે તુર્યાતીત **સ્વયંસ્વરૂપ** સ્વયજ્યોતિ શ્રી **મહાગણપતિ** તે મૂર્ત્ત સ્વરૂપે ૐ કાર સ્વરૂપાત્મક કેવળ ૐકારનાજ આકારસ્વરૂપે અને શબ્દ રચનામાં ચારપાદનો જે "ગણ" અને તેના પાંચમા પાદ રૂપે "પતિ" એમ શબ્દ સત્તાત્મક સ્વરૂપે પણ ગણપતિ સિદ્ધ છે, એમ મૂર્ત્તિ અમૂર્ત્તિ સ્વરૂપ અને રહિત પરબ્રહ્મ પરમાત્મા સદ્‌ગુરૂ સંત સ્વરૂપે **મુક્તપુરૂષજ** છે,

વારંવાર ભક્તજનોને તો પિષ્ટ પેષણરૂપ સમજવું ઘટે છે કે આ માનવાવતાર તે માત્ર શરીરના વિષયભોગથી શરીરની નિર્બલતા અને તેની સાથે બુદ્ધિની નિર્બલતા અને દુઃખની ઉત્પત્તિ થતી જાણીને રચ્યાપચ્યા રહેવાને નથી. પશુઓમાં પણ નિયમો હોય છે પણ અનિયમ તો આ એકજ મનુષ્યાવતારમાં રહે છે. પશુ પક્ષી કરતાં પણ હલકા અવતાર આવશે એવો ભય પોતાને સમજાય તોજ આ અવતારે નિયમનું ઉલંઘન કદાપિ થઇ શકે નહિં મનુષ્ય શરીરે અંગજ્ઞાન અને તર્કશક્તિ સાથે રહે છે. પશુમાં તર્ક શક્તિ નથી મનુષ્યમાં તે છે તેથી આ અવતાર વિચાર કરવાને યોગ્ય હોવાથી સારાસાર સમજી શકાય છે આ શ્રેષ્ઠાવતારે વિચાર કરવાની જરૂર છે કે સૃષ્ટિના આરંભકાળથીજ આ જીવાત્મા સ્વરૂપે અનંત શરીરોમાં ગુંચાઇ ગુંચાઇ વારંવાર જન્મ મરણની વીડંબના સહન કરી કરી અત્યાર સુધીતો શાન્તિ સ્વરૂપ, સ્વસ્વરૂપ, પરમપદ પરમાત્મા સદ્‌ગુરૂમાં તદ્‌રૂપાત્મક ભાવને પામ્યા નથી. એતો સિદ્ધજ છે. પ્રભુપદ પામવાનો અને જ્ઞાનભક્તિમય તદ્‌રૂપાકાર થવાનો આ અવસર આવ્યો છતાં પ્રમાદ કરવો ઘટીત નથી.

કેમકે આ મનુષ્ય શરીર બહુજ પુણ્યયોગેજ પ્રાપ્ત થયું છે. આ શરીરે જો કષ્ટ સમજાતું હોય. ગરીબી સમજાતી હોય. રોગાદિકની પીડા સમજાતી હોય. અને પ્રભુપદ પામવાને તે સ્હાયભૂત સમજાય તોજ પોતાના શરીર સબંધે જણાતો દુઃખભાવ વૈરાગ્ય નામનું સાધન પૂર્ણ રીતે ધારણ કરવાનો શુભ અવસર છે. એમ માનવાનું છે. કદાપિ સર્વ વાત સાનુકુળ હોય તો પણ **જ્ઞાનભક્તિથી** સર્વના ઉપરનો મોહ ત્યાગી વૈરાગ્યદ્રષ્ટિથી રહેવાની ખાસ જરૂર પડવાનીજ છે. ત્યારે અનાયાસે વૈરાગ્ય કરવા યોગ્યજ દુઃખભાવ આવી વળગ્યો હોય તો પ્રભુને પ્રાપ્ત થવાને સ્હેહજ પડે છે. આ અવતારમાં જે વિશેષ જાગૃતી રાખવાની છે તે આ પોતાના શરીર સબંધે **અહુંમમત.** ક્રોધ, મોહ, કામ, મદ, મત્સર, આદી રજો તમોગુણી વૃત્તિ સાથે નિંદ્ય વાસનાના બળને ત્યાગ કરવાનો અવસર છે. અને શુદ્ધ **સાત્વિકવૃત્તિએ** ગુરૂ સેવા કરી ગુરૂ બોધના પરમ લાભથી પોતાના આત્માને અનુક્રમે બતાવ્યા પ્રમાણે પરમાત્મા સ્વરૂપમાં સ્થિર સિદ્ધ કરવાનો લાભ મેળવી લેવાનો છે. તે જગોએ આ સર્વ ઉત્તમતાને માથે પાણી ફેરવવા જેવો **વિષયવાસના** યોગ ઉભો કરી માત્ર નિર્લજ્જપણે ચકલાચકલીના અવતાર જેવો પોતાનો અવતાર કરી નાખી, માત્ર પ્રજોત્પત્તિમાંજ પોતાની મહત્તા અને ઉત્તમતા સ્વિકારી નરદેહે ખરસ્થીતી ભોગવે છે તે **અંધ** દ્રષ્ટિથી જોઇ શકાય નહિં એજ અફસોસ છે. તથા હાય પૈસા, ક્યાંથી લાવું, કેમ કરૂં, ક્યારે લક્ષાધિપતિ થાઉં, એવા વિચારે **અર્થવિહારી** અર્થવાદી વિદેશી જડવાદી જનો જેમ પૈસાનેજ પરમેશ્વર માની બેઠા છે તેમ પૈસાનેજ પરમેશ્વર સમાન ગણી પૈસોજ સુખસાધન છે. એવી રીતે વિચારી પાર્થિવ મૃતિકામય પદાર્થના મિથ્યા

મોહમાં અંધ બની પોતાના માનવ જીવને હજારો હાથ ઊંડે ક્ષાર-સાગર તળીયે ઘાલે છે. અને પોતાના આ મહાન ઉચ્ચ અવતારની મહત્તા ન વિચારી પોતાની ઉત્તમતાનું સત્યાનાશ વાળે છે. એ બહુ જ દીલગીરીની વાતનો સ્વભાવ બહુ સારો છે. જો પૈસાથીજ મુક્ત જ્ઞાનભક્તિ થાતી હોય તો જર્મની તથા ઈંગ્લાંડ અને યુરોપના બીજા દેશોમાં તેમ અમેરીકામાં સોનાની પૃથ્વી થઇ ગઇ છે. ત્યાંતો બધા મુક્ત પુરૂષોજ વસતા હશે ખરા કે?? ત્યાં કુસંપ અને અહંકાર કેટલો છે. તે તો હવે સર્વ કોઈની દૃષ્ટિમાં આવ્યું છે. જેમ જેમ ધન વધે તેમ તેમ લોભ તૃષ્ણા પણ વધે છે. તે મુક્તિના માર્ગમાં શી રીતે ગણાય?? પણ પૈસાથી તો કદાપી મોક્ષજ નથી. તેનો મોહ નર્કના નિવાસ રૂપજ છે. ધનને લીધે મોહ અહંકાર લોભ વસે. તેથી મોક્ષ ગણાયજ નહીં એતો સૌ કોઇ સમજી શકવા શક્તિમાન છે. હિંદુસ્તાનમાં ધન ક્યાં ઓછું છે? છતાં ધનવાનોની બુદ્ધિ **મોક્ષમાર્ગમાં** તો નથીજ નથી. હજારો લાખો ધર્માદા મનાતા ફંડમાં આપે છે. છતાં અહંકાર રહીત–મમત્વ રહિત, ક્રોધ રહીત–મત્સરમદ રહીત, માનકિર્તિ રહીત તેમાંના કેટલા છે તે તપાસો તો. સેંકડે એક ટકો નીકળવો દુર્લભ છે. તેના **ધનવાનોની** મમતા, ભયભીતવૃત્તિ, અને ઉચ્છૃંખલ કૃપણ વૃત્તિએ આ દેશોન્નતિની ઉજ્વલતાને કાળો ડાઘ લગાડયો છે. તેમના વિષયાંધપણાએ તેમને રૌરૌ નર્કપ્રાપ્તિના અધિકારી બનાવ્યા છે. તેમના માન મમતાના ચાંદ ચાંદમાં તેમને અંધકારમાં ગીરફતાર ઘાલ્યા છે. સર્વ વ્યાપક ભાવની મમતાના વિચારે સ્વદેશોન્નતિ કે સ્વધર્મોન્નતિમાં કીયા પુરૂષો આગળ કમર કસી ઉભા છે. જુઓ તો ખરા. પૈસો પ્રાપ્ત કરવો ઉદ્યમ ન કરવો એવો અર્થ

કદાપિ હોયજ નહિં. તેમ પ્રજાની ઉત્પત્તિ કરવાના વિષયમાં પણ આ સવાલ નથી. પણ અહંમમત્વ મોહના સબંધમાં આ વિચારવા યોગ્ય છે.?? તેવા ધનવાન પુરૂષો જીવન્મુક્ત સ્થીતીની ગતીને અનુસરીને પોતાનો વ્યવહાર કેમ ચલાવતા નથી ?? તેમને કોણ રોકે છે ?? તેમને સ્વધર્મોન્નતિને માટે કે સ્વદેશોન્નતિને માર્ગે ધન વાપરવા કોણ મના કરે છે ?? તેમના ગુપ્ત મોહ અંધકારોની ગતી પૈસાને કીયા માર્ગે દોરે છે તે તે પોતે સમજી શકયા હોત તો પુનઃ તેઓ અધમ માર્ગે જાતજ નહિં. માત્ર તેમની મોટાઇ દુનીઆમાં મહત્તા મેળવવા રૂપેજ અને પોતાના માનેલા માર્ગમાં સુખ લેવા માનવા રૂપેજ છે. **ધનતન પીડામાં** પીડીત બનેલા પરમ તત્વજ્ઞાન અને પ્રેમરસ ભક્તિ સંપાદન કરી શકતાજ નથી. અને શકે પણ નહીં. શક્તિની દવા ખાધા પછી નિર્બલતા રહે તો તે શક્તિની દવાજ નહીં. તેમ આડાં કે ઉભાં ભેંસો ભડકે તેવાં ટીલાંના ડોળથી કે મોટા મોટા હારડાઓની પેઠે માળાઓના ભારાના ભારથી જાણે ગળામાં લાકડાના ડેરા પડયા હોય તેમ દર્શનીક દેખાવોથી અને અધમાધમ તીર્થ યાત્રાના કે મંદિરોના તરફની દોડાદોડ કરી મુકવાથી પોતાની ઉત્તમતા માની લેતા હોય તો ભલે. પણ તે પછી તેમનાં હૃદય કલુષીત, અહંકારી, મમત્વનાં ભરેલાં, મોહનાં ભરેલાં, કામ ક્રોધનાં ભરેલાં, દાંભીકતાનાં ભરેલાં, વિશ્વાસઘાતનાં ભરેલાં, માનઅકરામ મેળવવા, કે ચાંદેચાંદ મેળવવા કે એ. બી. સી. ડી. મેળવવા કેમ તૃષાયુક્ત રહે છે ?? જેણે પોતાના મકાનમાં અત્તર જેવી સુગંધી વસ્તુ ઉત્પન્ન કરવાનો ધંધો શરૂ કીધો તેમાં દુર્ગંધી કેમજ રહી શકી ??? અર્થાત્ દુર્વાસના રહેવી ઘટીતજ નથી. જેણે પોતાના શરીર કીલ્લાવાળા હૃદય મંદિરમાં પ્રભુને

નિવાસ આપી, પ્રભુ સેવાને માન્ય કરી, તેમાં પ્રેમભક્તિના મોગરા ચંબેલી જાઇ જુઇ ગુલાબના પુષ્પોની સુગંધી પ્રસરાવી પ્રભુને માળા ઘાલી સેવા સ્વીકારી છે—તે સ્વમંદિરમાં અહંકાર મોહ મમત્વ કામ ક્રોધ રૂપી ચંડાળો કેમ ફરી પ્રવેશ કરવા પામે?? તે આવી શકતાજ નથી. આતો આવી ઉત્તમ સ્થીતી અને વિચારનો ત્યાગ કરીને એક ઈંટ ચુનાના બનાવેલા મંદિરમાં જાણે છાનામાના ચોરરૂપ સંતાઇ રહેલા પ્રભુને માનવાના હર્ષમાં અને મનાવવાની મોટાઇમાં એવા ગુલતાન બન્યા છે કે પ્રભુની સર્વવ્યાપકતા તો મનાતીજ નથી. પ્રભુની સાક્ષીત્વ મહત્તા તો ક્યાંક ગુપ્ત થઇ ગઇ છે તો પ્રભુના સ્વયંપ્રકાશ સત્તાના સદ્ગુરૂ સંત જીવન્મુક્ત પરમાત્માસ્વરૂપને માનવામાં તો શું કહીએ!!! ઉદર ઉન્માદવેષધારી મદારીઓએ પોતાની કમાણીના નૃત્યમાં મર્કટોને એવા નચવતા રાખ્યા હોય છે કે મર્કટો માર ખાય અને નાચે. ડંડા પડે—સોટા પડે—ગોટીલા પડે. પડે આખડે આથડે. પણ પૈસા લાવો!! અને અંધપરંપરાના સ્વભાવે અંધકારનોજ ઉપદેશ!! અને અંધકારનો મસાલો!! ભલે તેમની તેમને યોગ્ય લાગી હોય તો તેમની ઉમેદો '**શતં જીવી રહો.**' આવી તેમની શુભેચ્છાઓ અમર તપો!!! કોઈ જીવાત્માના કર્મનો બદલો કોઈને ભોગવવાનો નથી એટલે ભય શા માટે?? પણ **સ્વજનોન્નતિમાં** કેટલી બધી હાની!!! **સ્વધર્મોન્નતિ**ની કેટલી દુર્દશા!!! સાચું કહેનારો દુષ્મન!!! અને પ્રપંચી હૈયાનો હાર!!! વળી બીજી બાજુએ સ્વદેશના કેવળ જાગૃત **જીવન્મુક્ત** સંતપુરૂષો. આવી કડવી દવાઓ પાઇને શૂન્ય ઉન્માદવાયુનો અસાધ્યપણાને પામેલો રોગ મટાડે. તેની કીમત સ્વદેશોન્નતિની ગૌરવતા ધારણ કરનારને કેટલી હોવી જોઇએ

તેને બદલે " ગામના જોગી જોગટા અને પરના જોગી સિદ્ધ "
આપણા દેશના **બ્રહ્મભૂય** યોગીઓની કીમત ચણા ફાકવા જેવી મનાય. અને **વિદેશી** નૃત્યકાની પેઠે નવા નવા વેષ સ્વરૂપ વિચાર ધારણ કરનારી, બનાવટી, વૈરાગણ દેખાવનું દર્શન કરાવનારી, ધૂર્ત મૂર્તિ, **દેહવાદીની,** જાસુસી, ધર્મના નામે અંતરનાં આંતરડાંમાં વિષ રેડવાવાળી, અમૃત આત્મતામાં ભેદ પડાવનારી, નિર્બલ પરાધિનતા મનાવનારી, આ દુર્ઘટ માયાના બળમાં અંજવાઇ તેના પ્રપંચી અરણ્યરૂદન વ્યાખ્યાનોના રસ પીવાને આતુર પ્રજાની અજ્ઞાનતાએ માયાના ધેં ધેં ધેં ધેં ના જય જય ઘોષો—અહાહા ! ! ! આતે હિંદવાસીઓની કેવી સ્થીતી ! ! ! માયામય મોહ શત્રુની કપટતંત્રની જાળ પણ જેને પારખવાની શક્તિ નથી એવી પોતાની શુદ્ધ આત્મતાથી સર્વને આત્મારૂપે અનુભવનારી આ ભોળી અને સહનશીલ સુશીલ પ્રજાની આવી અધોગતી ! ! ! આમ માનો કે કેવળ મૂર્ખજ માનો. પણ ના ! ! ! હિંદવાસીઓની આંખો ઉઘાડનાર આ માયાના પ્રપંચ નાદનો પડદો ખોલનાર—જાગૃત **સ્વદેશાભિમાની** કે **સ્વધર્માભિમાની** જનસમૂહને જગાડે તોજ તે માયાની ગુઢ પ્રપંચ ચતુરાઇ ઊંધી પડી રૂએ. અને એમ થતાં આ પ્રજા મુક્તિના મહાન્ અમરમાર્ગે ચઢવાનો લાભ લેવા શીખે. ખેર ગુજરાત ! ! ! રાખેંગારના પડયા પછી વિધવા વેષે નિર્માલ્યરૂપ નિસ્તેજબળ ધારણ કરતી રાણકદેવી ! ! ગુર્જર સૌરાષ્ટના ઝાંપામાં આવી ભોગાવામાં ભોગનો ભોગ પુરો થતાં ત્યાંજ સતિ રૂપે દર્શન દેઈ ગઈ કે ? ? હવે તો માર્ગજ જોવાય છે. ઊનું ખાધું ને મોંઢે દાજ્યા. કોઇને કહેવાતું નથી છતાં પેટ ભરી સંતોષ પામતાં, અંતરના ઓડકારો આવતાં, ૐ ૐ ૐ બોલાશેજ.

આવી આવી અથાગ અપાર સંસ્કૃતિમાં વિકૃતિમય દેખાવોની રચના વડે ગીરફતાર બનતાં મહામાયાના રણસંગ્રામની ઘનઘોર ભયંકર ભેદના શોરબકોરમાં આ માનવજીવનની ઉચ્ચતરતા અને સફળ જીવન-મય સ્વસ્વરૂપ બ્રહ્મરસ પીપુડી કોઈને સંભળાશે કે ! ! !

જેમ જેમ શરીર શુદ્ધયર્થ વૈદિકકર્મ અને સત્વગુણી વ્યવહાર–ગુરૂકૃપા–નીરભીમાની વૃત્તિ–લોભીક દાંભીક મોહીક કૃપણીક વિચારની ત્યાગવૃત્તિ–અને સર્વાત્મ ભ્રાતૃભાવની વૃદ્ધિ થતી જાય છે. તેમ તેમ જ્ઞાનબળ સતેજ થતું જાય છે. જ્ઞાનભક્તિના બળરૂપે સર્વાત્મ પરમાત્મ સ્વરૂપ સમજાઈ રહે છે. તે વિના અન્ય કંઇ પણ નથી અન્ય સાચું નથી એમ નિશ્ચય થાય છે. ભક્તિતત્વરૂપ સેવા બુદ્ધિનો વ્યાપક અખંડ અભેદભાવ પ્રેમરૂપે આપોઆપ પ્રકાશમાન થાય છે અને તેથી સ્વસ્વરૂપાવસ્થાની તદ્રૂપતા સિદ્ધ થાય છે–સેવાભક્તિ વિના સ્વસ્વરૂપા-કાર થવાતું નથી જ્ઞાનથી પરમતત્વનો અનુભવ થાય છે. અને પરોક્ષ બ્રહ્મની પ્રાપ્તિ પણ થાય છે. પણ ભક્તિપ્રેમરસ વિના ઓતપ્રોત અભેદ રસામૃત. અપરોક્ષ એટલે નિજસ્વસ્વરૂપાત્મ યોગાનંદ સુખ અને તૃપ્તી નથી. એ વાત અનુભવ પ્રમાણેજ સિદ્ધ છે.

વાહ ! ! ! પૂર્ણ તત્વજ્ઞાન ભક્તિના અનુભવ રસમાં રસબસ રમનારા **વ્યાસ મહારાજ** ! ! ! ખરેખરા વ્યાસસ્વરૂપ–ગોળાકાર બ્રહ્માંડમાં એક છેડાથી બીજા છેડા સુધી આદીઅંત એક સરખી રીતે વ્યાપક બની બેઠેલા વિષ્ણુસ્વરૂપ પરમાત્મા ! ! ! તમારા સ્વાનુભવની અવધીએ અમારા હૃદય બ્રહ્માંડમાં આનંદ ઉર્મિની અખંડ ધારાઓથી અમને પણ રસ-બસ બનાવી મુકવાની આપે ખામી રાખી નથી. કે હડહડતા વૈષ્ણવ ગણાવતા નામધારી પુરાણી બંધુઓ રાગડા ખેંચી ખેંચી દશમલીલા

ગાઇ બતાવે. અને પોતાના સંસારની અધમતાએ "**ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો દાળનો દાણો**" એમ કરી ખીચડી ઓરી- એમ પોતાની પ્રજાના પોષણનો માર્ગ અતી પ્રપંચ યુક્તિએ કરે. પણ બરણીના મુખ સુધી ઘી ભરાતાં પણ ઘીના સ્વાદનો અનુભવ બરણી કરતી નથી. મૃગની નાભીમાં કસ્તુરી છતાં તરણેતરણાં સુંઘી સુગંધી ક્યાં છે તેને ખોળતાં જન્મારો જાય પણ અનુભવ કરી શકી નથી. એમ ડોળઘાલુ વૃત્તિએ પોતે લટક્યા અને પોતાના શ્રોતાવર્ગને પણ તેવાજ અંધપરંપરા રૂપ રાખ્યા તે રાખ્યાજ. હવે અજવાળામાં આવવાના સુર્યોદય સમયે આંખો બંધ કરી પોલમાં પેસી રહેનાર બારણે આવશો કે??? જુઓ સમસ્ત ભાગવતનો શુદ્ધ અનુભવ!!! વ્યાસ મહારાજનો અપરંપાર ઉપકાર—શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વરૂપ સદ્‌ગુરૂના તૂર્યપાદની બાલ્યાવસ્થાના દર્શનમાં બ્રહ્મવિદ્યાજ્ઞાન મોરલીના અમોઘ અક્ષરસુરથી ૐકારરૂપ નાદમાં નાદ મસ્ત બનેલી. નિર્વિકલ્પ સમાધિના નટલક્ષની ગતીને લક્ષ્યાર્થથી સિદ્ધ સમજાવતી, સવિકલ્પ સમાધિના યોગથી માથે મહીની મટુકીરૂપ પાણીના બેડાને ધારણ કરેલી, સુંદરીના સ્વરૂપથી લક્ષ જેનું પોતાને ઘેર સુવાડેલા બાળકમાં છે. અગર છુટા હાથે સખીઓ સાથે વાત કરતી દૃષ્ટિ જેની બેડામાં છે, એવા સ્વરૂપની સુભાગિની પરમ **બુદ્ધિની વૃત્તિરૂપી ગોપીકાઓ** શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વરૂપના અભેદ એક રસયોગમાં રાસરૂપે અભેદભાવથી રમવાને ઉમંગી બનેલી, અંતે પરત્માના નિવાસ સ્થાનની સત્ય શોધ સ્થળરૂપે નવધા પ્રેમભક્તિ રસરૂપ જળથી રસબસ વહેતી આપાર પેલેપાર રૂપી ઉભય કીનારામાં અભેદ રૂપને સમજાવતી આ પ્રેમભક્તિ યમુનાના કીનારામાં પોતાના જીવપણાના **ત્રીપાદરૂપ**

ત્રીવસ્ત્રોને ઉતારી મુકી જળમાં રમવા.લાગી. તે ત્રીપાદનાં ત્રીવસ્ત્રોનું હરણુ કરનાર આ **તૂર્યપાદ** પ્રભુને એક અદ્વૈત કર્દમ વૃક્ષના ઉપર બેઠેલા જોઇ, બહુજ હર્ષપામી, **વસ્ત્ર** આપવા વિનંતી કરે છે. પ્રભુ તેમને તૂર્યપાદ યોગમાં અવશેષ રહેલા સાક્ષરૂપ શરીર મોહને છોડાવવા, કેવળ શરીર ભાન વિસરાવવા, પૂર્ણપાદ જ્યોતિમય સ્વયંપ્રકાશ સૂર્યવ્રતને। અપાર મહિમા જણાવી નમસ્કાર કરવા સૂચવે છે. ગોપીકાઓ તૂર્યપાદના સાક્ષી અને તૂર્યાતીતપાદના સ્વયંજ્યોતિમય સ્વરૂપને જોવા શરીરથી નિર્મોહી બની અને કેવળ શરીર રહિત સ્વસ્વરૂપ રૂપે ઉભા રહી વારંવાર વાણીમન રહિત **નમસ્કાર** કરે છે. એમ સદગુરૂ આજ્ઞાને ધારણ કરનાર બુદ્ધિની વૃત્તિઓની ઉચ્ચતરતાને જોઇ બહુ પ્રસન્ન થએલા તૂર્યપાદ બાળ શ્રીકૃષ્ણ પરમાત્મા તેમના અંતરને અભેદરૂપે મળેલું જોઇ રાસ રમવા **અમૃતસ્વરૂપ મધુવનમાં** પ્રવેશે છે—અહાહા!!! **વ્યાસમાહારાજ** આતે ગાથા કે બ્રહ્માકારપણાનો સ્વાનુભવ!!! રાસમાં વ્યાપકપણાનો પૂર્ણ અનુભવજ છે એક બાજુએ વ્યાસનો **વ્યાસપણાનો મહિમા**!!! અને બીજી બાજુએ **વ્યાસના** પરિછપણાનો મહિમા સમજાવનાર આ **રાસમંડળ** અને તેમાં ઓતપ્રોત સ્વરૂપ વ્યાપ્યભાવના અને સમષ્ટિના સમૂહપણા વચ્ચે વ્યાપકના અભેદપણાએ એક ગોપી સાથે એક કૃષ્ણ—એઉ બાજુની ગોપીકારૂપી વૃત્તિઓને પોતાના સ્વરૂપમાં જોડનાર—એમ ગોળ મંડળના સમરસપણાના રાસનો અનુભવ આપનાર પ્રભુની બલીહારી!!! હે વિશાળ બુદ્ધિ વ્યાસ!!! તમને અમારા નમસ્કાર છે. આવા અપાર મહિમાથી ભરેલા **પાદપાદની** સમજણપૂર્વક તત્વદષ્ટિનો અનુભવ આપનાર પોતાના આત્મબળથી કેવો આનંદ આપે છે તે સાચા ભક્તનોજ સમજી

શકવા શક્તિમાન છે. આવા અગાધ બુદ્ધિવિચારના **વ્યાસ** નારાયણની અનુભવલક્ષણાને ગાથારૂપે જોનારા અધમ વિષયપ્રવાહના જંતુઓ **શ્રીકૃષ્ણચન્દ્ર**ને વ્યભિચારી કહી ગોપીકાઓના સ્વરૂપને નીંદે, અને **બ્રહ્માનંદના વિહારરૂપ** અનુભવી **આત્માનંદ–અભેદી યોગીજનોને** પણ નીંદે તો ભલે નીંદે. પણ ખાખરની ખીસકોલી સાકરરસનો અનુભવ ધારણ કરતી નથી એ વાત **નિર્વિવાદ** સિદ્ધજ છે. એમ વ્યવહારથી પરમાર્થ પર્યંતની અને અચેતન શરીરથી ચેતન પરમાત્મા સુધીની એકરસતા કોઇ જ્ઞાનીજનોજ અનુભવી શકયા છે. અસ્તુ.

પ્રથમ તો દેહના પ્રત્યક્ષ વિહારના સુખનો અનુભવ અને ભોગની પ્રાપ્તિનો ત્યાગ કરવો. એજ મહાન્ કઠીણ છે. શરીરની અહંવૃત્તિ મોહવૃત્તિ મહા બલાત્કારે છુટી શકે તેમ છે. વૈરાગ્યવૃત્તિ મોહ આવેશના પૂર્ણબળ આગળ ટકી શકવી દુર્લભજ છે. છતાં ઊત્તમ પ્રારબ્ધ પ્રાબલ્યતાથી સદ્‌ગુરૂ કૃપાના યોગે સતત્ બોધ પ્રહાર કાયમજ રહે. અને તેની માન્યતા સાથે–અમૃતાનુભવે સદ્‌ગુરૂ આજ્ઞાનું ઉલંઘન ન થાય તોજ ફતેહ પામે. પછી જીવાત્મા પોતાના દોઢોડ ડહાપણમાં માને કે સદ્‌ગુરૂ તો **ત્યાગી** અને આપણે તો **સંસારી**–આપણે તો **સંસારમાં પડયા.** તે **દેહાભિમાન** તો રાખવુંજ પડે. એવી ભાવના હૃદયમાં રહી જતાં સંસારના મીથ્યા અહં મમત્વ મોહની તાણ, અવિદ્યાના મહા સમુદ્રના તળીએજ ઘોંચી ઘાલે છે. તેમ તેનીજ સાથે સદ્‌ગુરૂ પરમાત્માની મહત્તાનું બળ કેટલું બધું ઊપકારી અને વરદાઈ છતાં કયાં કુટાય છે. અને સંપૂર્ણ સર્વસ્વ બ્રહ્માર્પણતાનું સન્માન મેળવવાના સમયમાં અત્યંત માયામય અડપલાંથી ભરપુર ભરેલા વ્યવહારનું **સન્માન** કેટલું બધું બળવાન અની કેવું **સુખરૂપ** દેખાઇ

હૃદયમાં આથડેછે ! ! એવી અંધ વૃત્તિ બળાત્કારે પણ છોડવી મુશ્કેલ છે. આ પોતાના **સર્વસ્વ** હિતને બગાડનાર અહંવૃતિના સંસારથી બીજુ સંકષ્ટ કયું ? ? અને આવા વિચાર ભ્રમિત **સંકષ્ટને** તોડીને સંસાર સાગરના અહં તરંગોની મોહ છોળથી બચનાર મરદાનગી ધરાવનાર **મર્દ** તે કોણ ? ?

સાચા ભક્ત સજ્જનબંધુઓએ નિર્ણયપૂર્વક જાણવું જોઇએ કે પરમાત્માજ સદોદિત **સભર**, અખંડ, **સ્વયંજ્યોતિ** હોવાથી ગમે તે **કાળે**, ગમે તે **સ્થાને**, અને ગમે તે વસ્તુ પદાથ ભાવનાએ પણ સ્વપ્રકાસ સ્વતઃસિદ્ધજ છે. એમ વેદશાસ્ત્ર પુરાણો સતત્ ગાય છે. અને આજ સત્ય અનુભવપૂર્વક અનેક યોગીઓ, મહર્ષિઓ, મુક્તજનો અને માનવો તેજ તત્વના અનુભવનો રસાસ્વાદ લઇ જન્મ મર્ણાદિક શરીર ભ્રમથી નિવ્રત્તિને પામી બ્રહ્મભૂય **મૂક્તિ**ના સ્વસ્વાનંદ પરમપદને પામ્યા છે. આ સત્ય નિર્ણયથીજ પરમાત્માના સ્વરૂપમાં અનંત ભક્ત જીવાત્માઓ સદોદિતના હાજર રહેતાં તે સ્વાનુભવથી પરમાત્મા સ્વરૂપ છેજ. એ પરમાત્માના સભરજ્ઞાનના જીવન્મુક્ત સંત પુરૂષોની સાચી સમજ છે, અને એટલાજ દરજ્જાના જીવાત્માઓ વ્યવહાર સેવતાં જો શુદ્ધ બુદ્ધિના શાસ્ત્રાધાર **ધર્મો** સેવતા હોય તેતો સમજવા પ્રયત્નશીલ ઉભા ઉભા તેજ અનુભવોમાં સદોદીત રમતાજ રહે છે. બાકીના વિષયી પામર જીવાત્માઓ પોતાના વિષય વ્યવહારની ભરાયેલી દષ્ટિથી. પોતાના પરમાત્માને સભર સ્વરૂપે પોતાના સ્હામે સદોદિત હાજર જોઇ શકતા નથી. **પરમેશ્વર**ની પોતાની પાસેની અખંડ હાજરી ન સમજવાથી પોતાના સત્યમહત્વનો, સત્તાનો, અને જ્ઞાનપ્રકાશનો વિનાશ પોતાના હાથે કરીને કરે છે અને પોતાની

અયોગ્યતા અને અધમપણું પોતાના આપે ટાળી શકતા નથી એ અફસોસકારક છે. વ્યવહારીક પામર વિષયીજનો પોતાના સગાસબંધી જીવાત્માઓના સહવાસમાં લોકેષણાને લીધે, પોતાની સત્યતાનો વ્યવહાર દૃઢ રીતે ચલાવવામાં નિર્બલ બનેલા હોવાથી સાચી રીતે સત્ય હકીકત અને મર્યાદા સમજવામાં પાછાજ પડે છે. પરમેશ્વર તરફની અજાગૃતી અને અધાર્મિક બલથી પોતાને સંસારમાં સારા ગણાવવાની લાલસાએ પોતે જ્ઞાનભક્તિ બળ તરફનું અંધારૂં વેઠે છે. અને સામાને પણ અંધારે રાખવામાં મદદગાર થાય છે. જેથી તે બમણા પાપમાં બંધન થાય છે તે પોતાને કદાપી પણ સમજાતું નથી. વળી સર્વથી સાચાં. ઊંચામાં ઊંચાં અને મહાન્ તેજસ્વી એવાં મહાન્ પરમાત્માનાં બળવાન **ઓજસો**નો પોતાનામાંથી વિનાશ થવાને લીધે ગમે તેવા પામર વિષયી કે કોઈ બાહ્ય સત્તાધારી કે પોતાના જેવા વ્યવહારી (પોતાથી મોટા મનાતા) પુરૂષોના અંધકારમય ઓજસોની છાયા પડવાથી તેવા પુરૂષો દબાઈ જાય છે. જેમ **રાહુની** છાયામાં ચન્દ્ર દબાય છે જેમ કમલના મોહમાં ભમરો દબાય છે તેમ પોતાના મનથી જ્ઞાન થઇ ગયું માનનાર, પોતાને પૂર્ણ લેખનાર, સંતના સમાગમમાં રહેતો છતાં પણ વ્યવહારની સત્યતાથી ગુપ્ત રૂપે વિષયને સેવનાર, બ્રહ્મચર્યનો વિનાશ થતાં, વિર્યબળના વિલયથી અસ્થિરતાવાન બુદ્ધિના યોગે **સાચી** સમજણ અને પોતાનો ગેરલાભ પોતે જોઇ શકતાજ નથી. જેથી સદ્‌ગુરૂ **પરમાત્મા**ના બોધમાં પણ **અભાવ** રહે છે. પોતાની માયામય અંધકાર સ્થીતીને છુપાવી રાખવાનો હૃદયમાં ઉપજેલો મોહ, બોધ પ્રવાહને પણ રોકી નાખે છે કેમકે વિષયવાસના હૃદયમાં બળ કરે, અને પોતાને બહારથી નિર્વિષયી

બતાવવાનો દંભ રાખવાજ હોય તો વિચાર કરી જેનાં પોતાને સમજાશે કે, આતો મારા હાથેજ મારા પગમાં કોવાડી વાગે છે, પણ વ્યવહાર તરફ આપેલો વિશ્વાસ તોડવો પોતાને ઠીક લાગતો નથી. ભલે સદ્‌ગુરૂ પરમાત્મા પોતાના હૃદયમાં વાસ ન કરે–તેની જરાપણ ફીકર નથી. એવો પ્રભુ મહતા, સત્યતા અને સ્વયંપ્રકાશ **ઓજસ** (તેજ) નો નાશ પોતાના હાથેજ કરતાં પોતાના નાશનાંજ પગલાં પોતાથી ભરાય છે. તે પોતાના મોહથી પોતાને સમજાતુંજ નથી. એ કેટલી અવદશા ! ! !

કેટલાએક ભક્તોમાં જ્ઞાન ભક્તિબળનાં તેજસ્વી **ઓજસોના** કરતાં વ્યવહારીક અંધકારમય દેહ મોહ ઓજસોનું બળ વધારે હોવાથી તે અંધકારનો નાશ કરવા માટે જીવન્મુક્ત સંતજનો અનેક રીતે જ્ઞાનભક્તિના બોધ પ્રવાહની અખંડધારા વહેવરાવી પોતાના ભક્તોના ઉપર કૃપા દરસાવી રહ્યા હોય છે તેવા સમયે હૃદયમાં ગુપ્ત રહેલી સંસાર તરફની **મોહ** અને **માન** ભરેલી વાસનાના અગાધ બળથી વિવેક વૈરાગ્યાદિક બોધામૃત પોતાના મોહ અને પોતાન માનનો નાશ કરનાર છે. એમ સમજતાં વિચાર કરે છે કે, આતો સંત જનો આપણા વ્યવહારની અયોગ્યતા વિચારીને ધિક્કારે છે. જેથી આપણને સંસારના માનની હાનીજ પહોંચે છે. માટે આપણી વાણીમાં આવતી અયોગ્યતા પકડી સંતજનો આપણને સુધારે નહિં–તેવી રીતે તેમના બોધની ઇચ્છા આપણે જણાવવીજ નહિ. આપણે પૂર્ણજ છીએ. એમ વિચારી એટલેથીજ પોતાને અંધકારમાં રોકે છે. પણ તેવા બંધુઓને જણાવવું જરૂર છે કે આ અજ્ઞાનતાનો અંધકાર કોને નુકશાન કરશે ? ?

વળી આથી આગ્રા જઈને વખતે બીજી બાજુજ પકડી જવાય છે–કે પોતાની અયોગ્યતા ઢાંકવા માટે, અને પોતાની દાંભિક પૂર્ણ જાગૃતિ બાહાર દેખાડવા માટે, વખતે જીવન્મુક્ત સંતજનના ઉપર પામર વિષયીજનોના અંધકાર દષ્ટિના મુકાતા આક્ષેપો, દોષો, યાને અપવાદો, લોકો આગળ વાત કરતાં આડા લાવે છે. અને પોતાના કલ્યાણ અને સુખ આનંદમાં પોતાને હાથે ખોટ લાવે છે. અરે ભક્ત બંધુઓ!!! જરા વિચાર કરો. ત્રણ અવસ્થાનો વ્યવહાર **જીવાત્માનો** છે. એટલે જાગૃત સ્વપ્ન અને સુષુપ્તિના વ્યવહારો તે શરીરના અંધકારમયજ છે. ત્યાં સુધી તો જીવાત્માજ રહીએ. જ્યારે શરીરાભિમાન, શરીરમોહ, શરીરમાન, અને તેના યાવત્ પદાર્થોની મમતા, કામ ક્રોધાદિ સાથે ત્યાગ કરી શરીરને બાહ્યાંતર પવિત્ર બનાવીએ ત્યારે **ઈશ્વરપદના**–એટલે ચોથા પાદના અધિકારી બનીએ ત્યાં શરીર નથી. એટલે દુર્વાસના, દુર્ગંધી, દુષ્ટતા, દુર્બલતા, નિર્બલતા, કેમજ રહી શકે ? ? આ પાદના **શિવયોગીની** પેઠે પાર્વતી છતાં **યોગી** બની ઇશ્વરપદનું ઐશ્વર્ય ધારણ કરીએ તો આ ઐશ્વર્યના તેજમાં આખું જગત સમાય. એમ તેવા ભક્તોના તેજમાં સમગ્ર જગત સમાય છે. એવા ઇશ્વરપદના સાચા ભક્તરાજ પુરૂષો આ જગતના અનંત જીવોથી દબાતા નથી, તેમના માન મોહમાં તણાતા નથી, પોતે તરે છે અને અન્યને તારે છે. પ્રમાણીક ગણાય છે, દક્ષ ગણાય છે. સાચા બોલા, અક્રોધી, ભક્ત, જ્ઞાની ગણાય છે અને પરમેશ્વરની પણ કૃપાજ થાય છે ત્યારે વિચાર કરો કે સંસાર તરફના મોહ માન કરતાં આ પરમ પદવીનું માન્ય કેટલુંબધું શ્રેષ્ટ છે–તે સાચા ભક્તોજ સમજી શક્યા છે.

વિષયી અને પામર વિચારના સ્ત્રીપુરૂષો આ જગતમાં સેંકડે પોણીસો (૯૯॥) ટકા જેટલા છે. માત્ર પા ટકા જેટલાજ **અધિકારી** મુમુક્ષુ સાચા ભક્તો છે. તેમાં પણ જીવનમુક્ત **પંથે** ચઢવાની આશાવાળા તેના ચોથા ભાગના છે, અને તેના પણ ચોથા ભાગમાં **જીવન્મુક્ત** રસામૃતના અનુભવિ **સંતજનો** છે એમ નિશ્ચય જાણવું હવે પોતાને પ્રભુના ઉપાસક–સંતના સમાગમી–સદ્‌ગુરૂના સેવક, અને મહત્તાધાન્ સાચા ભક્ત માનતા હો તો વિચાર કરો કે વિષયી અને પામર ગણાતા **સ્ત્રીપુરૂષોના** વિચારો કેટલા બધા અધમમાં અધમ છે. અને તેનો વિશ્વાસ કરી તેને સાચા વિચારો માનવા કે–પોતાના કલ્યાણ માર્ગના દાતા સંત પુરૂષના વિચારો સાચા માનવા ?? હવે આ બન્ને વિચારોમાં પોતાનો અનુભવ કેળવવો. કે કોના વિચારો સાચા મનાય છે ?? જ્યાં સુધી પોતે જીવરૂપે તણાઇ વ્યવહારીના વિચારોમાં માન્યતા ધારે તો પોતાને સાચો ભક્ત કેવી રીતે માનવો ?? એમ પોતાની પરીક્ષા પોતેજ કરી પોતાની યોગ્યતા અયોગ્યતા તપાસવી જોઇએ.

ભલે !! **આ અનુભવ મર્યાદા માન્ય કરો અગર ના કરો.** પોતાનો લાભ અલાભ વિચારવાની જરૂર આ માનવ જન્મમાં પોતાને માટેજ છે. આટલી બધી જ્ઞાન જાગૃતિ ભરી લેવાનો અમૃત સમય મળ્યો છતાં, સંસાર મોહમાન વાસના પોતાના સત્ય લાભનો નાશ કરી, પરમતત્વ સદ્‌ગુરૂ દર્શનનો અવિનાશી અભેદ યોગ ટાળે, તો તેમાં બોધ કરનારને કે અન્યને તો કદાપી પણ હાનીકારક નથીજ નથી. ભલે વાંચી વિચાર કરી પછી આ અનુભવને વર્ત્તનમાં ન મુકો તો તેની હાની તેનેજ વેઠવાની છે એમ જાણો. આવા સત્ય

અનુભવનો વિચાર નકરતાં યુવાવસ્થાના કાળમાં વિષયવાસનાના પ્રબળ અંધકારમાં, વાસનાઓના ખરા જોશ સમયમાં, વખતે સાધન-પૂર્ણ સ્થીતી છતાં એકાએક કાળ થાય તો આ નિચ વાસનાના પ્રતાપે હવેનો અવતાર શાસ્ત્ર મર્યાદાપૂર્વક નરનો ટળી જઇ એકદમ ખરનો આવે. તો તેવા અવતારોમાં આ અનુભવીક જ્ઞાન જાણવા ભાગ્યશાળી ગણાશો કે ??

સાચા ભક્તજનોને સમજવું જોઇએ કે--વેદ શાસ્ત્રાનુસાર અનુભવપૂર્વક પરપોટામાં માત્ર પાણીજ છે. પુતળી તે માત્ર કાષ્ઠજ છે. આકારમય અલંકાર માત્ર સુવર્ણજ છે. એમ સર્વ જીવાત્માની સમષ્ટિરૂપ જગત તે માત્ર પરમાત્માજ છે. એટલે દેખાવ માત્રથી પરપોટો–પુતળી, અને આકારમય અલંકાર એ મિથ્યા ભાસ રૂપેજ આ જગત પણ મિથ્યાભાસ છે. એમ જો સાચી રીતે સમજવું હોય તો આ પરમાત્મા સ્વરૂપમાં અન્ય કંઈ ભેળસેળ વસ્તુજ નથી. અવિદ્યાવાન અજ્ઞાની વિષયી પામરો જેને જગત કહે છે તેને મુમુક્ષુ અને મુક્ત સંતો પરમાત્માજ કહે છે. આ સ્વરૂપ અક્ષરાતીત, શબ્દાતીત, માયાતીત, તૂર્યાતીત એવી લક્ષણાએ કહેવાય. એટલે અક્ષરથી કે શબ્દથી વર્ણન નથી. આ ઉપરથી સમજાશે કે અક્ષર કે શબ્દથી વર્ણન થતાં તે મિથ્યા માયાવાચક ભાવજ જાણવો. અક્ષર શબ્દની રચનાથી જે સ્વરૂપ બંધાય તે માયામય કહેવાય છે. તૂર્યાતીત પદમાં ૐકાર પરમાત્મા અશબ્દપદ છે—અને તૂર્યમાં શબ્દાક્ષર રૂપ ૐકારનું વર્ણન થાય છે. માટે તે તૂર્યપદ માયામય છે એ સાબીતજ છે. જેથી અક્ષર અને શબ્દ જ્ઞાન તે માયામયજ કહેવાય છે. ધર્મશાસ્ત્રની મર્યાદાના શબ્દનું જ્ઞાન તે પરમેશ્વર તરફ રહે છે. અને

ધર્મશાસ્ત્રની મર્યાદાથી રહિત મોહમય વિચાર તે જગત તરફ હોય છે. સર્વને પરમાત્મા સ્વરૂપ જાણીને સ્તુતિ વિભાગના શબ્દોના યોગથી યથાર્થતા કહેવાય છે. ત્યારે સર્વને પરમાત્મા સ્વરૂપ ન જોઇ અહંમોહથી, શત્રુ મિત્રભાવ ધારણ કરી, નીંદાવાચક શબ્દો બોલવા અથવા સાંભળવા તે પાપરૂપ વ્યથ જાણવું. જ્ઞાન વિચારના શબ્દોથી માત્ર સ્તુતિ સંભવે છે. ત્યારે અવિદ્યા માયામય અજ્ઞાન જીવદશાના શબ્દોચ્ચારમાં માત્ર નિંદાભેદજ આવે છે. મુમુક્ષુ અને મુક્તજનો સ્તુતિ વિભાગમાં વેદવાણીરૂપ શબ્દો ઊચ્ચારે છે. ત્યારે પામર વિષયી જનો નિંદા વિભાગથી અઘટીત અમર્યાદ શબ્દો ઉચ્ચારે છે. સ્તુતિ વાચક શબ્દો ઊચ્ચ ગતિના છે ત્યારે નિંદાવાચક શબ્દો અધોગતિના છે. એમ એ બંન્ને માયામય છે. તેથી જીવન્મુક્ત સંત પુરૂષો નિંદા સ્તુતિ રહિત પરમાત્મા પરબ્રહ્મ સ્વરૂપ માયાતીતજ છે. એમ યોગ્યતા છે–તેમની સ્તુતિ વિદ્યા માયામય શબ્દોથી ભક્ત પુરૂષોજ કરે છે–ત્યારે તેમની નિંદા તે પણ અવિદ્યા માયામય શબ્દોથી નિંદક કરે છે. સંત જનો તો બંન્નેને માયારૂપ માનીને, બંન્નેની મહત્તા વિચારતા નથી. સ્તુતિ નિંદા કરનાર સ્વભાવસ્થામાં બબડે છે. સાચા ભક્તજનો સંત પરમાત્મા સંબંધે સ્તુતિ વિચાર સાંભળી આનંદ માને તો ભક્તિબળ વધારનાર છે, એમ સંતોષ ધારે તો ઠીકઠીક છે. પણ સંત પરમાત્મા સંબંધે નિંદા વાચક અવિદ્યા માયામય વિચારો સાંભળી ખેદ લાવે તો તે પ્રભુની નીંદા બરાબર છે કારણ પામર વિષયી મનુષ્ય વિના સંત પરમાત્માની નીંદા કોઇપણ કરતુંજ નથી. ત્યારે શબ્દના બંધારણનો અપવાદ વિચાર માની અશબ્દપદના સંતને દોષિત માને એના જેવો બીજો નિચ કોણ ??? ખરા જીવનમુક્ત સંતો

સદાએ નિર્લિપ્તજ છે. કુતરૂં ભસે એ પણ અવિદ્યાવાચક શબ્દ છે. માટે કુતરા જેવા મિથ્યા શબ્દો બોલનાર અશબ્દપદના સંત પરમાત્માને ભાસે છે એમ માનવું. કોઇ એક જીવાત્માની નિંદા તે પણ જ્યારે પરમાત્માની નીંદા બરાબર છે. ત્યારે સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપ જીવન્મુક્ત સંત યોગીની નિંદા તો અવસ્ય પરમાત્માનીજ નિંદા છે. જેથી સંતની નિંદા કરનાર મહાપાપી છે એમ જાણો. અવિદ્યા માયામય શબ્દોનું સાચાપણું માનનાર મુરખોજ જાણવો. કેમકે શાસ્ત્ર રહિત વિચાર છે. સંત જીવન્મુક્ત પુરૂષની નિંદાના શબ્દો સાંભળી ભક્તજનોએ કદાપી પણ અભાવ કરવો નહિં. અશબ્દ પદને નિંદા શબ્દો વળગતા નથી. પાણીને મેલ ચોંટતોજ નથી. એમ સત્યજ જાણવું જોઈએ.

અજ્ઞાતા અવિચારી જનો જગત કહે છે. તે બાહ્ય શરીર દષ્ટિના પ્રમાણુનો બાહ્ય દેખાવ છે. સાચી રીતે ગાંગડો દેખાતો છતાં તે સાકર મૂળ સ્વરૂપ છે. એમાં કંઈ શંકા નથી. એમ જગતરૂપ દેખાતાં છતાં તે સારી રીતે પરમાત્માજ છે. જ્યાં સુધી શરીરની સત્યતા અને તેનો પ્રારબ્ધ કર્મ સંસ્કાર યોગનો ભોગાયતન પ્રભાવ, હૃદયમાં મીથ્યા રૂપ ન ભાસે અને તે શરીરદષ્ટિના વિચારો હૃદયમાંથી (બુદ્ધિમાંથી) બંધ ન થાય ત્યાં સુધી તે જીવજ બન્યો રહ્યો છે એમ જાણો. સાચી રીતે આ જીવજ પરબ્રહ્મ પરમાત્મા તૂર્યાતીત ગણેશ સ્વરૂપ ૐકાર સ્વરૂપજ છે. પણ દેહ દષ્ટિનો સંસર્ગ દોષ જીવાત્માની બુદ્ધિમાં લાગે ત્યાં સુધી જીવદશાજ સમજવી જોઇએ. બુદ્ધિમાં દોષ દેખાડનાર અહંઉત્થાન વિકલ્પનો સંસર્ગજ છે. સત્ય રીતે તો અગ્નિને ઉધેઇ લાગતી નથી, સોનું ! વર્ષ પૃથ્વીમાં દટાય

તો પણ તેને ડાઘ લાગતો નથી. તેમ પરમાત્માને બંધન રૂપ દેહનો યોગ થતોજ નથી. ત્યારે બુદ્ધિમાં રહેલો અહંમમત મોહ અને તેનાં કાર્યો પરમાત્મા ચેતનનો સંબંધ માને તો તે પોતાના અહં વિકલ્પયોગે તે પરમાત્માજ જીવ કહેવાય છે. અને તે પછી દેહ મોહને લીધે, અહંમમતને લીધે, કામ ક્રોધાદિક વૃત્તિઓને લીધે, તેમાં લપટાઇને પોતાને સુખી દુઃખી માને છે. એજ દોષ જે જીવાત્માની બુદ્ધિમાં અહંમમતને લીધે ભરાય છે તે દોષ બુદ્ધિમાં ન રહે—અને પોતાના જીવાત્માના બંધન ભાવથી રહિત થઇને પોતાને પરમાત્મા રૂપ જાણવાના સાચા પ્રયત્નથી, કર્મ, જ્ઞાન અને ભક્તિની ધર્મશાસ્ત્ર શરીર મર્યાદા સેવી તેવા પરમ તત્વને સમજેલા જીવન્મુક્ત સંતના સમાગમમાં રહી તેમની પાસેથી તે વાત જાણી, તે પ્રમાણે પોતાનું વર્ત્તન રાખવા શીખી, નિત્ય અનુભવમાં મુકે તો ઘણા દીવસે તે સ્વાનુભવિક વૃત્તિઓ થતાં તે રૂપમાં રૂપે મળી જાય છે. આવી રીતની મર્યાદાએ વર્ત્તન ચલાવતાં પછી દેહ વિગેરે અહંમમતની દુર્ગંધી સરખી પણ ન રહે ત્યારેજ તે પૂર્ણપણાને પામે છે. એને વિષે એક દાખલો છે કે—

એક ઊડતા **ભમરા**ની જાતનો ભમરો જેને લોક ગેંગો કહે છે. તે એક સમયે પોતાનો ચાલતો ધંધો જે છાણ વિષ્ટામાંથી **ગોળીઓ** બનાવવાનો અને તેજ ખાવાનો છે તે કરતો હતો તેને ઊડતા ભમરાએ એવી રીતે વિષ્ટામાંથી ગોળીઓ બનાવતાં જોયો. ઊડતો ભમરો મહાન્ વિચારમાં પડયો કે આ ભ્રમર મારા જેવોજ દેખાય છે. એટલે મારી જાતનો હોવોજ જોઇએ. પણ આ અમારી પેઠે ઊડતાં અને કમલનો પરાગ ન ખાતાં આ વિષ્ટામાં શું કામ કરતો

હશે ?? તે તપાસ કરવાની ઇચ્છાથી તે પૃથ્વી ઉપર ઊતર્યો. પાસે આવ્યો. અને કહેવા લાગ્યો કે—ભાઇ !! તમો આ શું કામ કરો છો ?? તે ગેંગો બોલ્યો. આવો !! ભાઈ આવો !!! અમો અમારી **પેઢીઓથી** ઉદ્યમીજ છીએ. જો ઉદ્યમ કરીએ નહિં તો મોટા કુટુંબનાં **બાલબચ્ચાં** શું ખાય ?? વળી અમો આ **વિષ્ટા છાણમાંથી** બનાવેલી ગોળીઓને દર વર્ષના ખર્ચ કરતાં વધારે વધારે બનાવી **દુષ્કાળ** સમયે બાળબચ્ચાં ભુખે ન મરે તેથી તેનો સંગ્રહ પણ કરી રાખીએ છીએ. ભાઇ !! અમો કદાપી નવરાશ લેઇ બેસી રહેતા નથી. વિગેરે અનેક પ્રકારે પોતાની હકીકત જણાવી રાજી બની, પોતાના આવેલા અતીથીને પોતાના ઘરમાં સંઘરી રાખેલો માલ બતાવવાની ઇચ્છા કરી. પોતાના ભોંયમાં બનાવેલા વિવરમાં લઈ ગયો. પેસતાંજ પેલા ઊડગણુ ભમરાને દુર્ગંધી આવી અને ગુંગળાયો તો ખરો. પણ પહેલા માળે પાંચપચાસ ગોળી હતી તે બતાવી. બીજા માળે પણ તેમ બતાવી. પછી છેક ઊંડે ત્રીજે માળે પોતાનાં બચ્ચાંને રહેવાની જગા અને ત્યાં રાખેલો તાજો માલ કે જે તાજો દુર્ગંધીમયજ હતો. તે બતાવ્યો. ગેંગો બહુ ખુશીથી કહેવા લાગ્યો કે આપ આ માલમાંથી પ્રસાદ લઇ અમને કૃતાર્થ કરશો. અને એક રાત્રી અમારે ત્યાં આ સ્થાને નિવાસ કરી અમારૂં **આત્તીથ્ય** સ્વિકારશો. એવી વિનતી કરી. પેલા ઊડગણુ ભમરાએ વિચાર્યું કે—આ દુર્ગંધીમાં મારાથી કેમજ રહેવાશે ?? અને આ **વિષ્ટાનો** ખોરાક મારાથી કેમ જ ખવાય ?? તેથી વિવેકથી કહ્યું કે ભાઇ આજ અમારે **ઉપવાસ** છે. તેથી અમો ફળાહાર વિના કાંઇ ખાસ ખાતા નથી. માટે આજ માફ કરો. બીજી વખત તમારે ત્યાં રાત્રી રહીશું અને ખાઇશું.

બહુજ બળાત્કારે પેલા **વિવરમાંથી** બાહાર આવ્યો. અને જેમ શબમાં જીવ આવ્યો હોય તેમ બાહાર આવતાં નવજીવન પ્રાપ્ત થઈ બોલ્યો ભાઈ ! ! આજ તમોએ પોતાની તમામ હકીકત અને તમારા કુટુંબથી મને વાકેફ કર્યો તેટલો વખત તમારો રોકાયો છે. તેને માટે આપનો ઉપકાર માનું છું. અને એક વખત અમારે ત્યાં પધારશો. એમ કહી વિનયવાણીથી રજા માગી નીકળ્યો. રસ્તે ઉડતાં વિચાર કરવા લાગ્યો કે આ ગેંગો જાતનો તો **ભમરોજ** છે. પણ વિષ્ટાની ગોળીઓ કરવા લાગી જતાં તેમાંજ રચીપચી ગયો છે. માટે આપણા બંધુને ગમે તેમ કષ્ટ વેઠીને પણ આ દુર્ગંધી ભરેલા ધંધામાંથી મુક્ત કરી એને વિષ્ટાની ગંધ અને કર્મના ત્યાગ સાથે પોતાના ઊડગણ સ્વભાવથી જાગૃત કરી પછી પરાગરૂપી અમૃતના રસાસ્વાદથી આલ્હાદ બનાવવોજ જોઇએ. આપણને ચ્હાયે તેમ કષ્ટ થાય પણ આ **પરમાર્થ** કાર્ય તો કરવુંજ જોઇએ. એવા દૃઢ નિશ્ચયથી તેણે એક દિવસ પોતાને ત્યાં પેલા ગેંગાને તેડી લાવવાનું આમંત્રણ કીધું. તેડવા ગયો. કામ ઉપરથી ઊડતાં ઊડતાં વિચાર કરે છે કે બે દીવસ નકામા જશે. બેસી રહેવું કોને ગમે ? ? પણ ચાલો. હવે ગયા વિના છુટકો નથી. મહા બળાત્કારે ન ચાલતાં જવાને ઊડતાં વિચાર કર્યો કે જંગલમાં તેને ઘેર પહોચતાં વાર થાય. અગર ખાવાનું આપણા ઘર જેવું બરાબર ન મળી શકે તો થોડો ઘણો **પદાર્થ** સાથે રાખવો એવા વિચારે પોતાના ઘરની જુની બે વર્ષની ગોળીઓ જે **વિષ્ટાની** હતી તેને ભાગીને તેની રજ પોતાની પાંખ વિગેરેમાં ભરી લીધી, અને બંન્ને સાથે ચાલ્યા. ઊડતાં ઊડતાં બે ત્રણ મૈલ નીકળી ગયા પછી પેલો ગેંગો પુછવા લાગ્યો કે હવે

તમારૂં મકાન કેટલે દુર છે ?? ઊડવાની ટેવ બંધ પડી જવાથી પુનઃ ઊડતાં પ્રથમ પરિશ્રમ વડેતો પડે છે. તેમ આ ગેંગાને થવાથી પ્રશ્ન કીધો. તેનો પ્રતિઊત્તર દેતાં ઊડગણ ભ્રમર બોલ્યો ભાઇ !! હવે ઘણુંજ નજીક છે, એમ કરતાં થોડીવારે એક મહાન્ પાણીથી ભરપુર તલાવ આવ્યું. તેમાં હજારો કમળ ખીલી રહ્યાં હતાં. તે જોઈ પેલો ગેંગો બોલ્યો. આ બધું શું છે ??

જવાબ—આ અમારાં ઘરો છે, અને તેમાં અમો રહીએ છીએ.

પ્રશ્ન—પાણીમાં તમો રહો છો તેથી ડુબી જવાનો તમને ભય લાગે છે કે ??

જવાબ—આપણે ઊડગણોને પાણીનો ભય લાગેજ નહિં.

પ્રશ્ન—ઘરતો જણાતાં નથી ??

જવાબ—આ કમળ છે તેજ અમારાં ઘરો છે.

આતે કેમ રહેવાશે—રાત્રીએ પાણીના મધ્યમાં ઊંઘાય કેમ ?? ખાવાનું પણ શુંજ હશે ?? અરે ! આ ક્યાં મારા ભોગ લાગ્યા કે આની સાથે આવ્યો. વિગેરે અનંત વિચારો આ ગેંગાને થયા એમ કરતાં પાણીના મધ્યમાં એક મહાન્ કમળના ઉપર તેને બેસવાનું કહી પોતે તે કમળ ઉપર બેઠો. એટલે ગેંગો પણ બેઠો. થોડીવાર થાક ખાધા પછી ઊડગણ કહેવા લાગ્યો. આ અમારા ઘરની અગાસીમાં અમો ઘણો વખત રહીએ છીએ અમારે માટે પ્રભુએ આ કમળરૂપી ઘરમાં પરાગરૂપી **અમૃતઆહાર** ભરી આપેલો છે તે બેઠા બેઠા ખાઇએ છીએ. અમારે **પરિશ્રમ** મહેનત કરવી પડતી નથી. અત્રે કેવો સુગંધમય પવન આવે છે—આવો આનંદ તમને કોઇપણ જગાએ

લાગશે નહિં. પણ જેના પાંખના રૂંવરૂવાંમાં **વિષ્ટાના** રજકણો ભરાઇ રહેલાં છે તેથી **કમલો** અને **પરાગની** સુગંધી જેને કદાપી સ્પર્શ પણ કરતી નથી. એવો આ ગેંગો તો થોડા વખતમાં કંટાળી ગયો કે આતે શું ? ? પાણીની ઠંડકમાં આતો **મરીજ** જવાય. આતો આત્મશ્લાઘા કરી પોતાના ઠામને વખાણે છે, પણ આવા ઊંવાડા કરતાં પૃથ્વીના વિવરમા **તાપ** ટાઢ કે વરસાદ કદાપી ન લાગે એવું **સ્થાન** કેટલું સારૂં છે તે આ સમજી શકયોજ નથી. એમ હૃદયથી તીરસ્કારજ ધારતો હતો એટલામાં ઊડગણ ભમરાએ પોતાની અગાસીમાંથી નીચેના માળમાં પાંદડા ઉપર આવવા જણાવ્યું. પોતે પાન ઉપર બેઠો એટલે ગેંગો પણ આવ્યો: તેતો બ્હીકને લીધે પાનના કીનારે તો આવતોજ નથી તેથી ઊડગણ કહેવા લાગ્યો કે આ કિનારા ઉપર આવી મીઠા પાણીનો આનંદ લ્યો. પણ **બ્હીકને** લીધે મહા બળાત્કારે આવતાં આવતાં ડરતો હતો છતાં આવ્યો. ઊડગણે બરાબર યુક્તિથી વિચાર કરીજ રાખ્યો હતો કે જ્યાં સુધી એના **રોમરોમાંચમાં** પ્રવેશેલાં **વિષ્ટા દુર્ગંધીનાં** રજકણો નિકળી ન જાય ત્યાં સુધી આ **સુગંધીનો** આનંદ તેને આવશે નહિં તેથી આ રજકણો ધોવાને માટેજ યુક્તિથી પાસે બેસી પાંખની એવી રીતે ઝડપ મારી કે તે ઝડપથી પેલો ગેંગો તુરત **પાણીમાં** પડી ગયો. એટલે પાણીમાં ડુબતાં પેલા **વિષ્ટાનાં** રજકણો ધોવાઇ ગયાં અને સાફ થઈ પાન ઉપર આવી બેઠો એટલામાં પેલો ઉડગણ ભમરો આવી વિનંતી કરવા લાગ્યો કે **ક્ષમા કરજો** તમને ઝડપ વાગી છે. માફ કરજો—હવે પેલી **દુર્ગંધી** ધોવાઈ જવાથી પવનના સપાટે સુગંધી આવી તેથી ગેંગો પુછે છે—કે આ સુગંધી ક્યાંથી આવે છે ??

તેણે જવાબ દીધો, આ કમલમાંથી.—ગેંગો વિચાર કરે છે કે ખાવાનું લાવ્યો હતો તેનો પાણીમાં ધોવાઈ ગયું. હવે શું ખાશું ? ? તે વિચારમાં ગેંગો પુછે છે કે ભાઇ ત્યારે તમો ખાવાનું ક્યાં રાખો છો. પછી પેલા પરાગમાં લઈ જઇને તેને બેસાડી. ખાવા કીધું. તે પરાગ ખાતાં પેલા ગેંગાને એવું મિષ્ટ રસયુક્ત **પરાગ** લાગ્યું કે આવું તમો રોજ ખાઓ છો ? ? તે કહેવા લાગ્યો કે, અમારા માટે પ્રભુએ ભરીજ રાખ્યું છે—તેથી ખુસી થયો. એટલામાં સુંદર પવન આવવાથી ખાવાનું મીષ્ટ અને સુગંધીનો અપાર યોગ જાણી ગેંગો કહે છે કે ભાઇ તમો તો ખરા ભાગ્યશાળીજ છો. આવું રોજ સુખ આનંદ અને તૃપ્તિ જો મને મળે તો હું તો કદાપી જાઉં નહિં. અજ્યો અમારો વિષ્ટાનો ધંધો હવે મને ત્યાં જવાને ઇચ્છા પણ થતી નથી. એવી **દુર્ગંધીમાં** બહુ કાળ કાઢયો છે. ભાઈ તમારા ઉપકારનો બદલો મારાથી વાળી અપાય તેમ નથી પણ જો મારા ઉપરની કૃપાથી મને રહેવા દો તો હવે મારે જવાનો વિચાર નથી. ઉડગણે કહ્યું ભાઇ ! ! ખુશીથી આ બધાં કમળો તમારેજ રહેવા માટે છે. ખુસીથી રહો. પેલા ગેંગાએ ઘણાજ ઉપકાર સાથે—રહી પોતાની જીંદગાની ત્યાંજ પુરી કરવાનો નિશ્ચય કીધો અને તેની સાથે પરમાત્મા કે જેમણે મને **નિચકર્મો** છોડાવવાને માટે ઉડગણને પ્રેરણા કરી તેમનું **સ્મર્ણ** હવે કદાપી ન ભુલું એવા નિશ્ચયથી ઉડગણ સાથે ગેંગો પોતાના ગેંગા રૂપનું કર્મ છોડી ભ્રમર રૂપથી રહેવા લાગ્યો. હવે તે કદાપિ વિષ્ટા તરફ ગયોજ નહિં. એક સમયે પેલો ગેંગો ભમરો **પરાગ** ખાવાની ધુનમાં અને સુગંધીમાં મસ્ત બનેલો એક પાકા કમલમાં બેઠો તે બેઠો. **સાયંકાળ** થઈ ગઈ. કમળો મુંદ થઇ ગયાં અને

ભમરો (ગેંગો) તે કમળમાં સીડાઇ ગયો. આનંદમાં કમલરૂપ બની રહ્યો. પ્રાતઃકાળમાં એક **બ્રાહ્મણ** વહેલો ઉઠી સ્નાન કરી તે ભમરાવાળું કમળ તોડી લાવી શંકરની પૂજા કરી ચઢાવ્યું. એમ તે ગેંગો પોતાના ગેંગાના ધંધાના ત્યાગથી ભમરો બનતાં અને કમલમાં રહેતાં **સદાશિવના** માથે ચઢવા ભાગ્યશાળી બન્યો. એવી રીતે જે જીવાત્મા પોતાના અહં મમતરૂપ શરીર **દુર્ગંધી** મળના વ્યવહારનો ત્યાગ કરી **જીવન્મુક્ત** સંતના સમાગમમાં શુદ્ધ તત્વ વ્યવહારરૂપી કમળમાં નિવાસ કરતાં શીખે. અને હૃદયમાં ભરાયેલા **મળનો** પણ ત્યાગ કરે અને પુનઃ તે માર્ગે ન જવા નિશ્ચય કરી **કમલમાં** વસે તો પરમાત્માની કૃપાથી કદાપી **તુર્યપાદના** માથા ઉપર એટલે **તુર્યાતીત જીવન્મુક્ત સ્થીતીને** પામે છે એજ નિશ્ચય છે અને આવી રીતે પોતાનું સ્વરૂપ સમજે છે તેજ ખરો મર્દ છે. અસ્તુ.

આગળ જણાવી ગયા પ્રમાણે ચારપાદ પર્યંત **બુદ્ધિ**–ચારપાદ પર્યંત **અહં**–ચારપાદ પર્યંત માયાવિકાર જગતનું **સાક્ષત્વ**–વિગેરે સિદ્ધ કરી સમજાવેલું છે અને પાંચમા પાદમાં પરબ્રહ્મ પરમાત્મા **સદ્‌ગુરૂ** શિવાય અન્ય કંઇપણ નહીં. સ્વસ્વરૂપ જ્યોતિના **સ્વ**પણા શિવાય કંઇ જણાય નહિં. જોવાય નહી અનુભવાય પણ નહિં. સ્વતઃ સિદ્ધ સદ્‌ગુરૂ પ્રભુ છેજ છે ને છેજ. તે જગોએ પોતે **બ્રહ્માણસ્પતિ** સ્વરૂપેજ સ્થિર છે–શાન્ત છે–મુક્ત છે. અર્થાત્ વિના પરિશ્રમેજ ત્યાં અહંમમત કે મોહનો ત્યાગ કરવાની જરૂર પણ નથી અર્થાત્ જ્યાં શરીરજ નથી ત્યાં તે બધાં કેમજ હોય ? ? હોય તો ત્યાગ કરવાની જરૂર પણ ધારીયે. પણ તેમ નથીજ નથી. આમ **પંચમપાદ** કેવળ માત્ર **સ્વપદ** પ્રમાણ છે. ચારપાદ પર્યંત માયાના અહંકાર **મમત**

મોહનો ત્યાગ કરવાનાં દષ્ટાંતો **પુરાણોમાં** પ્રસિદ્ધજ છે. અને ભલે તે તે પાદમાંથી પસાર થનાર ભક્તોએ પોતાના શરીરનું ગમે તેમ થાઓ. **શરીર જાઓ કે રહો, ભલે કષ્ટ પડો કે સુખ મળો. ભલે સારા ગણાઓ કે બુરા ગણાઓ.** પણ પ્રભુના તે તે પાદનું ભાન ભક્તોએ વિચાર્યું નથીજ નથી. દુઃખ દેનારને શત્રુ રૂપે જોયાજ નથી. દુઃખનો વિચાર હૃદયમાં લાવ્યાજ નથી, બાલબચ્ચાં ધન દોલત સ્ત્રી બંધુ સહોદરને પ્રભુ સ્વરૂપથી સેવી, તેમના તરફ અહંતા ધારી મોહ રાખ્યો પણ નથી રાજ્ય લોભ, માનપ્રવૃત્તિ, દાનકીર્તિ, વિગેરેનું **અહંત્વ** કદાપી પણ સંગ્રહ્યું નથી. એવી **અમૃત** વૃત્તિએ પોતાનું પણ કલ્યાણ કીધું છે. અને પોતાની સાત પેઢીનું પણ કલ્યાણ કીધું છે, અને પોતાના સહવાસમાં આવનારાઓનું પણ કલ્યાણ કીધું છે. પૂર્ણ બ્રહ્મ સ્વરૂપની ચારપાદની ઉપાસનામાં તલ્લીન રહેનારા સાચા ભક્તોમાં કોઇને **બાપે**, તો કોઇને **માએ**, તો કોઇને **બંધુએ**, તો કોઇને **પ્રભુની** પરીક્ષામાં પાસ કરવા યોગ્ય તપાસી **પરીક્ષાઓ** લીધી છે. અને અનેક તરેહનાં કષ્ટો સહન કર્યા પણ શરીરના અહં તરફ કદાપી જોયું નથી. અને પોતાનો પ્રભુ પ્રત્યેનો સાચો પ્રેમ કદાપી વિસાર્યો નથી. અને કદાપી પ્રભુભક્તિ માર્ગે ક્ષણ પણ પ્રભુને ભુલ્યા નથી. ધન્ય છે એવા **વીર ભક્તોને !!!** કે જેઓનાં નામ અત્યાર સુધી ભક્તોના હૃદય રૂપી દફતરમાં વારંવાર નીકળે છે. તેમનાં નામોનાં સ્મર્ણ થાય છે. તેમ પંચમપાદ પૂર્ણબ્રહ્મ કે વળી પરમાત્મા સદ્‌ગુરૂની **પ્રેમભક્તિ** કરતાં **સિદ્ધિઓના** અંતરીક્ષ યોગો તે માર્ગે જનારને લલચાવવાને પણ આવ્યા વિના રહ્યા નથી. ચારપાદ પર્યંતતો અહંકાર મોહના છળકપટથી ભરપુર ક્ષુલ્લક **સિદ્ધિઓ**

અગર નાના પ્રમાણુવાળી **સિદ્ધિઓ** વિઘ્ન કરવા ચુકતી નથી સિદ્ધિઓના મોહથી છેતરાય નહિ. સિદ્ધિઓના ભોગમાં ફસાય નહિં. તો તે ઉચ્ચતર પાદ સ્હેજે પ્રાપ્ત કરી શકે. તેમ છેલ્લામાં છેલ્લા પંચમપાદરૂપ **બ્રહ્મભૂય** મુક્તિના જીવન્મુક્ત પાદમાં સિદ્ધિઓના મોહમાં લલચાય નહિં તો સ્વતઃ સિદ્ધતા **હસ્તામલકવતજ** જાણો. એવાં અનેક વિઘ્નો રૂપી કષ્ટો આવે તોપણ સાચા ભક્તો પ્રભુ પ્રત્યેની સેવા બુદ્ધિના પ્રેમથી કદાપી પાછા હઠયા નથી અને હઠતા પણ નથી. અને સદ્‌ગુરૂ આજ્ઞારૂપ **સ્વકલ્યાણ** માર્ગ કદાપી વિસર્યા નથી. દરેક દરેક પાદમાં જે **મોહો** છે તે **અષ્ટસિદ્ધિઓના** અને તેના અંશાંશરૂપે છે. અને તે મોહો ઉચ્ચ ઉચ્ચ પાદે જનારને વિઘ્ન કરતા જણાય, પણ જો તે તે પાદમાં રહી ત્યાંની **સિદ્ધિના** મોહમાં લપટાય અને તેજ ભોગોમાં સપડાઇ પડે તો તે પુરૂષ તે પાદથી અટકી આગળ વધતો નથી, અને ત્યાંથીજ **પતીત** થાય છે. પછી અન્ય અવતારે ચઢે કે પડે. તે વિચાર કરતાં જણાય છે કે ફરી પણ **જાગૃતી** રાખે તો આગળ વધે. નહીં તો પડવાનું તો સ્હેજજ સમજવું. પૂર્ણ બ્રહ્મ પરમાત્માના પંચમપાદ પર્યંત અવશેષ રહેતા પાદપાદના યોગો સંભાળવાજ પડવાના. ગફલત ન ખાય તો **ગુરૂ-કૃપાથી** અને **પ્રેમભક્તિ**થી પૂર્ણ સ્વરૂપને પામે. એમાં પણ શંકા નથી. પ્રભુ કૃપાથી સિદ્ધિઓના ભોગોમાં ફસાય નહિં. તેમાં અહંવૃત્તિ મોહવૃત્તિ થાય નહિ. તો પ્રભુ કૃપાથી. અનેક સુખો અનેક આનંદો ચીરાયુ પ્રાપ્તજ છે. મહત્ પુરૂષોએ પ્રભુના સાકાર અને નિરાકાર અભેદ સ્વરૂપમાં જુદા જુદા કર્મફળ રૂપે ભેદ પ્રસિદ્ધ કરેલા છે. પુત્ર, ધન, સ્ત્રી, માન, પ્રતિષ્ઠા. અધિકાર, સુખ, યશ વિગેરેની ઇચ્છા ધા-

રણુ કરી તેની પ્રાપ્તિને માટે પ્રભુના ગમે તે પાદને સેવવા. તે **સકામ કર્મ ભક્તિ** કહેવાય છે. જે કષ્ટ છે તે અખંડ સુખના હેતુરૂપ છે. અને કષ્ટ વિના પ્રપંચ કાવતરાં, વિશ્વાસઘાત, દંભપાખંડ, છળકપટ, અને નિર્દયતા, અક્ષમા આદી અવિદ્યાના અનેક તરંગોથી જે સુખની ઇચ્છા થાય ને સુખ દેખાય. પણુ તે સુખ ક્ષણીક છે. કદાપી એવી સકામ ઇચ્છાએ પુત્ર પૌત્રાદી ધનાદી પદાર્થો પ્રાપ્ત થાય. તોપણુ તે પ્રભુ કૃપા પ્રાપ્ત કર્યા વિનાનાં હોવાથી ને જલદીથી ક્ષય જનારાં છે. અને જ્ઞાન ભક્તિના બળથી, સત્ય બોલવાથી, સારી રીતે પ્રમાણીકતાથી, દગા ફટકા વિના, અહંમમત રહિત બુદ્ધિએ, જે ફળ આવે તે પેઢીઓની પેઢીઓ પર્યંત પહોંચે છે. અને વંશની વૃદ્ધિ સાથે કાયમજ દર્શનરૂપ છે. એવો **પ્રભુનો મહિમા** છે. કોઇપણુ વસ્તુ પ્રભુ પાસે ઇચ્છા કરીને વાસનાપૂર્વક માગીએ તે પહેલાં સમજવું ઘટે છે કે પ્રભુ તો **અંતરયામી** સર્વ વ્યાપક, સર્વના સાક્ષીરૂપ અને સાક્ષાત પતિરૂપ–અનાથના નાથ–દયાના સાગર રૂપ, વિવેકના ભંડાર રૂપ છે. તે તમોને શું જોઇએ. અને તમારી સત્યતાને ખાતર તમને સાચા પ્રેમથી, સાચી દયાથી, અને તમારી સાચી વર્ત્તણુંકથી તમને શું આપવા ઘટે છે તે જાણુવાને સમર્થ છે. જાણે છે. માટે તમો માગણી નહીં કરો. અને માગણી રૂપી બળાત્કારે માગી લેવાની ઇચ્છા નહીં બતાવો તોપણુ તમારી સાચી પ્રેમભક્તિની સાર્વભૌમ દષ્ટિથી તે પોતાની આપેજ તમોને બક્ષનારજ છે, ત્યારે તમારે માગવાનું શું કારણુ છે?‌! તમો શામાટે માગો છે. તે કંઈ સમજાતું નથી. તમો અહંમમત ભરેલી મોહની ઇચ્છાથી શામાટે માગણી કરો છે?? નિષ્કામજ વૃત્તિ રાખી પ્રભુ સેવા કર્યાજ જાઓ. અને વિનંતી કરો

કે તારા ભક્તને શું જોઇએ છીએ તે તું જાણે છે. માટે તારી ઈચ્છામાં આવે તે પ્રભુ તુંજ આપવા સમર્થ છે એથી પણ વધારે આપવા તું સમર્થજ છે. એમ શામાટે ન વિચારવું જોઇએ !!!

રાજા કે પ્રજા પણ પરમાત્માની હજુરમાં તો સરખાજ છે. બ્રાહ્મણ હો કે ચન્ડાળ હો પણ પરમેશ્વરની હજુરમાં તો ન્યાય બરાબરજ થવાનો છે. પુણ્ય, પરમાર્થ બુદ્ધિ, ઊદારતા, સત્યતા, ન્યાય, નીતી, સદાચરણ, દયા, ક્ષમા, પ્રમાણીકતા, આદી **શુભ વૃત્તિથી** ચાલનારને તેવાંજ ફળ મળનાર છે. અને પાપ બુદ્ધિ, નિચ વાસના, કૃપણુતા, જુઠ, અન્યાય, અનીતી, દગા પ્રપંચ, દંભ વિશ્વાસઘાત અહંમમત મોહ ક્રોધ મદ મચ્છર આદીથી સુખ મેળવવા ઇચ્છતા હોય તો પણ કર્મ પ્રમાણે ફળ મળનાર છે. સુખ દુઃખ સમજાય છે તે દેહદર્શિ સ્વભાવ રૂપે કર્મનાંજ ફળ છે. દ્રોહ, ઇર્ષા, કુસંપ અને જેવા જેવા રૂપે કર્મ કરે તેવાં તેવાં ફળ મળનાર છે. દેહના સંસાર વ્યવહાર (દેહ પુત્રાધન આદી ભાવો) તરફ જે અહંમમત સાથેનો મોહ છે તેજ પોતાના આત્માની નિર્બલતા બતાવનાર છે. સંસાર મોહને ખાતર આત્મા તરફના નિર્બલ બાયલા બનેલા પુરૂષો સત્ય બોલતાં, ધર્મ પાલતાં, જ્ઞાન મેળવતાં, ભક્તિ કરતાં, સંતસમાગમ સેવતાં, સ્વદેશ સેવામાં આત્મભોગ આપતાં ડરે છે. અને સંસાર તરફના માન અપમાનનો મોહ રાખે છે. માન મેળવવાને અભિલાષા રાખે છે. **અપમાન** પામતાં બેહોસ, ઊદાસીન, ગ્લાનીથી ભરેલા દીલગીર થઇ જાય છે. એવી રીતે આત્માની સત્યતા મોહને ખાતર ડુબાવે છે. પ્રપંચ કાર્ય કુશળ પુરૂષો પોતાના જેવાને યોગ્ય રીતે માન આપે છે. પણ તે માન પ્રપંચના ફળરૂપ હોવાથી પ્રપંચ રૂપે

સુખ દેખાડે છે. પણ સત્ય ધર્મ મર્યાદાથી અને **આત્માની** મહત્તા બળ વિચારી પ્રભુની સર્વાત્મતાના પ્રેમથી જે માન મેળવાય છે. તેનું ફળ શ્રેષ્ટજ છે.

સાચા **ભક્ત જનોની** રીતે પ્રભુને અર્પણ કરવાનો **શાસ્ત્રમાં** જે બ્રહ્માર્પણ શબ્દ વાપરેલો છે. તે ઉત્તમ **પ્રેમ ભક્તિનુંજ** આદર્શ છે. અને તેજ આદર્શથી પ્રાચીન ઋષી મુનીઓ અને **આશ્રમ ધર્મિઓ** પોતાનો આત્મા અને શરીરઆદી સર્વાર્પણ કરી સમજી પરમપદને પામ્યા છે. શ્રીમત્ જગદ્ગુરૂ શંકરાવતાર આદી શંકરાચાર્ય મહારાજ સરખા પણ ભક્તિને સર્વોત્તમ માને છે. સ્વસ્વરૂપાનુસંધાન રૂપ એટલે સ્વસ્વરૂપમાં અભેદ ભાવે અસ્ખલીત પ્રેમપ્રવાહરૂપ સ્થિર કરનાર તે ભક્તિ છે. તેને યથાર્થ પ્રેમ રસબસ એકાત્મત્તાએ અનુભવવી; એ **પરમાત્માની** કૃપાનુંજ પરીણામ છે. તેની ઊત્કૃષ્ટ સમજણ એવી રીતે સમજવી ઘટીત છે કે આ પોતાના શરીરને લઇને યાવત્ બ્રહ્માંડમાંની અનેકાનેક વસ્તુ પદાર્થો તે પ્રભુજીએજ રચીને પોતાની લીલા વિસ્તૃત સ્વભાવથી તેનો પોતાને માટે અવર્ણનીય **બગીચો** બનાવ્યો છે. તે રચનાર પ્રભુ સર્વ જીવાત્માનો માલીક જાણવો. તે માલીકની રચનાની વસ્તુઓનો માલીક તેજ પોતે હોવાથી તેનેજ માટે તેનેજ અર્પણ કરી. પછી માલીકની પ્રસાદી રૂપે જીવાત્માએ અંગીકાર કરવી જોઇએ. આ **પ્રેમભક્તિનું** સ્વરૂપ **નિર્દોષ** અભિમાન રહીત, મમત્વ રહિત, મોહ રહિત, કર્ત્તાપણા રહિત, પ્રભુના મહત્વના, માલીકપણાના પ્રેમને યાદ કરી પોતાના પ્રસાદ એટલે કૃપારૂપમાં અંગીકાર કરી **તદરૂપાકાર** રૂપે રહેવાનું છે. **બગીચાનાં** પુષ્પો પ્રથમ પ્રભુને ધરાવવાં પછી પ્રસાદ તરીકે ગ્રહણ કરવાથી અહંમમ

દોષ લાગતો નથી. મારા માટે અમુક ખાવાનું કરો—મારા માટે લાવ્યો—આ વસ્તુ મારી છે—મારો પુત્ર છે—મારી સ્ત્રી છે—વા મારા માટે લાવો—એવો અંધતમ ખ્યાલ ભક્ત જનોના હૃદયમાં સ્વપ્ને પણ આવવો ઘટીત નથી. ઇષ્ટ **પ્રભુને** માટે અમુક કરો. અમુક લાવો એવો વાણીપ્રસાદ પ્રભુ તરફથી પ્રેમપૂર્વક જીવાત્માના હૃદયમાં સદાએ વ્યાપ્ત રહેવો જોઇએ. પછી તે પ્રભુ મૂર્તિ કે પ્રભુરૂપ સંતને ધરાવી પોતે અંગીકાર કરે તો તે જીવાત્મા દોષીત થતો નથી. સાચી રીતે પુત્રાદિ તમામ જીવો પ્રભુની રચનામાં અને **પ્રભુની માલીકી** (પતિપણા) નીચે ઉદ્ભવને પામેલા છે. જેથી તે સર્વનો માલીક તે પ્રભુજ છે. છતાં મીથ્યાભિમાનથી મારો પુત્ર આદી કહીએ તો તે સમયે **નિરર્થક** ઠરે છે. જ્યારે માંદગી આવે ત્યારે તો ભયને લીધે બોલાય છે કે પ્રભુનો માલ છે તે પ્રભુજ સાચવશે. અને સાચવનાર ધણી સમર્થ છે. અને તે વાત પણ ખરીજ છે કે અનેક દવા ઉપચાર કરતાં પણ માલીક તરફના અધિકારી મૃત્યુ તેમને પોતાને વશ કરે છે તો મારા-પણાની ખરી સત્તા આપણી ઠરતી નથી. કેમકે આપણે બચાવવાને કોઈ રીતે શક્તિમાન નથી. ત્યારે જેની **સત્તામાં** અને જેની **માલીકીનો** સવાલ છે. તેનેજ તેનું સમર્પણ કરીને પછી **પ્રસાદી રૂપે** આપણું માનવું યોગ્ય છે. પ્રભુએ આપણા સુખને માટે કૃપા કરીને જે જે કંઈ આપણને સોંપેલું આપણને સમજાય. તે આપણે સાચવીએ—વાપરીએ. અને તેનું અહંમમત કે મોહ ન કરી. અને **માલીકનું** છે. અને માલીકને માટેજ છે. આપણે પ્રસાદનાજ અધિકારી છીએ. **એમ** આપણને નિરભીમાની નિર્મોહી રાખવાને માટેજ સુંપરત કરી છે. તે આપણે કેમ ભુલી જઇએ !!! પ્રભુની **માલીકીની** ચીજે પ્રભુના

અર્ણમાં વિનિયોગ કરવા માટે પ્રભુ સારૂ ઉપયોગ કરાવવા માટેજ– આપણી સુંપરતમાં છે. તો વાહ !! ધન્ય છે !!! કે આપણા પવિત્ર હાથથી પ્રભુ સેવા લેવાને આપણા તરફ **પ્રેમથી સુબુદ્ધિને પ્રેરણા કરે છે.** કે કરે કરાવે **માલીક**, અને પોતાના વ્હાલા **ભક્તોને** યશ અપાવે. ધન્ય છે !! મારા વ્હાલા પ્રિયપતિ ઇષ્ટ સદ્‌ગુરૂ મહારાજ !! અમને તારવા માટે અને અમારી માન પ્રતિષ્ટા વધારવાને માટે આપ કેવી રચના કરો છો !!! અમને સુખી રાખવા અમને આનંદીત રાખવા અમને અમારા પૂર્ણ સ્વરૂપમાં તૃપ્ત કરવા અને તૃપ્ત રાખવા. આપ અમને સત્ય પ્રેમથી જે સુંપરત કરી, આપ અમારા હૃદયમાં વસી, અમારા સાક્ષી સ્વરૂપે અને અમારા સ્વસ્વરૂપે **સ્વ** પ્રતિષ્ઠા રૂપે વસીને જે લાભ આપી રહ્યા છો તેનો બદલો **શું** વાળીએ !!! આવો વિચાર કેમ ન કરીયે !!! આપણા હૃદયમાં વ્હાલા પ્રભુના પ્રેમને ઠસાવવાને અને આપણે તેમનાજ છીએ. એમ સમજાવવાને માટે પ્રભુએ આપણા નિર્મોહને જાળવતાં આપણા મિથ્યાભીમાન મમતાથી બચાવવાને માટેજ આપણી પરીક્ષા કરવા આપણને જે કંઈ ધન તન પુત્ર પરિવાર આદી આપ્યું છે. તેનો દુરૂપયોગ કરતા જોઈ તે આપણી પાસેથી, આપણી ખોટી દાનતથી ખુંચાવી લેવા **માલીક** સત્તાવાનજ છે. માટે પ્રભુની પરીક્ષામાંથી આપણે સાચા ભક્તો **નાપાસ** ન થઇએ એવી કાળજી આપણે શા માટે ન રાખીએ !!! આપણે કામ કરીએ, પણ **કર્તાપણાનું** અભિમાન ન રાખીએ–આપણે અનેક પ્રસાદ ભોગો ભોગવીએ, પણ **ભોક્તાપણાનું** અભિમાન ન રાખીએ–આપણે ગમે તેટલા મોટા ધનવાન ગણાઇએ તો પણ **ધનનો મોહ** ન રાખીએ–આપણે

મોટા અધિકાર ભોગવીએ પણ **સત્તાનો દોર** ન રાખીએ–આપણે રાજગાદી ઉપર બેસી ન્યાય કરીએ પણ **મીથ્યા માન** ન રાખીએ–સ્વજનોન્નતિને **માટે** અતિ કષ્ટ વેઠી સહનશીળતા સેવી. દુઃખસુખનો વિચાર ન કરી કોઇને શત્રુરૂપ ન માની કોઇને નુકશાન ન કરી પોતાપણાના સંપૂર્ણ બળથી પોતાનું માનેલું **સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપ** અનેક જીવાત્માના સુખને માટે અર્પણ કરતાં પણ મેં આટલું કર્યું એમ ન બતાવી અથવા ન માની પોતાનો આત્મા સમપણ કરી **જનસેવાને** માટે, **જનહીતને** માટે, **પ્રભુસેવારૂપ** કૃપા મેળવવા યોગ્ય સદ્દકર્મો કરીએ તોપણ તેવું **મીથ્યાભીમાન** ન રાખીએ આ સ્થંબ પર્યંત અનંત જીવાત્માઓને પ્રભુના અંશાંશ માની કોઇને ઊંચો અને કોઇને હલકો ન ગણી. સર્વના તરફ પ્રભુમય ભાવના ધારી સર્વની સેવા કરવામાં આગેવાનીભર્યો ભાગ લઇએ તોપણ **સેવા કર્યાનું અભીમાન** ન ધારીએ. કોઇને ભુખ્યો દેખી તેને આપણું ખાવાનું આપી દેતાં પણ ભુંગળો ફુંકાવી મોટાઈ **મહુત્તા** ન માનીએ. ધર્મબળને ઊત્તેજન આપવા માટે જેવાં કે **દેવમંદિરો** બાંધવામાં, **ધર્મશાળાઓ** બાંધવામાં, **કુવા તલાવો અન્નસેત્રો** આદીને સ્થાપવામાં ધર્મશિક્ષણરૂપ. **સદ્દવિદ્યાનો** પ્રકાશ કરી દેશમાં સદ્દવિદ્યાની વૃદ્ધિ જોવામાં, **ઔષધશાળાઓ** સ્થાપવામાં આપણાથી આપણા મીત્રોથી અને આપણા દેશબંધુઓથી આપણા **શરીર પ્રાણ** અને **આત્માની** ત્રીપુટીનો યથાર્થ બ્રહ્માર્પણ બુદ્ધિથી ઉપયોગ કરીએ તોપણ પ્રભુની કૃપારૂપે આવાં સત્કાર્ય બનતાં જોઇ હર્ષ પામીએ, આનંદ પામીએ, પણ **મીથ્યાભીમાનથી** હું કર્તા કે **કરાવતા** બનીએ નહીં. આપણે સનાતનધર્મિ હિંદવાસી હિંદુ હોઇએ તોપણ

પોતાના સ્વદેશના બંધુ **મુસલમાનોને** વિષે, **પારસી** બંધુઓને વિષે, પોતાનો સદ્દભાવ પ્રેરીએ તેમને પોતાના **આત્મા** બરાબર માનીએ અને તેમના સુખને માટે યત્ન કરીએ તેમને પાપમાંથી બચાવીએ તેમને **પ્રપંચમાંથી** બચાવીએ–અને એવી રીતે તેમની અધોગતી-માંથી કે તેમને **પરતંત્રતામાંથી** બચાવવા **સદ્દબોધ** કરીએ અન્ય પ્રયત્ન આદરીયે. છતાં **મીથ્યાભીમાન** કરીએ નહિં. પરમાત્મા સદ્દ-ગુરૂ તત્વમાં પુરૂષ કે સ્ત્રી સ્વરૂપ નથી. તે પુરૂષ સ્ત્રીભાવ **શરીર દૃષ્ટિએ** છે. હવે પરમાત્મા દૃષ્ટિના પૂર્ણ સાચા અનુભવમાં શરીર જોવાનું રહેતું નથી. **પાણીનોજ** બરફનો કડકો છે. **સોનાનાજ** અલંકારો છે **રસજ** વૃક્ષરૂપ છે **ખાંડનુંજ** શ્રીફળ છે. **સાકરનોજ** ગાંગડો છે. એમ અમૃતમય દૃષ્ટિ કરી. સર્વને પરમાત્મા સ્વરૂપમાની **પ્રભુરૂપથીજ** તેમની સાથે અભેદ આત્મતા સિદ્ધ કરીએ. જો તેઓને **પુરૂષ** કે **સ્ત્રીભાવે** જોઇએ તો પરમેશ્વરને માથે **દોષારોપણ** કર-વાના પાપમાં પટકાઇએ છીએ. અને અધમમાં અધમ બની જઇએ છીએ તેથી તેમની તરફ પ્રભુરૂપથી જોઈ તેમની સેવામાં તેમના રક્ષ-ણમાં, તેમની સેવા લેવામાં, તેમને આત્માના અભેદરૂપે અંગીકાર કરી, તેમનું કલ્યાણ કરવાને પ્રયત્ન આદરીયે પોતે પ્રભુરૂપ રહીએ અને સર્વને પ્રભુરૂપ રહેવાને સમજાવીએ. પોતે જીવન્મુક્ત સ્થિતીએ વિચરીએ અને સર્વાત્મા બંધુઓને તથા બ્હેનોને જીવન્મુક્ત સ્થી-તીએ વિચરવાને સદ્દબોધ આપીએ. તોપણ કદાપી **મિથ્યાભિમાન** ન કરીએ. એમ ઠેઠ સુધી અનેક પ્રકારે પોતાનું, પોતાના કુટુંબ, ભ્રાતા, બંધુ, સહોદર, મીત્ર, દેશબંધુ, અને સહવાસમાં આવતા અનંત **જીવાત્માનું** શ્રેય સાધીએ તોપણ દાતા, સંરક્ષક, **વિદ્વાન** પંડિત કે

જીવન્મુક્ત કહેવરાવવા યત્ન ન ઇચ્છીએ. સદાએ દીનદાસ બુદ્ધિએ નમ્રતા વિવેક-વિનયને સેવીએ. અને પરમાત્મા પ્રભુ સદ્ગુરૂ માહારાજના ચર્ણોમાં લોટીએ. આપણી ઉચ્ચતર જીવન્મુક્ત સ્થીતીએ લોકો **પ્રભુતુલ્ય** સેવા કરતા હોય. તોપણ પોતાને પ્રભુ મનાવવા કે સદ્ગુરૂ મનાવવાનું **અભિમાન** ધારણ કરીએ નહીં. અને ઊલટા સર્વના દાસાનુદાસ રૂપ મતિ રાખી સર્વમાં પ્રભુરૂપે જોવાનો પ્રેમ ધારણ કરીએ-દેશોન્નતિના કે સ્વધર્મોન્નતિના કાર્યમાં આગેવાન તરીકે વસતાં અર્થાત્ તેમાં ઊચ્ચતર સ્થીતીએ રહેનારને નીચી પંક્તિના અબુદ્ધજનો વખતે તેવા આગેવાનોને ઘણું કષ્ટ આપે છે. એવા દાખલાઓ ઇતીહાસમાં મોજુદ છે. શ્રીમત્ **રામચન્દ્રજીને** ધોબીએ કહેલાં દુર્વચનો, શ્રીમન્ **કૃષ્ણચંન્દ્રને** માથે મુકાયેલો વ્યભિચારીનો આરોપ, અને જરાસંધાદિકનો ત્રાસ. **વ્યાસ** નારાયણને માથે ગાળ, શ્રીમન્ **આદ્ય શંકરાચાર્યને** પીત્રાઇઓએ આપેલો ત્રાસ, અને સત્ય ધર્મ પ્રતિપાદન કરતાં મતવાદી નાસ્તીક જનોએ આપેલું કષ્ટ **ઇશુખ્રીસ્તને** આપેલું દુઃખ, **મહમદ પેગંબરને** આપેલું કષ્ટ. **અલીઇમામને** પડેલું દુઃખ, **ગેરીબોલ્ડીને** પડેલું દુઃખ, વિગેરે જગતના અનંત જીવોને માટે મહત્ત પુરૂષોને પડેલી વિપત્તીનો પારજ નથી. **જ્ઞાનદેવ, તુકારામ, રામદાસસ્વામી, મીરાંબાઇ, નરસીંહમહેતા,** આદી અનેક ભક્તોને પડેલી વિપત્તિ જાણે દૃષ્ટિગોચરજ છે. પાપીજનો અનેક પ્રકારના આળ ચઢાવી કષ્ટ આપીને વૈર વાળે છે પણ એવો અર્થ ન લેતાં આટલા બધા ત્રાસ કષ્ટ અને વિપત્તિમાં પણ પોતાના પરમાત્મા પ્રત્યેનો સદ્ગુરૂ ભાવ (સદ્ભાવ) છોડાય નહિં. અને કોઇને શત્રુરૂપ મનાય નહીં. તોજ આપણા જ્ઞાનની ઊત્તમોત્તમ

પરાકાષ્ટા સમજવી, કારણ પોતાના ઈષ્ટનુંજ સ્વરૂપ તે શત્રુતા બતાવનારનો **આત્મા** પરમાત્મા છે. જેથી આપણા પરમાત્માને આપણે શત્રુ માનીએ તો **પ્રેમભક્તિની અવધીજ** !! પછી પ્રેમભક્તિ શી રીતે ? ? માટે તેવે સમયે વિશેષ સ્મર્ણ કરી પ્રભુને વધારે **સંતોષીએ** એજ આપણી ઊત્તમત્તા છે. પરમાત્માના સ્વરૂપમાં **તાદાત્મ્ય** સ્થીતીના અનુભવનો સમય ઘણો પાસે આવતો હોવાથી તે પ્રભુજ પોતાના ભક્તને દેહ સબંધે અત્યંત સતાવવાને માટે તેવાં અનંત કષ્ટો દેખાડે. અને પાકો છે કે ખખડી પડે છે તે તપાસી જોવા અનેક પ્રકારે સિદ્ધિના દેહાધ્યાસી દેહાભિમાની મોહો ખડા કરી, સદ્ગુરૂ પ્રભુ ઉપરથી સદ્ભાવના ઉઠાડી અભાવ ઊત્પન્ન કરાવવાને કંઇને કંઈ દુઃખ ખડું કરી બતાવે, અને સદ્ગુરૂ પ્રભુમાંથી પોતાની શ્રદ્ધા ઊઠાવરાવે. પણ સાચા ભક્તો તો સમજી જાય છે કે–આ તો **સદ્ગુરૂ** પ્રભુના ચર્ણમાંથી પતિત કરવાને, આપણી **શ્રદ્ધા** ઊઠાવવાને, અનેક સિદ્ધિઓનું બળ દુઃખરૂપે ખડુ થઈ આપણને ભરમાવે છે. પણ દૃઢ ભક્તો તેથી કદી ભરમાતા નથીજ. સદ્ભક્તો આગળ તેવા મહત્ પુરૂષની વાત કરતાં કે જેના ઉપર તેમને પરમાત્મા સ્વરૂપ **શ્રદ્ધા** હોય તેમને કહેકે મહાત્મા ગણાવે છે તોપણ તેઓ લોભી છે, લુચ્ચા છે, દારૂડીયા છે, વ્યભિચારી છે, ઢોંગી છે. વિગેરે અનેક પ્રકારે તેવા મહત્ પુરૂષની નીંદા કરે. તેને દૃઢ કરી આપવા જેવા પોતાના અનુભવ સિદ્ધાંત દાખલા કહે તેથી સાધારણને તો ભાવાભાવમાં હાની લાભ હોતોજ નથી. પણ અદૃઢ પણ સાચા ભક્તો આવી પ્રત્યક્ષ સિદ્ધવાત સાંભળી **ક્ષોભ** પામે છે. પણ તેમણે સમજવું જોઈએ કે આપણી **પરા પ્રેમભક્તિથી** આપણા ઊદ્ધારની ઊચ્ચતર સ્થિતિનો

સમય પ્રયોજ પાસે હોવાથી આપણને સત્વર બ્રહ્મસ્વરૂપ થવામાં પરીક્ષા કરવાને પ્રભુએ આપણી સ્થીતી બદલાય છે કે આપણી શ્રદ્ધા **કાયમ** રહે છે તે જોવાને **સિદ્ધિઓના** બળરૂપે આપણા જાણે શત્રુ બની આપણી દઢ શ્રદ્ધાથી ડગાવવાનો પ્રયત્ન કરે છે પણ આપણે કદાપી ડગવું નહિં. અને આપણે **સદ્‌ગુરૂ** પ્રભુ પ્રત્યે અભાવ કરવો નહિં. અને તે **આપણી માન્યતા સાચીજ છે.** એમ તુરત **સિદ્ધ પણ** થાય છે. છતાં આવી **જાગૃતી** પોતાના **કલ્યાણમાંજ** ટકી રહે છે. નહિં તો પછી યોગભ્રષ્ટ– "**યતોભ્રષ્ટ તતોભ્રષ્ટ**" થાય છે. અને પોતાનું કલ્યાણ અને ઊચ્ચતર ભાવનાથી **ચ્યુત** થાય છે. આવા ઘણા દાખલાઓ પુરાણોમાં પ્રસિદ્ધજ છે. તપનો ભંગ કરવાને દેવતાઓ કેવી કેવી રચનાઓ રચી ભક્તોનાં તપ છોડાવ્યાં છે અને જેઓએ નથી છોડયાં તે સર્વોત્તમ થઈ ગયા છે. તે સિદ્ધ થાય છે એમ પ્રેમભક્તિથી પ્રભુ દર્શનમાં છેલ્લામાં છેલ્લો **યોગ** છે અહિંયાંથી ન છેતરાયો અને ન ડગ્યો, તો તો સદનંતર જીત્યોજ જીત્યો. હવે તેને કદાપી મરવાનું નથી. અને જન્મ પણ લેવાપણું નથી એવી અત્યુત્તમ અનુભવની **ગુરૂગમ્યતા** છે આવા આવા સમયે આપણે કદાપી ધૈર્યતા છોડીએ નહીં. અને ટકી રહીએ પણ હું ટકયો એવો **અભીમાન** પણ કરીએ નહીં. સ્વર્ગમાં જતાં ત્રીશંકુ રાજા અદ્ધર લટક્યાનો દાખલો પુરાણમાં છે. ધ્યાન કરી જુઓ તો જણાશે કે અહંકાર કરવાથી નાતો સ્વર્ગમાં ગયા, અને નાતો પૃથ્વી ઉપર રહ્યા. તે અદ્ધરજ છે જ્યારે અહંકારનું રક્ષણ કરતાં દેહાભિમાનથી સ્વર્ગમાં પણ જાઈ શકાતું નથી તો અહંકારથી નિર્મલ પ્રભુપદમાં તો કેમજ જવાશે તેનો વિચાર કરો. હવે આપણી પાસે **પચ્ચાસકરોડ** ધન કેમ

ન હોય !!! **પાંચપુત્ર** સુપુત્ર કેમ નહોય !!! **સાધ્વી સ્ત્રીઓ** કેમ ન હોય ??? પણ સર્વ પરમાત્મા સ્વરૂપે પરમાત્મા સદ્ગુરૂનીજ **માલીકીની** તેમનીજ અને તેમનેજ **અર્પણ** કરવા યોગ્ય વસ્તુઓ, અને તેમનેજ માટે **નિર્માણ** થયેલી ભલે આપણા હાથથી સેવા કરાવવા આપણાં **ભક્તોનું** માન વધારવા. આપણી પરીક્ષા જોવા આપણા હસ્તકમાં **સુપરત** ભલે કરી હોય, તોપણ આપણી નથી તે નથીજ. એ સર્વ પ્રભુની વસ્તુ પ્રભુ સ્વરૂપ છે. **એમ માનવામાં આપણુને શું હાની છે??** આપણાજ હાથે પણ સર્વ વ્યાપક પ્રભુના અનેક જીવાત્મા સ્વરૂપના કલ્યાંણાર્થેજ વાપરીશું અને તેમાં સ્વાર્થ, મોહ, લોભ, કે અહંવૃત્તિ નહીં હોય તો પ્રભુ સેવામાંજ જાય છે. તેમાં આપણુને પણ આંગળી દેખાડયા જેવો **લાભ** મળે છે. અરે!! એવો વિચાર પણ શાને માટે?? એ તો એમ પ્રભુજ દર્શન આપી રહ્યા છે. એ તો પ્રભુની લીલા માત્રનો દેખાવજ છે. એમ સમજાય એ મહા પ્રભુ સદ્ગુરૂ માહારાજનો મોટો પ્રતાપજ છે. એમ માની નિરભીમાની રહેવાનીજ ઇચ્છા કરીએ. આપણે પણ પ્રભુમાં પ્રભુ સ્વરૂપજ છીએ. અને પ્રભુ પ્રેરણારૂપે પોતાનામાં ખેંચાઇયે છીએ. આવું પ્રભુત્વ સ્વિકારવાથી, સિદ્ધિઓની મેહેનત વૃથા જતાં, સિદ્ધિઓની પૂર્ણ કૃપા થતાં, પોતાના **પ્રિયપતિ** સ્વરૂપમાં સાથે રહી પ્રભુમય સ્વરૂપે અનેક સુખ, અનેક આનંદ અને તૃપ્તિ સમજાવે છે.

આધુનીક ભક્તોને ઘણી વખત સમજાવ્યા છતાં તેઓ પોતાની અજ્ઞાનતા છોડી શક્તા નથી. બાકી દેહાભિમાન અને મોહ છોડવાનો સૌથી સરળ ઉપાય એજ છે કે–સર્વવ્યાપક

સર્વસાક્ષી અને સર્વના પતિ સ્વરૂપ ગણપતિનાત્માત્મક પરબ્રહ્મ પરમાત્મા સદ્ગુરૂ ૐકાર સ્વરૂપ ઇષ્ટદેવને સર્વના માલીક હોવાથી તેને શેઠ જાણવા. અને જગતના યાવત્ જીવાત્માના અચેતન શરીર સંસ્કારરૂપની પેઢીઓ તે **માલીકની** જાણવી. અને તેમની આ દરેક પેઢી ઉપર દરેક જીવાત્માને **મુનિમ** તરીકે મોકલી પોતાની પેઢી ચલાવવાને આજ્ઞા કરેલી છે એમ જાણવું. **ગુમાસ્તાને** સ્વતંત્ર રીતે કુલ મુખત્યારનામું આપેલું છે એટલુંજ નહિં પણ તેનું અને તેના કુટુંબનું રક્ષણ પણ તેમાંજ છે. **સ્વસત્તા, સર્વ સત્તાના** પૂર્ણ અધિકારવાળા શેઠના નગ્રનું નામ પૂર્ણ **સ્વાનંદપુર** છે. ત્યાં અષ્ટસિદ્ધિ સહ, પૂર્ણ વિદ્યારૂપ બુદ્ધિસહ શેઠ બિરાજે છે. **સ્વયં જ્યોતિ** અનર્ગલ વૈભવથી ભરેલા સ્વતઃસિદ્ધ પરમાત્મા સદ્ગુરૂ સ્વતંત્રતા પૂર્વક સ્વયં પ્રકાશ વહીવટમાં સ્વમાન સ્વસુખ સ્વાનંદ તૃપ્તિમય **શાન્તિ પૂર્ણ** યોગમાં ઝીલી રહ્યા છે. એવા પ્રભુના હાથ નીચેની પેઢીઓમાં શેઠના કૃપાનુરાગી કેવા ગુમાસ્તાઓ કામ કરવાને લાયક ગણાય છે. તેનો વિચાર **ગુમાસ્તાને** કરવાનો છે. ગુમાસ્તાઓને વર્ત્તવાના નિયમને માટે **ધર્મશાસ્ત્રાદિક** કાયદાઓ પ્રસિદ્ધ થએલા છે. અને તે કાયદા પ્રમાણે યથાર્થ વહીવટ ચલાવનારને ઊંચ્ચ ઊચ્ચ અધિકારપૂર્વક મોટી સારી પેઢીઓ ઉપર મોકલવાને તે **શક્તિમાન** છે. અને પેઢીઓમાં સોંપેલી માલમતાનો કેવળ દુરૂપયોગ કરી દુરાચારપૂર્વક દુર્બુદ્ધિ પ્રયોગથી દુર્વ્યવસ્થા કરી પેઢીની મર્યાદા બગાડી શેઠના માનને હાની પહોંચાડે છે. તેને ત્યાંથી **બરતરફ** કરી કાળાપાણીની સજા કરવાને પણ તે **શકિતમાન** છે. વળી શેઠની પેઢીઓનું નુકશાન અને શેઠની ગેર આબરૂ થાય તો તે પોતાનું જાણનાર

નિમકહલાલ નોકરો પોતાના માન મોહને બાજુ ઉપર મુકી શેઠની માનમહત્તાનો વિચાર કરે છે. શેઠનીજ કૃપા મેળવવારૂપ અને શેઠના ચર્ણમાંજ નિવાસ કરવા રૂપે પેઢીઓ સાચવનારા શેઠની આજ્ઞા પ્રમાણેજ **અમલ** કરી રહ્યા હોય તો જે જે પ્રકારે શેઠની આજ્ઞા માનવાથી જે જે પદને **યોગ્ય** ગણાય. તે તે **પદ ઉપર** તેને ચઢાવી દેવાને પણ શક્તિમાન છે, આટલે ઊંચે દરજ્જે ગુમાસ્તો ચઢે અને વિશ્વાસ પાત્ર થાય તો તેને **સ્વ ખાનગી** ખાતામાં બોલાવી લેવાને પણ શેઠ શક્તિમાન છે. તેમ આટલે બધે દરજ્જે ખાનગી ખાતાનો કુલ **અધિકાર** મળ્યો છતાં પોતાના અભિમાનથી જેને કદાપી પણ હું **આવડો મોટો** એમ **ભાન** આવતું નથી કે રહેતું નથી. તે તો માત્ર શેઠની કેવળ કૃપારૂપે બનવાના પ્રયાસમાં માત્ર આજ્ઞાજ ધારણ કરી કર્ત્તવ્ય પરાયણ રહેવાનેજ સમજે છે, તો તેવાઓની પવિત્ર **વૃત્તિ** અને પવિત્ર **તપ**ના આધારે પ્રભુજી પોતે પોતાના ચાર હાથથી આલિંગન આપી તેના સત્કર્મોની કદર કરી. **કર્ત્તવ્ય પરાયણતાથી** પરે **પેન્સન** આપી. તેને પોતાના ચર્ણ સમીપજ પોતાપણાના માન સાથે. પોતે રૂપના સ્વતંત્રપણાના **સ્વસુખને** આપે **છે.** એમ કરવાને પણ તે પ્રભુ સર્વ શક્તિમાન છે, તેવા સાચા ભક્ત નોકરને સ્વસત્તાનો પરીપૂર્ણ અમલ કરાવવાના સંપૂર્ણ વિશ્વાસથી ભરેલા બોજાપૂર્વક જીવન પર્યંતના સંપૂર્ણ **પરમાત્મા** પૂર્વકના અધિકારથી, **સંત જીવન્મુક્ત** યોગીની પદવીના ઉપનામપૂર્વક સર્વ દુકાનોના ગુમાસ્તાઓને શેઠ તરફની જાગૃતિ આપવા, શેઠની દુકાનનો સાચો અને વિશ્વાસપાત્ર **વહીવટ** ચલાવવાનો બોધ કરવા, શેઠની દુકાનનો પોતાના દેહાભિમાને ચલાવતા વહીવટના ગુન્હામાંથી ગુમાસ્તાને બચાવવા, અને ઉપર

બતાવેલી શેઠની આજ્ઞાપૂર્વક ચાલનારને ઉચ્ચ ઉચ્ચ રિથતિ અપાતી નોકરીના યોગને સમજાવવા–દુકાનો દુકાનો ફરીને સ્વસ્થાનમાં આવવા પુનઃ આજ્ઞા કરે છે, તે પ્રમાણે કરી કરી શેઠના અખંડ વૈભવ વાળા અભેદ પ્રદેશના **સ્વ સ્વાનંદ નગ્રમાં** સુખે નિવાસ કરે છે. માલીક શેઠે પોતાની દરેક દુકાનના વહીવટદાર ગુમાસ્તાના કુટુંબના પોષણને માટે પ્રથમથીજ બંદોબસ્ત કરી રાખ્યા પ્રમાણે ગુમાસ્તા કુટુંબના સર્વ માણસોને અન્ન વસ્ત્રાદિક યાવત્ પદાર્થો શેઠની કૃપારૂપે **પ્રસાદી** તરીકે લેવાને અને દુકાનના ખર્ચે લખવા આજ્ઞા કરેલી છે. શેઠની આજ્ઞા પ્રસાદી તરીકે લેવાની છે. જો પ્રસાદી કરીને ન લે તો તેને ખાતે **ઉધાર** મંડાય છે તો શેઠનું દેવું થાય છે. તે ગુમાસ્તાઓએ ધ્યાનમાં લેવા સરખું છે. આવી રીતે અધમ બુદ્ધિથી શેઠનો માલ દેવું કરીને ઉપાડી નાખે છે તો તેના ઉપર ફોજદારીઓ થાય છે. અને આખરે દંડ થાય. કેદની શીક્ષા થાય કે છેલ્લે અત્રેથી બાર તરફ પણ થાય છે. આટલી બધી સગવડ શેઠ તરફની છતાં પણ ભુલના કરનારા ભુલ કરે છે. કોઇ જાગૃતી મળતાં ભુલ સુધારે છે. છતાં આગળ વધવાનો પ્રયત્ન કરતાજ નથી અને એટલાજ દરમાયામાં થી આગળ વધવા સલામત નોકરી ઉઠાવતા નથી. તો ત્યાંના ત્યાંજ હુક્ક થાય છે. કોઇ આગળ વધે છે તો હું મોટા દરજ્જાને પામ્યો છું. એમ થતાં કુટાય છે. માટે માલીકની હાજરી, માલીકની દુકાન, માલીકની આજ્ઞા, અને માલીકની કૃપા, આ ચાર બાબત ઉપર ધ્યાન આપી દુકાનનો સમગ્ર વહીવટ કરે તો તેને સપડાવાનું કશું કારણ રહેતુંજ નથી.

આધુનિક કાળમાં માલીકની ધણીયાતી પૃથ્વીના પોતે માલીક

થઇ પડેલાઓની હવે બારીક તપાસ ચાલે છે—માલીકની દુકાનના માલીક પોતે કહેવરાવનારાઓની પણ હજુરમાં તપાસ ચાલી રહી છે. માલીકની પ્રસાદી ન માની પોતાના કુટુંબના પોષણનો ભાર પોતાના માથે ઉપાડનારાઓને માટે પણ તપાસ ચાલે છે, માલીકની મીલકત ઊલટ માર્ગે વાવર્યાની પણ તપાસ ચાલે છે, તેવા અધમ ગુમાસ્તાઓની સ્વતંત્રતા છીનવી લેવામાં આવી છે. તેમનું સ્વમાન પણ લઇ લેવામાં આવ્યું છે. તેમનો સ્વાધિકાર પણ પડાવી લેવામાં આવ્યો છે. તેમને તેમની અધમતાથી પરતંત્રતાની બેડીમાં જકડાવવામાં આવ્યા છે. તેમને ગુલામગીરીની કોટડીઓમાં પરહેજ કરવામાં આવ્યા છે. દુષ્કાલરૂપી સુબેદારના પહેરા નીચે મોંઘવારીના જાપતાથી રાખવામાં આવ્યા છે. ભયાનક રોગોરૂપ પોલીસની રીઝમીઠના સીપાઇના ઘેરામાં મુકયા છે. ક્ષુધા તૃષા તેમની સ્હાર વ્હારમાં હાજર ઉભાં રાખ્યાં છે. પ્રપંચ કુશળ, અમર્યાદ તંત્રના મનમંતવ્ય ધારા શાસ્ત્રીઓના દાવ–પેચના વાક્ વૈખરીના ભડાકાએ આખું ધર્માંધ દેહનગર ગજાવી મુકયું છે. અને સ્વાર્થપરાયણ ધનહરણ કળા કૌશલ્યતાથી દગાબાજો ઉપર બેડાપાર યમપુરીની યાત્રા માટે કામ ચાલી રહ્યું છે.

આ ખબર સ્વદેશમાં ફેલાવવા, માલીકનું અપમાન કરનારાઓના અધમ કર્મથી જાગ્રત રહેવા, અને માલીકની માલીકી નિચે દુકાનનો સર્વોપરી વહીવટ ચાલુ કરાવવા, સ્વતંત્રતા, સ્વમાન, અને સ્વાધિકારપૂર્વક ગુમાસ્તાઓને નિર્મલ વૃત્તિ ધારણ કરવાનો બોધ આપવા ગુપ્ત આદેશના બળને સાચવી આજ્ઞાધારક સત્ પુરૂષો ગામે ગામના સમૂહમાં વિચરી વિચરી જાગૃતી આપ્યાજ કરે છે, અને કરશે.

હજુ આંખો ઉઘાડીને જોશો કે ? ?

જગતના વ્યવહારમાં અને અચેતન શરીરના મોહમાં અભિમાનથી ચકચુર અંધ બનેલા, માન મદીરામાં છાકટા બુદ્ધિહિણ બનેલા, વિષય લોલુપતાના મોહ અંધારામાં કુટાતા, ધનકચરાના મદાંધપણામાં આળોટતા, આત્મબંધુઓ !!! આંખો ઉઘાડી જરા જુઓ. તો સમજાશે કે આ જગતની બાજુનો વિહાર અને તેની રચના શાસ્ત્રમાં એવી રીતે છે કે પ્રભુના સવિકલ્પ સ્વરૂપથી માયા પ્રગટ થઇ. પ્રભુના સભર સ્વરૂપમાં માયા શું ? ? એનો જવાબ યોગ શાસ્ત્રમાં વિકલ્પની વ્યાખ્યાએ બધાંની આંખો ઉઘડે એમ જણાવેલો છે કે, શબ્દ અને જ્ઞાનવડે રક્ષણ કરાતું છતાં વસ્તુ તસ્તુ એટલે સાચી રીતે કંઈ પણ નહિંજ. એવો અર્થ વિકલ્પનો કરેલો છે. જેવો આ અર્થ વિકલ્પનો છે, તેવીજ આ વિકલ્પ યોગની પ્રજારૂપ માયા છે. અક્કલની પછવાડે લઠ્ઠ લઇને ફરશો તો તો મર્મ વાક્યની મહત્તાને આડી પાડી ઉપર બેઠા બેઠા ધુસરૂં ખાંધે ધરીને આનંદ લ્યો. બાકી વિચારની સદ્‌ભાવનાથી માયાનો અર્થ વિકલ્પના જેવોજ અરે તેજ. એવો સિદ્ધ થાય છે. હવે જુઠામાં બખીલતા શું ? ? હવે ગાડાં ભરીને અંધારાનોજ વ્યાપાર અને આંધળોજ કરે, એ માયાના વિહાર સ્વરૂપથી તે સવિકલ્પ બ્રહ્મ તે ઇશ્વર બ્રહ્મ કહેવાયો, (કલ્પાયો.) અને તેની અવસ્થા તુર્યાવસ્થા કલ્પાઇ. એ માયાના વિહાર સ્વરૂપથી ઇશ્વર–શિવતત્વમાં તુર્યા પ્રકૃતિરૂપે રહી. સમષ્ટિને ઉત્પન્ન કર્યા, અને તેના અવિદ્યા ભાવ સ્વરૂપથી તે ઇશ્વરજ ત્રણ ગુણરૂપ થયો અને તેજ અવિદ્યા ત્રણગુણગુણી રૂપે અવસ્થારૂપથી કલ્પાઇ–ત્રણ ગુણ તે ત્રણ જીવ–જીવતો અભેદરૂપે એકજ. પણ અવસ્થાના ભેદો જે

સુષુપ્તિ—સ્વપ્ન—અને જાગ્રત, એવી ઉત્તરોત્તર અવસ્થાના ભોક્તા તરીકે પ્રાજ્ઞ, તૈજસ, અને વિશ્વ, નામક જીવ કલ્પાયા.

હવે પહેલેથી એટલે મૂળથી જુઓ સ્ત કાયમ સ્વસ્વરૂપ. "તે" વિકલ્પરૂપે કલ્પિત તેજ માયાની ઊતપત્તી પણ કલ્પીતની કલ્પીત–તેની વિદ્યા અવિદ્યા ભાવના તે તેથી પણ વિશેષ કલ્પીત–તેની ગુણ એટલે જીવ ભાવના તે તેથી ગણુ વિશેષ કલ્પીત–અને તેની અવસ્થા તેથી પણ વિશેષ કલ્પિત–એટલે પૂર્ણ રીતે કલ્પીત એમ તેની કીંમત ૦ પૂર્ણ શૂન્યજ.

હવે જુઓ. ઈશ્વરની તૂર્યા પ્રકૃતિમાં વિદ્યાસ્વરૂપ એટલે જ્ઞાન જાગૃતી હોવાથી સ્વસ્વરૂપની જાગૃતીના પૂર્ણપણાનો પૂર્ણ પ્રકાશ છે. કે જેમાં એક અદ્વિતીય બ્રહ્મજ સિદ્ધ ઠરે છે—એટલે અજ્ઞાન દ્વૈતના વિનાશનુંજ આ સ્થાન છે. અર્થાત્ નીચેની સમષ્ટિ વ્યષ્ટિના ત્રણે અવસ્થાના ત્રણે જીવના હોવાપણાના કલ્પિત અજ્ઞાનરૂપ તાબુતને બુડાડવા જેવો આ તૂર્ય પ્રકાશ. મહાસાગરજ છે. એમ સિદ્ધ થાય છે.

એટલે તૂર્યમાં જગત કે શરીર ડુબેલું છે એ સાબીતજ છે. નીચે વિદ્યા અવિદ્યાને લીધે ત્રણે–જીવ શરીર જગતરૂપ છે. તેની પ્રથમ અવસ્થા સુષુપ્તિ છે. સુષુપ્તિમાં ધાડ અંધકાર. અને વિચારની જોવાની કે સાંભળવાની કે કશાની સ્થીતીજ નથી. ત્યાં જગત છે એમ કોણ કહી શકનાર છે ? ? કે ત્યાં શરીર છે એમ કોણ કહી શકનાર છે ? ? એટલે સુષુપ્તિમાં જગત કે શરીરનો અનુભવ થતો નથીજ નથી. ત્યાં તો ઘોર નીંદ્રામાં ઘોર અંધકાર હોવાથી આત્માનું જાણુવાપણું સિદ્ધ થતુંજ નથી. તેમ શરીર કે જગત પણ સિદ્ધ નથી.

આ **સુષુપ્તિની નીચે સ્વપ્નાવસ્થા** છે. આ સ્વપ્નાવસ્થા તે સુષુપ્તિ અને કેવળ અધોમુખ અધમમાં અધમ નીચામાં નીચે છેલ્લી કેવળ શૂન્ય અજ્ઞાન જાગૃત અવસ્થાના મધ્યનો અંતરીયાળ પ્રદેશ છે. આ સ્વપ્નાવસ્થામાં કેવળ અંધકાર પણ નથી તેમ અજ્ઞાન **જાગૃત** પણ નથી. એટલે **સુષુપ્તિમાં** જગત કે શરીર કંઈ નહોતું તે અત્રે સ્વપ્નાવસ્થામાં **આળપંપાળ** દેખાય, ના દેખાય, એમ અંધાધુંધ છે. સ્વપ્નાવસ્થાનું મૂળ સુષુપ્તિ તેમાં જ્યારે નહોતું ત્યારે આ અવસ્થામાં ક્યાંથી આળપંપાળ સરખું ભાસ્યું ?? તો તેનો જવાબ કલ્પનાજ. ત્યાંથી છેક નીચે હવે જાગૃત કેવળ અવિદ્યામય–તમોમય અને કેવળ શરીરાભિમાન મોહથી **અંધત્વ** સ્વરૂપ છે. તે સ્વપ્નાવસ્થાની પણ નીચે છે. હવે તેની નીચે એથી અધમ અવસ્થા હોયજ નહિં. એટલે **જ્ઞાનથી** આત્માનેજ જાણવાપણાની જે તૂર્ય અવસ્થા તે આત્માના સત્ય સ્વરૂપને જાણવાની છે. ત્યાં જે જગત નથી. તેનાથી આ નીચેમાં નીચે તેની નીચેની **ચોથી** અવસ્થા એ. આત્માના સત્ય સ્વરૂપને ન જાણવાપણાની ગતીનો **દૃશ્યયોગ** થતાં, સ્વપ્નાવસ્થામાં જે **આળપંપાળ** દસ્ય આલેખાતું હતું તે પોતાના આત્માની બીલકુલ વિસ્મૃતીમાં કેવળ દસ્ય **જગત** જોવામાં આવ્યું. ઉપરની અવસ્થામાં આળપંપાળ મીથ્યા તે અત્રે **પ્રત્યક્ષ** દર્શનરૂપ થયું. એવી રીતે આત્માને બદલે આ અંધ જાગૃતીમાં અંધકારમય જગત જોવાયું છે. આથી સમજાય છે કે **જીવાત્માની** સુષુપ્તિમાં શરીર કે જગત નથી. તેમ **સ્વપ્નાવસ્થામાં** પણ નથી સરખું. સાબીત છતાં **આળપંપાળ** રૂપ લેખાયું. તે છેક અંધતમમાં અધમ દશા અવસ્થામાં આવતાં કેવળ **દૃશ્યરૂપ** થઈ પડયું તે ક્યાંથી !? તો તેનો જવાબ માત્ર **કલ્પનાજ.**

તુર્યાવસ્થામાં જ્ઞાનની જાગૃતી હતી એટલે હું આત્મા છું એવી ઓળખાણ હતી. તે સુષુપ્તિમાં આવતાં છે કે નથી એમ એકે ના રહ્યું. તે પછી સ્વપ્નમાં નીચે ઉતરતાં આત્મસ્વરૂપ ભુલાયું અને જોનારો કાયમ છતાં બીજું આળપંપાળ જોયું. તેમાં જોનારો પણ સાચો ન મનાયો અને શરીર કે જગત પણ સાચુ ન મનાયું. એમ અંધાધુંધ થયું તેથી નીચે અંધ જાગૃતીમાં ઉતરતાં પોતાનું સ્વરૂપ જે જીવ તેતો બીલકુલજ ઊંઘ્યું. તે ઊંઘ્યું. અને પ્રત્યક્ષ સિદ્ધ કલ્પનામય દૃશ્ય શરીર કે **જગત** સાબીત દેખાયું. એવી આ કેવળ આત્માને ભુલતાં જેમ સોનું ભુલતાં કેવળ **અલંકાર** દેખાય. ખાંડ ભુલતાં **નાળીયેર** કે **પતાસુ** દેખાય. જેમ જળ ભુલતાં પરપોટો દેખાય. એમ કેવળ આત્માને ભુલતાં **શરીર** દેખાય છે એ મહાન કલ્પનાનું આશ્ચર્ય છે.

હવે છેક નિર્ણય ઉપર આવતાં વિચારશો કે **स्व** કે **स** પ્રમાણું રૂપ પરમાત્મા સત્ય છે. તેમાં સવિકલ્પપણું જાણવું તે **કલ્પના**–સવિકલ્પમાં માયા જાણવું તે પણ કલ્પના–માયામાં વિદ્યાઅવિદ્યારૂપ મનાયું તે પણ કલ્પના–અવિદ્યામાં ગુણ–ગુણીપણું જણાયું તે પણ કલ્પનાજ. એમ જીવ અને સુષુપ્ત અવસ્થા કહેવાય તે પણ કલ્પના–અને સુષુપ્તિમાં સ્વપ્ન કલ્પના–સ્વપ્નમાં જાગૃત તે પણ કલ્પના–એમ વિકલ્પરૂપી કલ્પનાના વૃક્ષમાં છેક અધમમાં અધમ જે અવસ્થામાં દૃશ્ય **જગત** અથવા શરીર જુઓ છો. તે સર્વ કલ્પનાજ છે–આમ શાસ્ત્રો અને અનુભવ સાબીત કરી કહે છે. પણ કલ્પિત કલ્પનાના શરીર રૂપી અંધ સાગરમાં ગરકાવ થઇને પોતાના સત્ય સ્વરૂપને જોવાની ઇચ્છા કરતા નથી. અને ઠપકો દઇને પોતાની જાગૃતી અને

પોતાના કલ્યાણને માટે કહેનારાના ઉપર અઘટીત અધ્યારોપો ઘડી કાઢીને અંધ પરંપરાના ન્યાયાધીશ બની બેસો તો તમારા ન્યાયથી બોધ કરનારા સાચી રીતે ગુનેગાર ઠરવાના નથી એ નિશ્ચય સમજજો-તમને જગાડનારા પ્રથમથીજ જાગીને તમને જગાડે છે તે આંધળા હોયજ નહીં-કડવું તો લાગે છે પણ ખરૂં છે. સોની સોનાને વારંવાર તાપમાં ઘાલી ઘાલી તેજાબ નાખી નાખી વગળ બાળી બાળી હથોડાથી કુટે છે તે ખોટું તો લાગેજ છે પણ કુંદન થાય છે. તેની કીંમત તમારાથી થઇ શકે છે કે ? ? ધોબી બીચારો ઉકાળે છે-તેલ દીવેલના ડાઘા કાઢવા ચુનો દઈ ખરસાણીમાં નાખે છે પછાડે છે. પાણીમાં પલાળે છે ત્યારે મળ નીકળે છે પછી ઉકાળી વારંવાર ફેરવી ફેરવી ધુએ છે અને નિર્મલ બનાવે છે તેની કડવાસ તો વસ્ત્રને ઘણીજ લાગે છે પણ ધોળું બનાવનારનો ઉપકાર ક્યાં ? ? ભલે તેવા ઉપકારીને કડવા બોલા કહો. ભલે બહુબોલા કહો, ભલે પાપી કહો અને તમારી ઇચ્છામાં આવે તેવા કહો. તમને બોધ દેનારા, તમારૂં હીત ચ્હાનારા, તમારા લાભમાં લાભ માનનારા, તમારા સુખે સુખી માનનારા. તમારા દુઃખે દુઃખી માની તમારી દયા જાણનારા; જેવાં છે તેવા, અથવા તમો કહો તેવાજ છે. મહાભક્ત નરસીંહ મેહેતા ગાઈ ગયા છે કે:-

એવારે ભાઇ એવારે એવા, તમો કહોછો તેવારે.
ભજન કરતાં ભુંડા કહેશો તો કરશું દામોદરની સેવા. એવા.

આ લીટીનો વિચાર કરો, નરસીંહ મેહેતાને પણ જગતના જીવાત્માઓએ પોતાની મરજીમાં આવે તેમ કહ્યું હશે ત્યારેજ તેમણે આ ભજન લખી પોતાની શાન્તિ માન્ય કરી છે પણ તેવાઓને

શત્રુ તો માન્યાજ નથી. છતાં દુઃખનો ચિતાર વર્ણવ્યો છે ખરો. શંકરાચાર્ય મહારાજની માતા મરી ગઇ ત્યારે તેમના પીતરાઇઓએ માતાને દાહ કરવાને અગ્નિ સરખો આપ્યો નથી. જ્ઞાનદેવે પોતાના જ્ઞાન તપ પ્રભાવથી પાડાને વેદ ભણાવવાનો આત્મ નિશ્ચય સત્ય કરી બતાવ્યો ત્યારે જાદુવાળા કહ્યા. મીરાંબાઇને તેના ધણીએ વ્યભિચારણી કહી. તુકારામને ગધેડા ઉપર બેસાડયા. સાચા સાધુઓને બાકી તો રહી નથી. અને તેમની સહનશીલતામાં પણ બાકી નથી. તેમ હૃદય શાન્ત રાખવામાં પણ બાકી નથી. જગત તો એવુંજ છે—એમ પરાપૂર્વથી ચાલ્યુંજ આવે છે.

આવા જીવનમુક્ત સ્થિતિના પરીપૂર્ણ જાગૃત સંત પુરૂષોનાં સત્કર્મો, તથા તેમની અડગ ઉપાસના, તેમની પવિત્રતા. તેમની સાત્વિકતા. તેમની ક્ષામ્યતા, તેમની ઉદારતા, તેમની પરમાર્થતા, તેમનું વેદશાસ્ત્ર સબંધીનું પૂર્ણજ્ઞાન, તેમની સ્વજન સેવા, તેમની સ્વધર્મ વૃત્તિ, તેમના બોધપ્રવાહની અસ્ખલીતતા, તેમની બ્રહ્મચર્યતા, તેમની સાધન સંપન્નતા, તેમની મહત્તા, તેમની યોગ્યતા, તેમની પ્રેમરસામૃત ભક્તિ યોગની શ્રેષ્ટતા તેમની નિર્વિકલ્પતા, એમ એકંદરે તેમની પરમાત્મતાની અભેદ દષ્ટિરૂપ અદ્વિત્તિયતા, તેમની સદ્‌ગુરૂત્વાદર્શક સ્વસત્તા—સાર્વભૌમ સર્વાત્મતા—વિગેરે મહાન્ પ્રભુરૂપ નિર્મલ વૃત્તિનાં દર્શન, એટલાજ દરજ્જાના પરમ અધિકારી સાચા ભક્ત જનો શિવાય કોઇ સમજી શકવા શક્તિમાન નથી. હીરાની પરિક્ષા ઝવેરી હોય તેજ કરી શકે છે. જ્ઞાનીની પરીક્ષા જ્ઞાની જનોજ કરી શકે છે અજ્ઞાની જનો સર્વત્ર અજ્ઞાનીજ જુએ છે. આવા સંતજનો વારંવાર પ્રભુની મહત્તાના અંશાંશી ભાવથી જગત

કલ્યાણ, ધર્મ જ્ઞાન ભક્તિની જાગૃતી રાખવાના નિશ્ચયરૂપે, પ્રભુ કૃપાથી, મહા પ્રભુ આજ્ઞાથી, પ્રભુનાજ સ્વરૂપથી, આ પૃથ્વી મંડળની કર્મભૂમિકાના શુભ ક્ષેત્રમાંજ **પ્રકાશમાન અવતારી** પુરૂપ રૂપે જન્મ ધારણ કરતા સમજાય છે. અથવા જ્યાં અજ્ઞાન અંધકારનો ધાડો જમાવ હોય તેવા પ્રદેશમાં કલ્પિત માયાએ પાથરેલી જાળમાંથી અનંત જીવાત્માઓનો ઉદ્ધાર ધારી તેમને જાળમાંથી બચાવી બાહાર કાઢવા માટે કોઇને **દર્શન માત્રથી** ઊગારનારા, કોઇને **સ્પર્શમાત્રથી** ઉગારનારા, કોઇને **સદ્બોધ** જ્ઞાન જાગૃત ભક્તિ પ્રવાહથી ઊગારનારા, પોતે બરાબર સ્વસ્વરૂપની પ્રભુ સત્તાથી જાગૃત રહેતાં અવતાર ધારણ કરી પ્રભુ આજ્ઞા પાલન કરે છે. એવી રીતે પ્રભુની ન્યાયનીતી છે. આવા સતપુરૂષો, યોગીજનો પ્રભુના અંશાંશી **પ્રાદુર્ભુતાવતાર** રૂપે હોવા છતાં જે માતાના કુખમાં તે પાકે છે. તે માતા તેને **પુત્ર રૂપે** જુએ છે. પીતા પણ મારો **પુત્ર** એમ માને છે, સગાં સબંધી તે તે **સબંધથી** માને છે, દેશના જનો **દેશના** છે એમ માને છે, ગામના જનો આપણા ગામના **ફલાણાનો દિકરો** એમ માને છે. એમ અનેક જીવાત્માઓ અનેક પ્રકારે પોતપોતાના **સ્વાર્થ** લાભા લાભરૂપે તેમને જુએ છે. જે જીવાત્માઓનો ઉદય આવ્યો હોય. તે પોતાના ઉદયકાળના **સૂર્યરૂપે** જુએ છે. અને જેનો લય થવાનો સમય આવ્યો હોય. તે તેમને પોતાના **શત્રુરૂપ**—કાળરૂપ, પોતાને હાનીરૂપથી જુએ છે. એમ સૌ સૌ જીવાત્માને પોતપોતાના કર્મયોગથી પોતપોતાના ઉદય અસ્તરૂપ તે પરમાત્મા રૂપ **યોગીઓ** ભાસે છે. એવા યોગીઓની જન્મભૂમી, જન્મકાળ, જન્મગૃહ, જન્મસ્થિતી, જેઓએ ન જોઈ હોય તેવા પુરૂષો તેમના જ્ઞાનભક્તિના તેમ

શરીર વ્યવહારના શુદ્ધ પ્રવાહથી તેમના તરફ જેવો સદ્ભાવ ધારણ કરે તેટલો સદ્ભાવ **તેમની જન્મભૂમીના જનો કદાપી પણ ધારણ કરે નહિં.** જન્મભૂમિના દેશમાં પણ કોઈ કોઇ સંસ્કારી જ્ઞાનવિભાગી, ભક્તિ વિહારી, પુણ્યોદયવાન, ભક્ત પુરૂષો, તેમની યોગ્યતા સ્વિકારે છે. પણ સેંકડે નવાણું ભાગ તો તેમના અચેતન દેહથીજ જોઈ રહ્યા હોય છે તેથી એક ટકા જેટલાજ તેમને ગુરૂરૂપ માન્યતા આપે છે.

તુલસીદાસ જેવા મહત્ પુરૂષોપણ લખી ગયા છે કે તેવા યોગીજનોને તેમના સ્વદેશ ભૂમિકાના જનોનો સમૂહ અમુક પીતા માતાની **પુત્ર** સંજ્ઞાથીજ ઓળખે છે. તેમને મનુષ્ય જેવા દેખી મનુષ્યના અનેક પ્રકારના વહીવટથીજ અને પોતાની **પામર** વિષયી કે મુમુક્ષુની બુદ્ધિથી તેવા **જીવનમુક્ત** સંતને પામર વિષયી કે મુમુક્ષુના સ્વરૂપે આલેખી અનેક તરંગોના ભાવથી જુએ છે. તેમનો બ્રહ્મવિદ્યામૃત સદ્બોધ પોતાના કલ્યાણરૂપ સમજાય છે તેવા પુરૂષો તેમની પ્રભુરૂપથી સેવા પૂજા કરી સ્તુતિ કરે છે ત્યારે બ્રહ્મવિદ્યામૃતને વિષરૂપ માનવાવાળા અને વિષયોના વિષથી તૃપ્તિ, સુખી, અને પૂર્ણ માનનારા પુરૂષો તેમને અને તેમના બોધને કટુ અને **શત્રુભાવથી** આલેખી તેમની **નીંદા** કરી, તેમની ફજેતી કરી, તેમને ગાળો ભાંડી, તેમને આ જગતમાં પાપી ગણાવવાને સતત્ પ્રયત્ન ચાલુ રાખી તેમના તરફ ક્રુર દૃષ્ટિથી જોતાજ રહે છે. જેમ દારૂ આદીવ્યસન ન કરવાવાળા તેમ અનિતિના માર્ગે ન જનારાને દારૂ અનિતિના માટે જાગૃત રહેવા બોધ કરતાં પ્રિય થઈ પડતાં પોતાના કલ્યાણનો માર્ગ જાણે છે. ત્યારે દારૂ તાડીના પીવાવાળા અને અનિતિના માર્ગે જનારા

બંધુઓને તેનો તેજ સદ્બોધ "આપણી ફજેતી કરે છે." આપણા શત્રુ છે. એમ પોતાને માથે ખેંચી લઈ પછી તે પોતાના કલ્યાણ-કારી માર્ગને દુશમન જાણનારા પાપી જનો તેવા મહાત્માને લુચ્ચા ભોળી દાંભી વ્યભિચારી કહી દેશમાં ફજેત કરે છે. અને પૂર્ણ શત્રુતા રાખી તેમને દુઃખ દેવાના વિચારમાંજ પોતાનું અકલ્યાણ કરે છે. એમ દરેક જીવાત્મા પોતપોતાના કર્મનું ફળ સંપાદન કરે છે. પોતા-નાજ કરેલા પાપોથી પોતાના કુલનો ઉચ્છેદ ધારે છે અનેક કષ્ટો વેઠે છે. દુઃખો ભોગવે છે ત્રાસ સહન કરે છે. પણ પોતાના અનંત પાપોથી દુર્બુદ્ધિ દુર્ગંધીને ટાળી શકવા શક્તિમાન થતા નથી; આટલું છતાં પણ તેવા અવતારીક મહતપુરૂષો પોતાને શત્રુરૂપ માનનારાઓ ઉપર પણ કરૂણાની દષ્ટિએ જુએ છે. એજ તેમની પ્રભુતા છે. આવી કરૂણાથી તેમની અધોગતી અને પાપ છુટતુંજ નથી. પણ જ્યારે તે પોતાના પાપોનો પસ્તાવો સાચો કરે અને જ્યારે થાય. અને હવે પછી નવાં પાપો ન કરવાની પૂર્ણ દઢ પ્રતિજ્ઞા કરે. અને સંતોના સમાગમમાં રહી વૈરાગ્ય અને પશ્ચાત્તાપના મહાન્ અગ્નિથી પોતાના પાપોરૂપ કાષ્ટને બાળી ધીમે ધીમે ભસ્મ કરે ત્યારેજ તે અધોગતિમાંથી છુટે છે. અને પછી તે કોઇએક કાળે અધિકારી બનતાં લાંબા પ્રયાસે મુક્તાનુભવ કરી શકે છે.

નિર્વંશ પણ બે પ્રકારથી છે. એક તો અત્યંત પુણ્યના ઓઘોથી પોતાના કુટુંબ સાથે મુકત થાય. એવો જ્ઞાની પોતાના કુટુંબનો યથાર્થ ઉદ્ધાર કરે તેથી તે તમામ જીવો બ્રહ્મસદનમાં જતાં આ પૃથ્વી લોકમાં વંશ રહે નહિં. તેમ બીજો અત્યંત પાપના ઢગલાથી પોતાના કુટુંબ સાથે પાપયોનીમાં, વૃક્ષમાં, પાષાણયોનીમાં, વા અનંત

પાપરૂપ કેવળ નીચી સ્થીતીએ જડરૂપમાં જઈ પડે છે. તેથી તેનો વંશ પણ પૃથ્વી ઉપર મનુષ્યમાં રહેતો નથી તેથી પણ નિર્વંશ - થાય છે એમ ઉત્તમ અધમ નિર્વંશની સ્થીતી સમજવી.

આવી રીતે અનેક રીતે સંતોને કષ્ટ પડયા વિના રહ્યાં નથી સંત પુરૂષને માનાપમાનનો હર્ષ શોક થતો નથી. શ્રીમત્ શંકરાચાર્ય માહારાજ લખી ગયા છે કે—નિંદા અને અપમાનરૂપી યોગીજનોનાં આભુષણજ છે. પાપીજનોનો આવા મહાપુરૂષની નિંદા જેવા અનેક નિંચ કર્મોથી જલદી નિર્વંશ થવાનો સમય આવે છે માટે પાપનાં ફળ ભોગવવાને માટેજ સંતની નિંદા કરે છે—તેમાં મહાન પુરૂષોને રાગદ્વેષ નથી હોતો. પણ આ મિથ્યા જગતના મિથ્યા વ્યવહારમાં સંતપુરૂષોને શરીર મોહની નિવૃત્તિને અર્થે આવા મોટાં કષ્ટો પ્રભુની પરીક્ષામાં જીવન્મુક્તિ ભોગવતાં આવે છે તે વખતે તેમની સહનશીળતાની પરીક્ષા થાય છે. અવશેષ શરીર મોહ છોડાવવાનો આ પ્રયોગ મુક્ત સિદ્ધિઓના તરફથી થતો હોય સો વિશેષ પ્રભુભક્તિ કરી તેનો જલદી અંત લાવવા સંતોએ પ્રભુપ્રાર્થના કરવી યોગ્ય છે. અને જલદી નિવૃત્ત થવું. અને મુક્ત દશા બહુ સારી રીતે નિર્મલ બુદ્ધિએ જીવન વ્યતિત કરતાં ભોગવવી.

ધર્મ શાસ્ત્રાનુસાર વિવેકથી જોવાની જરૂર છે કે બ્રહ્મના અડધા ભાગમાંથી પુરૂષ અને અડધા ભાગમાંથી સ્ત્રી ઉત્પન્ન થએલી છે. અને અહિંયાંથી મૈથુની સૃષ્ટિનો આરંભ થાય છે. મૂળ બ્રહ્માંડના આરંભકાળનું વર્ણન જોતાં જ્યારે પરમાત્મા પરબ્રહ્મ શુદ્ધ પ્રમાણરૂપ, અજર ચૈતન્ય, પૂર્ણ પંચમપાદરૂપ, તૂર્યાતીત કહેવાય. તે વખતે સ્ત્રી પુરૂષ પ્રકૃતિ એવા પ્રકારના ભેદથી રહિતજ ગણાય છે. ખરી રીતે

આ સ્વરૂપ કેવળ ઉપાસના કરવા યોગ્યજ છે. આ પછીનો સૃષ્ટિ રૂચનકાળ કલ્પાય છે. તે કાળમાં ઉપરનોજ તુર્યાતીત પરમાત્મા ચતુર્થ પાદરૂપે તુર્ય કહેવાય છે. તેમાં **પુરૂષ** અને **પ્રકૃતિ** એવા બે ભેદનું વર્ણન એવારૂપે થાય છે કે–પોતે **પુરૂષજ** પોતાની ઇચ્છા છાયારૂપે પોતેજ **પ્રકૃતિરૂપે** કલ્પાય છે, જળની છાયા જેમ જળમાંજ રહેલી છે એમ પુરૂષની પ્રકૃતિ પુરૂષમાંજ રહેલી છે પુરૂષ કલ્પાય એટલે પ્રકૃતિ તેમાંજ કલ્પાય. **પુરૂષ** શબ્દ સિદ્ધ થતાં પ્રકૃતિ શબ્દ સિદ્ધજ છે એમ જાણવું. જે પરમાત્માને પુરૂષ ન કહેવાય તો તેમાં પ્રકૃતિ કલ્પના હોયજ નહિં. પણ આ તૂર્યપાદ બ્રહ્મને **પુરૂષ** કહેવાય ત્યારે તેમાં પ્રકૃતિનો અધ્યારોપ ખરો. **અધ્યારોપથી** ચારઆના પ્રકૃતિ ગણાય એટલે બારઆના પુરૂષ પણ ગણાય. સોળેસોળઆના તે તૂર્યાતીત પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ છે. પુરૂષ તૂર્યપાદ છે. તેને ચતુર્થપાદ વેદમાં કહેલું છે. તેનેજ કોઇ **શિવ** કહે છે. કોઇ ઇશ્વર કહે છે. કોઇ કૂટસ્થ–સાક્ષી–પણ કહે છે. મહેશ્વર પણ કહે છે. આ સ્થાનથીજ જગત સર્જન વિધિ સચવાય છે. પુરૂષ પ્રકૃતિના સંયોગી કરણમાં પ્રથમ ગુણસૃષ્ટિ ઉત્પન્ન થાય છે. કેમકે પ્રકૃતિ ત્રીગુણ ભેદવાળી છે. ત્રણ ગુણની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહે છે. પ્રકૃતિ બે પ્રકારથી છે. ૧ **વિદ્યા** ૨ **અવિદ્યા**. વિદ્યાના ત્રિગુણ ભેદોરૂપ ત્રણ દેવો **સમષ્ટિના** અધિ દેવતાના નામથી અવ્યાકૃત–હિરણ્યગર્ભ અને વૈશ્વાનર નામથી રૂદ્ર વિષ્ણુ અને બ્રહ્મા ગણાય છે. આ મહાન સમષ્ટિના જીવો છે. ત્યારે અવિદ્યાના ત્રણે ભેદોરૂપ ત્રણ જીવો વ્યષ્ટિના અધિદેવતાના નામથી પ્રાજ્ઞ, તૈજસ અને વિશ્વ કહેવાય છે. અને તે ત્રણે વ્યષ્ટિના કેવળ જીવો છે. આ **સમષ્ટિ** વ્યષ્ટિના ભેદો જીવાત્મા-

ઓને સમજવારૂપ છે. **વ્યષ્ટિના** જીવોની ઊત્પત્તિ, સ્થીતી અને પ્રલયના હેતુરૂપે **સમષ્ટિના** મહાન્ જીવો પ્રાધાન્ય અધિકારી ગણાય છે. છતાં સમષ્ટિ અને વ્યષ્ટિ એ બંન્નેનો ખરો અધિકાર તે આ ત્રણેથી પરે તૂર્ય ચતુર્થપાદનો પુરૂપ સ્વરૂપ **ઇશ્વરજ** સત્ય સ્વરૂપ છે એમ જાણવું. સમષ્ટિનો વૈશ્વાનર તે વ્યષ્ટિના ત્રણે જીવને સૃજે છે તેમાં પણ પુરૂષ પ્રકૃતિ ભેદની મર્યાદાએ અવિદ્યાની તામસ ભાવનામાં શરીર (પંચ મહાભૂત રચાતાં)ના ભેદો પર્યંત એક પુરૂપ અને બીજી પ્રકૃતિ રૂપે નર અને નારી રૂપ **સમજાય** છે. જેમ આત્મા અને બુદ્ધિ તેમ નર અને નારી તત્વ છે.

આ ભેદ ગુણ સૃષ્ટિ સુધી પ્રત્યક્ષ દેખાતા નથી. પણ ત્રીપાદની છેલ્લી સ્થીતીએ પંચપંચના પ્રપંચમાં ખુલ્લી રીતે શરીર બંધાતાં તે નર નારીરૂપ પ્રત્યક્ષ દેખાય છે. એમ તે ગુણથી શરીર ભેદ છે. આત્મા પરમાત્માના **તૂર્યાતીત** સ્વરૂપમાં તે પુરૂષ પ્રકૃતિ કે નરનારી ભેદ નથી. સ્વયં ચેતન તત્વમાં અચેતન વિભાગની કલ્પનાજ સમજવી. તૂર્યપાદમાં પ્રકૃતિરૂપે અચેતન શબ્દ સિદ્ધ થતાં ભેદની ઊત્પત્તિ જાણવી. માટેજ તૂર્યપાદ (ચતુર્થ)થીજ જગતનું નિર્માણ અને તેમાંજ જગતનો લય છે. પુરૂષ અને પ્રકૃતિ કે કેવળ અચેતન દૃશ્ય થતાં **નર** અને **નારી** આ બંન્નેના યોગે જગત છે. તેથી **एकोहं बहु स्याम्** આ શ્રુતિ તાત્પર્ય તૂર્યપાદના ઇશ્વરને એકરૂપે જણાવી, તેમાં વિકલ્પરૂપ અહં ઊત્થાન જોડાતાં, બહુ શબ્દ વાચ્ય નિચેના ત્રિપાદોની ઊત્પત્તિરૂપ આ શ્રુતિ દર્શન આપે છે. આ ત્રિપાદોથી **સમષ્ટિ વ્યષ્ટિના** જીવો અને ચતુર્થપાદથી **ઈશ્વર** તે બંન્ને જ્યાં **નથી. તે** તૂર્યાતીત પંચમપાદ છે.

આમ તૂર્ય ચેતન ભાવથી નર—પુરૂષ—અને અચેતન કલ્પનાના યોગથી નારી—પ્રકૃતિ—એમ ચેતન અચેતન સમાનતા જાણવી. આથીજ પુરૂષને સંપૂર્ણ સ્વાધિનતા. અને પ્રકૃતિ સ્રીને પુરૂષના સ્વાધિનપણાની પરાધીનતા શરીર ધારણ થતાંજ શાસ્રકારે સમજાવી છે. પુરૂષ પ્રકૃતિ કે નરનારી શબ્દમાં શરીર દર્શન એ અચેતન કલ્પિત ભાવ છે. અને આત્મા સ્વરૂપ (ચેતન) જીવાત્મ ભાવ તે સ્વયં **પરમાત્મા ચેતન** ભાવ છે એમ જાણવું. એટલે ચેતનભાવથી નરનારી જીવો પરમાત્મા ના સ્વરૂપને સમજવા સરખી રીતે અધિકારી અને હક્કદાર જાણવાં. તૂર્યપાદથી જેમ પુરૂષનું **સ્વાધિનત્વ** અને પ્રકૃતિનું **પરાધિનત્વ** કલ્પાય. તે તેની નીચેના ત્રિપાદના અંત પર્યંત પણ તેમજ શરીર વ્યવહારમાં પણ કલ્પાયેલુંજ સમજવું. તૂર્યપાદમાં પુરૂષના સ્વાધિનત્વમાં પ્રકૃતિનું સમાવાપણું સિદ્ધ રહેતાં તે અવ્યભિચારણી યોગ છે. પણ જગત સર્જનકાળમાં “ અહં ” ઉત્થાન ઉપરની શ્રુતિના આધારે “ એક ” શબ્દ સાથે જોડાય અને જગત રચાય ત્યારે તે વ્યભિચાર પ્રયોગરૂપ ગણાય છે. જો એકને ત્યાગી અહંનો સબંધ કરે તો શરીર દશ્યથી **વ્યભિચારી** ગણાય છે. અને તેજ પ્રકૃતિ પોતાના એક પુરૂષને બરાબર જાણી જોડાયેલી રહે તો અવ્યભિચાર પ્રયોગ સિદ્ધ થાય છે. એમ વૈદિક કર્મબળ પ્રયોગથી પોતાના નર “**પતિ**” સાથે જોડાયેલી રહે તો સતિ—અને અહં નામના પરપુરૂષથી રત બને તો વ્યભિચારી થાય છે, માટે નરનારીના સબંધમાં રહેતી સ્રીઓને શાસ્રધર્મ પ્રમાણે પોતાના પતિની આજ્ઞાને આધિન રહેવાની આજ્ઞા છે. અને તેજ આજ્ઞા તેને સ્વર્ગ પર્યંત લઈ જનાર છે. પણ **મોક્ષના** હેતુરૂપ નથી.

હવે મોક્ષરૂપ હેતુમાં તે નરનારીના ત્રીપાદરૂપ જીવ શરીર ભાવ ત્યાગી તથા પુરૂષ પ્રકૃતિ ગુણભાવના ચતુર્થપાદનો ઈશ્વિરભાવ ત્યાગી કેવળ જીવાત્મા અને ઇશ્વરાત્માના ભેદનો પરીહાર કરવા **માટે એવા** તુર્યાતીત પદમાં કેવળ ચૈતન્ય સ્વરૂપ બનવા તે **પતિઓના પણ પતિ** સ્વરૂપ એવા પૂર્ણપતિ **પ્રિયપતિ** ગણપતિ નામાત્મક પરબ્રહ્મ પરમાત્માની અભેદ ઉપાસના કરે તો તે આપે પ્રભુના જ્ઞાનથી અને પરમ પ્રેમાસ્પદ આત્મ નિવેદન ભક્તિના સંપૂર્ણ બળથી જીવન્મુક્તતાને અનુભવી **બ્રહ્મભૂય મોક્ષને** પામે છે. નારીરૂપ શરીરનો પતિ તે **સ્વર્ગગમન** દાતા છે ત્યારે ચેતન જીવાત્માનો પતિ-તે **મોક્ષદાતા છે.**

એમ ધર્મશાસ્ત્રનો અનુભવ કેવળ સાચો છે. માટે પ્રભુભક્તિ કરવાને નર કે નારીને સંપૂર્ણ અધિકાર જાણવો. નરનારીના શરીર ભાનથી રમનારને તેવો અધિકાર નજ હોય. માટે નરનારીએ શરીરાભિમાન છોડી પ્રભુભક્તિ કરવી જોઇએ.

આત્મા તરીકેના સમપણાથી સ્ત્રીઓના સન્માનને માટે ધર્મ શાસ્ત્રકારે કહેલું છે કે-જેના ઘરમાં સ્ત્રીઓની **સન્માન્યતા** હોય છે. તે કુલના ઉપર દેવતાઓની પણ પ્રસંન્નતા રહે છે. એટલે તે કુટુંબ સુખી રહે છે. એમ આત્માપણાના સમાન હક્કથી તે સ્ત્રી અપમાન લાયક નથી. જો અપમાન થાય તો તે પરમેશ્વરના અપમાન સમાન છે એમ જાણવું.

અત્યારે **આર્યાવર્તમાં** ધર્મશાસ્ત્રની માન્યતા પ્રમાણે સ્ત્રીઓને ધર્મ કેલવણી આપતા નથી. વાંચવા લખવા કે ભરવા ગુંથવાની કે રાંધવા પીરસવાની કેલવણી એ ધર્મ કેલવણી નથી. ધર્મ કેલવણીથી તે શરીર ધારીના નિયમ ધર્મો અને આત્મા સ્વરૂપે રહેવાના નિયમ

ધર્મો બરાબર સમજે તો તે પોતાનું કલ્યાણ પણ કરે અને પોતાની સંતતીને પણ શ્રેષ્ટ માગના વ્યવહારીક વર્તનથી તેનો પણ કલ્યાણ-કારી પાયો મજબુત રાખી શકે તેમ છે. સ્ત્રી શરીર ધારણ કર્યા છતાં તે પરમાત્મા રૂપે તો અખીલ બ્રહ્માંડાધિપતિ સાથે અભેદ છે. પણ તેને તેવું જ્ઞાન અપાતું હોય તો શરીર મોહ રહિત થતાં તે અમર્યાદ પગલું કદાપી પણ ભરનાર નથી. શરીર વીષયાધિન અધમ વૃતિને ત્યાગ કરનાર સંતસમાગમ સદ્બોધ દ્વારાએ તેને યોગ્ય જાગૃતી પ્રાપ્ત થતી હોય તો. તે પોતાના શરીર માન મોહ મમત લોભ, તૃષ્ણા, કલહ, કુસંપ આદી અનેક પાપોમાંથી મુકત થવાને પુરૂષ બરાબર લાયકજ જીવાત્મા છે. તેમાં કશી શંકા નથી. પણ તેને શરીર મોહમાં નાખનાર આ વ્યવહાર વ્યામોહજાળનો બંધન-રૂપ ઊલટો યોગ છોડાવનાર સદ્ગુરૂ સંત પરમાત્માની કૃપા શિવાય અન્ય આધાર નથી.

બ્હેનો !! શરીર વ્યવહાર ધર્મશાસ્ત્રની મર્યાદાએ કેળવવા માટે પવિત્ર નીતી સદાચરણને ધારણ કરી વ્યવહાર કરતાં કલુષિત મતિનો ત્યાગ કરો. અહં, મમત્વ, મોહ, માન, આદી અધમ વૃત્તિનો પરિ-હાર કરવાને માટે કર્મ ઉપાસનાને બરાબર સાચવો. પોતાનો અધિકાર પોતેજ બળવત્તર બનાવો. પોતેજ પવિત્ર સદ્ગુરૂ પરમા-ત્મામાં મળવા દેહાધ્યાસ (દેહ મોહ) રહિત પરમ પવિત્ર બનો. તો આત્મા પરમાત્મા અભેદ રૂપ સમજાશે. વિધવા કે સિધવા સ્વરૂપે પોતાનું દેહાભિમાન છોડી પરમાત્મા સદ્ગુરૂના સ્વરૂપનું જ્ઞાન સંપાદન કરી પરમ પ્રેમભક્તિથી પોતાના આત્માને પરમાત્મા રૂપે અનુભવો. પરમાત્મા સદ્ગુરૂ પાદનાં અધિકારીને શરીર મોહ ધારણ

કરવો ઘટીત નથી. અમૃતના પીનાર માંસના આહારી હોયજ નહિં. આત્માને સેવનાર શરીર **વિષયાંધપણાના** અંધકારમાં રહેજ નહિં. પરમાત્માનો અનુભવ મેળવતાં પોતાના નિતિનિયમથી રહેનારને ભય નથી. સદ્ગુરૂ પ્રભુ તારનાર સમર્થ ધણી જ્યાં ત્યાં તૈયારજ રક્ષણું કર્ત્તા છે. ઉપનિષદાદિકનો અભ્યાસ, મૂર્તિપૂજા, પવિત્ર આચરણ, સદ્ગુરૂ સંતની સેવા અને સમાગમ, આત્મ સ્વરૂપે રહી પરમાત્માને વિષેનું અભેદ **ધ્યાન**. આત્મનિવેદન રસાત્મક ભક્તિ, એ સર્વોત્તમતા સેવી આ સંસાર પાર ઊતરશો તો તમારો સંપૂર્ણ અધિકાર તમને પ્રાપ્તજ છે. શરીરાધિકારની ગરબડ બતાવનારાઓએ તમને વમલમાં નાંખી ઘણો કચવાડો કરી મુકયો છે, ગાર્ગી, મૈત્રેય, સુલભા આદી પવિત્ર સ્રીઓએ કેવળ તત્વજ્ઞાન ભક્તિથી જીવન્મુક્તતાનો અનુભવ પ્રાપ્ત કરેલો છે. તમો પણ તેમ વરતો એટલે તમો તમારા સ્વરૂપમાં જ છો. માટે આ સદ્ગ્રંથને યથાર્થ વાંચી મનન કરી કૃતાર્થ થાઓ.

સંતસમાગમ શું કરતો નથી ? ?

કેટલાએક મનુષ્યો એવા નાસ્તિક વિચારના હોય છે કે અમો તો એમજ માનીએ છીએ કે અમારી બુદ્ધિમાં સ્વાર્થ વિચાર, અનૃતવિચાર, નિર્દયતા, ક્રોધ, વ્યભીચાર પ્રપંચ આદીની પ્રેરણા પણ પ્રભુજ કરાવે છે. એમ માનીએ છીએ. તો તેવા પુરૂષોને સમજવું ઘટે છે કે.

જીવાત્મા બે પ્રકારથી છે. જીવાત્મા તો એકજ છે. પણ બુદ્ધિને લઇને બે પ્રકારથી ગણાય છે. પૂર્વ સંસ્કાર કર્મના આધારે ગમે તે વર્ણ જાતીમાં અવતર્યો છતાં પણ બુદ્ધિ **સાત્વિકજ** હોય. અને તેથી તેના સદ્વિચારોજ હોય છે. સ્વધર્મ ઉપર આસ્થા, દાન, દયા, ઉદારતા કરવાની શુભેચ્છા. સત્ય બોલવા ઉપર પ્રીતી. અહિંસાપાલન

કરવામાં ધૈર્યતા, સહનશીલતા, પરોપકાર, ક્ષમા અને વૈરાગ્યાદિ કાર્યો કરવાની ઊત્કંઠા, સંતસમાગમ ઉપર પ્રીતી, શાસ્ત્રોના મર્મ સમજવાની યોગ્યતા, સદ્‌ગુરૂ ઉપર પરમાત્મા તુલ્ય શ્રદ્ધા, એવી રીતની સાત્વિક વૃત્તિ હોય તે પણ સંસ્કાર જન્ય હોય છે. તેમ કેટલાએક જીવાત્માઓ ગમે તે વર્ણ જાતીમાં જન્મ ધારણ કરી આવ્યા હોય તોપણ તેની પૂર્વ સંસ્કાર કર્મના યોગે બુદ્ધિ રજો તમોગુણી હોય. અને તેથી તેના તમામ વિચારો સાત્વિકથી જુદીજ જાતના હોય છે. સ્નાન સંધ્યાદિ સ્વધર્મનાં આચરણ બળાત્કારે રાખ્યાં હોય તોપણ શ્રદ્ધા રહિતજ ધારણ કર્યા હોય. દેહાભિમાનથી, દરેક કાર્યના અગ્ર ભાગમાં અહં વૃત્તિના આધાર ઉપરજ ઊભો રહે. દેહ મર્યાદામાં પણ દેહ મોહ રૂપાળા દેખાવને માટે વા પોતાના માનેલા શરીરની શુશોભીતતા બતાવવાને માટે વાળની શોભાને માટે પુરૂષ પ્રયત્ન રાખે. શાસ્ત્ર પ્રમાણ ત્રીપુંડ્ર કે ઊર્ધ્વપુંડ્ર કરતાં લાજ લાગે. અને એક બીનગીજ કે શૂન્ય કપાળ માત્રથી પોતાના કપાળને શોભાવે. એવી દેહદર્શિ બુદ્ધિ કહેવાય છે. જરા જરાવારમાં ક્રોધ, અત્યંત કૃપીણતા, પોતાનું સંભાળનાર પોતેજ છે એમ જાણી પરમાત્માની મહત્તાને જોઇ શકાયજ નહિં. પોતાના સ્વાર્થને માટે ગમે તેવી પ્રપંચ ભાષા બોલવામાં અને વર્ત્તનમાં પણ પ્રપંચની કોટીઓથી બોલે. કોઇનો તીરસ્કાર કરવામાં વખતે નિર્દયતા આવી જાય તો તે ધ્યાનમાંજ રહેતી નથી. ધન વિદ્યાનો અતૂલ ગર્વ, યુવાનીનો મદ, બુદ્ધિમાં મત્સર, નોકર ચાકર સ્ત્રી આદી સહોદર વર્ગમાં તેમના દર્શનનો ત્રાસ, અધિકાર અને માન ભરેલા વ્યવહારમાં નમ્રતા વિવેક અને વિનયનું સત્યાનાશ, સંત સદ્‌ગુરૂ મહાન્ પુરૂષો તરફ તીરસ્કાર,

તે તો ઢોંગી, ધુતારા, અને લુચ્ચા. ધનના લોભી તેમજ વ્યભીચારીજ હોય છે. તેમના તરફની હલકી વાત કરવામાં પોતાની કૌશલ્યતા માને, સહસા કામમાં સદા પ્રવૃત્તિ, એકદમ ધનાઢ્ય થવાને સટ્ટાના ધંધામાં પોતાની ઊત્તમતા માને, પરોપકારના કાર્યોમાં પણ જ્યાં તેમને માન આપવામાં આવે અને તેમની ભુંગળો ફુંકાય તેવાંજ કાર્યો કરવામાં આગેવાની રાખે. આવીને આવી રીતે **રાજસી તામસી** કર્મમાંજ પોતાને **સુખી** અને **મહાન્** માને. વીગેરે વીગેરે વૃત્તિ પણ **સંસ્કાર** જન્ય હોય છે. આમ વિદ્યાઅવિદ્યાજનક **વૃત્તિઓ** કર્મ સંસ્કારજન્યજ જાણવી. હવે આત્માનો સ્વભાવ કે ધર્મ નથી એ તો સર્વ કોઇ સમજી શકે છે છતાં તે આત્મા જો જીવાત્મા બને તો વિદ્યા કે અવિદ્યા **બુદ્ધિના** ગમે તે સંસ્કારોમાં પોતાને માને અને એમ માનવાથી પછી આત્મા પરમાત્માનો સત્ય નિશ્ચય સમજવાની બુદ્ધિ રહેતી નથી. અને તેથીજ આવા કલ્પનામય **તર્કમાં** ગોથાં ખાય છે. જો જીવાત્મા સ્વરૂપે **દેહાભિમાની** ન બને તો તે આત્મા સ્વયં પ્રકાશજ છે. એટલે આપણા ઘરમાં એક દીવો પ્રગટ કરી મુકયો હોય તો તે ચિરાખ. સ્વયંજ્યોતિ સ્વરૂપે જેમને તેમ અનરંગી બળ્યાજ કરે છે. પણ તેની આગળ પાછળ તેનો પ્રકાશ પડવાની જગામાં જેવા જેવા રંગની ચીજો ગોઠવવામાં આવેલી હોય તો તેના ઉપર પેલા દીપકનો જ્યોતિ અન-રંગી હોવા છતાં પડે તો જેવો રંગ હોય તેનો પડછાયો તેવોજ દેખાવાનો છે. લાલ કાચ ઉપર દીપકનો પ્રકાશ પડતાં તેનો પડછાયો પણ લાલજ પડવાનો છે અને પીળા કાચ પછવાડે પીળો રંગ ભાસ થવાનો છે તેમ કાળા રંગનો કાળો અને સાફ ધોળા કાચનો

પડછાયો સાફ **ધોળોજ** પડવાનો છે. એમ પોતાના આત્માનો પ્રકાશતો સદાએ શુદ્ધજ છે. છતાં પોતાની કર્મસંસ્કાર જન્ય બુદ્ધિમાં સાત્વીક રજો કે તમો જેવા ગુણનો ધોળો પીળો કે કાળો ગુણ છે. તેવા કામ ઉપર તે પ્રકાશ પડતાં તેનો **પડછાયો** તેવાજ તેવા તેવા ગુણધર્મ પ્રમાણે પડવાનો. અને તેજ ગુણધર્મના શરીરને મારૂં માનનારો તેવાજ રંગમાં ગીરફતાર રહેવાનો એટલે આમાં દોષ નિર્દોષભાવ **બુદ્ધિનોજ** સમજવાનો છે. આત્મા તો સદાએ શુદ્ધ છે. પણ પૂર્વ જન્માંતરમાં કર્મ કરનાર દેહાભિમાની બનેલા જીવાત્માએ જેવાં કર્મ કરી આ સમયે બુદ્ધિ પ્રાપ્ત કરી છે. તેના ધર્મ પ્રમાણે તે રંગ વિચાર જોઇ શકવાનો છે. જેથી પોતાના **કર્મનોજ દોષ** જાણવો. હવે ધર્મશાસ્ત્રની ઉંચા ચઢવાની મર્યાદા વિરૂદ્ધ ધર્મોના પ્રેરક આત્માને માને તો તે ખોટુંજ માને છે તે કર્મ કરનાર જીવનો ધર્મ છે તેથી એવાં નિચાં કર્મમાં પ્રવર્ત રહેવાને આત્મા પ્રેરક નથી પણ દેહ ધર્મમાં **સ્વાર્થાન્ધ** બનનાર પોતાના **સ્વાર્થને** લીધે નુકશાન ન સમજતાં **પાપકર્મને** પણ જોઇ શકતો નથી. અને કેવળ **અંધજીવાત્મા** બની કર્મ કરે છે અને આત્માને પ્રેરક માને છે. એ તેની સમજણની ખામી છે. સારાં ખોટાં કર્મનો **ભોક્તા** જીવાત્મા છે. પરમાત્મા તો કોઇને સારા કે ખોટા કર્મને માટે **પ્રેરક** બનતોજ નથી. તે તો સદાએ સાક્ષીવત્ રહી કર્મ અને કર્મફળ તેમ કર્તાને જોયાજ કરે છે. એટલે તેને કદાપી **દોષ** લાગતોજ **નથી.** નિચઉચ્ચ કર્મફળની અપેક્ષા દેહાભિમાની **જીવાત્માને** છે. સારાં કર્મ કરે છે તે પણ જીવાત્માજ કરે છે અને ખોટાં કર્મ કરે છે તે પણ જીવાત્મા કરે છે. જો જીવાત્મા પોતાનું કલ્યાણ ઇચ્છે સારાંજ

કર્મ કરે પણ **સ્વાર્થાંધ**પણાથી નિંદ્ય કર્મમાં પ્રવર્ત થાય તો **અકલ્યાણજ** થાય છે. શ્રુતિમાં જણાવેલું છે કે જગત કે શરીરરૂપી એક વૃક્ષના ઉપર **બે પક્ષી** બેઠેલા છે તેમાંનો **એક પક્ષી** તે વૃક્ષના ઉપર જે ફળ લાગે છે તેને **ખાય** છે અને બીજો પક્ષી તે **જોયાજ** કરે છે. આ ઉપરથી સમજાશે કે કર્મફળનો ભોકતા **જીવાત્મારૂપી પક્ષી** છે અને કર્મ તથા કર્મફળ અને ભોકતાને જોનારો તે માત્ર શાક્ષી આત્મારૂપી **ઈશ્વરઆત્મા બીજો પક્ષી** છે. આ સમજણત્રીપાદરૂપ જીવ અને ચતુર્થપાદરૂપ શિવનીજ સમજણ છે. પંચમપાદના બ્રહ્મસ્વરૂપમાં તે બંન્ને પણ નથી. અને તે બેમાંથી કોઈને પણ પ્રેરણા કરતો નથી. માટે ત્રીપાદરૂપ જીવાત્મા કર્મફળનો ભોકતા અને ચતુર્થપાદરૂપ સર્વ પ્રમાણનો સાક્ષી એ બંન્ને પાદ અને બંન્ને દૃષ્ટિનો ત્યાગ કરીને આ **જીવનમુકત** સ્વયંયોગી કે જે શરીર અને શરીરનાં **સ્વાર્થ**ને કદાપી પણ જોતાજ નથી. તો તે કર્મના ભોકતાપણાના તેમ સાક્ષીપણાના બંધનમાંથી મુક્ત થાય છે એવા **યોગીજનો** ભલે સંસારમાં આશ્રમધર્મમાં રહેતા હોય કે આશ્રમધર્મ ત્યાગ કરીને રહેતા હોય તો પણ તેને **શરીર**ની અને શારીરીક સંબંધના **અભિમાનની** કે કશાની પણ **અપેક્ષા** નથી. એવા પુરૂષો દેહ છતાં દેહાભિમાન રહિત રહેવા વડે કરીનેજ **પરમાત્મા** સ્વરૂપ છે.

એવા કેવળ જગતોપકારાર્થ જીવન વ્યતિત કરનારા જીવનમુકત **યોગીઓ** પોતાના જીવાત્મા ભાવના ત્યાગથી તથા દેહ કે દેહાભિમાન મોહ મમત્વના ત્યાગથી કેવળ શુદ્ધ બુદ્ધિ વિચારમાં લોકકલ્યાણનોજ પ્રભુપ્રેરીત બુદ્ધિએ માર્ગ સાધી પ્રેરણા કરનાર પ્રભુજ છે. એમ મા

તો તે દોષરૂપ નથી. કેમકે તેમની શરીર તરફની દષ્ટિ ન હોવાથી શરીર જન્ય કર્મમાં સ્વાર્થ કે અહં વૃત્તિથી સપડાતા નથીજ. અને એવા તર્ક કુતર્ક તેમને આવનાર નથી. પોતેજ પરમાત્મા સ્વરૂપ હોવાથી પોતાના સ્વરૂપથી બુદ્ધિને આજ્ઞા કરનાર હોવાથી પ્રેરણાનો લઘુ અર્થ રહેતો નથી. તેઓ પોતાના સ્વરૂપની જાગૃતી આપવા યોગ્ય જીવાત્માઓને ભમરાની પેઠે યોજના કરી કોઇ કીડાને ભ્રમર બનાવવા માગે તો તે પ્રભુ કૃપા રૂપે કરી શકે છે. પણ તેમાં પોતાનો સ્વાર્થ કે અહંકાર હોયજ નહીં તેથી કોઇનું પણ શ્રેય કરવાની શુભેચ્છા. પ્રભુપ્રેરણારૂપે માનીએ તો પણ ઠીક ઠીક છે. તેઓ કેવળ શુદ્ધ પરમાત્મા રૂપે રહે છે ખરા. પણ પોતાને પરમાત્મા કહેવરાવવા પણ ઇચ્છતા નથી. અને કદાપી સત્સંગી, પ્રેમાળ, સાચા ભક્તો, તેમને પરમાત્મા સ્વરૂપ માને તો તે કદાપી ખોટું પણ નથી. કેમકે વેદ પ્રમાણરૂપ તેઓ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપજ છે.

આધુનીક દેહમોહી દેહવિલાસી સજ્જનો એમ માને છે કે આ સાધુજન તોમાત્ર બ્રહ્મવિદ્યાનાજ સ્વરૂપને વર્ણવે છે. પણ આપણે તો ચમત્કાર જોઇએ તો નમસ્કાર કરીએ. આ મુદ્દો શા ઉપર છે તેનો વિચાર કરવો જોઈએ. કોઇ કોઇ માણસો ધનના લાલચુ હોય. કોઇ પુત્રના લાલચુ, કોઈ માનના લાલચુ, કોઇ કિર્તિના લાલચુ, વિગેરે અનેક રંગતથી રંગાયેલી આ સૃષ્ટિ છે. હવે ભગવત ગીતામાં કહ્યું છે કે હજારો મનુષ્યોમાં કોઈ એક પુરૂષ સિદ્ધિ પ્રાપ્ત કરવા લાયક બને છે. અને એવા હજારો સિદ્ધ પુરૂષોમાં સ્વસ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મના તત્વને જાણનાર કોઈ એકજ નીકળી આવે છે. આ ઉપરથી સમજાશે કે મનુષ્યોમાં સિદ્ધિવાન યોગી કોઈ એકજ હોય.

પણ તેવા હજારો સિદ્ધિ યોગીયોમાં બ્રહ્મ સ્વરૂપના અનુભવથી જીવન્મુક્ત યોગી કોઇકજ છે. ત્યારે બ્રહ્મવેત્તા તો સ્વસ્વરૂપના નિશ્ચય સિવાય બીજો નિશ્ચય બતાવી શકે નહિં. તો ફક્ત સિદ્ધિયોગી કે જે પરમેશ્વરને પામેલો નથી. માત્ર સિદ્ધિ બળનો વિલાસી અથવા અંતરીયાળવાળો છે તે કદાપી એવી સિદ્ધિ બળના પ્રતાપે કોઈક ચમત્કાર જેવો દાખલો બેસાડી બતાવે તો દુનીયામાં પોતાની કિર્તિની વાહવાહ બોલાવવાને માટેજ છે એમ જાણવું જોઇએ. આ કાળમાં તો એવા પણ સિદ્ધિયોગીઓ નથીજ નથી. વા વખતે કાગડાનું બેસવું અને ડાળનું ભાગવું બને તો પુત્રની એષણાવાળાને તેના સમાગમ અને આશિર્વાદ પછી પુત્ર પ્રાપ્તિ થાય. કે ધનવાન બને કે કોઇ માહાન્ કીર્તિનો યોગ આવી ભેટે. અગર કોઈ અધિકાર પ્રાપ્ત થાય તો પેલાની શ્રદ્ધા પોતાના દેહસુખ અને માનની વૃદ્ધિને માટે પૂર્ણપણે બેસે છે. હવે આ પ્રાપ્ત થયેલો ભોગ. અમુક હદવાળો છે. અને નાશ પામે છે. ઇચ્છનારનો સ્વાર્થ પુરો થતાં સ્વાર્થ પ્રેમ તેનો સંત ઉપર રહે. પણ તેમાં તપાસી જોતાં બ્રહ્મ વિદ્યાનો બોલેપણ હોયજ નહિં. બાહારથી દાંભી. અંતરથી મોહી. ઓરડીઓમાં સમાધિ કરે છે. એવી ગપ ઉડાવવાથી સ્વાર્થાંધ મોહી અભીમાનીજનો પોતાના સ્વાર્થ લોભને આશ્રય મળતો જાણી દોડે. તેમાં તેના કલ્યાણનો છાંટો પણ નથી એતો ખાત્રીજ છે. પણ પોતાના મોહનો યોગ જોઈ પોતાની પૂર્ણતા માને છે તો ભલે—છતાં આ પાર્થિવ જાડ્ય બુદ્ધિના પાર્થિવ નાશવંત વસ્તુની પ્રાપ્તિથી તેના મોહને ખાતર પૂર્ણ સત્તાવાન પ્રભુપણું મેળવવા ભાગ્યશાળી બનતો નથી. એજ મોટું આશ્ચર્ય છે—ખરી જેવી સમજતો એષણા રાખનાર પુરૂષના પ્રારબ્ધ

વેગથીજ પ્રાપ્ત પ્રાપ્ત હોય છે. એટલે આવી તૃષ્ણા પ્રારબ્ધ વેગથી પુરી શકાય છે. તો પછી સિદ્ધિ યોગી કહેવરાવવાનો પાર્થિવ માન-મોહ વિદ્વાનો તો તુરતજ સમજી જાય છે—પણ ગાડરીયા પ્રવાહની પ્રજા, ઘેટાના ટોળાની પેઠે, આવા સિદ્ધિ યોગના ચમત્કાર બતાવનારાઓના મોહમાં સપડાઇ વખતે મહાન્ ફંદામાં ફસાયાના દાખલાઓ ઘણાજ અનેકા છે. પાર્થિવ દેહ મોહ અને સુખના પાર્થિવ પદાર્થોની પ્રાપ્તી કરાવનાર, દાતા બનનાર, સંતના સાચાપણાની મહત્તાના મનુષ્યો બ્રહ્મવિદ્યાના પૂર્ણ યોગની મહત્તાને પ્રાપ્ત થઈ શક્યાજ નથી. અને એવા પોતાને સંત મનાવનારા પાર્થિવ મોહી છે. એમ જાણો. ધન ધુતવાનો આ ગુપ્ત પ્રપંચ છે. વા નાના પ્રકારના ભોગોમાં રહેલી વાસના ભોગવવાનો આ ધૂર્ત પ્રયોગ છે એમ સત્યજ માનો. સટોરીયાના ધંધામાં એકદમ દોરીલોટો અને ગાદી તકીયા ઇચ્છનારાઓમાં કોઈ એક "ગાદીતકીયા" એક વખત મેળવે તો બીજી વખત "દોરી લોટા" સમજવાજ જોઇએ—છતાં સટોરીયાના એકથી દશ સુધીના આંક બતાવનાર ધૂર્ત યોગી દશ જણને જુદા જુદા વખતે જુદા જુદા આંક આપે, તેમાંથી કોઈ એક વખતે કોઈ એક તે આંકમાં ફાવી જાય. તો તે એકદમ સ્વાર્થ મોહથી માની પડે કે મને તો સંતનો આશિર્વાદ ફળ્યો. એટલે તેની શ્રદ્ધા વધે. પણ આ ક્રમમાં તેવા આંક કાઢી આપનાર સંતનું સંતપણું અને ફાવી જનાર સટોરીયો એ બન્નેનો સટોરીયાપણાનો ખુલ્લો દેખાવજ છે. એટલે આ બાબતમાં સત્ય તો જ્ઞાનીજ સમજી શકનાર છે. ધન પુત્રાદિકની પ્રાપ્તિ એ શરીર સબંધેના પાર્થિવ પદાર્થોની પ્રાપ્તિના બાગરૂપે શરીરનું પ્રારબ્ધજ છે. અને પ્રારબ્ધ વેગથી મળે તેમાં આંક

કાઢી આપનાર કે સિદ્ધિના ચમત્કારને બતાવનારની શું મહત્તા !!! એમાં તેમણે શું આપ્યું??? અને જે આપ્યું તે વાપરતાં ખુટે. અને વાપરનારો પણ નાશવંત જાણે. તો તેમણે આપી આવું શું આપ્યું?? અમર વસ્તુ તો ના આપીજ ને?? અથવા જન્મ મર્ણનો ફેરો તો મટાવ્યો નહીંજ ને?? એ તો "**લોભી ગુરૂને લાલચુ ચેલા દોનું નરકમેં ઠેલંઠેલા**" એવો અર્થ થાય છે–અને એટલું તો યાદ રાખવાનું કે એવા સિદ્ધિ યોગીને નામે વેશ ધારી જનો પોતાનો સ્વાર્થ મોહ પુરો કરવા. જેવો ધંધો આદરી બેઠા છે. તેવો પોતાનો સ્વાર્થ **લોભ** પુરો કરવા માટે એષણાવાળા મનુષ્યો આ અધોગતીની ખાણ પણ શોધી કાઢી બેઠા છે એમ જાણો. પણ આ જડવાદના વિપરીત કાળમાં જડવાદી જનોના સહવાસથી અંધ બનેલા **વિષયી** ભીક્ષુક બુદ્ધિના અધમ જીવો પોતાના આત્મ કલ્યાણને માટે અખંડ સિદ્ધિ યોગે પરમાત્માની પ્રાપ્તિ મેળવવા પ્રયત્ન ઇચ્છતા નથી. એજ તેમની વિચિત્રતા છે, ખરો ચમત્કાર તો એજ છે કે–મહાન્ જીવત્વમાંથી તેને જીવનમુક્ત બનાર્વી આ અનંતરૂપ વ્યવહારની ફસામણી જંજાળમાંથી બચાવી લે તેના બરોબર એક પણ **ચમત્કાર** નથી. જે વસ્તુ બીજા કોઈ માર્ગે મેળવાતી નથી તે માત્ર એક **બ્રહ્મવિદ્યા** છે કે જેના બળથી પરમાત્મા સ્વરૂપ બની જાય છે. પછી તેને અન્ય મોહનથી. જેના **સમાગમથી** સત્ય બોલવાનો દૃઢ નિશ્ચય થાય. જેના સમાગમથી પાર્થિવ પદાર્થનો મોહ જાય. જેના **સદ્બોધથી** અહંકાર મમતા જેવા શત્રુઓ પાછા હટી નિર્માલ્ય બને. જેમના **દર્શનથી** અનંત જન્મના દુઃખ અને પાપ ટળી જાય. જેમના **સ્પર્શથી** જીવ મટિને શિવરૂપ થાય. જેમના **સહુવાસથી**

બધી સિદ્ધિઓ તાબેદારી ભોગવે છતાં તેના ભોગોમાં વૃત્તિ ન જાય. જેમની કૃપાથી સિદ્ધિ બુદ્ધિના પાર્થિવ પણાનો લય જતાં સ્વસ્વરૂપ પરમાત્મા સ્વરૂપ પમાય. એવા સંત તેજ ખરા સંત છે. અને તેવા સંતનીજ પરમ કૃપાથી અનંત જન્મનું દરિદ્ર નાશ પામે છે. પેલા કહેવાતા સિદ્ધિ યોગીઓ એક જન્મનું પણ સુખ આપવાની હીમત ધારી શકતા નથી. તે તો તરત ફળનો દંભ બતાવે છે. પછી તે કાલેજ મરી જાય અગર નાશ પામે. તો તે પોતાની જવાબદારી લખી આપતા નથી અને આ સંત તો એવી જવાબદારી સાથે નિશ્ચય લેખ કરી આપે છે કે પુનઃ જન્મ મર્ણજ ન થાય. એવો વેદનો લેખ બતાવી પોતાનું સત્ય મહત્વ તેનામાં મુકી આપે છે કે ફરી જન્મ લેવો પડે નહીં. અને ફરીની લલુરથા પણ રહે નહીં. એ યોગને અભેદ યોગ કહે છે. એટલે આવા આંધળાઓને ફંદામાં ફસાવનાર અને આંધળો બન્ને નર્કના અધિકારી છે. હરકોઇ જીવાત્મા ઉપર સ્વાર્થ વિનાની કૃપા કરવાની શુભેચ્છા સત્ય શુભેચ્છા છે. હરકોઇ જીવાત્માના અહંકારનો અને મોહનો નાશ કરવાની સ્વાર્થ વિનાની દયાથી તેને મુક્ત કરાય તેજ ખરો મુક્ત છે. હરકોઇના ગુન્હાના સમયમાં કોઇ પણ માનની ઇચ્છા શિવાય ક્ષમા કરવાની પ્રેરણા પ્રભુ કૃપાથી થાય. અને તે બલવાન બની ક્ષમાજ કરે. એજ ખરો ક્ષમાવાન છે. દેહ ધર્મમાં નિતિ મર્યાદાના બળે અનિતિનો નાશ કરાવતાં જેનો બોધ ચન્દ્ર સૂર્યની પેઠે ઉજ્વળ દેખાય તેજ ખરો નીતીમાન છે. પ્રમાણીક્તા સાચવવામાં પોતાનો નિશ્ચય અને સત્ય સમજ એવી હોય કે કોઈ રાજા કે દેવથી પણ ડગે નહીં એવી મર્યાદાએ રહેવાય તે ખરો પ્રમાણીક છે અનેક કષ્ટો

આવી પડતાં પણ પોતાની સાત્વિકતા સેવવામાં કદાપી પણ પાછો હઠે નહિં અને ત્યાગે પણ નહીં તેજ ખરો સાત્વિક છે. ઉદારતાના કાર્ય કરવામાં પોતાના વ્યવહારના કાર્ય કરતાં દશગણા બળથી ઉદારતા કરતા જણાય, અને વ્યવહારનાં કાર્ય બોજારૂપ મનાય, તેમ પ્રભુ સેવારૂપ પ્રેમભાવના સહજ ગણી હૃદયમાં ખીલી નીકળે અને તેના કરતાં પણ વધારે પ્રેમથી કમર કસી આગળ પડતો ભાગ લેઇ પોતાના આત્મ બંધુઓ કે જેનું આપણે શુભ ઇચ્છીએ કે તેઓનું શ્રેય કલ્યાણ થાય. અને તેઓ પણ પ્રભુ કૃપાથી સુખી થાય. એવી શુભ વાસના રખાય. ધરાય કે ધરાવીએ અને તેઓને પણ આગળ પાડી. ધર્મનાં કાર્ય મહાકષ્ટ વેઠીને પણ કરાય તેજ ખરી ઉદારતા છે. એવા પરમાર્થે સર્વ વ્યાપક પ્રભુની સેવારૂપ કાર્યની ઉદારતા સમયે માન અપમાનની કે પોતાના વ્યવહારની પણ દરકાર રખાય નહિં એને પૂર્ણ તેજસ્વી ઉદારતા જાણવી. જેને સર્વ વ્યાપક પરમાત્માની સ્વદેશ સેવાના મહાન્ કાર્યોમાં ભીક્ષા માગતાં પણ લાજ આવે નહિં. ભુખ્યા રહેતાં કષ્ટ સહન કરતાં ત્રાસ વેઠતાં પણ શરમ લાગે નહીં અને એક ધારા ઉદાર કાર્યો કરવાની ઉત્કંઠા દીનપર દીન વધતી જાય. જેણે પોતાના માનેલા કુટુંબનું પોષણ કરવાનું મીથ્યાભિમાન કદાપી પણ માથે વ્હોરી લીધું નથી. પણ તે સર્વ જેની સત્તામાં છે એવા પરમાત્મા સર્વનું રક્ષણ કરી રહ્યા છે. તે પરમાત્માનાં સર્વ વ્યાપક અનંત સ્વરૂપમાં સેવાબુદ્ધિ રાખી. પોતાના આત્મ કલ્યાણનો માર્ગ ખુલ્લો કીધો છે. તેનાં દરેક કાર્ય ઉદારતાજ ભરેલાં હોય છે. એવા ઉદાર પુરૂષનેજ પ્રભુકૃપાથી ધન્યવાદ મળે છે. એવા સદ્દગુરૂ પરમાત્મા સર્વનું કલ્યાણ કરો. એવા નિશ્ચયો હૃદયમાં બળવાનરૂપે

રહેતાં જેમના બોધ અને કૃપાથી તેમ આશિર્વાદથી વ્યવહાર સબંધે અહંકાર કરાવનાર **અહં** ઉત્થાનનો જડમુળથી નાશ થાય છે. અને પાર્થિવ વસ્તુ પદાર્થ ઉપરની મમતાનો પણ નાશ થાય છે. એવા સંત **મહાત્માજનોનાં દર્શન** આ કાળમાં **દુર્લભજ** છે. મહા નદીના મુખ આગળ હોડી હંકારનાર માછીના બારણામાં ક્રોટાનક્રોટી રૂપીએ મોંઘો એવો રત્નનો પથરો પગમાં કુટાતો હોય. પણ જેને તેની **કિંમત** નથી અને ઓળખાણ નથી. તે તેને ઉપાડી લેવો કેમજ ધારશે ! ! હોડી ઉતારવાને બબ્બે પૈસા લેવાથી પોતે ધનાઢ્ય થશે એમ ધારી બેઠેલો ધનાઢ્ય થવો **દુર્લભ** છે. અને પેલા રત્નનો પરીક્ષક કોઇક ઉપાડી જશે અગર મહાપાણીના વેહેણમાં કદાપી પાણીના ઊંડાણમાં ઉતરી પડશે તો ખરૂં નુકશાન વેઠાશે. પણ બબ્બે પૈસામાં લોભથી ઘેરાએલાને કીમત હોયજ નહીં. એ સ્વભાવીકજ છે. જેની પાસે **દોરી** નથી અને લોટો પણ નથી એવો માણસ કુવા ઉપર આખો દીવસ બેસી રહી તરસે મરનારજ છે. છતાં સાધનને માટે કષ્ટ વેઠી સાધન પ્રાપ્ત કરી પોતાની સંપૂર્ણ તૃષા છીપાવી શાન્તિ લેનાર કોણ છે ? ? જે સંત પરમાત્મા સદ્ગુરૂની કૃપાદૃષ્ટિથી આ મિથ્યા જગતના મોટા ગણાતા રાજા **મહારાજા**, ધનાઢ્ય, પ્રપંચી, દાંભિક–મોટા અધિકારવાળાની સત્તાની દુર્ગંધીમાં દુર્ગંધરૂપ બનેલા, અને વિદ્યાના ગર્વમાં છાકેલા, વ્યવહારની કૌશલ્યતાએ માનમાં મદમત્સર યુક્ત બનેલા, અનેક પ્રકારના જીવાત્માઓના પ્રપંચ બંધારણના મોહમાં અંજાઇ દબાઇ ફસાય નહિં. એવી સત્ય પરમાત્માની સ્વરૂપ સત્તા જેના હૃદયમાં ક્ષણેક્ષણ કાર્ય કરી રહી હોય. તે **સંતના આશિર્વાદનું** ફળ છે. એમ નિશ્ચય જાણો. **કર્મનું ફળ નાશવંત**

છે અને કૃપાનું ફળ ચીરાયું છે એ વાત જે સમજે છે. તેજ સંત સદ્ગુરૂ પરમાત્મા સ્વરૂપમાં રમે છે. અને તે કોઇ એક કાળે જીવન્મુક્તતાનો અનુભવ કરી શકે છે.

સંસારના ઐહિક પદાર્થો ઉપરનો અહં મમત મોહ નાશ પામતાં પોતાનું, પોતાના કુટુંબનું, પોતાની જાતીનું, પોતાના ગામનું, અને અંતે પોતાના સ્વદેશનું, એમ ઊત્તરોત્તર આપણા આત્મબંધુઓનું અને તેમાં શત્રુમિત્રનો સમાવેશ કરી શત્રુઓનું પણ શ્રેય કરવાની સત્ય ઊર્મિઓ આત્મારૂપ જોઇને ઊઠે. એ સંતની કૃપાનું ફળ જાણો. પોતાની કૃપણતાને સંતાડી રાખવા માટે, અથવા પોતાના દુરાચારને સંતાડી રાખવા માટે, સંત સદ્ગુરૂ કે બોધક પુરૂષોને લોભી કે દુરાચારી કહેવા. એવી પાપરૂપ મતિનો પોતાના હૃદયમાંથી સદાકાળને માટે નાશ કરવાની જેની શુભેચ્છા થાય. તેનેજ ભકત જાણવો. પોતાના શરીરના પ્રારબ્ધ યોગે જે પ્રાપ્તાપ્રાપ્ત થવાનું છે. તે ભલે હો વા નહો. પણ જેઓ પોતાના અને પોતાના પુત્રપૌત્રાદિ કુટુંબને માટે સ્વાર્થ વિચારી અન્ય જીવાત્માના સંરક્ષણને માટે શુભેચ્છા ધારતો નથી. અને પોતાના દેશબંધુઓને મદદ આપતો નથી. એવી સંસારીક બુદ્ધિના ઉપર અજ્ઞાનતાએ અંધાર પીછોડો ઓડાડયો હોય, તે અજ્ઞાનતાનો આજકાળમાં સદ્ગુરૂની કૃપાથી નાશ કરી સાચી રીત પ્રમાણે સદાએ શુભેચ્છાથી ચાલવા દઢ નિશ્ચય કરી વર્ત્તન ચલાવે તેજ ખરો ભકત છે. આ મારો આત્મા તેવોજ સર્વના શરીરમાં સર્વનો આત્મા તે વ્યાપકરૂપે એક અને અદ્વિતીય છે. એમ સત્ય રીતે સમજણ ધારણ કરાવનાર સંત પુરૂષના સદ્બોધથી જેને કોઈ જીવાત્માના ઉપર દ્વેષ આવતો નથી. કોઇ પણ જીવાત્માને

દુઃખ દેવાની ઇચ્છા થતી નથી. કે કોઇને **લુંટી** લેવાની કે કોઇને **ફસાવવાની** કે કોઇનું પણ **નુકશાન** કરવાની કે કોઇને **દગો** દેવાની કે કોઇને **વિશ્વાસઘાત** કરવાની કે કોઇને **હલકો** પાડવાની કે અન્ય કોઈ પણ રીતની દુષ્ટ ઇચ્છાની પ્રબળ વાસના જેના શુદ્ધ હૃદયમાં કદાપી પણ સ્ફૂરે નહીં. તો તેને પ્રભુનો **ભક્ત** જાણવો.

જ્યાં સુધી હૃદયમાં શરીરના વિષયોના ભોગ પ્રવાહો વહેતા કાયમ રહે છે. અને તે તરફ પોતાનું સુખ મનાય છે. તેમાંજ આનંદ અનુભવાય છે. અને તેમાંજ તૃપ્તી અને સંતોષ જણાય છે. ત્યાં સુધી આત્માની સ્વયં પ્રકાશ સત્તા કદાપી પણ દૃષ્ટિમાં આવતી નથી. અને ત્યાં સુધી આત્માનો બોધ કરનાર **શત્રુરૂપ** લાગે છે. જ્યાં સુધી ખરનો અવતાર હોય ત્યાં સુધી સાકર કડવીજ લાગે છે. જ્યારે નર શરીર ધારણ કરે છે ત્યારેજ સાકરની લ્હેજત અનુભવે છે. એવો પોતાનો અનુભવ પોતાને થતાંજ વિષય પ્રવાહોમાંથી પોતાના મનને વાળી, સંત સદગુરૂ પરમાત્માના ચર્ણમાં રહી, સબળ અને સભર જ્ઞાનનો સદોદીત સ્વપ્રકાશરૂપ અમૃત બોધ પ્રેમભક્તિ બળ સાથે હૃદયમાં વહેવરાવી. પોતાના જન્મોજન્મના અંધકારને ત્યાગે છે. તેજ ખરો **સાચો ભક્ત** છે.

પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપના યથાર્થ સ્વતઃસિદ્ધ દર્શનથી અજાગૃતને **અજ્ઞાની** કહેવાય છે. **જગત** અને **સંસાર** એ બેમાં ફેર છે વ્યવહારિક દૃષ્ટિએ આ યાવત્ દુનીયાના **પદાર્થોના ભંડોળને** જગત કહેવામાં આવતું હોય તો તે ઠીક ઠીક છે. પણ સંસાર શબ્દનો અર્થ વ્યાવહારીક વિચાર પૂર્વક જોતાં જણાય છે. દેહ અહંકાર–મોહ મમત–સ્વાર્થ,–લોભ–આદિ રજોગુણી તમોગુણી વૃત્તિઓથી. પોતાનાં

સ્ત્રીપુત્રાદિક સગાંવ્હાલાં મીત્ર સહોદર શત્રુ આદીનો જે મારાપણાના સહવાસ પૂર્વકનો ચાલતો વ્હવહાર તેજ પોતાનો **સંસાર** છે. એમ જીવાત્માનો **સંસાર** મનાય છે. અને આવા સહવાસના વ્યવહારથીજ પરમાત્મા તત્વનેજ **જીવાત્મા** કહેવાય છે. બાકી **જીવ** કોઈ વસ્તુ પદાર્થ નથી. વિશેષણ યુક્ત વિશેષ નામ છે. **વિશેષણનો સંગ છુટતાં વિશેષ નામ છુટી જાય** છે. એટલે સ્વતઃ સિદ્ધત્વ પરમાત્માજ અવશેષ રહે છે.

આ ભારતવર્ષમાં સનાતન ધર્મની મર્યાદાએ આચાર્ય ગણાતા શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય મહારાજ, કે જેમણે પૂર્ણ સનાતન ધર્મની મર્યાદાએ **કૈવલ્યાદ્વૈત** મત પ્રતિપાદન કરેલો છે. તે પહેલાંના ચાલતા આવેલા સનાતન વૈદિક ધર્મની રીત એવી રીતે સમજવી ઘટીત છે કે જેમાં સ્વતઃ સિદ્ધ બ્રહ્મ પરમાત્માનુંજ પ્રતિપાદન હોય માંયા, ઇશ્વર, જીવ, જગત જે સ્વરૂપના સિદ્ધાંતમાં જીવતા ન રહે અને પ્રભુમયજ ગણાય તે સનાતન મર્યાદા જાણવી. **ઉપાસનાની** કોટીથી આ **પાંચપાદની** મર્યાદાએ **પંચાયતન દેવની** મૂર્તિ અમૂર્તિ સમાન ભાવના **ભેદઅભેદની** સમાન ભાવના, સમરસતાએ **ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય** અને **શક્તિની** અભેદ ઉપાસના જેમાં હોય તે **સનાતન** વૈદિક ધર્મ છે. આ પાંચે નામો તે તે પાદોની અર્થસત્તાના આધારેજ છે. એવો તે **સનાતન ધર્મ** છે. આ વાત માત્ર શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય મહારાજ જાણતા સમજતા હતા. સનાતન ધર્મવા પ્રમાણને માટે ચારે વેદ–બ્રાહ્મણ સહિત ષટશાસ્રો, સમગ્ર પુરાણો, સમગ્ર ઉપનિષદો, સમગ્ર ઇતીહાસો, અને સમગ્ર સ્મૃતિઓ, **સમરસતાએ** પ્રતિપાદન સ્વરૂપ છે. એવો તે **સનાતન ધર્મ** છે.

શંકાશીલ મનના માણસના સમાધાનને માટે જરૂરનું છે કે શ્રીમત્ શંકરાચાર્ય મહારાજે વાડો વાળ્યો નથી. અને તેમના વિચારોને અનુસરવાવાળા પણ વાડા વાળતા નથી એ સાફ સાફ સમજવું જોઇએ. શંકરાચાર્યનો કૈવલ્યાદ્વૈત સંપ્રદાય ગણાતો હોય તો પણ સ્વતઃ સિદ્ધત્વ **સનાતન ધર્મ** અદ્વૈત શબ્દ ચતુર્થપાદનો છે ખરો. પણ કૈવલ્યપદ પૂર્ણસ્વરૂપ પંચમપાદનુંજ છે. એટલે ચોથા પાંચમાની **સમતા** માત્ર શંકરાચાર્યના નિશ્ચયમાંજ આવે છે. એ શિવાય અન્ય આચાર્યના મતમાં નહિંજ. બૌદ્ધાદિક કર્મ જગતના પ્રતિપાદન કરનારા દ્વૈતમતિના જનોનો રાફડો ફાટવાથી પરમેશ્વરનું જ્ઞાન, ભક્તિ તપ અને નિષ્કામ કર્મના યજ્ઞો બીલકુલ નાશ પામ્યા હતા. પરમેશ્વરને માનવાનુંજ વિલય ગયું હતું. ઉપનિષદ અને વેદોના સિદ્ધાંતોનો સમૂળો હ્રાસ થયો હતો ત્યારે અતિ અધર્મના ભારથી અને દ્વૈત અજ્ઞાન અવદશામાંથી ભારતની ચાતુર્વર્ણ્ય ઉચ્ચ કક્ષાના **જીવોના** બચાવરૂપે જરૂર પ્રસંગ રૂપ ઇશ્વરાવતાર શંકરનો અવતાર મનાયો હતો. આ દ્વૈતાંધકારનો નાશ કરવા માટે **અદ્વૈત ભાસ્કરના** પ્રખર પ્રકાશની જરૂરજ હતી. ત્રિપાદ દ્વૈત છે. ચતુર્થપાદ અદ્વૈત છે. અને પૂર્ણ પંચમપાદ **દ્વૈતાદ્વૈતથી પરે** છે. અને તે શ્રીમત્ જગદ્ગુરૂ **શંકરાચાર્ય** જાણતા હતા, છતાં તેમણે અદ્વૈત બ્રહ્મના પ્રતિપાદનથીજ **દ્વૈતનો સંહાર** કરી **સનાતન** મર્યાદા સંભાળી હતી અને પોતાના ભક્તોને તો પૂર્ણ પાદપર્યંતનું જ્ઞાન આપી સ્વસ્વરૂપ સ્વતઃ સિદ્ધ અપરોક્ષ **પરમાત્માનું** સ્વરૂપ સમજાવ્યું હતું એમાં કોઈ પ્રકારે ભુલ નથી અને નહોતી. જેથી સભર પરમાત્માના સ્વરૂપનું પ્રતિપાદન **સનાતનધર્મ** છે તેથી શ્રી શંકરાચાર્ય મહારાજ સનાતન

મતના સંપૂર્ણ રીતે પોષક હતા. અને તેથીતેમનો આગ્રહી વાડો ગણાતો નહોતો અને કોઇ અજ્ઞાની જનો તેવો અપવાદ મુકે તો તેના બોલને આપણે બંધ પણ કરવાની જરૂર ધારીયે નહિ. મોઢું ગમે તે બોલવાને માટેજ છે. અને સર્વને માટે રજીસ્ટર થયેલું છે.

ત્યાર પછીના ઘણા આચાર્ય થયા અને તેઓએ પણ સનાતન વેદમર્યાદાના અંગેજ ઉભા રહી પોત પોતાના ઇષ્ટના અમુક નામના વાડા બાંધ્યા. રામાનુજે રામચંદ્રની ઉપાસના કરી માટે રામના દાસ રૂપે વાડો બાંધ્યો. વલ્લભાચાર્ય મહારાજ થયા તેમણે વિષ્ણુના માત્ર કૃષ્ણાવતારની પ્રેમભક્તિ રૂપે વૈષ્ણવોનો વાડો વાળ્યો. મધ્વે પણ વાડો વાળ્યો. આધુનિક મતપંથાદિકના મહંતોએ પણ પરમાત્માના અમુક નામના આધારથી પોતાનો વાડો વાળ્યો. એમ દરેક સનાતનમાં તો ઉભા રહેતા જણાવી એક એક નામની આગ્રહી ઉપાસના સમજાવી વેદ ઉપનિષદનું પ્રમાણ કાયમ રાખી સમગ્રતાના અભેદત્વને સંતાડી પોતાનો આગ્રહી ઇષ્ટ મનાવવાનું ધોરણ તો કાયમજ રાખી કામ લીધું પણ પંચાયતન અભેદ તો માત્ર શંકરાચાર્ય મહારાજેજ વેદમાં છે તેમજ વર્ણવ્યું. સાબીત સાબીત ને સાબીતજ છે. જેથી શંકરાચાર્ય મહારાજનાઅનુયાયી સંન્યાસી બ્રહ્મચારીયોગી જનો કોઇએક વાડો વાળી બેઠા છે. એમ માનવું એ આંધળાના પ્રકાશ જેટલું સાચું સમજવું શંકરાચાર્ય મહારાજના સિદ્ધાંતમાં સ્વતઃ પ્રમાણથી સ્વતઃ સિદ્ધ પરમાત્માના અંતર્બાહ્ય સાથે—સાધન સ્વરૂપે સ્મૃતિ પુરાણોની મર્યાદા પૂર્વક શરીરના વર્ણાશ્રમ માન્ય ધર્મનું નિષ્કામ બળ સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ શાંતતાનો અભેદ

એકાત્મતાએ ષટ શાસ્ત્રોના પ્રમાણુસહ ઉપનિષદાદિ સંપૂર્ણ મહા વેદાન્ત બોધથી જીવન્મુક્તતાનું પ્રતિપાદન થાય છે. એટલુંજ નહિ પણ અત્યારે હિંદની દશે દીશાએ તેમ પાંચે ખંડોમાં પણ શંકરાચાર્યના સિદ્ધાન્તનો વાડો કહેનાર કોઇ નિકળ્યો નથી. તે અત્યારે ભારત વર્ષના વર્ણાશ્રમની માન્યતામાં ઉભા રહેલા. કોઇ પણ આશ્રમ ધર્મિ ભક્તો શંકરાચાર્યનો વાડો કહે. તો હવે બીજો ઉપાય નથી. માત્ર તેની મુર્ખાઇ ઉપર હાસ્યજ કરવું જોઇએ. વેદાન્ત ઉપનિષદોમાં પાચે પાદનું વર્ણન છે. અને તેજ આધારે શંકરાચાર્યે વેદાન્તના આધારે પૂર્ણ પંચમપાદ સુધીનું વર્ણન પોતાના રચેલા ગ્રંથોમાં આપેલું છે. પણ હીનચક્ષુને ન દેખાય તેનો પરિહાર કેવી રીતે કરવો જોઇએ ? ? ? પરિહાર કરવાની જરૂર ધારવીજ નહિં. એવા મૂર્ખાનંદોને જેમ બને તેમ લવવા દેવાજ જોઇએ. શ્રીમત્ શંકરાચાર્ય મહારાજે ઉપાસનાના સિદ્ધાન્ત પૂર્વક જગદંબા માતાની સ્તુતિ પણ કરેલી છે, તેમ સૂર્યાદિની પણ સ્તુતિ સ્વીકારી છે, તૃતીય પાદ સ્વરૂપ વિષ્ણુ સ્વરૂપની સ્તુતિ તેમ ચતુર્થપાદરૂપ શિવની સ્તુતિ અને પૂર્ણ ૐકાર સ્વરૂપથી પંચમપાદ પરબ્રહ્મ શ્રી મહા ગણુપતિની ઉપાસના ભક્તિ અને સ્તુતિ અભેદ ભાવથી ગાઇ સ્વસ્વરૂપાનંદ લીધો છે, એ વાત સાધારણ માણસ પણ જાણી શકયા છે. ત્યારે આ શંકરાચાર્યના સિદ્ધાન્ત વિચારના અનુયાયી સંતજનો પણ તેવીજ રીતે અનુક્રમે પાંચપાદથી સ્વસ્વરૂપાનુભવ મેળવી જગત કલ્યાણાર્થ તેવો બોધ કરે તો તેને "વાડો બાંધી બેસનાર" એમ કહેનાર કેટલે દરજ્જે પતિત છે ! ! તેનો વિચાર સાચા ભક્તો કરી લેશે.

જે કપડું કાળું છે. તેને કાજળના ભરેલા ઓરડામાં આળો-

છતાં કોઈ નવી રીતે આ કાળું બન્યું એમ કહેવાની હીમત કોણુજ કરશે ? ?

સુરદાસ પ્રભુ કારી કામરીયાં,
ચઢત ન દુજો રંગ.
તજ મન હરિ વિમુખ ન કો સંગ—

આતો કાળીજ કામળી છે. હવે તેને બીજો રંગ ચઢતોજ નથી. હવે કાળાં ચસ્માં પહેરીને સાફ ધોળા કપડાને જુએ. અનુભવ કરે. શું દેખાય છે ? ? આ શ્વેત વસ્ત્ર છતાં કેવું દેખાય છે ? ? તેનો જવાબ તેજ છે કે—કાળુંજ દેખાય છે. શાથી ? ? તો તેનો જવાબ એટલોજ કે—કાળાં ચસમાં ચઢેલાં છે. જો આ ચસમાં ઉતરે તો જેવું છે તેવુંજ વસ્ત્ર સાફ માલમ પડે. પણ હવે કાળાં ચસ્માં કયારે છોડવાં છે ? ? કાળા કર્મ કરતાં બંધ થઈ જાઇએ ત્યારે આપોઆપ આ ચસ્માં નીકળી જાય છે. કાળાં કર્મ છોડાવનાર ધોળા વસ્ત્રવાળાને તમારા કાળાં ચસ્માંથી કાળા દેખ્યા. તો હવે કાળા કર્મ છોડાવનાર કોણ ? ? જે દયા કરી તમને ધોળા બનાવવા, ધોળાં કર્મ કરાવવા પ્રેરણા કરે તેને તો કાળાજ દેખવા છે. ત્યારે કાળા બંધનથી કેમ છુટાશે ? ? તમારાં કાળાં વસ્ત્ર દીવેલ અને કાજળમાં રગદોળાયેલાંને સાફ કરી તમારી મલિનતા કાઢનાર ધોબીને તમો કાળાં લુગડાં કરનાર. વા કાળા કપડે ફરનાર માનો. અગર વગર પૈસે ધોનારને પાપી કહો. તે તમને ઘટે છે કે ? ?

સનાતન ધર્મના સત્યશિલ બોધકને વાડો વાળી બેસનાર તરીકે ખીતાબ આપો, તે પહેલાં પોતાને સમજવું જોઇએ કે. કદાપિ એતો દરેક જીવાત્માના કલ્યાણને માટે બોધ કરે છે. અને અધિકારીજ ગ્રહણ કરે છે. એટલે કદાપી વાડાવાળા કહો તો પણ આ

વાડો તમારા જેવા અનંત જીવાત્માઓના કલ્યાણને માટે છે. તો ભલે એવા વાડા બાંધ્યા હોય તો પણ ભલે, પણ સંસારમાં રહેનારા વિષયોની વિષ્ટામાં રગદોળાયેલા, ચોરી, લુચ્ચાઈ, વિશ્વાસઘાત, દ્વૈતાંધકારમાં સુષુપ્તિવત્ ઘોરતા. સદ્‌ગુરૂ સંતોને પાપી જોતા–પોતાના અજ્ઞાન કર્મનો પસ્તાવો ન કરતાં દિન દિન અધમ વૃત્તિથી વ્યવહાર સેવતા, વ્યવહારની ઉપાસનામાં માન મોટાઇ મેળવતાં અનેક નરકોમાં ઉછળતા. જન્મ મરણના બળને વધારતા, પરમેશ્વર તરફની બહિરમુખ વૃત્તિથી રહેતાં છતાં પોતાની બુદ્ધિથી પોતાને પૂર્ણ માનતા, પોતાની અવિદ્યા મલીનતાને ઢાંક પીછોડો કરતા. અનેક જન્મોનો વાડો વાળી અનેક મરણોના ત્રાસમાં ઘર બાંધી બેઠેલા પોતાને કેમ જોઈ શકતા નથી ? ? પોતાનો વાડો કે આ જન્મ મરણના પુનઃ પુનઃ દુઃખ કષ્ટ અને ત્રાસને આધિન રહેનારા જે સંસાર રૂપી અવર્ણનીય જંજાળ પ્રપંચનું ઘર બાંધી બેઠા છો. અને તેમાંથી છોડાવનારને વાડાવાળા બેઠા છે. એમ કહી પોતાનું ડહાપણ બતાવો છો કે અમો કંઇક સમજીએ છીએ. પણ મારા વ્હાલા ભાઇઓ. ? ! જરા સમજો તમને આવા દુઃખના વાડા કે ઘરમાંથી છોડાવનાર દોષી છે કે તમો દુઃખી છો ? ? તેનો વિચાર સાચા ભક્તો કરો. એટલે આનંદ. તથાસ્તુ,

વળી વિચાર કરવાની જરૂર છે કે–કાળાં ચસમાં પેહેરી સર્વ વ ! માત્રને કાળી દેખનાર માણસ જીવન્મુક્ત સંતને પણ કાળા છે એમ કહે તો આ દોષ તે સંતમાં રહ્યો છે કે કાળાં ચસમાં પહેરનારની દૃષ્ટિમાં રહ્યો છે ? ? તેનો વિચાર કરો. છતાં જીવન્મુક્ત સંતોને કાળા કહેનાર સંસારી પામર જીવો કેટલા સાચા, વેદવાણી બોલનાર,

હરીશ્ચન્દ્ર જેવા સત્યવાદી, પ્રલ્હાદજી જેવા ભક્તોની પરીક્ષા તમે તેવાઓનું સાચું માનનારા કેટલા જન્મે કરી શક્યા ? ? અને પરીક્ષક બન્યા તો પણ તમારા હ્રદયમાં સંસાર વાસના અને ધન મોહ, પુત્ર મોહ, વિષય વાસના અને દોષ જોવાની દ્રષ્ટિ કેમ ટકી રહી છે ? ? તેનો વિચાર કરો. અસ્તુ. **પોતાની પરીક્ષા પોતેકરી લ્યો.** એટલે સત્ય સમજાશે.

સંત લોકો **દારૂને** નીંદે એટલે દારૂડીયા **સંતને** નીંદે. સંત લોકો **શરીર મોહ વિષયોને** નીંદે એટલે વિષયાંધ વૃત્તિવાળા **સંતને** નીંદે. સંતલોક વિશ્વાસઘાત પાપ આદી **કર્મને** નીંદે એટલે વિશ્વાસઘાતી ચોર લોકો અને પર સ્ત્રી ગમનાદિક પાપ કર્મ કરવાવાળા **સંતને** નીંદે. વિગેરે વિગેરે બાબતો તપાસતાં સમજાય છે કે સંતજનો અધમ **કર્મોને** નીંદે છે. અને તે ન કરવા સદ્‌બોધ મહુજ ત્વરાથી અને ભાર દઇ દઈ સમજાવે છે. ત્યારે અધર્મ કર્મના સંગી, વિલાસી જનો એમ સમજી જાય છે કે—આતો આપણે તેમ કરીએ છીએ તેથી આપણનેજ નીંદીને આપણી ફજેતી કરે છે. માટે આપણે એમની પણ શિરપદ્દી ઉડાવવી જોઇએ. પછી તેવાઓ માત્ર બે બાબતમાં સંત પુરૂષની નીંદા કરે છે. કાંતો **લોભી** કહે છે અને કાંતો **વિષયી** કહે છે આ શિવાય તેમના **દોષો** જડતા નથી. જે કૃપણ હોય તે પોતાની ભુલ છુપાવવાને સંતને **લોભી** કહે છે. અને જે **વિષયાંધ** હોય છે. તે પોતાના કરેલા પાપને છુપાવવાને સંતને **વિષયી** કહે છે. પણ પોતાની અજ્ઞાનતા તપાસવાનું ક્યારે શિખશો ? ? અસ્તુ ! !

જ્યાં સુધી અજ્ઞાનીની દષ્ટિમાં આવતું શરીર હોય અગર જેને **શરીરધારી** છે એમ સમજાય તેવાઓ તો જ્યાં સુધી શરીર દેખશે

ત્યાં સુધી અપવાદો મુકશેજ મુકશે—હવે તમારે ભક્ત લોકોને તેવા પામરોની વૈખરીવાણી સાંભળી સાંભળી પોતાનું કલ્યાણ બગાડવા ધાર્યું હોય તો તો સંતનો કોઈ ઉપાય નથી. ભલે પોતાનું બગાડો. તેમાં સંતને શું ? ? સંત તમારી આવી નીંદા કરવાની પ્રેમ લક્ષણાને શિર ઉપર વધાવી લેવા તૈયારજ ઊભા છે. કારણકે સંતની નીંદા કરનાર સંતનાં પાપકર્મોના ભાગીદાર છે. જેથી સંતજનો પોતાનાં મલિન પ્રારબ્ધનાં કપડાં ધોનાર નીંદકને નિંદાકર્મ કરતાં શા માટે રોકશે ? ?

કૃષ્ણ પરમાત્માએ શિશુપાળને શા માટે માર્યો ? ? જરા કૃપા કરી કહેશો ? ? કૃષ્ણ પરમાત્માએ અપવાદોનો પરિહાર કેવી રીતે કર્યો ? ? કૃષ્ણ પરમાત્માએ લોક સમૂહમાં પોતાને સાચા મનાવવાનો પ્રયત્ન ક્યારે કર્યો ? ? કૃષ્ણ પરમાત્માનાં સત્કર્મોને જોનારા તો સત્કર્મોજ જોઈ રહ્યા હતા. અને તેથીજ તેમના ગુણો ગાઈ રહ્યા હતા ? તેમના સત્કર્મોને જાણનારા કાળી બાજુ કહેનારાના સામું જોતાજ નહોતા. તમો પોતાનું કલ્યાણ ઇચ્છતા હો તો તેમની કાળી બાજુ કહેનારાના બોલવા ઉપર સાચો આધાર રાખવાની જરૂર નથી. છતાં તમારા ઉપર સંતોદ્વારા કરાતા ઉપકારોની દૃષ્ટિ પડતી મુકી. જાણે તમારા પાપોનો ઉદય થયો હોય તેમ કાળી બાજુ કેમ તપાસી રહ્યા છો ? ? તેનો વિચાર કરવાને ભક્તોને સોંપવામાં આવે છે.

આર્યસમાજી બંધુઓ મૂર્તિપૂજક નથી એમ પોતાને માને છે. અને અત્યાર પર્યંત પણ તેઓ કૃષ્ણ પરમાત્માને વ્યભિચારી કામી કહ્યાજ કરે છે. કૃષ્ણ પરમાત્માને આપણે ભક્તો શ્વેત બાજુથી

જોવાવાળા પ્રભુજ માનીએ છીએ. તેમને થઇ ગયે સાતહજાર વર્ષો થવા આવ્યાં. ત્યાં સુધી તેમને નીંદનારા તો નીંદીજ રહ્યા છે. અને ગાનારા ભક્તો ગાઈ રહ્યા છે. કૃષ્ણુપરમાત્મા સમાજી બંધુઓને રોકવા ક્યારે ગયા ? ? અને જગતમાં સતા થવાને શું પ્રયત્ન કર્યો ? ? અને અંતરીક્ષ અંતર્યામી છતાં રોકતા કેમ નથી ? ? તે તો વ્યાપક પરમાત્માજ છે. છતાં પોતાની સત્તા કેમ બજાવતા નથી ? ? કૃષ્ણુપ-રમાત્મા એ પોતાના ઉપર આવતા અપવાદોનો પરિહાર–તે વખતે કેવી રીતે કર્યો ? ? અને તે ભક્તોએ માન્યો કે–નિંદકોએ ? ? તેનો વિચાર કરવાને સર્વને છુટ છે. ભાઇઓ ! ! હું વિષયી નથી. ગોપીઓ સાથે રાસ રમ્યો નથી. ગોપકંન્યાઓને જમનાંજીના કીનારે મેં નગ્ન દીઠી નથી. એમ લોકોમાં જાહેર કરવા ક્યારે ગયા હતા ? ? અને કોણે સાંભળ્યું હતું ? ? ? ભાઇઓ જરા વિચાર કરી પોતાના કલ્યાણુ સામુ જુઓ. એટલે સત્ય સમજાશે. જરા વેદાન્ત વિદ્યાથી તપાસી જોશો કે–આ ગોપીઓ કોણુ ? ? આ યમુનાજી કોણુ ? ? આ કૃષ્ણુ કોણુ ? ? આ સખા કોણુ ? ? તેમજ આ વખતે સંતના સમાગમમાં અધ્યાત્મ બુદ્ધિથી સમજો તો પછી તમને જીવન્મુક્ત સંતો કાળા દેખાય છે કે ? ? તેનો જવાબ સંગસમાગમ કરીને વિચારો–ભુંડને વિષ્ટા ખાતા રોકવાનું કારણુ નથી. કેમકે દુર્ગંધીનો પરિહારક છે. માટે સંતપુરૂષો જાણી જોઇને નિંદક પુરૂષોને પોતાના કલ્યાણુને માટે, અગર પોતાની મલિનતા ધોવા માટે, અગર પોતાની મહત્તા અને સહન-શીળતા બતાવવાને માટેજ રાખે છે. તે સંતપુરૂષોની સેવા કરનાર છે. સંતની વારંવાર સ્તુતિ કરનાર છે. શત્રુરૂપે પણુ સ્મરનાર છે તેના ઉપર જીવન્મુક્ત પુરૂષો દ્વેશ કેમજ રાખશે ? ? વા તેમનો નાશ

શા માટે ઇચ્છશે ? ? અને આ પોતાના ઉપર મુકાતા અપવાદોને **સાચા** પણ શા માટે માનશે ? ? અને તે સત્ય નથી તો તેનો **પરિહાર** કરવા પણ કેમજ ઊભા રહેલા જણાશે ? ? ભલે બીચારા પથરા મારીને પણ ફેરી ખાય છે. જ્ઞાનદેવે **કુતરાને** પ્રભુરૂપ માન્યા હતા. આ તો વાણી બોલે છે પણ એક વખતઃ **મોરૂધ્વજની** પેઠે પ્રભુ કરવત મુકી વહેરવાનો વખત લાવી નાખે. **પ્રહ્લાદજીની** પેઠે અગ્નિમાં ઝંપલાવાનો વખત આણી મેળવે. **સુધન્વાની** પેઠે તેલકઢામાં તળાવાનો વખત દેખાય. વાણીવડે **નીંદા** કરનારા પણ પરમાત્મા એજ પ્રેરેલા ગણીએ તોપણ આ તો માત્ર **ચુંટીયાજ** ખણાય છે. પણ જ્યાં મોટા મોટા ત્રાસોનો વખત આવે છતાં પ્રભુ **ભક્તિ** અને પ્રભુનું **જ્ઞાન** સંભાળી સર્વને **પ્રભુરૂપ** જોવામાં ખામી ન આવે અને તેવા સમયે પોતાની ભક્તિ જ્ઞાનની **ધૈર્યતા**, પોતાના **અસ્ખલિત બ્રહ્મચર્ય**ની અચલીતતા–પોતાની **સહનશીલતા**, પોતાનો **અક્રોધ, ક્ષમા** અને સર્વાંશે પોતાનું **અડગ, અભેદ**, અખંડ સ્વયંપ્રકાશી સ્વતઃસિદ્ધ અમોઘ આત્મ પ્રેમબળ ભક્તિનું **સામ્રાજ્ય તપ**–રૂપ પ્રભુકૃપા ધારણ કરવાની અપાર શક્તિ–પ્રભુમય–સ્વસ્વરૂપે કેવી રીતે સચવાય છે. વળી પ્રભુ **પરાયણતા** પ્રભુ પ્રત્યેનો **વિશ્વાસ**, અને પોતાના ભક્ત સ્વરૂપની **અલૌકિકતા** કેવી રીતે સેવાય છે. એનો વિચાર જીવન્મુક્ત સંત કે જે પ્રભુના સાચા ભક્તજ **છે** તેણે સંભાળવાનાં છે. આવા સમયેજ **સંત** પુરૂષોની **મહત્તાની પરીક્ષાજ** થાય છે. **જગતનિયંતા** સાચો ધણી તેમના માથા ઉપર **છત્ર છાયા**-રૂપે વિરાજે છે. ત્યાં આવી વૈખરીરૂપી ચુંટીથી વૈર વળી જનાર નથી એ નિશ્ચય જાણો. અરે **સાચા ભક્તો** ! ! ! જો જો તપાસજો

સૌનો સદ્ગુરૂ પરમાત્માજ છે. એમ નિશ્ચય સમજતાં છતાં તમને તમારા પાપકર્મોના ડુંગરો આડા આવી પડતાં તમારાજ કલ્યાણરૂપ સાચા હીતને રોકે છે–જાગૃત થાઓ ! ! ! ભુલ ખાશો નહિં. અને માયાની અંટપટી જાળની દગલબાજીવાળી રચનામાં જો જો ગોથું ખાઇ– પોતાના અહિતને ઊભું કરતા ! ! ! સંત તો જાગૃતી આપે છે. પછી પોતાનું ભાગ્ય ! ! !

શ્રીશંકરાચાર્ય જેવા અવતારીક પુરૂષની વાદવિવાદને ખાતર નિંદા થતી હોત તો તે નિંદા વાદના સ્વરૂપે આવે. પણ જ્યારે તેમના શરીરની નીંદા પાપીજનોએ કરવા માંડી. તે પદ્મપાદાચાર્ય વિગેરે શિષ્યમંડળથી સહન થઇ શકી નથી. ત્યારે તેમણે શંકા કરી. તે ઉપરથી ભગવાન શંકરાચાર્ય મહારાજે કહ્યું કે ભાઇઓ ! ! આ સમગ્ર જગતનું સમાધાન કરવાને કોઇ પણ સમર્થ નથી. કોઇ અત્યંત પવિત્ર રહે છે. ત્યારે આ જગત તેને પીશાચ કહે છે. કોઇ ચંચળ હોય છે. ત્યારે તેને પ્રપંચી કહે છે. ક્ષમા કરતો હોય તેને નિર્બલ કહે છે. બલવાન હોય તેને દુષ્ટ કહે છે. શાન્ત હૃદયનો હોય છે તેને ચોરમતિનો કહે છે. સુંદર બ્રહ્મચર્યવાન સારા શરીરવાળાને કામી કહે છે. એમ આ લોકના મનનું સમાધાન કરવાને કોણ સમર્થ છે ? ? કોઇ નહિંજ માટે સજ્જન પુરૂષોએ સર્વ પ્રકારે પોતાના કલ્યાણમો માર્ગ સાધી પોતાનું સદાચરણ શુદ્ધ રાખી પોતાની પરમાત્મા દૃષ્ટીએ વિચરવું જોઇએ. પછી એ નિંદા કરવાવાળા આપોઆપ બોલીબોલીને થાકશે. એટલે આપોઆપ રહી જશે.

કાશી મુકામે બૌધાદિકનું ખંડન થયા પછી શત્રુરૂપ માનના-

રાઓએ ભગવાન શંકરની નિંદા કર્યામાં ખામી રાખી નથી. તે ઉ-પરથી પદ્મપાદાચાર્યના મનનું યોગ્ય **સમાધાન** કરતાં પ્રભુએ જણાવ્યું છે કે–

आत्मानं यदि निंदंति स्वात्मानं स्वयमेवच ॥
शरीरं यदि निंदंति सहायास्ते जनाःमम ॥

વ્યવહારની દષ્ટિએ બે વસ્તુ છે. એક **આત્મા**–અને બીજું અધ્યારોપાપવાદરૂપ **શરીર**–આ બેમાં જો મારા **આત્માની** નીંદા કરતા હોય તો મારો **આત્મા** તે નીંદા કરનારનોજ **આત્મા** છે. એટલે આત્મા અભેદ હોવાથી **નિંદા** કરનાર **પુરૂષ પોતાના આત્માની નિંદા** કરે છે. એટલે પોતાના પરમાત્માની નીંદા કર-વાથી **પ્રભુની નીંદાના** પાપમાં આપેજ ફસાય છે. એમ પોતાની આપેજ મરે છે. વળી કહેશે કે–નિંદા કરનાર **શરીર**ની નિંદા કરે છે. તો સમજવું જોઇએ કે તત્વજ્ઞાની **જીવન્મુક્ત** પુરૂષો શરીરને તો સદાએ નીંદી રહ્યા હોય છે. કેમકે વેદશાસ્ત્રના આધારે પર-માત્માના **સભર પણામાં** ખામી દેખાડનાર આ **અવિચારથી** મીથ્યા જણાતો **શરીર** ભ્રમ ખોટોજ છે. પણ પામરોની દષ્ટિમાં તે સત્ય રૂપે મનાય છે તેથી સાચી સમજવાવાળા જીવન્મુક્તના પણ **શરીરધારી** જોઇ નિંદા કરતા હોય તો તે જીવન્મુકતના મતને મળે છે કેમકે **શરીર તો નિંઘજ** છે તેથી સંતોને સાક્ષભૂત વાત છે. સંત પણ શરીરને તો નીંદેજ છે માટે એમાં સંતજીવન્મુક્ત યોગીજનો પોતાની **નિંદા** થાય છે **એમ કદાપી માનતા નથી** તેમ સાચા ભકતોએ પણ આવી સમજણથી પોતાની નિંદા કદાપી પણ માનવી નહિ. પામર જીવો તો શરીરજ જુએ છે તેથી શરીર દેખાતા સુધી તે તો

પોતાના હૃદયની શત્રુભાવનાથી અને અજ્ઞાન દષ્ટિના વિચારથી લવવાના છે તે લવ્યાજ જશે અને પોતાનું સત્યહિત ટાળશે માટે જ્ઞાની પુરૂષોએ આ સત્ય વિચાર સિદ્ધજ કરવો જોઇએ.

સર્વમાં પરમાત્મા સ્વરૂપ જાણી અથવા અનુભવી અને સર્વની સેવા તે વ્યાપક પરમાત્માની સેવા છે એમ જાણી અથવા અનુભવી તેમાં સંપૂર્ણ સ્વેચ્છા ઊત્પન્ન થતાં પોતાને માટેના ભોગ્ય પદાર્થો તે પ્રભુને સમર્પણ કરતાં વેદશાસ્ત્રાધાર બ્રહ્માર્પણ થાય છે. એવી કેવળ શુદ્ધ પ્રેમભક્તિ ભાવનાની શીતળતા જેના હૃદયમાં સદાને માટે નિવાસ કરી રહી હોય. એવા અતિ શાન્ત હૃદયના કે જેમાં પુરૂષ કે સ્ત્રી, બાલક કે બાલકી, શત્રુ કે મીત્ર, આદી કોઈ પણ ભેદ નથી. જેને સર્વ પ્રભુરૂપ સમજાય છે. એવા સર્વ વ્યાપક પ્રભુની પ્રેમભક્તિથી સેવાનો યોગ વિચારી અમૃતપાદનો લાભ લે છે. એવા પવિત્ર હૃદયના આનંદી અતિ તૃપ્ત આત્મ તૃપ્ત સંતપુરૂષો કે જેના સમાગમથી અને જેની વસંત ઋતુની માફક હીતકર્ત્તા મર્યાદા છે. જેના સદ્બોધથી અનંત જન્માંતરોના દુઃખનો કેવળ અંત આ જન્મમાંજ આવી જાય છે કે જેને પુનઃ આ મૃત્યુ લોકાદિકમાં આવવાપણું નથી. એવા સંત સદ્ગુરૂ પરમાત્માને માત્ર પ્રભુરૂપેજ અંગીકાર કરી સદાકાળ સેવે છે. તે પરમભક્ત જીવન્મુક્તતા ભોગવવા યોગ્ય છે.

કોઇ પણ સમયે હર્ષ કે શોક ન આવે, કોઈ પણ વાતે માન કે અપમાન ન લાગે, કોઈ પણ રીતે સુખ દુઃખ ગણકારાય નહિં, કોઈ પણ રીતે નીંદા સ્તુતિનો અપવાદ બાધ કરે નહિં, કોઈ પણ રીતે અહંકાર કે મમતા કર્તા ભોકતાનું વિષ ચઢાવે નહિં, કોઇને શત્રુ મિત્ર પણ મનાય નહિં, કોઇના ઉપર ક્રોધ કરાય નહિં, કદાપી પણ

ગર્વનાં અને આત્મશ્લાઘાનાં વચનનો વિલાસ કરાય નાહ, કદાપી પણ કાઇને જીવ અને માયા કે ઇશ્વર મનાય નહિં, કદાપી શરીરને દશ્ય જાણીને-પણ કલ્પના શિવાય અન્ય અર્થનો સંભવ પણ હૃદયમાં આવે નહિં, એવાં અનેક બ્રહ્માંડો પણ કલ્પનારૂપ શિવાય અન્ય રૂપે લેખાય નહિં. જેહ અજેહનું અંતર ન મનાય એવી પરમાત્મા સ્વરૂપ સ્વજન સેવારૂપની સહ્નંતર ભાવનાઓ ઉત્પન્ન થતાં એજ સત્ય ઉન્નતિની પ્રેમમય ભાવનાઓ જેમના હૃદયમાં ઉભરાતી હોય. એવા સદ્બોધના દાતા અને એવાજ પ્રેમ બળના વક્તા સંતના પ્રતાપે અનેક જીવાત્માઓની ઉન્નતિ સંભવે છે. એવો સંતના હૃદયનો નિશ્ચય જે પોતાના હૃદયમાં ઉત્પન્ન કરી તેવીજ રીતે સદા પોતાની વર્તણુકમાં મુકવા રાજી હોય તેજ સાચા ભક્તો છે એવા જીવન્મુક્ત સ્વરૂપ સાચા ભક્ત જ્ઞાનીનું, અને કેવળ અજ્ઞાન દેહવિલાસીનું શરીર તો એકજ પ્રકારનું છે. મુક્ત જ્ઞાની થાય તો તેને શીંગડાં ઉગતાં નથી અને અજ્ઞાનીજનોને પુછડું હોતું નથી. પણ તેઓની કહેણી રહેણીથી જ્ઞાની અજ્ઞાની જણાઇ આવે છે.

સાચી રીતે પોતાના પરમાત્માના સંપૂર્ણ બળથી કેવળ બળવાન બનેલા. સંતો જીવન્મુક્ત સ્થિતિએ સંસાર સાગર તર્યા છે. અને પોતાના સમાગમમાં આવનાર ઉપર બતાવેલી ભક્તની રીતીએ પોતાનું વર્તન રાખનારાઓને સંસાર સાગર તારવાની ઉત્કટ સ્વાર્થહીન શુભેચ્છા—ભક્તના સત્કર્મોના બળથી પ્રભુકૃપા રૂપે ઉત્પન્ન થતાં વેદશાસ્ત્રના જ્ઞાન અને અનુભવપૂર્વક, લક્ષ્ય વિજ્ઞાનથી તેમને પણ દેહ રહીત સ્વરૂપ સમજાવી, દેહાભિમાન રહીત નિજરૂપનું ભાન કરાવી, દેહમોહ રહિત ભકિત પ્રેમના બળે સ્વરૂપમાં સ્થીર કરી, દેહભોગ

રહીત કર્તાભિોક્તાના અંધત્વથી બચાવી, કેવળ સ્વસત્તાના અભાવથી પરમાત્મ તત્વમાં તદ્રૂપાકારરૂપે અભેદ ભાવે ભેળવી, "કીટ ભ્રમર ન્યાયે" જીવના બ્રહ્મ સ્વરૂપમાં શાન્તિરૂપ અમૃત પાઇ અમર બનાવે છે એવા દયાળુ સંતનો પ્રતાપ જન્મમરણથી કેવળ મુક્ત સુખ આપનાર છે. એવા નિર્દેહી સંતનો પ્રતાપ નિર્દેહીજ બનાવે છે આવી રીતે સદ્ગતીની પ્રાપ્તિ કરાવનાર સંત પ્રભુની કૃપા પ્રસાદથી આ ભક્તજનોને પુત્ર પૌત્ર ધનધાન્ય આયુષ્ય સુખ, આનંદ, તૃપ્તિ, વિગેરે જે જે મળે છે તે તે અખંડ ચીરાયુપણાથીજ મળે છે. કેમકે માગેલું નથી. બળાત્કારનું નથી પણ કૃપાપ્રસાદથી મળેલું છે. માટે પ્રભુ કૃપાથી ચીરાયુ પહોંચનાર છે આવી વાત સમજનાર સાચા ભક્તો છે.

જંગલમાં એક નાગ દાવાગ્નિમાં બળતો હતો તેના કાલાવાલાથી વિક્રમ રાજાએ તેને શીતળતા આપવા પોતાના પેટમાં ઉતાર્યો. થોડીવારે શીતળતા થયા પછી બ્હાર નીકળવાનું વચન આપેલું છતાં મળેલા સુખથી ન નીકળવાના નિશ્ચય ઉપર આવેલો નાગ વિક્રમરાજાના ઉદરમાંજ રહ્યો. અને રાજાને અતિ કષ્ટ આપ્યું હતું. તથા વાંદરાને ઝાડ ઉપર ચોમાસાના વરસાદમાં થથરતો જોઇ એક સુગરીએ તેને શીખામણ દીધી. તેથી પોતાનું અપમાન માનનારા વાંદરાએ તુરત કુદકો મારી ચોમાસામાં સુગરીનો માળો તોડી કુવામાં નાખી દીધો, સારા સદ્ભાગ્યે સુગરી માળામાંથી ઉડી ગઇ હતી.

गुणायन्ते दोषाः सुजन वदने दुर्जन मुखे
गुणाः दोषायन्ते तदपि च नो विस्मय पदम्॥

महा मेघक्षारं पिबति सलिलं स्वादु कुरुते
फणिः पित्वा दुग्धं वमति गरलं दुःसह तरम् ॥१॥

સજ્જન અને દુર્જન સ્વભાવને અનુસરીને કોઇ કવિ કહે છે કે સજ્જન પુરૂષના મુખમાં પારકાના દોષો પણ ગુણરૂપે ગવાય છે. અને દુર્જનના મુખમાં બીજાના ગુણો પણ દોષરૂપે થઇ રહે છે. એ મહાન્ મોટો વિસ્મય એટલે અચંબો છે. જુઓ કે મેઘ એટલે વરસાદ સજ્જન પુરૂષ છે તો તે સમુદ્રનું ખારૂં પાણી પીએ છે તો પણ તે જગતના પ્રાણીઓના સુખને માટે આપતી વખત મીઠું કરીને આપે છે. અને સર્પને અતિશય પ્રેમયુક્ત દુધ પાવામાં આવે છે તો પણ તે દુર્જન હોવાથી તે દુધને બદલે વિષરૂપે વમન કરે છે. અર્થાત્ દુધ જેટલું તેનામાં ઝેર વધે છે—એમ સજ્જન દુર્જનના સ્વભાવનો ફેર છે.

ઉપનિષદમાં ઋષીઓને કહેલું છે કે આ વેદવેદાન્તનું ગુપ્ત જ્ઞાન અને અમૃત બ્રહ્મોપદેશ તેને લાયક સાચા ભક્તોનેજ આપવો અથવા સાચા ભકતોનેજ પ્રાપ્ત થાય છે. સંસાર થકી ઉપરામ પામેલું, રજોતમો ગુણથી વિરામ પામેલું, અહંમમત મોહથી શાન્તિને પામેલું, માયા શરીરના કર્ત્તાભોકતાના બળથી નિર્બળતાને પામેલું, વાસનાના ક્ષયથી જાગૃત થયેલું. સંતસમાગમ સદ્બોધથી મુમુક્ષીત થયેલું, સંતસદ્ગુરૂને વિષે પ્રભુભાવનાથી પ્રેમમય બનેલું, જ્ઞાનભક્તિ પ્રભાવથી અમૃતરસમાં રસબસ રહેલું, જેનું પ્રશાન્ત ચિત્ત હોય, તેનેજ આ બ્રહ્મવિદ્યામૃતનું પાન કરાવવું. શિષ્ય થયો હોય પણ શરીર વાસનાથી. અહંમમતથી, કામક્રોધથી, ધનપુત્રાદિકના મોહથી, જ્ઞાતીજાતિ વિગેરેથી લીન હોય, સંતસદ્[illegible] [illegible]રૂપે ન માનતો

તેમની આજ્ઞા અંગીકાર ન કરતો હોય. સ્વધર્મ કર્મ ઉપાસના ન આચરતો હોય. ભક્તિજ્ઞાનામૃત સેવવામાં જેની સ્થીરતા ન હોય એવા અશિષ્યને કદાપી આ બ્રહ્મવિદ્યામૃત પાન કરાવવું નહિ. આથી સુલટા સ્વભાવનો હોય તેનેજ આ બ્રહ્મવિદ્યામૃત પાન કરાવવું. વળી પુત્રજ હોય પણ પુત્ર ધર્મથી રહિત હોય માતાપીતાની સેવા ન કરતો હોય. સ્વધર્મ મર્યાદાનું પાલન ન કરતો હોય, શીષ્ય ભાવથી પોતાનાં માતાપીતાને સદ્‌ગુરૂરૂપ ન માનતો હોય. સંતસદ્‌ગુરૂ બ્રહ્મવિદ્યામૃતપાવ કરાનનારાઓના સમાગમમાં ન આવતો હોય. તો તેવાને અપુત્ર જાણી તેને આ બ્રહ્મવિદ્યા ભણાવવી નહિ.

સાચા ભક્તોના હૃદયના શુદ્ધ પ્રેમનું સ્વરૂપ અને ભક્તિપ્રવાહ તેમ વિનયવાળો સ્તુતિ વિભાગ એવી રીતે હૃદયમાં જાગતો હોય છે કે–

હે સંતસદ્‌ગુરૂ પરમાત્મા !!! તમોજ પ્રત્યક્ષ સ્વરૂપે પ્રગટ પરબ્રહ્મજ છો. આ સમગ્ર જગત તે જેમ પતાસુ હોય કે નાળીયેર હોય તેમાં જેમ સભર રૂપે ખાંડ ભરેલી છે. અલંકારોમાં સુવર્ણ જેમ ભરેલું છે. તેમ તમો સર્વ સ્વરૂપમાં આદી અંત, આગળ–પાછળ, નીચે ઉપર, પાતાળથી તે સત્યલોક પર્યંત દશે દીશામાં સંપૂર્ણ અને સભર ભરેલા છો. તમોજ શાન્તિસ્વરૂપ અભેદ પ્રિયપતિ ગણ-પતિ છો. તમોજ અદ્વિતીય શિવ સ્વરૂપ છો. તમોજ વ્યાપક સ્વરૂપે વિષ્ણુરૂપ છો. સર્વ વસ્તુના જ્ઞાન વિભાગથી અને બુદ્ધિના પ્રકાશ સ્વરૂપે સૂર્ય સ્વરૂપે છો. તમોજ સર્વ પદાર્થરૂપે સર્વના બલરૂપે અવ્યક્ત અખંડીત વિદ્યાઅવિદ્યાત્મક સ્વાભાવિક શક્તિ સ્વરૂપે છો તમોજ દેવદેવતાના પીતામહ બ્રહ્મા સ્વરૂપે છો તમોજ અગ્નિવાયુ ઇન્દ્ર, વરૂણ આદી અનંત સ્વરૂપે ભુર્લોકમાં ભુવર્લોકમાં અને સ્વર્ગ

લોકમાં વ્યાપ્તમાન વિરાટ્રૂપ છે. તમોજ અનંત જીવાત્મારૂપે વૃક્ષ પાષાણ જીવજંતુ પ્રાણીરૂપે સ્થાવર જંગમ જળ પૃથ્વી આકાશ વાયુમાં વ્યાપ્તમાન છે. તમોજ અનંત ભક્તોનાં સંકષ્ટ હરનાર છે. સંસારરૂપી સાગરમાંથી તારનાર નૌકા છો. તમોજ અનંત મહાસાગર રૂપ છો. તમો શરીરધારી છતાં નિર્દેહી છો. તમો ઉત્થાન ધારી છતાં નિરભીમાની છો. તમોજ અસંપ્રગ્નાત સમાધી સ્વરૂપ છો તમોજ સિદ્ધિ બુદ્ધિ સ્વરૂપ છો. તમોજ સંપ્રગ્નાત સમાધી સ્વરૂપ છો તમોજ નવધા ભક્તિ સ્વરૂપમાં પ્રેમ આરાધના રૂપ આત્મ નિવેદન ભક્તિ સ્વરૂપ છો. તમોજ નિર્વિકલ્પ સવિકલ્પ સ્વરૂપ છો. તમો પરતોત્થાન સ્વતોસ્થાન સ્વરૂપ ઇશ્વરરૂપે જગતના નિયંતા છો. તમોજ કરોળીયાની જાળની પેઠે આ જગત અને શરીરોને રચવા સમર્થ છો તેમજ તે જાળને ઉકેલી પોતે સ્વતઃ સ્વરૂપે સ્વયં રહેવાપણુ સમર્થ છો. તમારી આ માયાના અપાર લીલાસ્વરૂપમાં મહાન્ મોટા મોટા યોગીઓ ક્ષોભ પામી તમારા સ્વરૂપનો પાર પામ્યા નથી. તમોજ અનંત જીવાત્માઓને માયાના ફંદામાંથી મુક્ત કરનાર પરમપતિ સ્વરૂપ છો. તમોજ ભક્તોના ઊગ્ર પુણ્ય પ્રતાપે લીલામાત્રથી બોધ કરવા માટે માત્ર શરીર ધારણ કરી અનેક લીલાયુક્ત વિહાર કરતા ભક્તોને આ સંસારરૂપી ધાડા ઘનઘોર વનમાંથી બહાર કાઢી સ્વતઃસિદ્ધ બનાવવા સમર્થ છો શરીર મોહમાં અંધ થઈ પડેલા જીવાત્માઓ તમારા અદ્ભૂત યોગ લીલા રૂપ શરીરથી મોહ પામી ભયભીત થઇ ભુલવણીમાં પડી તમારૂં અનંત પ્રકારે હાસ્ય કરે છે. સેવે છે, તાવે છે, સ્તુતિ કરે છે. નિંદા કરે છે. સુખ આપે છે. દુઃખ આપે છે. વિગેરે. તો પણ તમો શરીરધારી નહિં હોવાથી તમો

તે શરીરની સ્થીતીને ન તપાસતાં તેમના તરફ બાલકના ભાવથી જોઈ તેમના અપરાધોની ક્ષમા આપી તેમને અનંત પાપ અને અનેક દુઃખમાંથી બચાવો છે. તમારા વિના અન્ય પ્રભુ કોઈ નથી તમોજ સમષ્ટિના સર્વાત્મા સ્વરૂપ છો. આ અનંત જીવાત્મા તમારા રોમરોમાંચ છે. તમારાજ બાલક છે તમારાજ પુત્રો છે તમારાજ શિષ્યો છે તમારાજ તેઓ છે. તમારા સ્વરૂપમાં તત્ત્વ સ્વરૂપ છે.

બાલકનો સ્વભાવ માતાને ધાવતાં ધાવતાં બચકુ ભરવાનો છે પણ માતા પોતાના બાળકને પ્રેમ વાત્સલ્યતાથી જોનારી છે તેથી બાળકના અપરાધોની અનેક પ્રમારે ક્ષમા આપી તેને ઉછેરીને મોટોજ બનાવે છે. તેને સુખ કરવાને માટે કટુ ઔષધ ખાય છે. તેને સાચવવાને અને સારામાં સુવાડવાને પોતે ભીનામાં અને મૂત્રમાં સુઇ રહે છે અને બાળકના તરફથી જેજે કષ્ટો પડે છે તે સહન કરે છે એમ તમો અનંત જીવાત્માઓની માતા સ્વરૂપ છો. બાળકના અપરાધ સામું કદાપી પણ જોતા નથી છતાં પાલન કરવાને સમર્થ છો. બાલકને માટે અમૃત પયપાન ધારણ કરો છો બાલકને પોતાના શુદ્ધ સ્વરૂપના નિર્વિકાર ઉચ્છરંગમાં રમાડી રમાડી રાજી કરો છો વાંકના પ્રસંગે કદાપી મારો છો. પણ તુરત દ્વેષનો ત્યાગ કરી પુનઃ સોડમાં ઘાલો છો. અને અતિ વહાલથી પ્રેમ ચુંબન કરો છો. વિવેક શીખવો છો. વિનય શીખવો છો નમ્રતા શિખવો છો. સાત્વિકતા શીખવો છો. અવિદ્યા અજ્ઞાન મટાડી રજ્જુના સાપને રજ્જુરૂપે સમજાવી ભ્રાન્તિ ટાળો છો. વળી હે પ્રભો!!! તમો પીતા સ્વરૂપ છો સમગ્ર જગતને રચવા સમર્થ છો પાલન કરવા સમર્થ છો સર્વ જીવાત્માઓના આધાર ભૂત છો. સવના બીજરૂપે આપજ પોતે

હોઇ આપજ પોતે પિતા રૂપે છતાં પણ પુત્ર રૂપે **પ્રગટ** થાઓ છો. અને સર્વ રીતના **અધિકાર** આપી પોતાનાને તારવા **સમર્થ** છો. હે પ્રભો !!! તમોજ સર્વના **પતિસ્વરૂપ** છો **પતિના પણ પતિ** સ્વરૂપ છો આ લોકનાથ બ્રહ્મા-વિષ્ણુ મહેશ સહ આ ત્રૈલોક્યના **પતિ** છે તેમના ગુણભેદ સ્વભાવના પણ તમો **ગુણપતિ** છો. તે તમો **સર્વવંદનીય** છો. તમોજ પ્રકૃતિ સ્વરૂપથી આ સર્વ દસ્યા-દસ્યં સ્વરૂપ દેખાઇ તેમાંજ વિહાર કરતાં પણ નિર્વિકાર સ્વરૂપમાં અખંડ અભેદ **પતિ સ્વરૂપે** નિવાસ કરો છો. આ અનંત બ્રહ્માંડ તમારી **લીલામાત્ર** માયા છે. તેમાં તમો રમતાં છતાં પણ **તમને** તે લીલા બાધ કરી શકતી નથી એમ તમો નિર્બાધિત તત્વસ્વરૂપ છો. સર્વ વસ્તુ તમારી લીલામાત્ર માયા પ્રકૃતિ સ્વરૂપ હોવાથી યાવત્ બ્રહ્માંડ અને તમારી પ્રકૃતિના તમો **પતિ** છો. તેથી તમોને **બ્રહ્માંડાધિપતિ** કહેવાય છે તેમ તમોને **ગણપતિ** પણ કહેવાય છે તમો અખીલ બ્રહ્માંડના નાયકરૂપે **વિનાયક** છો. તમોજ કેવળ મલ રહિત **નિર્મલ** છો. તમોજ કેવળ ગુણ રહિત **નિર્ગુણ** છો છતાં સગુણ સ્વરૂપે **સર્વમયજ** છે. એમ નિર્ગુણ સગુણ અભેદ છો. સ્વતોત્થાન પરતોત્થાન અભેદ છો. સવિકલ્પ નિર્વિકલ્પ અભેદ છો. સંપ્રજ્ઞાત અસંપ્રજ્ઞાત અભેદ છો સિદ્ધબુદ્ધિ લક્ષ્મી શ્રીસ્વ-રૂપે અભેદ છો. તમોજ અનિત્ય મિથ્યાના પ્રકાશક સ્વરૂપે નિત્ય છો તમોજ બંધન રહીત જ્ઞાન બોધદાતા **મુક્ત** છો. તમોજ અનેક રસ-રૂપે ભિન્ન ભિન્ન સમજાતાં પણ અભેદ અમૃત સ્વરૂપ છો. અનંત ભક્તોને તારવા માટે, અનંત ભક્તોના ઉદ્ધારને માટે, અનંત ભક્તોને સંસારનું કષ્ટ છોડાવવા માટે, બંધન તોડાવવા માટે પોતા-

ની કૃપારૂપ દર્શનીય સ્વરૂપને ધારણ કરી બોધ કરો છો. તમોજ તમારા પવિત્ર ચર્ણાર્વિંદના પ્રસાદની બોધ રૂપી નૌકાને આ સંસાર સાગરમાં તરતી મુકો છો—અને તમારીજ કૃપાથી તે નૌકાને લઇ પોતાના ભક્તોને તારવાને સમર્થ થઇ ચરણમાં શરણ પડેલા ભક્તોને આ જગતપર સ્વાનંદ લોકમાં ઊતારો છો—હે પ્રભો !!! સર્વ રીતે આપજ સમર્થ છો. આપજ સાક્ષાત્ પરમાત્મા છો, આપજ સાક્ષાત્ જગત રચવાને ઇશ્વર સ્વરૂપે છો. આપજ સાક્ષાત્ આપના લીલામય જગતમાં નિરંજન નિર્વિકાર રમવા માટે અનંત સ્વરૂપથી જીવાત્મા રૂપ ધારણ કરો છો. જેમ સમુદ્રમાંથી તરંગો થાય છે. તેમ તમો સમુદ્રરૂપ છો અને જીવાત્માઓ તરંગ રૂપ છે. એમ આ સર્વ તમારૂંજ સ્વરૂપ છે. સુવર્ણમાંથી અનંત અલંકારો થાય પણ સુવર્ણજ છે. આપનાથી અનંત બ્રહ્માંડ નીપજે તો પણ પોતાનું સ્વરૂપજ છે. આપજ વિદ્યામાં ઇશ્વર છો અને અવિદ્યામાં જીવ સ્વરૂપ કહેવાઓ છો. છતાં આપશ્રી વિદ્યા અવિદ્યાથી રહિત જીવ ઇશ્વરથી રહિત સ્વયં ચેતન સ્વરૂપ છો. વાણી મન સહિત કહેવાઓ છતાં વાણી મનથી રહિત છો. શાન્ત સ્વરૂપ છો. અન્યજનો અન્ય અન્ય સ્વરૂપથી તમને ગાય છે ભક્તિ કરે છે. વર્ણવે છે. છતાં તમારા સ્વરૂપને જાણવા કોઈ પણ સમર્થ નથી. હે પ્રભુ !!! હવે તો કૃપા કરો. હે અનાથના નાથ !!! હવે તો અપરાધ ક્ષમા કરો ?! અનંત જન્મો વહી ગયા. અનંત અવતારો જતા રહ્યા ! પણ હજુ સુધી આ જીવરૂપી તરંગ સમુદ્રમાં લય પામી સ્થિરતા સેવતો નથી. હે પ્રભો !!! દીનદયાળ ભક્ત વત્સલ સદ્‌ગુરૂ !!! આપની અમૃત દૃષ્ટિ અને અમૃત પ્રેમ ભક્તિનો

પ્રસાદ મેળવ્યા વિના કેવી રીતે આપમાં રમીએ !! અત્યંત મલીન અહંકાર મમતા આદી અનેક શત્રુઓના મારથી બચાવો !! અમો આપશ્રીને શરણ છીએ !! આપને ઓળખી શકાયા નથી. આપના સ્વરૂપના અજાણ્યાજ રહ્યા છીએ. આપના ઉપકારને બદલે અનંત અપકારો કરવા બળવાન બની આપશ્રીની સર્વસ્વ સત્તાની જાણ પીછાણ અમારાં અંધ ચક્ષુએ જોઇ શકયા નથી !! અમારી અજ્ઞાનતાએ આપના દીવ્ય પરોપકારી બોધરૂપી શરીરમાં સાંખ્યરૂપથી આત્મા અને બુદ્ધિ સ્વરૂપે આપજ બીરાજમાન છો. છતાં આવું પવિત્ર શરીર જે કે દર્શનરૂપ છે. તેને બદલે અમોએ અમારી અધમ દ્રષ્ટિએ કર્મરૂપ માન્યું છે. અને તેથી અત્યંત મોહ પામી તમારા સ્વસ્વરૂપના સ્વયં પ્રકાશ જ્યોતિ તત્વને જોઇ શકવા શક્તિમાન થયા નથી. અને તમારી કૃપા શિવાય તે પરીપૂર્ણ બ્રહ્મ સ્વરૂપને જોઇ શકીએ પણ નહિં. હે વિનાયક !!! હે સદ્‌ગુરો !! હવે તો દયાદ્રષ્ટિ કરો. અજ્ઞાનતા હરો. જ્ઞાનાકુશ ધરો. અને અપાર અનંત મોહ સમુદ્રમાંથી હાથ પકડી બ્હાર કાહાડો. ડુબ્યો !!! ડુબ્યો !!! પ્રભુ !! આપ વિના કોણ ઊગારશે !! આપજ અભર પરબ્રહ્મ સ્વરૂપ છો—આપ વિના કોણ બચાવશે !! આપ વિના કોણ બાંહ્ય સ્હાશે !!! હે આત્મદર્શન દાતા !!! અનંત અવિદ્યાના અંધકારનો વીલય કરવાવાળા અનંત સૂર્યના પણ સુર્ય છો. જ્યાં સુધી સદ્‌ગુરૂ સંત પરમાત્માના બોધરૂપ સૂર્યનો ઊદય થતો નથી ત્યાં સુધી અમો અનેક જીવાત્મા અંહકારની માયામય જાલમાં ચક્ષુ મીંચીને સડ્યા પડ્યા સડ્યાજ કરવાના છીએ—હવે અમારો બેલી કોણ ?? આપ શા માટે ગુપ્ત રહો ?? પ્રભુ સંત સ્વરૂપ પરમાત્મા છો. અમારા

અપરાધ, અમારી અધમ વૃત્તિ. અમારી અહં મમત મોહમમ સ્થીતી, અમારી જીવમતી, અમારૂં ચળવળીત મન. અમારૂં ચંચળ ચીત્. અમારી દેહાધ્યાસ ભરેલી વિષયવાસના, અમારાં દુર્વચનની કટુતા, અમારી નિંદા કરવાની કટેવો. અમારી લંપટ લહરથા, અમારી કૃપીણ ભાવના, અમારા દોષો છુપાવી સંતનાં દોષો બતાવવાની અમારી વાકૃપટુતા, અમારા નિચ અપરાધો છાના રાખી, આપના પ્રગટ સંત સ્વરૂપમાં ગુપ્ત દોષો બતાવવાનો અમારો કેવળ પ્રપંચ— અમારી નિર્દયતો, અમારો ક્રોધ અને અમારી પશુવૃત્તિ. તે ખરેખર આપશ્રીને રીસાઇ જવા જેવી છે. પણ ના. તમો સહનશીલ સ્વભાવથી, અહિંસક સ્વભાવથી, અને દયાળુ સ્વભાવથી, તે સર્વ આપશ્રી ભુલી જાઓ એટલુંજ નહિં. પણ અમારા તે તે દુર્ગુણોને વિસરાવવા. ભારે પ્રયત્નશીળ રૂપે દર્શન આપો. આપશ્રી અમોને શીખામણુ આપશો તો પણુ અમો તો તમોને શત્રુરૂપ માનીએ છતાં આપ શત્રુરૂપથી કદાપી જોનાર નથી. આપની યોગ્યતા અને અમારી અયોગ્યતા !! શ્વાન હરકોઇને એટલે સારા કે ખોટાને ભસે. પણુ કુતરાના સામે તો માત્ર કુતરૂંજ ભસે છે. શ્વાનને સારા ખોટાની પરીક્ષા નથી. મેલા સમુહમાં રહેનારો શ્વાન સારા સમૂહને ભસે છે. સારા સમૂહમાં રહેનારો શ્વાન મેલા કપડાવાળાને ભસે છે. એટલે કુતરાના સ્વભાવ જેવો જીવાત્માનો સ્વભાવજ છે. વળી સર્પનો સ્વભાવ ગમે તેને કરડવાનોજ છે. તેમ જીવાત્માનો સ્વભાવ સારા ખોટાની તપાસ કર્યા વિના કરડવાવાળોજ સ્વભાવ છે. તેથી સાપ જેને કરડ્યો છે. તે સાપને કરડવા કદાપી જતો નથી. કુતરો જેને કરડે છે. તે કુતરાને કરડતો નથી. એવી મહત્તા શ્રી પરમાત્મા સદ-

ગુરૂ **સંતની** છે. માટે હે પ્રભો !!! આપ અમૃત પાઓ. આપને વિષ પાવાનો ધર્મ નથી. આપ તો ઊગારવાવાળા છો. મારવાવાળા નથી. તારવાવાળા છો. હે પ્રભો !!! આપની મહાન્ આજ્ઞાઓ બ્રહ્મા વિષ્ણુ શંકર ઈન્દ્ર ચંદ્ર સૂર્ય મૃત્યુ ઈત્યાદીક દેવો યથાર્થ પાળે છે તેથી તો ઘણા દરજ્જે મલીન સ્થીતીવાળા અધમમાં અધમ અમો જીવાત્માઓ આપની આજ્ઞાઓ અમારા કેવળ હિતના સાધન રૂપ છતાં કેવળ મુર્ખ બનીને મોહાંધત્વના પાશથી અમારા હિતનો નાશ કરવાને માટેજ એક પણ આજ્ઞા પાળવા આપશ્રીની પાસે ઊભા રહી શકતા નથી. એ અમારી અધમતાનો પારજ નથી. આપશ્રીની પરમ **શ્રેયસકર** આજ્ઞાઓ જે કે અમારા જીવપણાના મહા અજ્ઞાન ભ્રમનો નાશ કરનાર છે. અને આપના પરમ પ્રેમાસ્પદ સ્વયંપ્રકાસ જ્ઞાનભક્તિ યોગના–જીવ–મુક્ત બ્રહ્મસ્વરૂપને પમાડનાર છે–છતાં તે આજ્ઞાઓ તોડી–તેને હીતકર ન વિચારી. અમારી અવળી સ્થીતી આપના સમીપ **શત્રુરૂપે** ઊભા રહી બતાવીએ છીએ–પણ તે હે **દયાળુ પ્રભો** !!! આપ કેમજ રહેવા દેશો ??? **આંબો** પથરા ખાઇને કેરી ખવરાવે છે. **પાણી** મળ પોતાનામાં લેઈ કપડાં સાફ કરી આપી તૃષા છીપાવે છે. **મેઘરાજા** ગાળો ખાઈ પણ લોકના જીવનનું રક્ષણ કરવા અનાજ પકવે છે. તેમ **સંતજનો** પણ લોકોની અધમ દશાએ લોકની નીંદા શ્રવણ કરીને પણ તેમને જ્ઞાનભક્તિથી ભરેલું બોધામૃત પાય છે. એવો સંત પરમાત્માનો **અખુટ મહિમા** છે. હે શિતળ છાયાવાળા અખંડ **વૃક્ષ સ્વરૂપ**-પ્રભો !!! આપની શીળી છાયામાં અનંત પશુપક્ષીઓ બેસી લાભ લે છે. ફળ ખાય છે. પત્ર ખાય છે. અને વળી મત્રમુત્રાદિકથી **ત્રાસ** પણ આપે છે તાપ

ત્રયના ત્રાસમાંથી બચતા વટેમાર્ગુઓ તે શાળી જગામાં રાંધી દેવતાની ધુણી આપી ત્રાસ આપે છે. અને બીજી બાજુએ મૂત્રોત્સર્ગ પણ કરે છે. છતાં તે શીતળ છાયાવાળુ **વૃક્ષ** પોતાના સ્વભાવનો કદાપી પણ ત્યાગ કરતું નથી. એ તેની અખંડ **અનિવાર્ય મહત્તા** છે. હે પ્રભો !!! સર્વ જગત માત્રનું ભરણ પોષણ કરનારા સંત સદ્‌ગુરૂ દેવ !!! આપશ્રીને **મનુષ્ય** સ્વરૂપ જાણનારા મહાપાપીજ જાણવા. કારણ આપના સ્વયં પ્રકાશ સ્વરૂપ જ્ઞાનનો **દેખાવ** બારણે નથી. દેહનો દેખાવ **પ્રત્યક્ષ** છે. તેથી પાપી પુરૂષો-આપના દર્શનીક સ્વરૂપને **નિંદાજ** કરવા માટે જુએ છે. તેથી તે અધમોધમ **નર્કગામી** છે એમ શાસ્ત્ર વદે છે-તે અમો વારંવાર ભુલી આપના અપરાધ કરીએ છીએ-છતાં તે આપ કદાપી પણ દષ્ટિમાં લાવતા નથી. અમો **સ્વધર્મ**થી હીન છીએ સનાતન **વૈદિક કર્મ**થી પણ હીન છીએ. પૂજા **ઉપાસનાથી** પણ હીન છીએ. **દયા ક્ષમાથી** પણ હીન છીએ. **સંતોષ-સત્ય** આદી મર્યાદાથી પણ હીન છીએ. **ઉદારતાથી** પણ હીન છીએ. **કૃપીણતાને** ઢાંકવા બીજા અનેક ઢાંકપીછોડા કરીએ છીએ. અને બાહારથી ઉદાર ગણાવા પ્રયત્નશીળ છીએ. સર્વ વ્યાપક પ્રભુ છો એમ વાંચ્યું છતાં **વિષયવાસનાના** ગુપ્ત અધર્મો કરતાં આપનો જરા પણ ભય રાખતા નથી છતાં આપ તો ક્ષણે ક્ષણે અમોને જોઈ રહ્યા છો. આપના ભયથી અમો કેમજ બચી શકીએ !! અને આપની કરૂણાથીજ બચવા શક્તિમાન છીએ. હવે પ્રભુ ક્ષમા કરો !! **અપરાધ** ક્ષમા કરો !! **ગુન્હા** ક્ષમા કરો !!! **પાપની** ક્ષમા કરો !!! અમારા **અધર્મની** ક્ષમા કરો !!! **અનીતીની** ક્ષમા કરો !!! એમ સર્વ રીતે અમોને **ક્ષમા**

આપો !!! હે નાથ !!! વારંવાર વિનવીએ છીએ કે ક્ષમા કરો !!! અને આપ કરશોજ. અને આ જન્મેજ અમોને આપના પૂજ્યપાદમાં શરણ લઈ ચરણમાં લોટાવી–અમારો ઉદ્ધાર કરશો એજ અમારી છેલ્લી વિજ્ઞપ્તિ છે.

इति ॐ ॥

સમાપ્ત.

ॐ

પ્રેમ.

આ જીવન્મુક્તાનુભવ અથવા મંત સદ્બોધામૃત પાન કરનાર જન્મ મર્ણના જીવપણાનો ત્યાગ કરતાં સ્વસ્વરૂપાત્મક પરમાત્માના અદ્ભૂત મુક્તિ સ્થાનને પામી સ્વાનંદમય વિરામે છે. સાત્વિક બુદ્ધિના વિચારવાન આત્મબંધુ ભક્તો દેહાભિમાન, દેહાધ્યાસ, દેહ મોહના ત્યાગથી નિજાત્માને પરમાત્મા રૂપે અનુભવે છે. રજો તમો બુદ્ધિના જાગૃત બંધુ ભક્તો આ અમૃતપાનથી ભ્રાન્તિનો નાશ કરવા પૂર્ણ ધિકારી બને છે. ખરા શત્રુ અહંમમત છે. ખરા વૈરી મોહક્રોધ છે. ા અંધકાર દ્વૈતાંધકાર છે. એમ સત્ય સમજવા લાગે છે. પ્રેમભક્તિ ત થતાં જ્ઞાન પ્રકાશ રોમરોમાંયે ખીલી નીકળે છે. આ ગ્રંથ છતાં અનુભવ વિચારને ન સેવવાવાળાનો અહંકાર નાશ મતો નથી. તેમ મોહ લોભ પણ છુટતા નથી. તેથી આ ગ્રંથનો ાગ્યો લાભ જીવન્મુક્ત દશા ભોગવી શકનાર નથી. તેમ જીવન્મુક્ત તને પરમાત્મા રૂપે સેવી શકનાર નથી. દેહ તરફની દષ્ટિથી સદ્ગુરૂ પરમાત્માના સભરપણાને જોઈ શકતો નથી. જ્યાં સુધી પોતાના બુદ્ધિ વિચારમા આ દેહ છું એવું ભાન રહે છે. ત્યાં સુધી મનુષ્ય જન્મનો દેશ અફળ જાણવો. અને ત્યાં સુધી બાહ્યાડંબર છતાં સત્ય સદ્ગુરૂ પરમાત્મા પ્રત્યે સાચો ભાવ પ્રગટ થતો નથી. એજ પોતાના મુક્ત સ્વરૂપમાં જ્ઞાની કર્તા છે ॐ સર્વ ભક્તો જીવન્મુક્ત સ્થિતિનો અનુભવ કરો !!

"તથાસ્તુ"

ૐ શ્રી ગણેશ.

સનાતન વૈદિક ધર્મ જીજ્ઞાસુ બ્રહ્મવિદ્યામૃત પાન અભિલાષી જીવન્મુક્ત સ્થિતિનો અનુભવ લેવાને આતુર ભક્તોને માટે નીચે જણાવેલા ગ્રંથો તૈયાર છે.

સ્વાનંદ બ્રહ્મવિલાસ બીજો ભાગ (કાવ્ય)...	રૂ. ૧—૮
અદ્વૈત ચિંતામણી ...	રૂ. ૨—૦
ૐકાર બ્રહ્મ ઉપાસના અને મૂર્તિપૂજન	રૂ. ૦—૮
ગણેશ અથર્વશિર્ષ ભાષ્ય—ગુર્જર ટીકા ...	રૂ. ૮ ૧૦
ગણેશ મહિમ્ન ટીકાસહ ...	રૂ. ૦—૪—
કલિ દિગ્દર્શન—ટીકાસહ ..	રૂ. ૧—૪—૦
સનાતન ધર્મ ભાસ્કર...	રૂ. ૧—૯—૦
નિગમબોધોપનિષત્—સભાષ્ય ગુજરાતી ...	રૂ. ૦—૮—૦
પ્રણવ દર્શન નકશો ...	રૂ. ૦—૨—૦
પ્રણવ દર્શન રહસ્ય નકશો ...	રૂ. ૦—૧—૬
બ્રહ્માંડ વૃક્ષ નકશો ...	રૂ. ૦—૧—૦
જીવન્મુક્ત અનુભવ (કાવ્ય) ...	રૂ. ૦—૧—૦
જીવન્મુક્તાનુભવ અથવા સંત સદ્બોધામૃત	રૂ. ૦—૮—૦
શુક્લ કૃષ્ણ ચતુર્થી વ્રત નિર્ણય ..	રૂ. ૦—૨—૦
શ્રી મહાગણપતિ સ્તુતિ ...	રૂ. ૦—૧—૦

મળવાનાં સ્થાન—શ્રી ગણપતિ મંદિર—લુણાવાડા.

આગર—બ્રહ્મનિષ્ઠ યોગી બ્ર. બ્ર. પૂર્ણાનન્દ સ્વામી મહારાજના મુકામ ઉપર પણ મળશે.